પ્રેમની ખૂમારી.

ભાગ ૧ લો.

(સચિત્ર ઐતિહાસિક નવલકથા.)

પ્રયોજક,
રમણલાલ નાનાલાલ શાહ.
મુંબઇ.

પ્રકાશક,
પુંજાલાલ ભગવાન પારેખ.
વઢવાણ સીટી.


સોલ એજન્ટ,
પુસ્તક પ્રચારક ઓફિસ.
લીમડાપોળ–અમદાવાદ.

ઈ. સ. ૧૯૨૦.   આવૃત્તિ ૧ લી.   સં. ૧૯૭૭.
પ્રત. ૧૦૦૦.

શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું. ઠે. પાંચકૂવા નવાદરવાજા–અમદાવાદ.

મૂલ્ય રૂ. ૨–૮–૦

સારી અને સસ્તી નવલકથાઓ.



પ્રકાશનું નિવેદન.

આ નવલકથામાં મોગલ શાહાનશાહતની પૂર્ણ જાહોજલાલીના સમયના બંગાળાના ઇતિહાસપ્રસંગને રજુ કરવામાં આવ્યો છે. એ બંગાળી ભાષામાં સુપ્રસિદ્ધ નવલકથાકાર બાબુ બંકિમચંદ્રની કસાયેલી કલમથી આલેખાયેલી હોવાને લીધે તેની પ્રશંસા કરવી તે સુવર્ણના અલંકાર ઉપર ઢોળ ચડાવવા સરખું છે. તેનો ગુજરાતી અનુવાદ સરલ અને રસિક ભાષામાં થયેલો હોઇને સુજ્ઞ વાચકવૃંદની પસંદગીને પાત્ર નિવડયા સિવાય રહેશે નહિ.

અત્યાર સુધીમાં મારા તરફથી પ્રકટ થયેલાં પુસ્તકોનો જે સત્કાર સાહિત્યરસિક સજ્જનો તરફથી થયો છે એ મારા અંતરમાં આનંદની વૃદ્ધિ કરનારો છે. મને લાગે છે કે જો સદસદ્ વિવેકબુદ્ધિથી પુસ્તકોની તપાસણી કરીને, તેને પ્રકટ કરવામાં આવે તો પ્રકાશકને તેના યત્નમાં અવશ્ય સફળતા પ્રાપ્ત થાય છે. વાચકો જોઇ શકયા હશે કે ઉત્તરોત્તર મારા તરફથી પ્રકટ થયેલાં પુસ્તકોને બાહ્યતઃ અને અંદરથી સુંદર, સુશોભિત અને મનોહર બનાવવામાં કચાશ રાખવામાં આવી નથી. અત્યારની સખ્ત મોંઘવારીના સમયમાં પણ પુસ્તકોના સૌંદર્યમાં વૃદ્ધિ કરવાને કાંઇક ને કાંઇક વિશેષતા અને નવીનતા દાખલ કરવાની પ્રથાને હું વળગી રહ્યો છું. હું આશા રાખું છું કે વર્તમાન સંયોગો મારી ઇચ્છાને અનુકુળ થાય અને અત્યારના કરતાં પણ વિશેષ સુંદર અને ઉત્તમોત્તમ નવલકથા તથા અન્ય વિષયક ગ્રંથો અતિસસ્તા મૂલ્યે પ્રકટ કરવાની મારી ઇચ્છા ફળિભૂત થાય.

આ નવલકથાના પ્રયોજક રા. રમણલાલની લેખનશૈલી રસિક અને હૃદયંગમ છે. તેમના સુશ્રમ માટે તેમને અભિનંદન આપતાં હું વિવેકી વાચકોને જણાવવાની રજા લઉં છું કે રા. રમણલાલકૃત 'વિલાયતી વનિતા વિજય' નામક હૃદયભેદક પુસ્તક મારા તરફથી થોડા સમયમાં પ્રકટ થનાર છે. તે તેમની આ કૃતિ કરતાં પણ વિશેષ આદરને પાત્ર થયા સિવાય રહેશે નહિ.

વઢવાણ સીટી,
તા. ૨૫-૧૧-૧૯૨૦ ગુરુવાર.

પુંજાલાલ ભગવાન પારેખ.

અનુક્રમણિકા.

પ્રથમ ખંડ (લગ્ન)

દ્વિતીય ખંડ. (વ્હેમ)

પ્રેમની ખુમારી

પ્રથમ ખંડ

લગ્ન

પ્રેમની ખુમારી

પ્રથમ ખંડઃ લગ્ન

પ્રકરણ ૧ લું

સાગર સંગમ

" Floating straight obedient to the stream."
" Comedy of Errors."
William Shakespeare.

લગભગ અઢીસો વર્ષ ઉપરના અરસામાં આપણી વાર્તા શરૂ થાય છે. માઘ માસની એક ઠંડી રાત્રિના અંતભાગમાં એક નૌકા ગંગા નદીમાં જતી આપણે જોઇએ છિએ. વાંચકોને જણાવવું જોઇએ કે તે સમયે યુરોપથી વેપાર અર્થે આવેલી પરદેશી પ્રજાઓ પૈકી પોર્ટુગીજ અને બીજા અનેક દરિયાઇ લુટારાઓ—ચાંચીયાઓ—ના ભયથી મુસાફરોની હોડીઓ એકલવાયી મુસાફરી ન કરતાં એક બીજાની સંગાથે મુસાફરી કરતી હતી. પણ આપણે અત્યારે જે નૌકા જોઇએ છિએ તે માત્ર એકલી જ હતી. તેના સાથીદાર તરિકે કોઇ પણ નૌકા નજરે પડતી નહોતી. આવી રીતે એકલા પ્રવાસ કરીને જોખમમાં ઉતરવાનું કારણ એ હતું કે રાત્રે ચારે બાજુ પુષ્કળ ધુમસ પડવાથી બધી દિશાઓ તેનાથી શ્યામ થઈ ગઇ હતી, અને નજીકની વસ્તુને પણ સ્પષ્ટ રીતે જોવાનું

કાર્ય અતિ મુશ્કેલી ભરેલું થઈ પડયું હતું. આ સંજોગને અનુસરીને આ નૌકાનો નાવિક નૌકાનો ચોક્કસ રસ્તો ન જોઇ શકવાથી નૌકાને પાણીના પ્રવાહમાં આડે માર્ગે ઘસડી ગયો હતો. તે નિર્ણય ન કરી શકયો કે વહાણ અત્યારે કયાં છે અથવા કયી દિશામાં પ્રવાસ કરે છે.

બધા નોકરો સુઇ ગયા હતા, અને પ્રવાસીઓ પણ પાછલી રાતની મીઠી નિંદ્રાનો અનુભવ કરતા હતા. માત્ર નૌકામાં નાવિક ઉપરાંત એક ઘરડો માણુસ તથા એક યુવક અરસપરસ વાતચીત કરી રહ્યા હતા. એટલામાં વાતચીત રોકીને તે વૃદ્ધે નાવિકને પૂછ્યું, " કાં, માછી ! આજે તમે કેટલું અંતર કાપી શકશો ? "

માછી સ્હેજ અચકીને બોલ્યો, " કાંઇ કહી શકાય નહિ. "

આ સાંભળીને વૃદ્ધ પુરૂષ બડબડવા લાગ્યો, અને નાવિક તરફ તીરસ્કાર દર્શાવવા લાગ્યો. આ સાંભળીને પેલો યુવક બોલી ઉઠયો,– " કાકા ! ગભરાઓ છો શું કરવા ? શું તમે નથી જાણતા કે, "ભલે જન કોટી પ્રયત્નો કરે, થાશે ધાર્યું જે ધરણીધરે. " માટે ઇશ્વર ઉપર આધાર રાખો. સત્ય સંકલ્પનો દાતા પરમ કૃપાળુ પરમાત્મા આપણને આપણા નિર્ણિત સ્થાને પહોંચાડશે. "

વૃદ્ધ પુરૂષ સ્હેજ ગુસ્સે થઇને બોલ્યો,–" શું બોલ્યા, ભાઇ ? ગભરાઉં નહિ ? માછી કાંઇને બદલે કાંઇ લઈ ગયો. સ્હેજ પંદર વીસ ગાઉનું અંતર પડી જશે, અને હેરાનગતિ ભોગવવી પડશે. "

યુવક,–" કાકા ! પ્રવાસનું કામ જ એવું છે. મુસાફરીમાં તો આપણે ગમે તે પ્રકારની આપત્તિની સામે થવાને માટે તૈયારી કરી રાખવી જ જોઇએ. "

વૃદ્ધ પુરૂષ,–" ભાઇ ! તમારૂં હજુ ઉછળતું લોહી છે. અમારાં તો નમતાં પાણી થયાં. હવે અમારે કષ્ટ સહેવું પડે તે અઘરૂં પડે, હો ભાઇ ! "

યુવક;–" કાકા ! એવું હોય ત્યારે ઘેર જ રહેવું. યાત્રા કરવાથી જે પૂણ્ય પ્રાપ્ત થઇ શકે છે, તે ઘેર બેઠાં પણ થઇ શકે છે, એવું શાસ્ત્રનું પ્રમાણ છે. "

વૃદ્ધ પુરૂષ,–" ત્યારે એવું જાણુવા છતાં તમે શું કરવા યાત્રાએ નીકળ્યા છો ? તમે જ કેમ ઘર બેઠાં પુણ્યનો સંચય કરતા નથી ?"

યુવક,–" મેં તો આપને પ્રથમથી જ જણાવેલું છે કે મને સૃષ્ટિ સૌંદર્ય નિહાળવાની ઘણી ઉત્કંઠા હતી, અને તે કારણુને અંગે જ મેં આ પ્રવાસ કર્યો છે. અહા ! કેવો રમણીય દેખાવ ! સૃષ્ટી સૌંદર્યનું કેવું મનોહર દૃશ્ય ! પરમકૃપાળુ પરમાત્માની અગાધ લીલાની કેવી અજબ કૃતિ ! આજે મેં જોયું છે તે જન્મ પર્ય્યંત હું વિસરી શકીશ નહિ.

दूरादयश्चक्रनिभस्य तन्वी तमालतालीवनराजिनीला ।
आभाति वेला लवणाम्बुराशिर्धारानिबद्धेव कलङ्करेखा ॥"

સાહિત્યના સુંદર શ્લોક સાંભળવા તરફ અત્યારે તે વૃદ્ધ પુરૂષનું લક્ષ ન હતું. તે તો માછી લોકો એક બીજા વચ્ચે જે વાતચીત કરતા હતા તે ધ્યાનપૂર્વક સાંભળતો હતો. એક માછી બીજાને કહેતો હતો "વાત વંઠી ગઇ ! આ તો ભયંકર હિસાબે વાત થઇ ! આપણે નદીની બહાર નીકળી જઇને દરિયામાં આવતા રહ્યા છીએ કે કોઇ દૂરના દેશમાં નીકળી ગયા છિએ તેની કાંઇ સમજણ પડતી નથી."

આ પ્રમાણે શબ્દો બોલનારનો સ્વર ભયથી થરથરતો હતો. વૃદ્ધ પુરૂષ સમજી ગયો કે નૌકા ભારે વિપત્તિમાં આવી પડી છે. તે શંકાયુક્ત ચિત્તથી ગભરાઇને માછીને કહેવા લાગ્યો.

"શું થયું, માછી !"

માછીએ જવાબ ન આપ્યો. પેલો યુવક ઉઠીને ઉભો થયો અને હોડીની બહાર જોવા લાગ્યો. તેણે જોયું કે પ્રભાતનો સમય નજીક છે. ચારે બાજુ ધુમસનું ગાઢ આવરણ ફેલાઇ રહેલું હતું. આકાશ, ચંદ્ર, તારા, જળ, સ્થળ, વિગેરે કાંઇ પણ સ્પષ્ટ જોઈ શકાતું નહોતું. નૌકા પાણીના પ્રવાહમાં કયી બાજુએ ઘસડાય છે તે જાણવું અતિશય કઠણ કામ હતું. માછી લોકો નૌકા સમુદ્રમાં ઘસડાઇ જાય છે એવી શંકાથી ભયભીત બન્યા હતા.

ધુમસ પડવાથી ચારે બાજુ જાણે પડદો પડયો હોય એવો દે-

ખાવ થઇ રહેલો હતો. આથી પરોઢીયાને લીધે નૌકાના જાગી ઉઠેલા પ્રવાસીઓ નૌકા અત્યારે ભય ભરેલી સ્થિતિમાં છે એવું જાણી શક્યા નહોતા. યુવક બધી વાત સમજી ગયો, અને વૃદ્ધ પુરૂષને તેણે અત્યારની વિકટ સ્થિતિનું ભાન કરાવ્યું. આ સમાચાર સાંભળતાંજ નૌકાના પ્રવાસીઓમાં ભારે કોલાહલ મચી રહ્યો, અને બધાં જાગી ઉઠયાં. સ્ત્રીઓએ તો આંખમાંથી શ્રાવણ ભાદ્રપદ માસની હેલી શરૂ કરી દેવા ઉપરાંત ચીત્કાર કરવાનો પણ પ્રારંભ કરી દીધો. વૃદ્ધ બોલી ઉઠયો, " કિનારે ઉતરી પડો ! કિનારે ઉતરી પડો ! ! કિનારે ઉતરી પડો ! ! !"

યુવક અટ્ટહાસ્ય કરીને બોલ્યો,-" કિનારો ક્યાં છે તેની જો ખબર હોત તો આટલી બધી હરકત શાની હોય ? "

આ વજ્રાઘાત સમાન શબ્દો સાંભળીને નૌકામાં પહેલાંથી પણ વિશેષ કોલાહલ મચી રહ્યો. યુવકે મહા મહેનતે ધીમે ધીમે પ્રવાસીઓને શાંત પાડયા, અને પછી માછીને કહેવા લાગ્યો,-" ગભરાવાનું કાંઇ પણ કારણ નથી; પરોઢીયું થવા આવ્યું છે, અને થોડા સમયમાં ભગવાન સૂર્યનારાયણનો ઉદય થશે. એટલા અરસામાં નૌકા ડુબી જવાની નથી. તમે હવે આનાકાની ન કરતાં નાવને પાણીના પ્રવાહમાં એમ ને એમ છોડી દો. તે મરજી પડે તે બાજુએ જશે, પછી સૂર્યોદય થશે એટલે વિશેષ વિચાર થઇ શકશે. "

માછીઓને આ વાત ગમી અને તેમણે તેમ કરવાનું કબુલ કર્યું. પ્રવાસીઓને પણ સંતોષ થયો અને તેઓ શાંત પડયા.

માછીઓએ ઘણા વખત સુધી મહેનત કરી. મુસાફરો શાંત હતા, પણ તેમનો જીવ પડીકે બંધાયલો હતો. અત્યારે પવન થોડો હતો, અને તેથી પાણીમાં મોજાં જોરથી ઉછળતાં નહોતાં. તોપણ બધા સમજી ગયા હતાં કે ભયંકર વિપત્તિમાં આપણે સપડાયલાં છિયે. ' સુખમાં સાંભરે સોની અને દુઃખમાં સાંભરે રામ ' એ લોકોક્તિ મુજબ કેટલાક માણસો દુર્ગામાતાના જાપ જપવા લાગ્યા, અને કેટલીક સ્ત્રીઓ અંચલમાં મ્હોં છુપાવીને આંસુ સારવા લાગી.

આવી રીતે એક પહોર જેટલો વખત વીતી ગયો એટલામાં

માછી લોકો દરિયાના પાંચે પીરોનાં નામ દઇને જોરથી ભજન ગાવા લાગ્યા, અને જબરી ધમાચકડી મચાવવા લાગ્યા. બધા મુસાફરો એકી સાથે પૂછવા લાગ્યા, " શું છે, શું છે ?! માછી! શું થયું?" માછી લોકો પણ જોરથી બૂમ પાડવા લાગ્યા,–" તકો નિકળ્યો, જુઓ પેલો કિનારો દેખાય ! "

બધા મુસાફરો વહાણમાં ઉભા થઇને ક્યાં આવ્યા છિએ, શું સમાચાર છે, વિગેરે જોવા લાગ્યા. સૂર્યોદય થયેલો સ્પષ્ટ જણાતો હતો. ધુમસના ગાઢ આવરણને સૂર્યનારાયણનાં તેજસ્વી કિરણો ભેદીને પ્રકાશ આપી રહ્યાં હતાં. એક પહોરથી વધારે વખત થયો નહોતો. નાવ જ્યાં આગળ આવી પહોંચ્યું હતું તે દરિયો નહોતો, પણ નદી અને દરિયાનું સંગમસ્થાન હતું. આ સ્થળે નદીનો પટ એટલો વિસ્તૃત હતો, કે સામો કિનારો દેખાતો પણ નહોતો. નદીનો એક કિનારો નજીક હતો, અને તે લગભગ પચાસ હાથથી વધારે દૂર નહોતો. પણ બીજી બાજુએ કિનારો દેખાતો પણ નહોતો.

ભલા વાંચનાર! નવોઢા નારને પ્રણયની પ્રથમ રાત્રિએ પોતાના પરમપ્રિય પતિને પ્રેમપુર્વક ભેટતાં જોઈ છે? યુવાન દંપત્તિના હૃદયમાં તે સ્થળે સ્નેહ કેટલો ઉભરાઇ જતો હોય છે તેની તમે કલ્પના કદિ કરી છે? જો તમે આ સ્નેહનો ઉભરો જોયો હશે તો નદી પોતાના પરમપ્રિય પતિ દરિયાદેવને ભેટતી વખતે કેટલી ઉભરાતી હોય છે, તેનો તમને ખ્યાલ આવી શકશે. અનેક સ્થળેથી અથડાતી, ભટકાતી, કદિકદિ ઉંચીનીચી જગ્યાએથી રખડતી રખડતી, પોતાના પિતા પર્વતરાજના સ્થાનથી તે અનેક સંકટો વેઠી અંતે પતિના સ્થાન સમીપ આવી પહોંચે છે ત્યારે તેને અત્યાનંદ થાય છે, અને તેથી જ જ્યાં આગળ નદી અને સાગરનો સંગમ થાય છે ત્યાં આગળ નદીનો પટ ઘણો જ વિસ્તારવાળો હોય છે.

આ સ્થળે પણ તેમ જ હતું. એક બાજુનો કિનારો પચાસ હાથ જેટલો દૂર હતો, પણ બીજી બાજુએ કિનારાનું ચિન્હ પણ જણાતું નહોતું. નજીકનું પાણી નદીઓના પાણી જેવું ડહોળાયલું હતું, પણ

દૂરનું પાણી નીલવર્ણું હતું. પ્રવાસીઓએ તો નક્કિ કર્યું હતું કે તેઓ ભરદરિયે આવી ચડયા હતા, પણ હવે તેઓ કિનારાની નજીક હતા તેથી તેમનામાં નવજીવનનો સંચાર થયો. સૂર્યની તરફ જોવાથી દિશાનો પણ નિર્ણય થઇ ગયો. સંગમસ્થળની નજીકના કિનારા ઉપર અનેક પક્ષિઓ આનંદથી કલ્લોલ કરી રહ્યા હતા. આ નદી "રસુલપુરની નદી"ના નામથી પ્રસિદ્ધ છે.

પ્રકરણ ૨ જું

ઉપકારનો બદલો અપકાર !

" Ingratitude ! Thou marble hearted fiend !–"
" King Lear."
William Shakespeare.

નૌકાના પ્રવાસીઓની વિટમ્બણાની વાર્તાઓ હવે બંધ પડી, અને તેમનાં ચિત્ત શાંત થયાં. માછીઓએ જણાવ્યું કે *ઝાર આવવામાં હજુ વિલમ્બ છે. તેટલા સમય સુધીમાં સામેના રેતાળ કિનારા ઉપર પ્રાતઃકર્મ તથા રસોઇ વિગેરે થઇ શકશે. ત્યારબાદ ઝાર આવશે એટલે નૌકા યોગ્ય સ્થળે ચલાવી શકાશે. યાત્રાળુઓને આ વાત પસંદ પડી અને તેઓ નદી-

* નદીનાં પાણીનો જ્યાં આગળ દરિયાની સાથે સંગમ થાય છે તે સ્થળેથી દરિયામાં ભરતીને વખતે દરિયાનું પાણી નદીમાં પાછું ઠેલાય છે, અને તેનું જોસ પુષ્કળ રહે છે. તે વખતે ઝારમાં હોડી પુષ્કળ વેગથી જઇ શકે છે. નદીનું મીઠું પાણી પણ તે વખતે ખારૂં થઇ જાય છે, અને જાણે પુર આવ્યું હોય તેમ ઉભરાય છે. આવો બનાવ સાગરસંગમની થોડાક ગાઉ સુધીના અંતરમાં જ બને છે.

કિનારે ઉતરીને ત્યાં પ્રાતઃકર્મ તથા રસોઇની પ્રવૃત્તિમાં પડયા. પણ રસોઈ પકવવામાં એક અણધારી અડચણ ઉભી થઇ. નાવમાં બળતણને માટે લાકડાં નહોતાં. કિનારા ઉપર નજીકમાં બળતણ મળી શકે એવાં ઝાડ નહોતાં, અને અંદર જંગલના ભાગમાં હિંસક પશુઓના ભયથી કોઈ જવાને માટે તૈયાર થતું નહોતું. બધા એકબીજાના મ્હોં સામું જોવા લાગ્યા, અને વખત વીતી જવા લાગ્યો. રસોઇ કરવાનું કાંઇ પણ ઠેકાણું ન જડયું. આ જોઇને પેલો વૃદ્ધ પુરૂષ અગાઉ વર્ણવેલા યુવકને ઉદ્દેશીને કહેવા લાગ્યો,–"ભાઈ! તમે આનો કાંઇ ઉપાય કરો, તો કેવું સારૂં? ભગવાન તમારૂં ભલું કરશે! ભુખથી અમને અતિશય વેદના થાય છે. તમે જંગલની અંદરના ભાગમાં જઇને આપણે માટે લાકડાં લાવી આપશો?"

યુવકનું નામ નવકુમાર હતું. તે થોડીકવાર વિચાર કર્યા પછી બોલ્યો,–" ઠીક, હું જવાને તૈયાર છું. મને કુહાડી આપો તથા દોરડું લઇને એક માણસ મારી સાથે ચાલો." બધાં એકબીજાના મ્હોં સામું જોવા લાગ્યા. કોઈ સાથે જવાને તૈયાર થયું નહિ. આ જોઇને નવકુમાર બોલ્યો,–" ભલે ત્યારે; કોઈ નથી આવતું તો હું એકલો જઇશ, અને મારાથી લવાશે તેટલાં લાકડાં લઇ આવીશ." એમ બોલીને કમર બાંધીને નવકુમાર કુહાડી લઇને જંગલની અંદરના ભાગમાં લાકડાં લેવાને માટે ચાલ્યો ગયો.

થોડેક દૂર જઇને એક ઉંચા વૃક્ષ ઉપર ચડીને નવકુમારે જંગલમાં આજુબાજુ જોયું; પણ નજીકમાં નજર જઈ શકે તેટલા સ્થળમાં કાંઈ પણ વસ્તિ હોય એવું ચિન્હ નવકુમારને જણાયું નહિ. માત્ર ચારે બાજુ વન દેખાતું હતું. કોઇ કોઈ સ્થળે ઉંચી ઉંચી ટેકરીઓ દેખાતી હતી. આ વૃક્ષોમાંથી કોઇ પણ ઝાડ બળતણ તરિકે ઉપયોગમાં આવે એવું જણાયું નહિ. આથી નવકુમાર નદી કિનારાથી દૂર જંગલની અંદરના ભાગમાં ચાલ્યો. છેવટે ખૂબ દૂર જતાં એક કાપવા જેવું વૃક્ષ નવકુમારની નજરે પડયું. તે ઉપર તેણે પોતાની કુહાડી

વાપરીને ઝાડમાંથી જોઇએ તેટલાં લાકડાં કાપી લીધાં. કાપીને તેણે બાંધી લીધાં, અને નદી કિનારા તરફ પાછો આવવાને નીકળ્યો. દૂર સુધીની મુસાફરી, લાકડાં કાપવાનો શ્રમ, અને ભારે બોજા સાથે પાછા ફરવું એ અતિશય શ્રમથી નવકુમાર થાકી ગયો. આટલો ભારે બોજો લઇને ઝપાટાબંધ રસ્તો કાપીને પાછા ફરવું એ સ્હેલી વાત નહોતી. નવકુમાર કોઇ ગરીબનો પુત્ર નહોતો. તે ગર્ભશ્રીમંત હતો, અને તેનાં ગાત્રો ધટ્ટ છતાં સુકોમળ હતાં. આવા પ્રકારનો શ્રમ તેને જીંદગીમાં ક્વચિત જ કરવો પડતો હતો. આથી ભારે બોજા સાથે ચાલવું તેને માટે ઘણું કઠણ થઇ પડતું હતું. પણ આરંભેલું કામ ગમે તે મુશ્કેલીએ પણ પાર પાડવું જોઇએ એવો નવકુમારનો સ્વભાવ હોવાથી તે અતિ શ્રમથી પણ પંથ કાપવા લાગ્યો. બહુ થાક લાગતો ત્યારે લાકડાની ભારી જમીન ઉપર પટકતો, અને થોડી વાર વિશ્રામ લેતો; વળી પાછો બોજો ઉઠાવતો, અને આગળ ચાલતો. આ પ્રમાણે તે ધીમેધીમે આગળ વધવા લાગ્યો.

ઉપર દર્શાવેલાં કારણોને લીધે નવકુમારને પ્રવાસીઓની પાસે આવી પહોંચતાં બહુ વાર લાગી. તેને કેમ વાર લાગી હશે તેનો વિચાર કરતાં પ્રવાસીઓને ચટપટી થવા લાગી. ધીમેધીમે વધારે વખત વીતતો ચાલ્યો, પણ નવકુમાર આવી પહોંચતો જણાયો નહિ. આથી નવકુમારને જંગલમાં વાઘે ફાડી ખાધો હશે કે કેમ એની પ્રવાસીઓને ચિંતા થવા લાગી. હજુ વધારે વખત વીતી ગયો; પણ નવકુમાર આવતો જણાયો નહિ. આથી મુસાફરોની ખાત્રિ થઇ ગઇ કે જંગલમાં બિચારા નવકુમારને જરૂર વાઘે ફાડી ખાધો હશે. કોઈ કોઈ મુસાફરો તો માંહોમાંહે એમ પણ કહેવા લાગ્યા કે વાઘે નવકુમારને ફાડી ખાધો ત્યારે નવકુમાર જે ચીસો પાડતો હતો તે પણ અથડતી તેના કાને થોડાક વખત અગાઉ પડી હતી! આવી રીતે બધા અટકળો કરવા લાગ્યા, પણ કોઇને એટલી હિમ્મત ન થઇ કે કિનારાથી થોડી દૂર જંગલમાં જઇને નવકુમારનું શું થયું તેની તપાસ કરીએ.

આ પ્રકારનો સંકલ્પ વિકલ્પ મુસાફરો કરતા હતા એ અરસામાં પાણીના પ્રવાહમાં જોસ આવવા માંડ્યું, અને પાણીની લ્હેરો ઉન્મત્ત બનીને ઉછળવા લાગી. માછીઓ સમજી ગયા કે ઝાર આવ્યો છે. તેઓ સારી રીતે જાણતા હતા કે આવાં સ્થાનોમાં ઝાર આવે છે તે વખતે વહાણ કિનારા ઉપર હોય તો પણ પાણીના પ્રબળ વેગને લીધે ઘણી વાર તેના ટુકડે ટુકડા થઇ જાય છે. આ કારણથી તેઓ નૌકાનાં બંધનો છોડી નાખી નદીની વચમાં જવા લાગ્યા. નાવનું લંગર છોડતા છોડતામાં તો પાણી ઝપાટાબંધ ચડવા લાગ્યાં, અને નજીકની રેતાળ જમીન પણ પાણીમાં ડુબવા લાગી. મુસાફરો ઝપાટાબંધ મહા મહેનતે અરધા પાણીમાં પલળતા પલળતા વહાણમાં ચડી ગયા. રાંધવાનો સીધા સામાન વિગેરે સર્વ સપાટાબંધ પાણીમાં તણાઇ ગયો. અધુરામાં પુરૂ માછી લોકો જોઇએ તેટલા ચાલાક ન હોવાથી નોકાને તેઓ સંભાળી શક્યા નહિ, અને નૌકા નદીના પ્રબળ પ્રવાહમાં અતિશય વેગથી ધસડાવા લાગી, અને જોતાજોતામાં તો ઘણે દૂર નીકળી ગઇ. એક મુસાફર બોલ્યો,–"નવકુમાર તો રહી ગયો!" માછીમાંનો એક જણ બોલ્યો,–"હેં! નવકુમાર તમારો શો સગો લાગે છે? તેને તો જંગલી જનાવરોએ ફાડી ખાધો છે. નહિ તો તે આવે નહિ?"

પાણીના પ્રબળ પ્રવાહમાં નાવ સપાટાબંધ જળ કાપતું જતું હતું. હવે તેને ત્યાંથી બહાર કાઢવું તે ઘણા કષ્ટની વાત હતી. માછી લોકોએ વહાણને સંભાળી રાખવાનો અતિશય પ્રયત્ન કર્યો. એટલે સુધી કે માઘ માસના દિવસો હતા તો પણ તેમના કપાળ ઉપર પરસેવાનાં ટીપાં બાઝવા લાગ્યાં; પણ નૌકા રોકી શકાઇ નહિ. જ્યારે લાંબે પંથે નીકળી ગયા બાદ પાણીનો પ્રવાહ નરમ પડ્યો, ત્યારે નૌકા એટલે દૂર જતી રહી હતી કે હવે ત્યાંથી નવકુમારને માટે પાછા ફરવું એ તદ્દન જ મુશ્કેલી ભર્યું કાર્ય લાગવા માંડ્યું. વહાણમાં આ વિષય ઉપર ઘાટાઘાટ થવા લાગી. આ સ્થળે કહેવું આવ-

શ્યક છે કે નવકુમારના સાથીદાર તરિક નૌકામાં તેનું કોઇ પણ આત્મીય જન નહોતું. જે હતાં તે માત્ર તેનાં પડોશી અથવા ગામનાં માણસો હતાં. એ લોકોએ વિચાર કર્યો કે હવે આટલે બધે દૂરથી પાછા ફરવું એ નકામું છે. પાછા ફરવાથી નવકુમાર મળે પણ ખરો અને ન પણ મળે. વળી પાછા ફરતાં લાંબો વખત નીકળી જાય, અને પછી રાત પડી જાય એટલે બીજા દિવસ સિવાય ત્યાંથી નીકળી શકાય નહિ. નૌકાના બધા પ્રવાસીઓ ભુખ્યા તરસ્યા ત્યાં પાછા જાય અને એક જીવને લીધે બધા જીવ જોખમમાં પડે એ તેમને ઠીક લાગ્યું નહિ. અને પાછું જવા છતાં પણ નવકુમાર મળી શકે એવો ચોક્કસ સંભવ તો હતો જ નહિ. બીજે દિવસે પણ બળતણ વિના ભોજન કાર્ય થઇ શકે એમ તો હતું નહિ. એટલે બીજે દિવસે ઝાર આવે ત્યાર પછી પાછા ફરાય તેમ હતું. એટલા બધા વખત સુધી પાણીમાં ભુખ્યા તરસ્યા રહેવું અને જોખમ ખેડવું એ કોઇને પણ ઠીક લાગ્યું નહિ. વળી માછી લોકો પણ પાછા ફરવાને ના પાડતા હતા. તેઓ તો એમ જ કહેતા હતા કે નવકુમારને વાઘે મારી નાખ્યો હશે. એટલે હવે પાછું શી રીતે ફરાય? આ બધો વિચાર કરીને મુસાફરો નવકુમારને છોડી દઇને પોતપોતાના દેશ તરફ જવાને જ યોગ્ય સમજવા લાગ્યા. નવકુમારને સમુદ્ર તીરની નજીકના જંગલમાં તેના નસિબના આશરે તજી દેવામાં આવ્યો!


ઉપકારને બદલે અપકાર તે આનું નામ કહેવાય! સર્વનાં ઉદરનું પોષણ કરવાને માટે એક અગત્યનું સાધન લેવા જે યુવક ગયો તેને છોડીને આવી રીતે ચાલ્યા જવું એ ભારે કૃતઘ્નતા હતી. આ ઉપરથી આપણે એવો વિચાર ન કરવો જોઇએ કે સારાં કામ આપણે કરવાનું માથે ન ઉઠાવવું. સેવા ધર્મ પરમ ગહન છે, અને તે કરનારને તો ડગલેને પગલે આવા કડવા અનુભવ લેવા પડે છે. નવકુમારને પણ સેવા ધર્મનો આજે આવો અતિશય કડવો અનુભવ મળ્યો હતો!

પ્રકરણ ૩ જું

ઉપર આભ અને તળે ધરતી !

"—Like a veil,
Which if withdrawn, would but disclose the frown
Of one who hates us, so the night was shown
And grimly darkened o'er their faces pale
And hopeless eyes."

Don Juan.



જે ઠેકાણેથી નવકુમારને છોડીને તેના સાથીદારો ચાલ્યા ગયા હતા તે ઠેકાણાથી થોડેક દૂર દોલતપુર અને દરિયાપુર નામનાં બે નાનાં ગામડાઓ હાલ આવેલાં છે. પણ જે સમયની આપણે આ વાત કરીએ છિએ તે વખતે ત્યાં વસ્તિનું કાંઇ પણ ચિન્હ નહોતું. ચારે બાજુએ જંગલ આવેલું હતું. બધે ઠેકાણેની જમીન પણ સપાટ નહોતી. સાગર સંગમથી જંગલના ભાગમાં દૂર નજર નાખતાં રેતીના મોટા મોટા ડુંગરા અને ટેકરીઓ ઘણે ઠેકાણે દેખાતા હતા. બપોરનો વખત હતો એટલે સૂર્ય દેવનાં તેજસ્વી કિરણોથી રેતીની ટેકરીઓની ઉપરનો ભાગ ચળકારા મારી રહ્યો હતો અને તે ઘણો જ સુંદર લાગતો હતો.

રેતીના ડુંગરાં, ગાઢ જંગલ અને ખારા પાણી વાળા નદીના તટ આગળના આવા નિર્જન પણ રમણીય પ્રદેશમાં સર્વથી વિખુટો પડીને, પોતાનાં સગાં સહોદર, પોતાની સંગાથનાં માણસો, વનનાં હિંસક પશુઓની ચિંતા વિગેરેનો વિચાર કરતો મધ્યાન્હ કાંઠે નવકુમારને ઉભેલો આપણે જોઇએ છિએ. મહા કષ્ટથી લાકડાંનો ભારો લઇને કિનારે આવતાં નવકુમારે જ્યારે વહાણને ન દીઠું ત્યારે

પહેલાં તો તે ઘણો જ ગભરાયો; પણ સાથેના માણસો પોતાનો હમે-શાને માટે ત્યાગ કરીને સ્વાર્થાંધ બનીને ચાલ્યા ગયાં છે એવો તો તેને સ્વપ્ને પણ ખ્યાલ ન જ આવ્યો. તેણે વિચાર કર્યો કે જ્વાર આવવાથી આ સ્થળે વહાણ સલામત રહે એવો સંભવ નથી એમ ધારીને વહાણ ચલાવનારાઓ વહાણને કોઇક નજીકના સ્થાનમાં લઇ ગયેલા હશે. જ્યારે પાણીનો પ્રવાહ માફકસર થશે એટલે જલ-દીથી નાવ પોતાને લેવાને પાછું ફરશે એવી નવકુમારને આશા હતી. આ આશાથી તે લાંબા વખત સુધી કિનારા ઉપર ડોળા તાણીને નાવની રાહ જોતો ભુખ્યો તરસ્યો ઉભો રહ્યો. પણ તેની આશા નિષ્ફળ નિવડી. ત્યાં નૌકા આવી પણ નહિ તેમ જ દૂર નજરે પણ ન પડી. તેમાંના કોઇ માણસનો પણ પત્તો ન લાગ્યો. નવકુમારની આશા નિરાશામાં ફેરવાઇ ગઈ. નિરાશા રૂપી દુષ્ટ ડાકણની સાથે હવે ક્ષુધા અને તૃષારૂપી પિશાચિનીઓએ નવકુમાર ઉપર એકસામટો હુમલો કરવો શરૂ કર્યો. ભુખ અને તરસથી નવકુમાર આકુળ વ્યાકુળ બની ગયો. ભુખનો ત્રાસ તો સહન થાય પણ તૃષાથી તેનું ગળું સુકાઇ જવા લાગ્યું, અને કંઠે પાણીનો શોષ પડવા લાગ્યો. નદીમાં પાણી તો પુષ્કળ હતું, પણ દરિયાની નજીકનો પ્રદેશ હોવાથી તે પાણી તદ્દન ખારૂં હતું અને પીવાના ઉપયોગમાં આવે એમ નહોતું. તેણે હવે નૌકાની રાહ જોવાનું છોડી દીધું અને કિનારા ઉપર આમ તેમ ચારે બાજુ ફરીને કોઇ સ્થળે નૌકા દેખાય છે કે કેમ તે જોવા માંડયું. પણ કોઇ પણ સ્થળે નૌકા જણાઇ નહિ. આથી તે નિરાશ બનીને પોતાની પહેલાની જ-ગ્યાએ પાછો આવ્યો.

નૌકા હજુ પણ ન આવી તેથી નવકુમારે એમ જાણ્યું કે જ્વાર નબળો પડશે એટલે નૌકા પાછી ફરશે. પણ જ્વાર કમતી થઇ ગયા છતાં પણ જ્યારે નૌકા પાછી ન જ ફરી, ત્યારે નવકુમારનું હૃદય દારૂણ ચિંતાથી ભરાઈ ગયું. જો નૌકા પાછી ફરવાની હોત તો આ-ટલા વખતમાં પાછી ફરી ગઇ હોત.

નવકુમારની હવે પકી ખાત્રિ થઇ ગઇ કે કાં તો હોડી પાણીના

ક્ષારમાં સમતોલ ન રહેવાથી નાશ પામીને ડુબી ગઇ છે, અથવા તો સાથેનાં માણુસો પોતાને ઉપર આભ અને તળે ધરતી જેવા નિર્જન સ્થાનમાં એકલો અટુલો ભાગ્યદેવીના ભરોંસે છોડીને અને ઉપકારનો બદલો અપકારથી વાળીને ત્યાંથી ચાલ્યા ગયા છે.

ગામ નહિ, આશ્રય નહિ, લોક નહિ, ભોજનની સામગ્રી નહિ, પાણી નહિ, અને હિંસક પશુઓના ભયથી જીવનની પણ ખાત્રિ નહિ એવા સ્થળમાં નવકુમાર હવે ધૈર્ય ધારણ કરી ન શકયો. ક્ષુધા અને તૃષાથી તેનું હૃદય ચીરાઇ જવા લાગ્યું, અને તે બેભાન સરખો બની જવા લાગ્યો. રાત્રે જ્યારે કડકડતી ઠંડી પડે ત્યારે વિશ્રાંતિ લેવાને કોઇ પણ સલામત જગ્યા નજીકમાં ન હતી. વિશાળ નદી અને સાગરના સંગમ આગળના સ્થળ પર, હિમ વર્ષાવનાર આકાશ તળે નિરાશ્રય અને કાંઇ પણ ઓઢવા પાથરવા સિવાય રેતીમાં શરિરનાં હાડકાં આખી રાત ઘસવા સિવાય બીજો ઉપાય રહ્યો નહોતો. રાતના પહોર વાઘ વરૂ વિગેરે પશુઓ સામે એકલે હાથે, કાંઇ પણ બચાવના સંગીન સાધન વિના વિજય મેળવવો પણ મુશ્કેલ હતો. આવી શોચનીય સ્થિતિનો અંતિમ અંત મૃત્યુ છે એમ નવકુમારને નક્કી લાગ્યું.

નવકુમારનું મગજ ભમવા લાગ્યું. દારૂડીયો માણુસ આમથી તેમ અસ્ખડીયાં ખાય તેમ એક ઠેકાણેથી બીજે ઠેકાણે અને બીજે ઠેકાણેથી ત્રીજે ઠેકાણે એમ નવકુમારે જંગલમાં ભટકવા માંડ્યું, ધીરેધીરે અંધારૂં થઇ ગયું. માથા ઉપર આકાશમાં તારાઓ ઉગવા લાગ્યા. ચારે બાજુ ગંભીર અને માનવ જાતને એકલી અટુલી સ્થિતિમાં ગભરાવી નાખે એવી ભયંકર શાંતિ પથરાઇ ગયેલી હતી. માત્ર સમુદ્રનાં મોજાંઓની ગંભીર ગર્જના જ આ શાંતિને ભેદી શકતી હતી. તે સિવાય સર્વ સ્થળે સંપૂર્ણ શાંતિ જણાતી હતી.

નવકુમારે આકાશ સામી નજર કરી. પોતાના સ્વદેશમાં જેવી રીતે આકાશ હતું તેવું જ આકાશ અહીં પણ હતું. જે તારાઓ પોતાના દેશમાંથી તે ઉદય પામેલા જોઇ શકતો હતો તે જ તારાઓ તે અત્યારે અહીંથી પણ જોઇ શકતો હતો. પોતાના ઘરની નજીકમાં

જેવા પ્રકારનાં ઝાડ પાન તે જોઇ શકતો હતો તેવા જ પ્રકારનાં ઝાડ પાન અહીં પણ જણાતાં હતાં; પણ ઘરને આંગણે માણસની જે મેદની હતી,—તેમનો જે કલરવ હતો, અને ત્યાં જે અન્ય આવશ્યક શાંતિદાયક સાધનો હતાં તે અહીં નહોતાં. ઉચે, નીચે, કદિ એક રસ્તે તો કદિ બીજે રસ્તે, કદિ ટેકરીની ટોચ ઉપર તો કદિ ઝાડીના ગીચ ભાગમાં એમ નવકુમાર આથડવા લાગ્યો. રસ્તામાં જંગલી અને ફાડી ખાનારાં પશુઓના હુમલાનો ભય હતો. પણ બેસી રહેવાથી કાંઇ એ મુસ્કેલી ટળી શકે એમ નહોતું, તો નવકુમારે કાંઇ અન્ન પાણી અગર વસ્તિવાળા પ્રદેશની શોધમાં શા માટે ભટકવું ન જોઇએ? ઉદ્યમ અને પ્રવૃત્તિ સિવાય કયું કાર્ય સફળ થઇ શકે છે? હાથ જોડીને બેસી રહેવાથી દૈવ ક્યારે મનુષ્યને અનુકુળ થાય છે? પ્રયત્ન સિવાય વિજય દેવી ક્યારે વરમાળ આરોપે છે?

उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः ।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥

બેઠા બેઠા વિચાર કરવાથી કાર્ય નથી થતાં. તેમાં તો ઉદ્યમની જ જરૂર પડે છે. સુતેલા સીંહના મ્હોંમાં હરણો આપોઆપ આવીને નથી પડતાં. તેની શોધમાં વનરાજને ભટકવું જ પડે છે.

આવા વિચારોને હૃદયમાં સ્થાન આપીને ચાલવાની શક્તિ ન છતાં, પડતો આખડતો, અંધારામાં અથડાતો કુટાતો, નવકુમાર માર્ગ કાપવા લાગ્યો. બહુ ચાલવાથી આખરે નવકુમારને બહુ થાક લાગ્યો. ભુખ તરસને લીધે તેને બમણો થાક લાગ્યો હતો. એક રેતીની ટેકરીની તળેટી આગળ તેને અઢેલીને નવકુમાર બેઠો. ઘરની સુખપૂર્ણ શય્યાનું તેને સ્મરણ થયું. જ્યારે માણસ શારીરિક અથવા માનસિક શ્રમથી પીડાતો હોય છે, ત્યારે ઉંઘ પણ તેનાથી દૂર ભાગે છે. નવકુમારની પણ એ જ દશા થઇ. પણ આખરે લાંબે વખતે નવકુમારને નિંદ્રા આવી, અને રેતાળ જમીન ઉપર ત્યાં જ તે લાંબો થઇને ઢળી પડયો.

નિંદ્રા કેવી અજબ વસ્તુ છે! ગમે તેવો દુઃખી, ગરિબ કે સાધ-


નકીન માણુસ હોય, ગમે તેવી કાયિક કે માનસિક ચિંતાથી મનુષ્ય પીડાતો હોય, પણ નિંદ્રા જ્યારે તે અભાગી જીવને પોતાના આશ્રયમાં લઇ લે છે ત્યારે માણુસ ઘડીભરને માટે પોતાનાં સર્વ દુઃખો વિસરી જાય છે. આને જ ખાતર નિંદ્રાને દેવીની ઉપમા આપવામાં આવી છે, અને તેની ગોદને મીઠી અને મધુર ગણી છે! જગતના સર્વ જીવોને પરમ શાંતિ આપનાર આ નિંદ્રાદેવીની મીઠી ગોદમાં પોતાની હાલની શોચનીય સ્થિતિને તાત્કાળિક વિસરી જઇને નવકુમાર સુખનાં સ્વપ્નમાં અનુભવી રહ્યો હતો. ભવિષ્યના પેટામાં શું ભરાયલું છે તે માનવી કયારે જાણી શકયો છે?

પ્રકરણ ૪ થું

રેતીની ટેકરી ઉપર

" विस्मय जुत देख्यो निकट,
भीषन दर्सन रूप । "

" मेघनादवध । "



જે વખતે નવકુમારની નિંદ્રાનો ભંગ થયો ત્યારે રાત્રિ અર્ધી વીતી જવા આવેલી હતી. અત્યાર સુધી કોઇ પણ વાઘ અથવા બીજા હિંસક પશુએ પોતાનો વધ ન કર્યો એ માટે નવકુમારને નવાઇ લાગી. આમ તેમ નજર કરીને જોયું કે નજીકમાં કોઈ હિંસક પશુ દેખાય છે કે નહિ. નજીકમાં તો કાંઇ પણ ન દેખાયું; પણ દૂર નજર કરતાં તેને એક ઠેકાણે અજવાળું જણાયું. આ સ્વપ્ન છે કે સત્ય છે; ભુખ અને તરસથી વ્યાકુળ બનેલી આંખોએ જણાતું આ અજવાળું સત્ય હતું કે મિથ્યા ભ્રમ હતો તે વાતની બરોબર ચોકસાઈ કરવાને માટે નવકુમારે એક બે વાર આંખો

ચોળીને ચોક્કસ જોયું. ધીમે ધીમે અજવાળું વધારે અને વધારે સ્પષ્ટ જણાવવા લાગ્યું, અને તે સ્થળેથી સળગેલા દેવતામાંથી ભડકા નીકળતા હોય એમ સ્પષ્ટ જણાતું હતું. આ દેખાવથી નવકુમારના હૃદયમાં નવજીવનનો સંચાર થયો. આશાનાં અંકુરો તેના હૃદયમાં ઉગવા લાગ્યાં. તેણે વિચાર કર્યો કે માણસ વિના અગ્નિની ઉત્પત્તિનો સંભવ નહોતો, કારણ કે આ કાંઈ દાવાનળનો અગ્નિ નહોતો. નવકુમાર જેમ તેમ પોતાની શક્તિ એકઠી કરીને ત્યાંથી ઉઠયો, અને જ્યાં આગળથી અજવાળું આવતું હતું તે તરફ તે જવા લાગ્યો. એક વાર મનમાં એમ પણ વિચાર આવ્યો કે આ કાંઈ ભૂત પ્રેતના તો ભડકા નહિ હોય ? કદાચ તેમ પણ કેમ ન હોય ? પણ વળી એમ પણ વિચાર આવ્યો કે હોય તો પણ તપાસ તો કરવી જોઇએ. તપાસ કર્યા વિના પણ ભુખ તરસથી જીવ તો હવે બચે એમ હતું જ નહિ; તો ત્યાં સુધી જવામાં શું નુકશાન હતું ? એમ વિચાર કરીને જરાક પણ ગભરાયા વગર નિર્ભય ચિત્તે તે જવા લાગ્યો. રેતી અને ઝાડીથી તેના માર્ગમાં અનેક અડચણો આવવા લાગી, પણ તે સર્વને ન ગણકારતાં બધાને વટાવીને તેણે આગળ ચાલ્યો. અજવાળું આવતું હતું તેની નજીક જતાં જણાયું કે એક ઘણી ઉંચી રેતીની ટેકરી ઉપર દેવતા બળે છે. તેના અજવાળામાં ત્યાં ઉભેલા એક માણસની મૂર્તિ આકાશમાં જાણે એક ચિત્ર ચીતર્યું હોય એવી નીચેથી જણાતી હતી. ટેકરીની નજીક જવાને માટે નવકુમાર હવે તલપાપડ થઇ ગયો, અને તે પુષ્કળ વેગથી તે તરફ આગળ વધવા લાગ્યો. છેવટે રેતીની ટેકરી આગળ તે આવી પહોચ્યો, અને પછી ટેકરી ઉપર ચડવા લાગ્યો. છેવટે તે ટેકરીની ટોચ નજીક જઈ પહોંચ્યો; પણ ત્યાં જઇને તેણે જે દેખાવ જોયો તેથી તેનાં રૂવેંરૂવાં ઉભાં થઇ ગયાં. તે સ્થળે થોભવું કે ત્યાંથી પાછા ચાલ્યા જવું તેનો પણ નિર્ણય તે કરી શક્યો નહિ.

અગ્નિની નજીક બેઠેલો મનુષ્ય આંખો બંધ કરીને ધ્યાનમાં નિમગ્ન થઇને બેઠેલો હતો. તેણે પહેલાં નવકુમારને જોયો નહિ. નવકુમારે જોયું કે તે માણસની ઉમ્મર આશરે પચાસ વર્ષની હશે. તેણે

કાંઇ વસ્ત્ર પહેર્યું હતું કે કેમ તે તે જાણી શક્યો નહિ કારણ કે કેડથી માંડીને જાંઘ સુધી તેણે વ્યાઘ્રચર્મ ધારણ કર્યું હતું. ગળામાં તેણે રૂદ્રાક્ષની માળા ધારણ કરેલી હતી. મ્હોં ઉપર તથા ખભા ઉપર માથાની જટાના કાળા, અને રાખોડી વાળા વાળ વીખરાયલા પડયા હતા. નજીક અગ્નિ ભડભડ બળતો હતો. આ અગ્નિની જવાળાઓ દૂરથી જોઇને જ નવકુમાર અહીં સુધી આવી શક્યો હતો. નવકુમારને ચારે બાજુ એક પ્રકારની વિકટ દુર્ગંધ ફેલાયલી માલમ પડી. તે માણસના આસન તરફ નજર કરતાં તેનું કારણ તેને સમજાયું. આ જટાધારી મનુષ્ય માથા વગરના એક શબ ઉપર બેઠેલો હતો. ત્યાં આગળ ઢેર ઢેર હાડકાં વીખરાયલાં પડેલાં હતાં. એટલે સુધી કે તે ધ્યાનમગ્ન પુરૂષના ગળામાંની રૂદ્રાક્ષની માળામાં પણ રૂદ્રાક્ષના મણકાની સાથે હાડકાંના નાના નાના ટુકડા બાંધેલા જણાતા હતા. નજીકમાં એક મનુષ્યની ખોપરી પડેલી હતી અને તેમાં લાલ રંગનો હોમવાનો પદાર્થ ભરેલો હતો. આ ભીષણ દૃશ્ય જોઇને ભયભીત બનીને સ્તંભિત ચિત્તથી નવકુમાર ત્યાં આગળ ઉભો રહ્યો. હવે શું કરવું તેનો તે નિર્ણય કરી શક્યો નહિ. તેણે દેવીભક્તોની વાતો સાંભળી હતી. આ દેવીભક્તો અથવા કાપાલિકો કેવા પ્રકારના ભયંકર મનુષ્યો હોય છે તે પણ નવકુમારે સાંભળ્યું હતું. નવકુમાર સમજી ગયો કે આ માણસ કાપાલિક છે.

જ્યારે નવકુમાર આમ વિચાર કરી રહ્યો હતો તે વખતે કાપાલિક મંત્ર સાધનામાં, અથવા જપમાં કે ધ્યાનમાં લીન બનેલો હતો તેથી તે નવકુમારને જોઇ શકયો નહિ. લાંબા વખત સુધી આવી રીતે રાહ જોયા બાદ નવકુમારે જોયું કે કાપાલિકે આંખો ઉઘાડી. કાપાલિકે નવકુમારને જોઇને પૂછ્યું,–" કોણ છે ?"

નવકુમાર,—" બ્રાહ્મણ. "

કાપાલિક,—" ઉભો રહે. "

એમ કહીને તે પોતાના કાર્યમાં ફરીથી રોકાયો. નવકુમાર ઉભો રહ્યો.

આવી રીતે લગભગ અર્ધો પહોર જેટલો વખત વીતી ગયો. પછી કાપાલિક નવકુમારને ઉદ્દેશીને બોલ્યો,–" મારી પાછળ આવ."

એક વાત તો સ્પષ્ટ હતી કે બીજા કોઇ પ્રસંગે તો નવકુમાર કદિ પણ તે ભયંકર વ્યક્તિની પાછળ ન જાત, પણ અત્યારે ભુખ અને તરસથી તે આકુળ વ્યાકુળ બની ગયેલો હતો. તે બોલ્યો, " જેવી પ્રભુની ઇચ્છા ! પણ હું ભુખ અને તરસથી બહુ જ પીડાઉં છું. આજ્ઞા આપો કે કયાં જવાથી હું ભોજનના પદાર્થો મેળવી શકીશ ? "

કાપાલિકઃ—" મા ભૈરવીની આજ્ઞા છે ! મારી પાછળ ચાલ્યો આવ. તને સંતોષ થશે. જય જગદંબે ! "

નવકુમાર કાપાલિકની પાછળ પાછળ ચાલ્યો. બન્ને જણ ઘણે દૂર સુધી ચાલ્યા. માર્ગમાં કાંઇ પણ વાર્તાલાપ બન્ને વચ્ચે થયો નહિ. છેવટે એક પર્ણકુટી આવી. ત્યાં કાપાલિક થોભ્યો. ઝુંપડીમાં તે પહેલાં પેઠો અને પછી નવકુમારને આવવાની આજ્ઞા કરી. તે પછી નવકુમારને ખબર પણ ન પડે તેવી રીતે તેણે કોઇક યુક્તિથી અગ્નિ સળગાવ્યો. અજવાળાના પ્રકાશમાં નવકુમારે જોયું કે આ ઝુંપડી મોટાં મોટાં પાંદડાંની બનેલી છે. તેમાં કેટલાંક વ્યાઘ્ર ચર્મ, એક પાણીનો ઘડો, અને થોડાંક કંદમૂળ પડેલાં હતાં.

અગ્નિ બરોબર સળગાવ્યા પછી કાપાલિક બોલ્યો,–" ફળ મૂળ ખાજે; અને પાંદડાંનો પડિયો બનાવી જળ પાત્રમાંથી પાણી પીજે. વ્યાઘ્ર ચર્મ પડયું છે. ઇચ્છા થાય તો સુઇ જજે. બીક રાખીશ નહિ. વાઘ વિગેરેની બીક નથી. કોઇક બીજી વખતે આપણો મેળાપ થશે. જ્યાં સુધી હું ફરીથી મળું નહિ ત્યાં સુધી આ ઝુંપડી છોડીને જઇશ નહિ."

એમ કહીને કાપાલિક ત્યાંથી ચાલ્યો ગયો. નવકુમારે ફળમૂળ ખાધાં, અને પડિયો બનાવીને પાણી પીધું. હવે તેનો જીવ શાંત થયો. તે વ્યાઘ્રચર્મ ઉપર સુઇ ગયો, અને અતિશય શ્રમથી પીડાયલો હોવાથી તે તરત જ ઉંઘી ગયો.

પ્રકરણ ૫ મું



સમુદ્રને કિનારે



"————योगप्रभावो न च लक्ष्यतेते ।
विभर्षिचाकार मनिर्वृतानां मृणालिनी हैमिवोपरागम् ॥"
"रघुवंश ।"



"She was a phantom of delight,
When first she gleamed upon my sight;
Lovely aparition sent,
To be a moment's ornament."
"Perfect Woman."
—*Wordsworth.*



"આત્મ સુંદર હૃદય સુંદર સુમન સુંદર સુંદરી,
"સૃષ્ટીતણા સૌંદર્યનો શૃંગાર બનતી સુંદરી;
"ચાતુર્ય સુંદર, સ્નેહ સુંદર, કુલમણી ગૃહ સુંદરી,
"સુંદર બની સુંદર બનાવે, એક એ ગુણ સુંદરી."
—**લલિત.**





સવારના પહોરમાં ઉઠીને નવકુમાર પ્રાતઃકર્મથી પરવારીને ઘેર જવાનો ઉપાય શોધવા લાગ્યો. કાપાલિકના આશ્રમે હવે રહેવું તે તેને અયોગ્ય લાગ્યું. પણ અજાણ્યા રસ્તે ક્યાં જવું, એ તેને પ્રશ્ન થઇ પડયો. કાપાલિક રસ્તો જરૂર જાણતો હશે. પણ તેને પૂછવાથી શું તે બતાવશે? અત્યાર સુધીના

કાપાલિક સાથેના પરિચય ઉપરથી તો નવકુમાર એવું અનુમાન ખેંચી શકતો હતો કે કાપાલિકથી બ્હીવાનું કાંઈ ખાસ કારણ નથી. વળી કાપાલિકે પોતે પાછો ફરે ત્યાં સુધી ઝુંપડી છોડીને જવાની મનાઇ કરેલી હતી; અને તેનાથી વિરૂદ્ધ કર્મ કરીને તેને ચીડવવામાં કાંઇ માલ નહોતો. કાપાલિક લોકો મંત્ર તંત્ર અને જપ તપ વિગેરેમાં પ્રવીણ હોય છે. મંત્ર બળના પ્રભાવથી તેઓ પોતાનુ ધાર્યું કરી શકે એમ હોય છે. તેથી આવા પ્રકારનું જોખમ ખેડવું અયોગ્ય હતું. આવો વિચાર કરીને નવકુમારે ઝુંપડીમાં હાલને માટે રહેવાનું નક્કિ કર્યું.

ધીમે ધીમે દિવસ વહી ગયો, પણ કાપાલિક પાછો ન ફર્યો. પહેલા દિવસનો ઉપવાસ, અત્યાર સુધી પણ ઉપવાસ, એ સર્વથી તેની ભુખ વધી ગઈ હતી. ઝુંપડીમાં જે થોડા ઘણાં ફળ વિગેરે હતાં તે તો તે પહેલી રાતે જ ખાઈ ગયો હતો. હવે તો ઝુંપડીની બહાર ન જાય તો ખાવા પીવાનું મળી શકે એમ નહોતું. એમ કરતાં કરતાં સાંજ પડવા આવી. હજુ પણ કાપાલિક પાછો ન ફર્યો. હવે તો નવકુમાર ભુખથી અત્યંત વ્યાકુળ થઇ ગયો. તે ઝુંપડીમાંથી ફળની શોધમાં બહાર નીકળ્યો. રેતીવાળી જમીનમાં જેવા પ્રકારનાં ઝાડ ઉગે છે તેવાં ઝાડ પૈકી એક ઝાડનાં ફળ તેણે ખાઇ જોયાં. તે બદામની માફક ઘણાં જ સ્વાદિષ્ટ લાગ્યાં. તે તેણે પેટ ભરીને ખાધાં અને પોતાની ક્ષુધા શાંત કરી. તે રેતીની ટેકરી ઘણા મોટા વિસ્તારવાળી નહોતી. એટલે આજુબાજુ ફરતો ફરતો નવકુમાર ત્યાંથી દૂર ગાઢ જંગલમાં નીકળી ગયો. જંગલમાં તે માર્ગ વિસરી ગયો. જેઓએ થોડાક વખતને માટે પણ જંગલમાં પ્રવાસ કર્યો છે તેઓ તરત જ જાણી શકશે કે જંગલમાં રસ્તો ભુલવાથી અસહ્ય વિટંબણાઓ ભોગવવી પડે છે. નવકુમારની પણ એ જ દશા થઈ. થોડેક દૂર જવા બાદ ઝુંપડીનો રસ્તો કયો તેનો તે નિર્ણય કરી ન શકયો. ગંભીર જળનો કલકલ કરતો શબ્દ તેના કાને અથડાયો. તે સમજી ગયો કે આ સમુદ્રની ગર્જના હતી. થોડોક વખત સુધી તે આગળ ચાલ્યો એટલે જંગલ પુરૂં થયું અને તે દરિયાના કિનારા આગળ આવી

પહોંચ્યો. એક બાજુએ રેતાળ કિનારો, નજીકમાં લીલું છમ જેવું ગાઢું જંગલ, અને સામી બાજુએ નીલવર્ણાં જળનો અનંત રાશિ એ સર્વ જોઇને કોનું હૃદય પ્રફુલ્લ ન થાય? સૃષ્ટિ સૌંદર્યનું અતિ મનોહર દૃશ્ય ત્યાં નવકુમારની નજરે પડયું. તે રેતાળ કિનારા ઉપર બેસી ગયો. સામે ગર્જના કરતો ગંભીર મહાસાગર ઉછળી રહ્યો હતો. બન્ને બાજુએ જેટલે દૂર સુધી નજર જાય તેટલે દૂર સુધી સર્વ સ્થળે ફીણવાળાં જળનાં મોજાં ઉછળતાં જણાતાં હતાં.

સાયંકાળનો સમય હતો, અને ભગવાન સૂર્યનારાયણ પશ્ચિમ દિશામાં અસ્ત થવાની તૈયારીમાં હતાં. આકાશમાં ચારે બાજુ રતાશ ફેલાઇ રહેલી હતી, અને દૂર દરિયાના ઉછળતા જળમાં સૂર્યનો તેજસ્વી ગોળો ડુબતો જણાતો હતો. કોઇ યુરોપી વેપારીઓનું એક વહાણ સફેદ સઢ ફુલાવી દૂર જળમાં માર્ગ કાપતું જતું હતું. આ સર્વ સૌંદર્ય નીહાળવામાં નવકુમાર એટલો બધો લીન થઇ ગયેલો હતો કે તે ત્યાં કેટલી વાર સુધી બેસી રહ્યો તેનું તેને ભાન પણ ન રહ્યું. પણ ધીમે ધીમે પુષ્કળ અંધારૂં થવા માંડયું. હવે ઝુંપડી તરફ જવાનો માર્ગ શોધવો જોઇએ એમ નવકુમારે નિશ્ચય કર્યો. તે લાંબો નિઃશ્વાસ નાખીને ઉભો થયો.

એટલામાં તેની નજર નજીકમાં ઉભેલી એક અતિ સુંદર મૂર્તિ ઉપર પડી. તે આશ્ચર્યથી બે પળ થંભી ગયો! સંધ્યાકાળના અસ્પષ્ટ પ્રકાશમાં પણ તે મનોહર મૂર્તિ અતિશય રમણીય લાગતી હતી. તે એક અતિશય સુંદર બાલિકા હતી. તેનો કેશસમૂહ ખુલ્લો હતો, અને માથા ઉપરથી ખભા ઉપર થઇ ઠેઠ કમર સુધી અસ્તવ્યસ્ત સ્થિતિમાં વીખરાયલો પડયો હતો. તે સુંદરીનું નિર્મળ અને સુંદર વદન સ્પષ્ટ જણાતું નહોતું, પણ કાળાં વાદળામાં છુપાયલા ચંદ્રના છુટકારાના વખતના જેવું તે અત્યારે આનંદ આપતું હતું. તે સુંદરીનાં વિશાળ લોચન અતિશય સ્થિર અને શાંત છતાં તેજસ્વી હતાં. કદળી સમાન નાજુક દેહલતા ચંદ્રનાં કિરણ સમાન કાંતિમાન હતી, અને શરિરનો બાંધો સુદૃઢ હતો તથા તેનું અંગ સરવરના વૃક્ષ સમાન સીધું

હતું. કેશરાશિમાં બન્ને હાથ કાંઈક અંશે ઢંકાઇ ગયલા હતા. પણ તે હાથની કાંતી છુપી રહી શકતી નહોતી. રમણીના અંગ ઉપર એક પણ આભૂષણ નહોતું. આ દિવ્ય મૂર્તિમાં કાંઇક મનોહર આકર્ષણ શક્તિ હતી. પણ તે શક્તિ કેવા પ્રકારની હતી તે અમે કહી શકતા નથી. પરવાળા સમાન અધરની અંદર દાડમની કળી સમાન સુંદર અને સફેદ દંતપંક્તિ છુપાઇ રહેલી હતી.

આવા નિર્જન સ્થાનમાં આ મનોહર મૂર્તિને જોઇને લાકડાના પૂતળાની માફક નવકુમાર ઉભો રહ્યો. તેની વાચાશક્તિ બંધ થઈ ગઈ. તે સ્તબ્ધ બનીને જોવા લાગ્યો. રમણી પણ કાંઈ બોલી નહિ. તે પોતાનાં વિશાળ નેત્રો વતી એકી ટશે નવકુમાર સામું જોવા લાગી. બન્ને જાણે પત્થરમાંથી કોરી કાઢેલાં પૂતળાં હોય તેવી રીતે એક બીજાની સામે જોતાં ઉભાં હતાં. ફરક માત્ર એટલો હતો કે નવકુમારની દૃષ્ટી ચકિત થયેલા માણસના જેવી હતી, જ્યારે તે અજ્ઞાત રમણીનાં નેત્રોમાં એવા પ્રકારના ભાવની સ્હેજ પણ છાયા દેખાતી નહોતી.

આવી રીતે થોડીક પળો સુધી બન્ને જણાં એક બીજા સામું જોતાં ઉભાં રહ્યાં. એટલામાં રૂપેરી ઘંટડી જેવો તે તરુણીનો કંઠસ્વર સંભળાયો. અતિ મૃદુ અને કોમળ અવાજથી તે બોલી, " પથિક ! તમે માર્ગ વિસરી ગયા છો ? "

આ અવાજથી નવકુમારના હૃદયમાં ઝણઝણાટ થઈ ગયો. એક પળ સુધી તે રોમાંચ અનુભવવા લાગ્યો. પણ તે એટલો બધો આશ્ચર્ય પામ્યો હતો કે તે સુંદરીના પ્રશ્નનો શો પ્રત્યુત્તર આપવો તે તે જાણી શક્યો નહિ. તે મૂઢની માફક પહેલાની પેઠે ઉભો જ રહ્યો!

પોતાના પ્રશ્નનો કાંઇ પણ જવાબ ન મળવાથી " આ બાજુએ આવો ! " એમ કહીને તે ચાલી. તેના પગલાંનો અવાજ સંભળાવા લાગ્યો. ચાવી આપેલા પૂતળાની માફક નવકુમાર તેની પાછળ ચાલ્યો. એમ આગળ આગળ ચાલતાં ચાલતાં એક નાના જંગલના માર્ગમાં થઇને ચકરાવો લેતાં નવકુમારે આગળ નજર કરી તો સુદરી અદૃશ્ય થઇ ગઇ હતી ! સામે નજર કરતાં અગાઉ વર્ણવેલી ઝુંપડી નજરે પડી.




"પથિક! તમે માર્ગ ભૂલ્યા છો?" ... પૃષ્ઠ ૨૪.

પ્રકરણ ૬ ઠું

કાપાલિક સાથે મેળાપ

" कथं निगडूलंयतासि द्रुतम् ।
नयामि भवती भित:———"

——" रत्नावली । "



નવકુમાર ઝુંપડીમાં પેઠો. તે ઝુંપડીનું બારણું બંધ કરીને હાથનું ઉશીકું કરીને બેઠો અને વિચારમાં પડ્યો. તે સુંદરી કોણ હશે ? દેવી હશે કે મૃત્યુલોકની કોઈ સુંદરી હશે ? સ્વર્ગની અપ્સરા હશે કે સાક્ષાત વનદેવી હશે ? તે સુંદરીનું નિર્મળ અને સુંદર મુખ, આભૂષણ ન છતાં પણ દિવ્ય તેજથી ઝગહળી રહેલી કાંતિવાન દેહલતા, મધુર અને કર્ણપ્રિય સ્વર, અને હાથીના જેવી ચાલ એ સર્વ નવકુમારને સાંભરી આવવા લાગ્યાં. છુટા કેશકલાપ વચ્ચે ચંદ્ર જેવી પ્રભા પ્રસરાવતું તે નિર્દોષ અને નિર્મળ મુખડું નવકુમારને વળી વળીને સાંભરી આવવા લાગ્યું. " પથિક ! તમે માર્ગ વિસરી ગયા છો ? " એ શબ્દો નવકુમારને વળી વળીને યાદ આવવા લાગ્યા. આવા નિર્જન સ્થાનમાં અને જંગલમાં આવી દિવ્ય રમણી ક્યાંથી ? આવી આવી શંકાઓથી તેના હૃદયમાં આંદોલન થવા લાગ્યું. પણ તે કશી વાતનો નિર્ણય કરી શક્યો નહિ. તેનું ચિત્ત ચકડોળે ચડ્યું અને હવે શો માર્ગ પસંદ કરવો તે તેને સુજ્યો નહિ.

એટલામાં તેની નજર ઝુંપડીની અંદર સળગતા દેવતા તરફ પડી. નાના નાના પત્થરના ટુકડાઓના અસ્તવ્યસ્ત સ્થિતિમાં બનાવેલા ચુલાની અંદર એક નાનું સરખું લાકડું બળી રહ્યું હતું. નજીકમાં

જ એક નાનું સરખું હાંડલું પડેલું હતું, તથા તેમાં થોડાક ચોખા પણ હતા. પાણીથી ભરેલો ઘડો પણ ત્યાં તૈયાર હતો. નવકુમાર જ્યારે ઝુંપડીની બહાર નીકળ્યો ત્યારે આમાનું કાંઈ પણ જોઈ શકયો નહોતો. અત્યારે આ સર્વ વસ્તુ આપોઆપ ત્યાંઆવીને પડેલી હતી. તે સમજી ગયો કે આ કાપાલિકની જ વ્યવસ્થા છે. આથી તેને બહુ નવાઈ લાગી નહિ.

હર્ષનો સમય હોય કે શોકનો હોય, ચિંતા કે વેદનાથી હૃદય પરિપૂર્ણ થઇ ગયું હોય કે અતિશય આનંદથી મુખ પર હાસ્ય માતું ન હોય, પણ તે સર્વ પ્રસંગોમાં પેટ કોઇને પણ છોડતું નથી. રાજા મહારાજા હોય કે ગરિબ ભિખારી હોય, પણ ભુખથી સર્વ વખત થાય એટલે પીડાય છે જ. પેટની પૂજા એ માનવજાતિનું સર્વથી પ્રથમ કર્તવ્ય છે, અને " સો કામ મૂકીને ન્હાવું, અને હજાર કામ મૂકીને ખાવું, " એવી આપણામાં કહેવત તેથી જ પડેલી છે. નવ-કુમારનું પેટ પણ તેને માટે ખોરાક માગી રહ્યું હતું, એટલે તેણે હવે બીજોત્રિજો વિચાર કરવાનું છોડી દીધું અને ચોખાને રાંધવા તૈયાર થયો. પ્રથમ સંધ્યા કરી લઇને તેણે ચુલાના અગ્નિને ફુંક મારી ને જાગતો કર્યો, અને આધણ મૂકી દીધું. તે પછી ચોખાને બરોબર વીણીને ધોઇ નાખ્યા તથા સાફ કરી નાખ્યા. માટીના વાસણમાં તેણે ચોખા ઓરી દીધા, અને ભોજનની તૈયારી કરી. થોડીક વારે ભાત તૈયાર થયો એટલે તેણે પાંદડાનું એક નાનું સરખું પત્રાળું બનાવીને ભાત એકલો ખાઈ લીધો. બંગાળી લોકોનો મુખ્ય ખોરાક ચોખા જ છે એ વાત અમારા વાચકો જાણતા હોવા જોઇએ. તેમાં પણ બે દિવસનો ભુખ્યો નવકુમાર અત્યારે પોતાનું રોજનું ભોજન મળવાથી અત્યંત આનંદ પામ્યો, અને શાંતિથી જમવા લાગ્યો. જમી રહ્યા પછી હાથ વિગેરે ધોઇ નાખીને તેણે વાસણો આઘાં ખસેડી નાખ્યાં, અને રાત્રિ વધારે વીતી ગયેલી હોવાથી તે સુઈ ગયો.

બીજે દિવસે વ્યાઘ્રચર્મની પથારી ઉપરથી ઉઠતાંની સાથે જ તે સમુદ્રના ગઈ કાલે જોયલા કિનારા તરફ ચાલ્યો. પહેલા દિવસની

આવજા ઉપરથી તે હવે રસ્તાનો ભોમીયો થઇ ગયો હતો. એટલે સ્હેજ પણ મુશ્કેલી વિના તે પોતાનો રસ્તો શોધી કાઢી શકયો. ત્યાં જઇને પ્રાતઃકર્મ વિગેરેથી પરવાર્યા બાદ તેણે દરિયામાં સ્નાન કરી લીધું. નાહી ધોઇને સ્વચ્છ બની તે કોઇકની રાહ જોવા લાગ્યો. તે કોની રાહ જોતો હશે ? ભલા વાંચનાર ! તમે શું અનુમાન કરી શકો છો ? ગઈ કાલે મોહનમંત્ર ચલાવી ગયેલી મુગ્ધા આજે આવશે કે કેમ તેનો તે વિચાર કરતો હતો કે કેમ તે અમે નથી કહી શકતા. તે ત્યાં આગળ લાંબા વખત સુધી બેસી રહ્યો. બહુ દિવસ ચડી ગયો, પણ ત્યાં કોઇ આવ્યું નહિ. કાંઇક નિરાશ થઇને તે ચારે બાજુ ફરવા લાગ્યો, અને આમતેમ શોધવા લાગ્યો. પણ તેની સર્વ મહેનત ફોગટ ગઈ. કોઈ પણ મનુષ્યનો તેને સમાગમ થયો નહિ. તે ફરીથી પાછો આવ્યો અને વળી પાછો પોતાની પહેલાંની જગ્યાએ આવીને બેસી ગયો. તેને ઝુંપડીમાં જવાનું મન જ ન થયું. સૂર્ય અસ્ત થઈ ગયો, અને ચારે બાજુએ અંધારૂં છવાઇ ગયું. નવકુમારના હૃદયમાં પણ નિરાશારૂપી અંધકાર ફેલાવા લાગ્યો. હતાશ બનીને તે ત્યાંથી ઉઠયો અને ઝુંપડીમાં આવ્યો. ઝુંપડી આગળ આવતાં તેણે જોયું કે ઝુંપડીમાં કાપાલિક શાંતિથી બેઠેલો છે. નવકુમારે તેને બોલાવ્યો, પણ તે શાંતિથી બેસી જ રહ્યો.

નવકુમાર ફરીથી બોલ્યો,—" આપનાં દર્શન આટલા વખત સુધી કેમ ન થયાં ? "

કાપાલિક,—" હું મારા કાર્યમાં રોકાયલો હતો. "

નવકુમાર,—" મને મારે ઘેર જવાની પ્રબળ ઇચ્છા છે. રસ્તો જડતો નથી. રસ્તામાં મુસાફરી કરવાને માટે જોઇતાં સાધનો કે દ્રવ્ય પણ નથી; પણ આપ સરખાનો આશ્રય ઇશ્વરે મેળવી આપ્યો છે એટલે મારે હવે વિશેષ ચિંતા કરવાનું પ્રયોજન હોય એમ મને લાગતું નથી. શાસ્ત્રમાં મહાન્ પુરૂષોના આશ્રયથી ઘણા લાભ થાય છે એવું વર્ણવ્યું છે, તેનો આજે મને સાક્ષાત્કાર થયો છે. કહ્યું છે કે—

"नीचाश्रयो न कर्तव्यः कर्तव्यो महदाश्रयः ।
ईशाश्रयो महानागः पप्रच्छ गरुडं सुखम् ॥ "

પણ આ સર્વ પ્રશંસાસુચક શબ્દોના જવાબમાં કાપાલિક "મારી સાથે આવ" એટલા જ શબ્દો બોલ્યો. તે ઉઠીને ઉભો થઇ ગયો. ઘર તરફ જવાનો કાંઈ પણ રસ્તો કાપાલિક સાથે જવાથી થશે એવી આશાથી નવકુમાર કાપાલિક સાથે ચાલ્યો.

ભવિષ્યના પેટામાં કોઈ પેસી શક્યું છે? ભવિષ્યના ઉંડાણમા ઘુસકો મારી ખરી બીના જાણી શકવા કોણ સમર્થ છે? જો નવકુમાર જાણતો હોત કે કાપાલિક તેને ક્યાં લઈ જાય છે, અને તેની સાથે જવાથી તેની શી દશા થવાની છે, તો તે કદિ પણ કાપાલિક સાથે જાત નહિ. પણ ભાવિને કોણ મિથ્યા કરે છે?

પ્રકરણ ૭ મું

માતાના ભોગ માટે!

प्रायो गच्छति यत्रभाग्यरहितस्तत्रैव यान्त्यापदः ।



રાત્રિનો પ્રારંભ થઇ ચુકેલો હતો. કાપાલિક આગળ અને નવકુમાર પાછળ એમ બન્ને જણા કાંઈ પણ બોલ્યા ચાલ્યા સિવાય આગળ વધવા લાગ્યા. અચાનક નવકુમારની પીઠ ઉપર એક કોમળ કરનો સ્પર્શ થયો. નવકુમારે તરત જ પાછળ ફરીને જોયું. તે આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયો. નવકુમારે પોતાની સામે આગળ વર્ણવેલી સુંદરીને ઉભેલી જોઇ. અગાઉની જ માફક તે કાષ્ટની પૂતળીની માફક તદ્દન શાંત ઉભેલી હતી. જાણે આ-રસપહાણમાંથી કોઇ ચાલાક શિલ્પીએ એક મનોહર મૂર્તિ કોતરી

કાઢેલી હોય એવો મનોહર દેખાવ લાગતો હતો. આ સુંદરી અત્યારે અચાનક પોતાની પાછળ શી રીતે આવી? નવકુમાર તે રમણીને કાંઇક પૂછવા જતો હતો, પણ તે સુંદરીના મુખપર તેણે તેણીની નાજુક આંગળીને રાખેલી જોઈ, અને તે સમજી ગયો કે હમણાં કાંઇ પણ ન બોલવું એવું સુંદરી ઇચ્છે છે.

પોતાની પીઠ પાછળ શો બનાવ બની રહ્યો હતો તેની કાપાલિકને કાંઇ પણ ખબર નહોતી. તે તો આગળ આગળ ચાલ્યો ગયો. કાપાલિકના ઘણા દૂર ચાલી જવા પછી તે સુંદરી કોમળ સ્વરથી ઘણા જ ધીમા અવાજે બોલી, " કયાં જાઓ છો? ન જશો. પાછા ફરો. નાસો! ભાગો! પ્રાણરક્ષા કરો!"

આ વાકયો બોલતાંની સાથે જ તે સુંદરી એકદમ ત્યાંથી અદશ્ય થઇ ગઇ! નવકુમાર થોડીક વાર પાગલની માફક ત્યાં ઉભો રહ્યો. હવે કયો રસ્તો લેવો તેની તેને સમજ ન પડી. તે સુંદરી કયી બાજુ જતી રહી તે તે આમતેમ જોવા લાગ્યો. પણ રાત્રિના ગાઢ અંધકારમાં ચારે બાજુ આવેલાં વૃક્ષ સિવાય તે બીજું કાંઈ પણ જોઇ શકયો નહિ. તે મનમાં વિચારવા લાગ્યો કે આ અદ્ભુત કૃતિ સ્વપ્ન છે કે સત્ય છે? આ મને કોઇ પ્રકારની ઉન્માદ અવસ્થા લાગુ પડી છે કે સુંદરીનાં દર્શન થયાં એ વાત ચોક્કસ બનેલી જ છે? ગમેતેમ પણ કાપાલિકની પાછળ પાછળ જવામાં ભય તો છે જ. પણ વળી વિચાર આવ્યો કે મંત્ર તંત્ર અને જંત્ર જાણનાર અને મલિન વિદ્યાના ઉપાસકો પોતાની મેલી વિદ્યાના પ્રતાપે સર્વ કાર્ય કરી શકે છે. તે ઉપરાંત આ ગાઢ જંગલમાંથી ખાવાને અન્ન, પીવાને પાણી, વાટ ખરચી, એ સર્વ સિવાય રાત્રિને વખતે ક્યાં જવું, અને કોનો આશ્રય કરવો? તેમ કરવું એ પણ પ્રાણ ગુમાવવા બરાબર છે. તો કાપાલિકની સાથે જવામાં શો ગેરલાભ? પછી પડશે તેવા દેવાશે. કાપાલિક પણ માણસ છે અને હું પણ માણસ છું.

નવકુમાર આવી રીતે વિચાર કરવામાં રોકાયલો હતો એટલામાં

તેણે જોયું કે કાપાલિક પાછો આવતો હતો. કાપાલિક બોલ્યો,–"કેમ વાર થાય છે ?"

નવકુમારે કાંઈ પણ જવાબ ન આપ્યો. તે કાપાલિકની પાછળ પાછળ ચાલવા લાગ્યો. થોડેક દૂર જતાં માટીની દિવાલથી ઘેરાયલી એક ઝુંપડી નજરે પડી. તેને ઝુંપડી પણ કહી શકાય અથવા એક નાનકડું ઘર પણ કહી શકાય. પણ તે ઘર છે કે ઝુંપડી છે તેની સાથે આપણને કાંઇ પણ પ્રયોજન નથી. આ મકાનની પાછળના ભાગમાં રેતીનો કિનારો હતો, અને ત્યાં દરિયો ગર્જના કરી રહ્યો હતો. મકાનની નજીક થઇને આ રેતાળ જમીનમાં કાપાલિક નવકુમારને લઈ ગયો. આ અરસામાં ધનુષ્ય ઉપરથી છુટેલા તીરની માફક વેગથી અગાઉ વર્ણવેલી રમણી એકાએક તેની પાસે થઇને ચાલી ગઇ, અને જતાં જતાં બોલી, "હજુ પણ નાસી જાઓ ! નરમાંસ વિના દેવી ભક્તોનો હવન નથી થતો, તે શું તમે નથી જાણતા ? નાસો ! નાસો ! ! નાસો ! ! !"

નવકુમારના કપાળ ઉપર પરસેવાનાં ટીપાં બાઝયાં. દુર્ભાગ્યે તે સુંદરીના આ શબ્દો કાપાલિકને કાને ગયા. તે ક્રોધથી બૂમ પાડીને બોલ્યો,–" કપાલકુંડલા ! "

વરસાદનાં વાદળાંની ગર્જનાની માફક આ કઠોર શબ્દો નવકુમારના કાને અથડાયા. કપાલકુંડલાએ જવાબ ન આપ્યો.

કાપાલિકે નવકુમારનો હાથ પકડ્યો અને તે આગળ ચાલવા લાગ્યો. મનુષ્યની હત્યા કરનાર આ દેવીભક્તના હાથના સ્પર્શથી નવકુમારના શરિરની નસોમાં લોહી ઘણા જોરથી વહેવા લાગ્યું. તે સાહસ કરીને હિમ્મતથી બોલ્યો, "હાથ છોડી દો. મારે નથી આવવું !"

કાપાલિકે જવાબ ન આપ્યો. તે બળપૂર્વક નવકુમારનો હાથ પકડીને ઉભો રહ્યો. નવકુમારે ફરીથી પૂછ્યું, " મને ક્યાં લઈ જાઓ છો ? "

કાપાલિક,—" પૂજા કરવાના સ્થાન આગળ. "

નવકુમાર,—" શા માટે ? "

કાપાલિક,—" વધ માટે. દેવીને તારા માંસનું બલિદાન આપવાનું છે!"

પુષ્કળ જોર કરીને નવકુમારે આંચકો મારીને પોતાનો હાથ ખેંચ્યો. જો કોઇ સાધારણ માણસે તેનો હાથ પકડેલો હોત તો હાથ પકડી રાખવો તો બાજુ પર રહ્યો, પણ સામો તે બે ગુલાંટ ખાઇ જાત. પણ કાપાલિક જરાક પણ ડગ્યો નહિ. સ્હેજ પણ તેનું શરિર હાલ્યું નહિ. નવકુમારનું જોર નકામું ગયું. તેનો હાથ કાપાલિકના હાથમાં મજબુત સપડાયલો જ રહ્યો. એટલું જ નહિ પણ નવકુમારને એમ લાગ્યું કે તેના હાથનાં કાંડાનાં હાડકાંઓનો જાણે ચુરો થઇ ગયો હતો. નવકુમાર સમજી ગયો કે આ સ્થળે બળની જરૂર નથી પણ કળાની જરૂર છે. તેથી "ઠીક છે, જોઈ લઇશું" એમ વિચારીને તે કાપાલિકની પાછળ પાછળ ફરીથી ચાલ્યો.



પ્રકરણ ૮ મું



પલાયન



" જેને રામ રાખે રે, તેને કોણ મારી શકે ? "



' And the great Lord of Luna,
Fell at that deadly stroke;
As falls on mount Alvernes,
A thundersmitten oak.''

'·—Lord Macaulay "
" *Lays of Ancient Rome* "





રેતીવાળી જમીનની વચ્ચેના ભાગમાં જતા નવકુમારે જોયું કે પહેલા દિવસની માફક આજે પણ ત્યાં દેવતા ભડભડ બળી રહ્યો હતો. ચારેબાજુએ દેવીના પૂજનની સર્વ સામગ્રીઓ યોગ્ય રીતે ગોઠવી દીધેલી જણાતી હતી. વચમાં માણસની ખોપરીમાં મદિરા પણ ભરેલી હતી. માત્ર કાપાલિકને બેસવાને માટે આસન તરિકે જે શબ જોઇએ તે ત્યાં જોવામાં આવતું નહોતું. નવકુમાર સમજી ગયો કે દેવીને આજે મારૂં બલિદાન અપાશે અને આ કાપાલિકના આસન તરિકેના શબને સ્થળે મારૂં જ શબ મૂકાશે.

માણસે મરવાનો કદિ વિચાર કર્યો છે ? મોત એ ઘણી વખતે સર્વ સંકટોમાંથી છોડાવનાર, અને આધિ વ્યાધિ તથા ઉપાધિમાંથી મુક્ત કરનાર અજબનો ફીરસ્તો છે. પણ મોત કોઇને ગમે છે ? કોણ કહે છે કે મારૂં મૃત્યુ થાય તો સારૂં ? મોટા મોટા તત્વજ્ઞાનીઓ અને

રાજદ્વારી પુરૂષો પણ મોતને નથી નોતરતાં. તો પામર મનુષ્યની તો વાતજ શી કરવી ? અત્યંત ક્ષુધાથી પીડાતો હોય, દેહ દુર્બળ બની ગઇ હોય, ભયાનક અને કમકમાટ ઉપજે એવા રોગથી અસહ્ય યંત્રણા થતી હોય અને પાસે પાઇ પણ ન હોય છતાં મોતને જોઇને માણસ ડરે છે. મોતના તેડાને આનંદથી અંગીકાર કરનારાઓની સંખ્યા ઘણી જ થોડી હોય છે. એંસી વર્ષની ડોસી હોય તો તેને પણ મૃત્યુ નથી ગમતું તો શરિરે સશક્ત અને સુંદર, પૈસાથી પુરા અને યુવાન વયના નવકુમારને મોતથી–અને તે પણ આવા પ્રકારના કમકમાટ ઉપજાવનારા મોતથી–ડર લાગે તેમાં શું નવાઇ છે? નવકુમારની આંખે અંધારાં આવવા લાગ્યાં. તેના બળવાન દેહમાં ધ્રુજરી આવવા લાગી. તેના પગ લથડીયાં ખાવા લાગ્યા. અતિશય દારૂ પીધેલા માણુસના જેવી સ્થિતિ નવકુમારની થઇ ગઇ.

આ બાજુ કાપાલિકે નવકુમારને બાંધવાની તૈયારી કરવા માંડી. સુકાયલા વેલા તથા ડાંખળાઓને વણીને બનાવેલા એક મજબુત દોરડા વડે કાપાલિક નવકુમારને બાંધવા લાગ્યો. નવકુમાર આ પિશાચના લોખંડી પંઝામાંથી છુટા થવાને માટે પોતાનું સર્વ બળ અજમાવવા લાગ્યો; પણ સાક્ષાત યમદૂતના સંકજામાં તે સપડાયો હોય તેમ તેના સર્વ પ્રયત્નો નિષ્ફળ નિવડયા. નવકુમારની ખાત્રિ થઇ ગઇ કે પચાસ વર્ષની પાકટ વયે પણ કાપાલિકમાં મદોન્મત્ત માતંગના જેટલું બળ છે. એક કદાવર અંગના મલ્લના હાથમાંથી એક નાનકડું નિર્માલ્ય બાળક છુટવાને તરફડિયાં મારે એવી અત્યારે નવકુમારની સ્થિતિ હતી.

આવી સ્થિતિ છતાં, છુટવાના પ્રયત્ન વ્યર્થ જવા છતાં, નવકુમાર થોડે અંશે પણ પોતાનું બળ અજમાવવા ચુકતો નહિ. ડુબતો માણુસ ફીણને વળગે તેમ નવકુમાર આ પિશાચના પંઝામાંથી છુટવાને ફોકટનાં તરફડીયાં મારવા લાગ્યો. તેને આવી રીતે વિના કારણનો પરિશ્રમ કરતો જોઇને કાપાલિક બોલ્યો,–" મૂર્ખ ! શા માટે ફોકટની મહેનત કરે છે ? તારો જન્મ આજે સાર્થક થયો. જગતજનુની જગદમ્બા ભૈરવી માની પૂજામાં તારા દેહનું બલિદાન

આપવાનું છે. તારા જેવી પામર વ્યક્તિને માટે આથી વિશેષ સોભાગ્યની વાત બીજી કયી હોઇ શકે ? ભૈરવી માતાનું ભજન કર. તે તારો જન્મ મરણનો ફેરો ટાળશે અને સ્વર્ગમાં તને અક્ષય સુખ આપશે. અત્યારે તો તારે હર્ષ અને આનંદ પ્રકટ કરવો જોઇએ. તેને બદલે આ તું શી મૂર્ખતા ધારણ કરી રહ્યો છે ? "

નવકુમારને બરાબર બાંધીને કાપાલિકે તેને રેતીમાં નાખ્યો, અને વધ કરવા પહેલાંના સ્તોત્રોનો બુલંદ અવાજે તેણે પાઠ કરવા કરવા માંડયો. નવકુમાર પોતાના બંધ છોડવાને પ્રયત્ન કરવા લાગ્યો, પણ સુકાયલા વેલાઓનું બનાવેલું દોરડું તોડવું એ કામ વિકટ હતું અને બંધન પણ એટલું મજબુત હતું કે તે છુટી શકે એવો સહેજ પણ સંભવ નહોતો. મૃત્યુ નજીક હતું. થોડીક વારમાં દુષ્ટ કાપાલિકની તેજવાળી અને અણીદાર છરીથી નવકુમારનું મસ્તક ધડથી જુદું થઇ જશે. નવકુમારે હવે બચવાની એક પણ બારી જોઈ નહિ. તે પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરવા લાગ્યો, અને મૃત્યુ માટે તૈયારી કરવા લાગ્યો. જન્મભૂમિનું તેને સ્મરણ થયું. પોતાના સુખ સંતોષ અને ઐશ્વર્યનું સદન યાદ આવ્યું. લાંબા વખતથી વિખુટાં થયેલાં સ્નેહાળ મુખડાં આ દુર્ભાગી યુવકના માનસિક ચિત્રપટ ઉપર ખડાં થઇ ગયાં. આંખમાંથી બે ચાર આંસુ નીકળી પડયાં, અને રેતીમાં શોષાઇ ગયાં. બલિદાન આપવાની પ્રાથમિક ક્રિયાની પૂર્ણાહુતિ કરીને નવકુમારના વધને માટે તરવાર શોધવાને હવે કાપાલિક તૈયાર થયો.

પણ તેણે જે સ્થળે ખડ્ગ રાખ્યું હતું તે સ્થળે તેને તે ન મળ્યું. આ તો નવાઇની વાત હતી ! કાપાલિક આશ્ચર્ય પામ્યો. તેને ચોક્કસ ખાત્રિ હતી કે તેણે અગાઉથી જ તરવાર આણીને તેના યોગ્ય ઠેકાણે વધને માટે તૈયાર રાખી હતી. ત્યાર પછી તેણે તેને ત્યાંથી સ્હેજ પણ આધી પાછી કરી નહોતી. ત્યારે તે ક્યાં ગઇ? કાપાલિક આમતેમ જોવા લાગ્યો. પણ કોઈ પણ સ્થળે તેને તરવાર મળી ન શકી. આખરે થાકીને તેણે ઝુંપડી તરફ મ્હોં ફેરવી જોરથી બૂમ પાડી,–" કપાલકુંડલા ! "

કાંઈ પણ જવાબ ન મળ્યો. તેણે ફરીથી બૂમ પાડી, " કપાલકુંડલા ! "

પણ રાત્રિના શાંત સમયમાં નિર્જન જંગલમાંથી માત્ર પડઘો સંભળાયો તે જ. કાપાલિકને કાંઇ પણ જવાબ ન મળ્યો.

હવે કાપાલિકના ક્રોધની સીમા ન રહી. તેની આંખો ક્રોધથી લાલચોળ બની ગઈ, અને ભમરો સંકોચાઈ ગઈ. તે એકદમ ત્યાંથી નજીકના ઘર તરફ દોડયો. નવકુમાર આ તકનો લાભ લઇ ફરીથી પોતાનાં બંધન છોડવાને પ્રયત્ન કરવા લાગ્યો. પણ તેની મહેનત નકામી ગઈ. તે પોતાનાં બંધન સ્હેજ પણ છોડી શક્યો નહિ.

આ અરસામાં નજીકની રેતી ઉપર કોઇનાં કોમળ પગલાં સંભળાયાં. આ પગરવ કાપાલિકના તો નહોતો જ એ તો નવકુમાર સહેલાઇથી સમજી શક્યો. નવકુમારે તે બાજુએ નજર ફેરવી. તેણે જોયું કે નવિન આવનાર બીજું કોઈ નહિ પણ અગાઉ વર્ણવેલી રમણી છે ! તેના હાથમાં તરવાર હતી.

કપાલકુંડલા બોલી,–" ચુપ ! બોલશો નહિ. તરવાર મારી પાસે છે. મેં તે અહીંથી છાનામાના ઉપાડી લીધેલી છે. "

એમ બોલીને નવકુમારના જવાબની સ્હેજ પણ વાટ જોયા સિવાય કપાલકુંડલાએ નવકુમારનાં બંધનો કાપવા માંડયાં. તીક્ષ્ણ તરવારની ધાર આગળ બંધનનો શો હિસાબ ! તરત જ બંધન કપાઈ ગયાં, અને નવકુમાર છુટો થઇ ગયો. તે રમણી સંતોષ પામી અને બોલી,–" નાસો ! ભાગો ! મારી પાછળ આવો. રસ્તો બતાવી દઉં છું ! "

એમ બોલીને કપાલકુંડલા પુષ્કળ ઝડપથી રસ્તો બતાવતી બતાવતી ચાલી. નવકુમાર પણ ચપળતા વાપરીને કપાલકુંડલાની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

આ બાજુએ કાપાલિકે પેલા ઘરમાં આવીને ચારે બાજુએ તરવારને માટે પુષ્કળ તપાસ કરવા માંડી. પણ તેનાં હાથમાં તરવાર ન આવી. તરવાર તેમ જ કપાલકુંડલા બેમાંથી એક પણ વસ્તુ ત્યાં

નહોતી. તેને કાંઇક શક પડયો, અને તે દોડતો દોડતો વધસ્થાન આગળ આવ્યો. અહીં આવતાં તેણે જોયું કે નવકુમાર અલોપ થઇ ગયો હતો ! તેને ઘણું જ આશ્ચર્ય થયું, અને સાથે સાથે તેના ક્રોધમાં પણ બમણો વધારો થયો. તરત જ પાસે કપાયલાં દોરડાં ઉપર તેની નજર પડી. કાપાલિક બધો ભેદ કળી ગયો. તે તરત જ નવકુમારની શોધમાં 'જય જગદમ્બે !' કરીને નીકળ્યો. પણ રાત્રિના વખતે ચારે બાજુએ ગીચ ઝાડીથી વીંટાયલા અઘોર વનમાં નવકુમાર કયી બાજુએ ગયો હશે તે જાણવાનું કામ ઘણું જ કઠણ હતું. ચારે બાજુએ ઘોર અંધકાર છવાઇ ગયો હતો, અને તેથી તે કાંઇ પણ જોઇ શક્યો નહિ. આથી જે બાજુએથી અવાજ આવતો હતો તે બાજુએ આમતેમ દોડવાનો પ્રયત્ન તે કરવા લાગ્યો. પણ હવે તો દૂરથી અવાજ આવતો પણ બંધ પડી ગયો. આથી તે મુંઝાયો અને હવે કેમ કરવું તેનો વિચાર કરવા લાગ્યો.

એટલામાં તેને કાંઇક વિચાર આવ્યો. તેઓ કઇ બાજુએ ગયાં તે કાંઇક પણ જાણી શકાય એ હેતુથી તે નજીકમાં રેતીની એક જબરજસ્ત ઉંચી ટેકરી હતી તે ઉપર ચડયો. ટેકરી ઘણી જ ઉંચી અને સીધી હતી. પણ તેનું દુર્ભાગ્ય જ તેને તે બાજુએ લઇ જતું હતું તે તે ન સમજી શક્યો. આ ટેકરીની નીચે જ દરિયાનાં પાણી ઘુઘવતાં હતાં. પાણીના જોરથી એ ટેકરીની તળેનો ભાગ તદ્દન પલળી ગયેલો હતો, અને તેથી તે ચડયો હતો તે બાજુની ભેખડ તદ્દન જ પડુપડુ સ્થિતિમાં આવી ગયેલી હતી તે વાત તે જાણતો નહોતો. કાપાલિકના મજબુત શરિરનો ભાર સહન ન થઇ શકવાથી તે ભેખડ કાપાલિકને લઇને ભયંકર અવાજ કરતી નીચે દરિયામાં તુટી પડી. કાપાલિક અતિશય ઉંચે ઠેકાણેથી ભેખડની સાથે જ દરિયાના પાણીમાં પડયો, અને તરફડીયાં મારવા લાગ્યો.

આટલી ઉંચાઇએથી દરિયાનાં અગાધ જળમાં પડેલા કાપાલિકની શી દશા થઇ ? ત્યાંથી તે બચી શક્યો કે કેમ ? આ બધું આપણે આગળ ઉપર જોઇશું. આપણે એટલું તો જોઇ શક્યા કે જેને રામ રાખે તેને કોઇ મારી ન શકે. નવકુમાર મોતના ડાચા-

માંથી પણ કપાલકુંડલાની મદદથી છુટો થઇને છટકી શક્યો હતો, જ્યારે નરપિશાચ અને દેવીભક્ત કાપાલિક પોતે જ દુર્ભાગ્યનો ભોગ થઇ પડીને સાગરના જળમાં તરફડીયાં મારતો હતો. ઇશ્વરની લીલા અગાધ છે. તેનો કોણ પાર પામી શક્યું છે ?

પ્રકરણ ૯ મું

આશ્રય

"Open your hospitable door,"

× × × ×

—"*The Beggarman.*"



ગયા પ્રકરણમાં કાપાલિકની કેવી દુર્દશા થઈ તે આપણે જોયું. હવે તેને હાલને માટે તેનાં કર્મોનું ફળ ભોગવવા છોડી દઇને નવકુમાર અને કપાલકુંડલાની તરફ આપણે નજર ફેરવીશું. ઘોર અંધારી રાતે ઉંચે શ્વાસે આ હતભાગી યુવક અને તેને રસ્તો બતાવનાર ઉદારહૃદયા રમણી ઝડપથી ચાલતાં હતાં. જંગલનો આ રસ્તો નવકુમારને તદ્દન જ અજાણ્યો હતો. તે માત્ર કપાલકુંડલાની પાછળ પાછળ ચાલતો હતો. તે સિવાય તેને માટે બીજો ઉપાય જ નહોતો. નવકુમાર છેલ્લા બનેલા બનાવ તરફ વિચાર કરવા લાગ્યો, અને વિધિની વિચિત્ર લીલાથી તે તાજુબ થવા લાગ્યો. બન્ને જણાં ધીમેધીમે હવે ચાલવા લાગ્યાં. ગાઢ અંધકારના આવરણને લીધે માર્ગમાં કાંઇપણ દેખી શકાતું નહોતું. માત્ર કોઈ કોઇ તેજસ્વી તારાના નિર્મળ અને ઝાંખા પ્રકાશમાં રેતીની ઉંચી ટેકરીઓની ટોચ ક્વચિત ક્વચિત દષ્ટીગોચર થતી હતી. કોઇ કોઇ

સ્થળે આગીઆઓની પાંખોના ઝળકાટથી જાણે વૃક્ષ રંગબેરંગી જવાહીરથી મઢી લેવામાં આવ્યું હોય એવો દેખાવ જણાતો હતો.

કપાલકુંડલા પોતાની સાથેના પ્રવાસીને લઇને હવે વનના મધ્ય ભાગમાં આવી પહોંચી. આ વખતે લગભગ બે પહોર જેટલી રાત્રિ વીતી ગઈ હતી. ચારે બાજુએ છવાયલા ગાઢ અંધકારમાં સામે એક વિશાળ અને ઉચા દેવાલયનું શિખર ઝાંખા રૂપમાં હવે જણાવા લાગ્યું. તે દેવાલયની નજીકમાં ઇંટોનું બનાવેલું એક નાનું સરખું ઘર પણ હતું. આ ઘર આગળ જઇને તેના બારણાંની સાંકળ બહારથી કપાલકુંડલાએ ખખડાવી. પુષ્કળ અવાજ થતાં અંદરથી અવાજ આવ્યો,–" કોણ છે?–કપાલકુંડલા ? "

કપાલકુંડલા,–"હા; બારણાં ઉઘાડો. "

થોડીક જ વારમાં બારણાં ખુલી ગયાં. જેણે બારણાં ઉઘાડયાં હતાં, તે નજીકના દેવાલયની દેવીનો પૂજારી હતો,અને આ મકાનમાં તે રહેતો હતો. તેની ઉમ્મર ૫૦ વર્ષથી વધારે નહિ હોય. કપાલકુંડલાએ તે પૂજારીના કાનમાં ધીમેથી કેટલાક શબ્દો કહ્યા, અને પોતાના સાથીદારની અવસ્થા સમજાવી દીધી. પૂજારી પોતાના હાથમાં માથું ટેકવીને ત્યાં બેઠો અને પુષ્કળ વિચાર કરવા મંડયો. છેવટે તે બોલ્યો, " આ તો ઘણી મુસ્કેલીનો મામલો છે. મોટા માણસો મનમાં ધારે તે સર્વ કરી શકે છે. પણ હશે; જે થશે તે ખરૂં; માતાજીની કૃપાથી તારૂં અમંગળ નહિ થાય. તારા સાથીદારને મારી પાસે લાવ. "

કપાલકુંડલાએ નવકુમારને નજીક બોલાવ્યો. પૂજારી બોલ્યો,– " આજે અહીં જ આરામ લો. કાલે સવારે મેદનીપુરના માર્ગ તરફ તમને પહોંચાડી આવવાની વ્યવસ્થા કરીશ. "

વાત ઉપરથી વાત નીકળતાં પૂજારી જાણી ગયો કે નવકુમારે હજુ ભોજન નથી કર્યું. તેથી તેણે નવકુમારને કાંઇક જમવા આગ્રહ કર્યો. પણ છેલ્લા થોડા વખતના વિલક્ષણ બનાવોથી બિચારા નવકુમારની ભુખ ભાંગી ગઇ હતી, એટલે તેણે કાંઈ પણ ખાવાની ના પાડી, અને માત્ર વિશ્રાંતિને માટે સ્થાન આપવા પ્રાર્થના કરી. પૂજા-

રીએ પોતાના રસોડામાં નવકુમારને માટે સુવાની પથારી કરી આપી. નવકુમાર ત્યાં જઇને સુતો એટલે કપાલકુંડલા ફરીથી સમુદ્રકિનારા તરફ જવાની તૈયારી કરવા લાગી. પૂજારી તેના તરફ માયાથી અને પિતાતુલ્ય વાત્સલ્યભાવ દર્શાવી બોલ્યો " ના જઇશ. જરા થોભી જા. મારી એક વિનંતિ છે."

કપાલકુંડલા,-" શું ?"

પૂજારી,-તું અત્યંત નિર્મળ અને નિર્દોષ છે. તારૂં હૃદય દેવીના સમાન વિશાળ અને દયામય છે. હું તને જગંદબાની માફક માનું છું. જગદંબા પોતાના ભકતોની માગણી નથી તુચ્છકારતાં. તું પણ તેમ તો નહિ કરે ને ?"

કપાલકુંડલા,-" નહિ કરૂં."

પૂજારી,-" ત્યારે મારી ફકત એટલી જ વિનંતિ છે કે તું ત્યાં ન જઇશ. તને આજીજી કરીને કહું છું કે ત્યાં જવાનો વિચાર માંડી વાળ. હવે ત્યાં જવામાં ફાયદો નથી."

કપાલકુંડલા,—" ત્યાં ન જવાનું કારણ ?"

પૂજારી,—" ત્યાં જવાથી તારી જીંદગી બચવી મુશ્કેલ છે."

કપાલકુંડલા,—" તે તો હું જાણું છું."

પૂજારી,—" ત્યારે ત્યાં શા માટે જાય છે ?"

કપાલકુંડલા,—" ત્યાં ન જાઉં તો કયાં જાઉં ?"

પૂજારી,—" આ મુસાફરની સાથે પરદેશમાં ચાલી જા."

કપાલકુંડલાએ જવાબ ન દીધો. તે ચુપ બેસી રહી. પૂજારી બોલ્યો, " શો વિચાર કર્યો ?"

કપાલકુંડલા,—" પહેલાં મેં તમારા મ્હોંએ એવું સાંભળ્યું હતું કે એક જુવાન કુમારિકા સ્ત્રી એક જુવાન પુરૂષ સાથે એકલી જાય એ અયોગ્ય છે. ત્યારે આજે તમે મને જવાને માટે કેમ કહો છો ?"

પૂજારી,—" તે વખતે તારા જીવનની શંકા નહોતી. અત્યારે પ્રસંગ જુદો છે. સમયની સત્તાને અનુસરીને ચાલવું એ જ ડાહ્યા માણસનાં લક્ષણ. ચાલો આપણે માતાજીની આજ્ઞા લઇ આવીએ."

એમ કહીને પૂજારી દીવો હાથમાં લઈને માતાજીના સીંહાસન આગળ ગયો. કપાલકુંડલા પણ તેની સાથે સાથે ગઇ. સીંહાસન ઉપર આરસપહાણની મહાકાળી માતાની દિવ્ય અને ભવ્ય મૂર્તિ શોભી રહી હતી. બન્ને જણાંએ ભાવથી માતાજીને નમસ્કાર કર્યા. પૂજારીએ પૂજાપાના પાત્રમાંથી એક આખું બીલીપત્ર લીધું અને તે માતાજીના ચરણારવિંદ ઉપર મૂકયું. તે પછી તે એકી ટશે માતાજીના પગ તરફ જોવા લાગ્યો.

થોડીક વાર પછી તે પ્રસન્ન ચિત્તે બોલ્યો,—" જો ! દેવીએ અર્ઘ્ય ગ્રહણ કર્યો છે. માતાજીના પગ ઉપરથી બિલ્વપત્ર પડી ગયું નથી. આપણે જે ઇચ્છા કરીને બિલ્લીનું પત્ર માતાજીના ચર્ણમાં ધર્યું હતું તે ઇચ્છાને મા કાળીકા અનુકુળ છે, તેથી જ પત્ર પડી ગયું નથી. માટે તું ખુશીથી તારી સાથેના મુસાફર સાથે પ્રયાણ કર. હવે આપણે વ્યવહારૂ વાત પણ જોવી જોઇએ. તારી સાથેનો યુવક જો તને અવિવાહિત સ્થિતિમાં પોતાને ઘેર લઈ જાય તો આવી રીતે એક સુંદર કુમારિકા સ્ત્રીને ઘેર લાવવા માટે તેનાં સગાંવ્હાલાંને શરમ આવશે. તેમ જ લોકો તારી પણ નિંદા કરશે. બ્હેન ! દુનિયાના રંગઢંગ જ એવા છે. ખાળોએ દાટા અને મોરીઓ ઉઘાડી. ઉજળા કપડાને ડાઘો પડતાં વાર નથી લાગતી. તેમ પારકાની વાતો કરવામાં આપણા લોકો ઘણા જ કુશળ હોય છે. માટે આપણે હવે તેનો પણ વિચાર કરીએ. તારી સાથેનો મુસાફર બ્રાહ્મણનો છોકરો છે એ તો તેની કંઠમાં જનોઇ છે એ ઉપરથી સ્પષ્ટ જણાય છે. જો તે તારી સાથે લગ્ન કરી દે તો તો બધી આપદા ટળી જાય, અને બધી મુંઝવણનો છેડો આવી જાઈ તમે બન્ને જણાં નિર્ભય બની શકો. લગ્ન કર્યા વિના મારાથી શી રીતે તને એમ કહેવાય કે તું તે પ્રવાસી સાથે અહીંથી ચાલી જા ? બોલ ! તું તો લગ્ન કરવાને રાજી છે ને ? "

લગ્ન ! આહ ! કેવો મધુર શબ્દ ! જગતની ઉત્પત્તિનો સર્વ આધાર, પ્રભુના દરબારમાં તેમ જ માનવ દરબારમાં તેની કેટલી બધી મહત્તા ! કેટલીક વેળા પુરૂષને તો તેવા બે ત્રણ પ્રસંગો કે

કદાચ તેથી પણ વધારે આવતા હશે, પણ હિંદુ રમણીને માટે તો તેણીના જીવનમાં ફક્ત એક જ વખત આ અનુપમ પ્રસંગનો લ્હાવો લેવાનો હોય છે. સંસાર વ્યવહારમાં કુશળ બનેલી કામિનીઓ આ પ્રસંગની પૂર્ણ મહત્તા સમજી શકે પણ કપાલકુંડલા તો વનમાં ઉછરેલું અજ્ઞાન વનકુસુમ હતું. સંસાર વ્યવહારના રીતરિવાજોથી તે તદ્દન જ અજ્ઞાન હતી. એટલું ખરૂં કે તેણીનું કુમળું અને નિર્મળ હૃદય કાંઇક અનેરા વેગથી તેના સાથીદાર પ્રવાસી ભણી ખેંચાતું હતું. પણ તે શાને માટે તેનાથી આ નિર્દોષ બાલિકા સર્વથા અજ્ઞાન હતી. તેની હૃદયરૂપી ભૂમિમાં પવિત્ર પ્રેમરૂપી અંકુરેનો વિકાસ થવા લાગ્યો હતો તે તે સમજી શકતી નહોતી. તે નિર્દોષતાથી બોલી,—" લગ્ન! લગ્ન એ શી વસ્તુ છે? મેં તમારા મ્હોંએથી જુવાન સ્ત્રીપુરૂષોનાં લગ્ન થાય છે એવું સાંભળ્યું હતું. પણ લગ્ન શા માટે કરવાં પડતાં હશે તે તો હું નથી જાણતી!! લગ્ન શી રીતે થાય, અને શા માટે કરવાનાં?"

પૂજારીએ સ્હેજ હસીને કહ્યું—" બ્હેન! લગ્ન એ સ્ત્રીઓનો પરમપવિત્ર અને અત્યંત આવશ્યકીય પ્રસંગ છે, અને હિંદુ રમણીને ઘણે ભાગે તેણીના જીવનમાં એક પ્રસંગે લગ્ન કરવાં પડે છેજ. દુનિયામાં એકલું કોઇ નથી. ઇશ્વરે સ્ત્રી અને પુરૂષની રચના લગ્નને માટે જ કરી છે. વિષ્ણુભગવાનને લક્ષ્મીદેવી પત્ની છે, અને પાર્વતીદેવીના પતિ સાક્ષાત્ ભગવાન સ્વયંભૂ છે. તારે માટે આ અત્યંત શુભ પ્રસંગ છે, અને તારે લાયકનો પતિ તને મળ્યો છે એ વળી બેવડા આનંદની વાત છે. લગ્ન કરવાની રીત તારાં લગ્ન હું કરીશ ત્યારે તને આપો આપ જણાશે."

પૂજારી સમજ્યો કે કપાલકુંડલા બધું સમજી ગઇ. કપાલકુંડલા મનમાં સમજી કે હું બધું સમજી ગઇ. પછી થોડીક વાર રહીને તે બોલી,—" તે ઠીક છે; પણ કાપાલિકને આવી રીતે અચાનક છોડી જવો મને ઠીક લાગતું નથી. તેણે આજ સુધી મારૂં પાલણપોષણ કર્યું છે."

પૂજારી,—" તેણે શા માટે આટલાં દિવસ સુધી તારૂં પાલ-

ખુપોષણ કર્યું છે તે તું નથી જાણતી. જો હું તને સમજાવું."

પૂજારીએ કપાલકુંડલાને કાપાલિક કેટલો દુષ્ટ અને ધૃષ્ટ હતો તથા તેને રાખવામાં તેનો અતરિક હેતુ શો હતો તે બધું મોંઘમમાં સમજાવ્યું. કપાલકુંડલા ભયથી કંપી ગઇ અને બોલી,—"ત્યારે તેના કરતાં ભલે લગ્ન થાય. હું લગ્ન કરવા રાજી છું."

બન્ને જણાં મંદિરની બહાર આવ્યાં. એક ઓરડીમાં કપાલકુંડલાને બેસાડીને પૂજારી નવકુમારની પથારી આગળ ગયો, અને તેને પૂછવા લાગ્યો,—"કેમ મહાશય, સુઇ ગયા ?"

નવકુમાર પથારીમાં પડયો હતો, પણ તેને ઉંઘ આવતી નહોતી. તેથી તે બોલ્યો,—"જી નહિ."

પૂજારી,—"મહાશય! મને આપની ઓળખાણ આપવા કૃપા કરશો ? આપ બ્રાહ્મણ છો ?"

નવકુમાર,—"જી હા."

પૂજારી,—"કયી શ્રેણીના ?"

નવકુમાર;—"'રાઢીય' શ્રેણીના."

પૂજારી,—"અમે પણ રાઢીય બ્રાહ્મણ છીએ. વંશમાં અમે કુલાચાર્ય છીએ, પણ હવે તો માજીના ચરણમાં ચિત્ત લગાડયું છે. આપનું નામ શું ?"

નવકુમાર,,—"મારૂં નામ નવકુમાર શર્મા."

પૂજારી.—"કયાંના રહેવાસી ?"

નવકુમાર,—"સપ્ત ગ્રામના."

પૂજારી,—"આપ કયી ઘાટીના છો ?"

નવકુમાર,—"વંઘઘાટી."

પૂજારી,—"આપે લગ્ન કરેલાં છે ?"

નવકુમાર,—"માત્ર એક વેળા." ×

× આપણા દેશમાં જેવી રીતે કન્યાઓની ભારે તંગી છે તેવી રીતે બંગાળામાં કુલિન અને સત્પાત્ર વરની ભારે તંગી છે આથી આપણી બાજુમાં જેવી રીતે કન્યાવિક્રયનો નિંદ્ય અને કુત્સિત રિવાજ

નવકુમારે બધી વાત ખુલ્લી કરીને કહી નહોતી, પણ આપણી વાર્તામાં નવકુમારની પ્રથમ પત્ની મુખ્ય ભાગ ભજવતી હોવાથી અને આપણને તેનું ખાસ કામ પડે એમ હોવાથી અત્રે આપણે નવકુમારની સાંસારિક સ્થિતિનો સ્હેજ ઉલ્લેખ કરીશું તો તે અસ્થાને તો નહિ જ ગણાય.

ખરી રીતે તો નવકુમારનું લગ્ન તે લગ્ન જ ન કહેવાય. રામગોવિંદ ઘોષલ નામના એક માણસની કન્યા પદ્માવતી સાથે નવકુમારનાં લગ્ન થયાં હતાં. લગ્ન પછી થોડાક દિવસો સુધી પદ્માવતી પોતાના પિતાના ઘરમાં જ રહી હતી. વચમાં વચમાં કોઇ કોઈ વેળા સાસરે પણ આવ જાવ કર્યા કરતી હતી. આવી રીતે જ્યારે પદ્માવતીની વય તેર વર્ષની હતી તે અરસામાં તેનો (પદ્માવતીનો) પિતા પોતાના કુટુંબ સાથે શ્રી જગન્નાથજીની જાત્રાએ જવાને નીકળ્યો હતો. તે વખતે મુગલ સમ્રાટ અકબરે પોતાના બાહુબળ અને યુદ્ધ કૌશલ્યથી પઠાણ લોકોને બંગાળામાંથી હાંકી કાઢયા હતા, અને તેઓ ઓરિસા (ઓઢીયા) માં રહેતા હતા. વાચકો યાદ રાખશે કે જગ-

---

પ્રચલિત છે તે મુજબ બંગાળામાં વરવિક્રયનો આપણને વિલક્ષણ લાગે તેવો રિવાજ હયાતિમાં છેઃ આપણે ત્યાં તો કન્યાના એક વાર નાણાં ઓકાવીને કન્યાને પરણાવી દેવામાં આવે છે અને વૃદ્ધ કે અશક્ત આદમીનો પણ વિચાર કરમામાં આવતો નથી. બંગાળામાં વર સુંદર સ્વરૂપવાન અને કેળવાયલી કન્યા પણ મેળવે છે, અને પુષ્કળ ધન (પલ્લું !) પણ મેળવે છે. એટલું જ નહિ પણ બંગાળીઓ એકથી વધારે સ્ત્રીઓ પરણી શકે છે, અને આવી રીતે પુષ્કળ ધન મેળવી શકે છે. નવકુમાર ઉચ્ચ અને કુલિન કુટુંબનો હતો, અને તેથી તે વધારે સ્ત્રીઓ પરણી શકે એમ હતું. આથી જ તેણે " એક જ વાર લગ્ન કર્યાં છે" એમ પૂછારીને કહ્યું હતું જેવી રીતે આપણે ત્યાં કન્યાવિક્રયનો દુષ્ટ રિવાજ સમાજ તરફથી નિંદાય છે તેવી જ રીતે ત્યાં વરવિક્રયનો રિવાજ નિંદાય છે, પણ અદ્યાપિ પર્યંત આ દુષ્ટ રિવાજ ત્યાં પ્રચલિત છે.વાચકોને થોડાક વખત ઉપર કપડાં સળગાવીને બળી મરેલી બંગકન્યા સ્નેહલતાનો તાજો દાખલો યાદ હશે જ.

ન્નાથપુરી ઓઢીયા પ્રાંતમાં જ આવેલી છે. જે વખતની આપણે વાત કરીએ છિએ તે વખતે પઠાણ લોકોને ઓરિસામાંથી હાંકી કાઢવાને માટે મોગલો તનતોડ પ્રયત્નો કરતા હતા, અને મોગલો અને પઠાણ સૈન્યો વચ્ચે તે વેળાએ પુષ્કળ લડાઈઓ ચાલતી હતી. જ્યારે રામગોવિંદ ઘોષલ પોતાના કુટુંબ સાથે ઓરિસાથી પાછો પોતાના દેશમાં આવવાને નીકળ્યો હતો તે વખતે મોગલ અને પઠાણ સૈન્યો વચ્ચે લડાઈ ચાલતી હતી. આ ઝઘડામાં રામગોવિંદ પઠાણોના હાથમાં કેદ જાઈ પડયો. આપણે વાત કરીએ છિએ તે વખતે ધર્મનું એક પ્રકારનું અંધ ઝનુન લોકોમાં વ્યાપી રહેલું હતું, અને પઠાણ લોકો ધર્મની બાબત આવે એટલે સારાસારનો વિચાર કરવાની શક્તિ ધરાવતા નહોતા. તેઓ આવી રીતે કેદ પકડાતા મુસાફરોની પાસેથી ધન મેળવવા તથા તેમને મુસલમાન બનાવવા પોતાનું તમામ બળ અજમાવતા. રામગોવિંદ બાબુ પાસેથી પણ ધન મેળવવાને તેમણે પ્રયત્ન કર્યો. પણ રામગોવિંદ ક્રોધી અને ઉગ્ર સ્વભાવનો હતો. પત્થર તળે હાથ આવે ત્યારે તેને કળે કળે કાઢી લેવાની કળા તેને નહોતી આવડતી. તે યદ્દવા તદ્દવા બોલવા લાગ્યો. આથી પઠાણો ઉશ્કેરાયા અને તેને કુટુંબ પરિવાર સાથે કેદ પકડી લીધો. આ પઠાણોનાં પંજામાંથી છુટવાની જ્યારે સર્વ આશાઓ ભ્રષ્ટ થઇ ત્યારે અંતે મુસલમાની ધર્મ અંગીકાર કરીને રામગોવિંદ ત્યાંથી છુટો થયો!

આવી રીતે ધર્માંધ પઠાણોના પંજામાંથી સહીસલામત સહકુટુંબ રામગોવિંદ ઘેર આવ્યો, પણ મ્લેચ્છ ધર્મ અંગીકાર કરવાને લીધે તેનો સમાજ અને જ્ઞાતીમાંથી બહિષ્કાર કરવામાં આવ્યો. આ વેળાએ નવકુમારના પિતા હયાત હતા. મુસલમાન બનેલા હિંદુની કન્યા પોતાની પુત્રવધૂ તરિકે રહે તો પોતાના કુળને લાંછન લાગે એમ સમજી તેણે પણ પુત્રવધુ(પદ્માવતી)નો પરિત્યાગ કર્યો. આવી રીતે ફરીથી નવકુમાર અને પદ્માવતી મળી શક્યાં નહિ. સગાં સહોદર, જ્ઞાતી, સમાજ એ સર્વથી વિખુટાં બનીને ત્યાંને ત્યાં જ રહેવું એ રામગોવિંદને ઘણું વસમું લાગ્યું. તેથી તેમ જ હવે પોતે

મુસલમાન બનેલો હોવાથી શહેનશાહ અકબરના રાજ્યમાં કાંઇ સારી જગ્યા મળશે એમ ધારી રામગોવિંદ પોતાના કુટુંબ પરિવાર સાથે ત્યાંથી નીકળીને મોગલ રાજ્યધાની દીલ્હીમાં આવીને રહ્યો, અને ત્યાં તેણે પોતાનું નશિબ અજમાવવા માંડયું.


પ્રકરણ ૧૦ મું

કપાલકુંડલાનાં લગ્ન

" कण्व । अलंरुदितेन; स्थिराभव, इतः पन्थानमालोकय । "

शा॰ न्तला ।

पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने ।
पुत्रो रक्षति वृद्धत्वे न स्त्री स्वातंत्र्यमर्हति ॥



વ્યવહાર કુશળ મનુષ્યને દેશમાં કે પરદેશમાં કશી મુસ્કેલી નડતી નથી. જેનાં હાડકાં હરામ હોય, ખાઇપીને પથારીમાં પડી રહેવાની જેની દાનત હોય તેનાથી જ લક્ષ્મી ઘણી વેળા દૂર ભાગે છે. પણુ જેને તન તોડીને કામ કરવાની જ ઇચ્છા છે, તેને માટે તો દેશ કે પરદેશ એ સર્વ સમાન છે. તેની મહેનતના બદલા તરિકે લક્ષ્મી દેવીની પ્રસન્નતા મોડીવ્હેલી તેના ઉપર અવસ્ય થાય છે જ. રામગોવિંદ ઘોષલ આવા જ પ્રકારનો એક માણુસ હતો. પોતાની કાર્યદક્ષતા, વ્યવહાર કુશળતા, અને ઉદ્યોગશીલ સ્વભાવથી તે દીલ્હીમાં સારૂં ધન મેળવી શક્યો, તથા ત્યાં અમન-ચમનમાં પોતાના દિવસો વિતાડવા લાગ્યો. ત્યાં તેણે પોતાનું નામ બદલી નાખ્યું હતું. આથી હવેથી રામગોવિન્દનાં સગાં વ્હાલાંઓને

મનથી તેનું અસ્તિત્વ નષ્ટ થયેલું હતું. રામગોવિંદનું શું થયું, તેમજ તેના કુટુંબ પરિવારની શી સ્થિતિ છે તે કોઈ જાણી શક્યું નહોતું: આજ કારણને અંગે નવકુમાર પણ પોતાના સસરા તેમ જ પોતાની પત્નીની સ્થિતિ સંબંધી તદ્દન જ અજ્ઞાન હતો, અને તેમની સ્થિતિ જાણવાનાં સર્વ સાધનો પણ નાશ પામ્યાં હતાં. તે દિવસથી માંડીને આપણે જે પ્રસંગનો ઉલ્લેખ કરીએ છિએ તેટલા સમય સુધીમાં નવકુમાર પોતાની પ્રથમની પત્ની સંબંધી કાંઇ પણ હકીકત મેળવી શક્યો નહોતો. તેને પોતાની પત્ની બહુ વ્હાલી હતી. વહુ તો વાઘને પણ વ્હાલી હોય છે. તો પદ્માવતી જેવી સુસ્વરૂપવતી અને મનોહર સૌંદર્યવતી બાલિકા નવકુમારને ન ગમે એ બને જ કેમ ? પણ હવે તે પત્ની પોતાને મળી શકે એમ નહોતું. આથી નવકુમારે આજ સુધી ફરીથી લગ્ન કર્યાં નહોતાં. આટલાજ માટે અમે અગાઉ જણાવ્યું છે કે નવકુમારનાં પહેલી વારનાં લગ્ન પણ નામનાં જ હતાં. વાચકોએ યાદ રાખવું કે આ પદ્માવતી સાથે આપણને ઘણું કામ હજી પડવાનું છે. આપણી વાર્તામાં કપાલકુંડલા જેટલો જ ભાગ પદ્માવતી ભજવે છે. એટલે વાંચકો તેને વિસરી ન જાય એવી અમારે ચેતવણી આપવાની જરૂર છે. પદ્માવતીનું દીલ્હીમાં શું થયું ? નવકુમાર પોતાની પત્નીને ફરીથી મેળવી શક્યો કે કેમ ? એ સર્વ પ્રશ્નોનો ખુલાસો જણાવી દેવા અમે આતુર છિએ. પણ આપણી વાર્તાનું વળું આડે રસ્તે ન રહી જાય માટે હાલ આપણે આ પાત્રને બાજુ ઉપર રાખી નવકુમાર અને કપાલકુંડલાનું માતાજીના મંદિરમાં શું થયું તે તરફ દષ્ટીપાત કરીએ. અસ્તુ.

નવકુમારે આ બધી સ્થિતિ પૂજારીને કહી નહોતી. પૂજારી આ બધું ન જાણી શકે એ તો કહેવું પડે એમ છે જ નહિ. તે બોલ્યો,– " આપના જેવા કુલિન જુવાનને એક કરતાં વધારે લગ્ન કરવામાં શું હરકત છે ? આપને અત્યારે મારે આવા જ પ્રકારની એક યાચના કરવાની છે, અને મને ખાત્રિ છે કે હું તેમાં નિષ્ફળ નહિ જ નિવડું. આપને જે બાલિકાએ પ્રાણ સંકટમાંથી ઉગાર્યા છે તે બાલિકાએ આપનો પ્રાણ બચાવવા જતાં પોતે પોતાના જીવનને જોખમમાં લાવી

મૂક્યું છે. જે કાપાલિકને ત્યાં આજ સુધી તે રહેતી હતી તે મહા ભયંકર અને દુષ્ટ માણસ છે, અને કપાલકુંડલા ત્યાં પાછી જાય તેમાં તેનું જરા પણ શ્રેય નથી એ આપ સહેલાઇથી સમજી શકશો. આ બાલિકાને હવે ઉગારવી એ આપના હાથમાં છે. "

નવકુમાર,–" મારાથી કોઇ પણ ઉપાયે જો આ ઉદારહૃદયા બાલિકાનું રક્ષણ થઇ શકતું હોય તો તેમ કરવાને હું તૈયાર છું. તેમ કરવું એ મારૂં કર્તવ્ય છે. કારણ કે એ કામિનીએ મારે માટે પોતાના જીવનને સંકટમાં આણ્યું છે, ત્યારે તેના જ રક્ષણને માટે હું એક પુરૂષ થઇને ઉપાય ન કરૂં તો હું પુરૂષ નહિ પણ કાપુરૂષ ગણાઉં. પણ આપ સ્પષ્ટ ઉલ્લેખ કરશો તો વિશેષ શ્રેયસ્કર થઈ પડશે. આપ વિદ્વાન છો, અને તેથી સહેલાઇથી સમજી શકશો કે,

आहारे व्यवहारे च स्पष्टवक्ता सुखी भवेत ।

માટે સ્હેજ પણ આશંકા સિવાય આપની માગણીને સ્પષ્ટતાથી વ્યક્ત કરો. "

પૂજારી સંતોષ પામીને બોલ્યો, " તમારૂં બોલવું કુલિન અને સત્પાત્રને છાજે એવું છે. મને પરમ સંતોષ ઉપજ્યો છે. મેં કપાલકુંડલાની રક્ષા કરવાનો એક ઉપાય શોધી કાઢયો છે, અને આપ કહો તો તે હમણાં જ કહી સંભળાવું. "

નવકુમાર,–" ખુશીથી તેમ કરો. "

પૂજારી,–" કપાલકુંડલા આપની સાથે અહીંથી પલાયન કરી જાય તોજ તેનું જીવન બચી શકે એમ છે. અહીં રહેવાથી કાપાલિક એક બે દિવસમાં આવીને તેને શોધી કાઢશે, કારણ કે ઘણી વાર કાપાલિક આ દેહરામાં આવે છે. તેને એમ સંશય નથી કે કપાલકુંડલા નાસીને અહીં આવી હશે. પણ તે અહીં આવે તો બધું ચેતી જશે. માટે કપાલકુંડલાની પ્રાણ રક્ષાનો મુખ્ય આધાર આપની સાથેના પલાયન ઉપર અવલંબીને રહેલો છે. પણ તમારી સાથે નાસી જવાનું કાર્ય પણ કપાલકુંડલાને માટે દુર્ઘટ છે. "

નવકુમાર,–" દુર્ઘટ શા માટે ? "

પૂજારી,–" તેનું કારણ આપ સહેલાઇથી સમજી શકશો. કપાલકુંડલા કુંવારી કન્યા છે. કયા કુળમાં તેનો જન્મ થયો છે, તે સચ્ચરિત્ર છે કે કેમ એ સર્વ તો આપ જાણતા જ નથી. તો પછી આપ એને આપની સાથે લઇ જશો કે કેમ એ શંકાસ્પદ વિષય છે. તેને લઇ જઇને પણ શું આપ આપના મકાનમાં આશ્રય આપી શકશો ? જો આપ સ્થાન ન આપો તો આ દુનિયાની વિકટ મોહજાળથી સર્વથા અનભિજ્ઞ કુમારી બાળા ક્યાં જાય ? કોનો આશ્રય લે ? શું કરે ? તેના ચારિત્ર્યનું સંરક્ષણ કયા પ્રકારે થઇ શકે ? લોકો તેને માટે શું બોલે ? આ સર્વ બાબતોનો વિચાર કરતાં મને એમ જ લાગે છે કે આપની સાથે આવી સ્થિતિમાં તેનું આવવાનું કાર્ય દુર્ઘટ જ છે. "

નવકુમાર થોડીક વાર વિચાર કરીને બોલ્યોઃ—" દુધમાં કાળાશ કદિ અનુભવાતી નથી. હંસ કદિ વિષ્ટા નજીક જતો નથી. તેમ જ કપાલકુંડલાના નિર્દોષ અને નિર્મળ જીવન માટે જો કોઇ સ્હેજ પણ આશંકા લાવે તો તેની ગણત્રિ મૂર્ખમંડળીમાં જ થાય. એટલે તે કોઇપણ પ્રકારના દુષણ વિનાની સ્ત્રી છે તે તો મારી પૂર્ણ ખાત્રી છે. તે મારી સાથે આવે તો મને કોઈ પણ પ્રકારની હરકત નથી. મારે ખાતર જેણે પોતાની જીંદગી જોખમમાં નાખી તેને માટે હું માથું આપું તો તે પણ થોડું છે. એટલે તે મારે ત્યાં આવશે તો મને કોઇ પણ પ્રકારનો વાંધો નથી. મારા કુટુંબમાં તે અમનચમનથી રહી શકશે. "

પૂજારી,—" નવકુમાર ! તમે ભોળા છો. સંસારી મનુષ્યો હૃદયની વિષમતા અને કુટિલતાનો તમે અનુભવ ધરાવતા નથી. જ્યારે તમારાં કુટુંબીઓ તમને પૂછશે કે આ યુવાન સ્ત્રી કોણ છે, તેને તમે કેમ લાવ્યા છો, અને તે ક્યાં સુધી રહેશે ત્યારે તમે શું જવાબ આપશો? કદાચ ધારો કે તમારા ઘરનાં માણસો તમારી વાત માનશે. પણ બીજા લોકોની નિંદા તમે કેમ સહન કરી શકશો ? જેનો ધંધો જ પારકા લોકોનાં છિદ્રો શોધી કાઢવાનો છે તે દુષ્ટોની જીભમાંથી ઝરતા ઝેરને માટે તમે શો ઉપાય કરશો ?

खलः सर्षप मात्राणि परछिद्राणि पश्यति ।
आत्मनो बिल्वमात्राणि पश्यन्नपि न पश्यति ॥

તેમ પોતાના પગ તળે લંકા બળતી હોય અને સામાને ત્યાં તાપણું બુઝાવવા જવા નીકળતા દુષ્ટ લોકોના વાગ્બાણુથી બચવાને તમે શી યોજના કરશો ? તેવી જ રીતે બીજી બાબતનો પણ વિચાર કરવો જોઇએ. આપ યુવાન છો, સજ્જન છો, અને કુલિન છો, તે માટે તો મને શંકા છે જ નહિ પણ મારી પુત્રી સમાન આ યુવાન કુમારી કન્યાને આપની સાથે હું શી રીતે મોકલી શકું ? ”

નવકુમાર,–“ આપ શું ત્યારે બીજો કાંઇ રસ્તો બતાવી શકતા નથી ? તમે જેમ કહો તેમ કરવાને હું અંતઃકરણપૂર્વક કબુલ છું તેની ફરીથી ખાત્રિ આપવાની કાંઇ જરૂર છે ? ”

પૂજારી,–“ આપના ઉદાર હૃદયને માટે મને પૂર્ણ વિશ્વાસ છે. કપાલકુંડલાને તમારી સાથે લઇ જવાનો ફક્ત એક જ ઉપાય છે, તે હું તમને કહું છું તે સાંભળો. કપાલકુંડલા બ્રાહ્મણની કન્યા છે. તેના વૃત્તાન્તની મને ખબર છે. તે જ્યારે તદ્દન બાલ વયની હતી હતી ત્યારે પરદેશથી વેપાર કરવાને બ્હાને હિંદનું સત્યાનાશ વાળવાને અહીં આવેલા યૂરોપી ખ્રીસ્તી ચાંચીઆઓએ આ નાની બાલિકાનું હરણ કર્યું હતું. પણ રસ્તામાં તેમનું વહાણુ ભાંગી જવાથી તે પોલાદી હૃદયના પિશાચોએ ચાર પાંચ વર્ષની ઉમ્મરની આ નાનકડી નાજુક બાલિકાને ઇશ્વરને આશરે દરિયા કિનારા ઉપર છોડી દીધી હતી. સ્ત્રીઓને સન્માન આપી સભ્યતા દર્શાવનાર દેશના આ નરપિશાચો આવી રીતે આ નિરાધાર બાળાનો ત્યાગ કરીને ત્યાંથી ચાલ્યા ગયા. આ સર્વ હકીકત સંપૂર્ણ રીતે બીજે કોઇ અવસરે આપના જાણવામાં આવશે. ત્યાર પછી શુ બન્યું તે હું તમને ટુંકાણમાં કહું છું. આવી રીતે દરિયા કિનારા ઉપર તજી દેવામાં આવેલી આ છોકરીને કાપાલિકે જોઇ, અને પોતાની યોગસિદ્ધિની સાધનાને અર્થે તેણે કપાલકુંડલાને ઉછેરીને મોટી કરી. તે હવે પોતાનાં

કાર્યમાં સફળતા મેળવવાની અણી ઉપર આવેલો હતો. પણ ઈશ્વરની ગતિ ગહન છે. કપાલકુંડલાના કર્મમાં કાંઈક સારૂં જ લખ્યું હશે. તેથી આપનો તેણે પ્રાણ બચાવ્યો. હવે તેને આપની સાથે લઈ જવાનો રસ્તો એ છે કે આપ તેની સાથે લગ્ન કરો. લગ્ન કરવાથી કોઈ કાંઈ પણ કહી શકશે નહિ અને તમારે ગભરાવવાનું સ્હેજ પણ કારણ રહેશે નહિ. હું શાસ્ત્રોક્ત વિધિથી તમારા બન્નેનાં લગ્ન કરાવી આપીશ. તમારે અત્યારે જવાબ આપવાની જરૂર નથી. લગ્ન કરવુ એ રમતની વાત નથી. કન્યા અગર વર કાંઈ કુંભારના ઘરનું હાંડલું નથી કે મરજી પડે જઈને બદલી લવાય. જીવનનો આ એક અતિ અગત્યનો પ્રશ્ન છે. તમે ઉતાવળ કરશો નહિ. આજની રાત પૂર્ણપણે વિચાર કરો અને પછી કાલે સવારે મને જવાબ દેજો. કોઈપણ રીતે મુંઝાશો નહિ. આપને એકલા જવાની ઇચ્છા હશે તો પણ હરકત નથી. કાલે આપને અહીંથી મેદનીપુરના માર્ગ તરફ પહોંચાડી આવવામાં આવશે. ”

આટલું બોલી નવકુમારના જવાબની રાહ જોયા સિવાય પૂજારી ત્યાંથી ચાલ્યો ગયો.

સવારના પહોરમાં પૂજારી નવકુમારની પાસે આવ્યો. તેને નવકુમારે પૂછયું,–“ બોલો; આપે શો વિચાર કીધો ? ”

નવકુમાર,–“ આજથી કપાલકુંડલા મારી ધર્મપત્નિ છે. હું તેની સાથે લગ્ન કરવા રાજી છું. આ લગ્નને અંગે મારે જે જે કષ્ટો સહન કરવાં પડે તે કરવાને હું તૈયાર છું. મારાં કુટુંબીઓ ગુસ્સે થશે તો મને તેની ચિંતા નથી. હું મારૂં ઘર તજવાને પણ તૈયાર છું. પણ કન્યાદાન કોણ દેશે ? ”

પૂજારી હર્ષ પામીને બોલ્યો,–“ બાબુજી ! તે વિષયમાં ચિન્તા કરવાનું કાંઈ પણ કારણ નથી. હું કન્યાદાન દઈશ. ”

એમ કહીને પૂજારી પોતાને જોઈતી સામગ્રીનો સંગ્રહ કરવાના કાર્યમાં પ્રવૃત્ત થયો. એક ઝોળીમાં એક ઘણું જુનું તાલપત્ર હતું. તેમાં તિથિ નક્ષત્ર વિગેરે લખેલું હતુ. તે સર્વને સારી રીતે જોઈને

કેટલીક ગણત્રિ કર્યા બાદ બોલ્યો,–" આજે જો કે લગ્નને અનુકુળ આવે એવી તિથિ નથી, તો પણ લગ્ન કરવાથી કાંઇ વિઘ્ન નડે એમ પણ નથી. ગોરજ સમયે કન્યાદાનનું મુહુર્ત રાખીશું." એમ નક્કી કરીને તે નવકુમારની પાસે ગયો અને બોલ્યો,–" તમે આજે ઉપવાસ કરજો. બીજી વિધિ ઘેર જઇને કરી લેજો. આજ એક દિવસને માટે જ હું તમને બન્નેને છુપાવી શકું એમ છું. વધારે સમય અહીં રહેવું જોખમભરેલું છે. આજે કદાચ કાપાલિક અહીં આવી પહોંચશે તોપણ હું તમને એક ગુપ્ત સ્થાનમાં સંતાડી શકીશ. પણ આ સ્થાનમાં વધારે દિવસ તમને રાખી શકાય એમ નથી. વળી સારા કાર્યમાં સો વિઘ્ન ઉપસ્થિત થાય એવો આ વિશ્વનો નિયમ છે. માટે તમે ઉપવાસ કરી કુલદેવતાનું પૂજન કરી લેજો. લગ્ન થયા બાદ આજની રાત અહીં રહેજો, અને આવતી કાલે પ્રાતઃકાળમાં તમે પતિપત્ની ઘર તરફ જજો. હું તમને રસ્તો બતાવી દઇશ."

નવકુમારે આ કામમાં ડોકું હલાવીને પોતાની સમ્મતિ દર્શાવી.

સાયંકાળે ગોરજ સમયે કપાલકુંડલાનાં અને નવકુમારનાં યથાવિધિ લગ્ન કરવામાં આવ્યાં. પૂજારીએ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર લગ્ન કરી કન્યાદાન દીધું. વનમાં વિચરનારી સંસાર વ્યવહારના કુડ-કપટથી તદ્દન અજ્ઞાત કપાલકુંડલાનું લગ્ન નવકુમાર સાથે થઇ ગયું.

બીજે દિવસે ત્રણે જણાં પ્રવાસની તૈયારી કરવા લાગ્યાં. બહાર નીકળતી વેળાએ કપાલકુંડલા માતાજીની મૂર્તિ સમક્ષ ગઇ. ભક્તિ-ભાવપૂર્વક માતાજીને તેણે પ્રણામ કર્યા. પાસેના પુષ્પપાત્રમાંથી એક અક્ષય બિલ્વપત્ર લઇને તેણીએ માતાજીના ચર્ણાવિંન્દમાં તે અર્પણ કર્યું. તે હાથ જોડીને ઉભી રહી અને બિલ્વપત્ર તરફ જોવા લાગી. અફ-સોસ ! બિલ્વપત્ર પડી ગયું !

કપાલકુંડલા કંપી ઉઠી. ભાવિ અમંગળ આશંકાઓથી તે અકળાઇ; અમુઝાઇ. તેણીએ બધી વાત પૂજારીને કરી. પૂજારી પણ ઉદાસ બની ગયો. પણ હિમ્મત રાખીને બોલ્યો,–" પુત્રી ! વિધાતાના લેખ ફેરવવાને કોઇ સમર્થ નથી.

कर्मण्येवाऽधिकारस्ते माफलेषु कदाचन ।

એવો શ્રીકૃષ્ણભગવાને શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં અર્જુનને ઉપદેશ કરેલો છે. આપણને કર્મ કરવાનો અધિકાર છે. તેના ફળની ઇચ્છા રાખવાનો અધિકાર નથી. આપણે આપણું કર્તવ્ય બજાવ્યું છે. તેનું સારૂં નરસું ફળ ઇશ્વરે તારા કર્મમાં જે નિર્માણ કરી મેલેલું હશે તેમાં સહેજ પણ ફેરફાર થઈ શકવો એ મનુષ્ય પ્રયત્નની મર્યાદા બહાર છે. ત્યારે જે આપણા હાથમાં નથી તેને માટે શોક કરવો શા કામનો? માટે બેટા! સુખેથી સીધાવ! રાજાના કુમાર જેવા કાંતિવાન અને સુશીલ પતિના સહવાસમાં તેની પ્રિયપાત્ર બની સુખેથી તારા દિવસ નિર્ગમન કર. માતાજી તમો બન્નેનું મંગળ કરશે.”


કપાલકુંડલાએ કાંઇ પણ ઉત્તર ન આપ્યો. ત્રણે જણાં ચુપચાપ ચાલ્યાં. ઘણે દૂર જતાં બપોરનો સમય થયો. દૂર મેદનીપુરનો રસ્તો પૂજારીએ કપાલકુંડલાને અને નવકુમારને બતાવી દીધો. બન્ને જણાં તે રસ્તે ચાલવા લાગ્યાં. પૂજારી પાછો વળવા લાગ્યો. સ્નેહાળ કપાલકુંડલા રડી પડી. પૂજારીની આંખમાં પણ આંસુ ભરાઇ આવ્યાં. પરંતુ કઠણ મન કરી આંખમાંનાં આંસુ લુછી નાખીને તે બોલ્યો,–“પુત્રી! ઇશ્વરની કૃપાથી મારી પાસે થોડુંક જરઝવેરાત છે. આવા નિર્જન વનમાં મારે તે કશા ખપનું નથી. તેથી તેમાંથી થોડુંક મેં તારા લુગડાના છેડે બાંધેલું છે. તે તમને રસ્તામાં મુસાફરીમાં ખર્ચવાને કામ લાગશે. રસ્તામાંથી પાલખી કરી લેજો, અને સુખેથી જજો. બેટા! મને કોઈ કોઈ વેળા સંભારજે! તારા વિયોગને લીધે આજે મને આખું વન સુનું સુનું લાગશે, અને માતાજીના પૂજનમાં પણ મારૂં ચિત્ત ચોંટશે નહિ. પણ જેનો ઉપાય નહિ તેનો શોચ કરવો વૃથા છે. માટે સુખેથી સીધાવ. પરમાત્મા તારૂં સોભાગ્ય અખંડ રાખે અને તમે ઉભય આનંદમાં તમારો કાળ નિર્ગમન કરો.”

એમ કહીને પૂજારી આંસુ ભરેલી આંખોએ ત્યાંથી પાછો વળ્યો. કપાલકુંડલા રડતી રડતી નવકુમારની સાથે આગળ ચાલી.

પ્રકરણ ૧૧ મું

સંકટમાં સપડાયલી સુંદરી

"——There—now lean on me:
place your foot here—"
Manfred



નવકુમારે મેદનીપુર આવીને ત્યાંથી કપાલકુંડલાને માટે એક પાલખી ભાડે કરી લીધી, અને કપાલકુંડલાના રક્ષણ માટે એક દાસી તથા પાલખી લઈ જનારા ભોઈ લોકો પણ નક્કી કરી દીધા. કપાલકુંડલાને મોકલ્યા પછી તે પગપાળો જવા લાગ્યો. પહેલા દિવસના પુષ્કળ પરિશ્રમને લીધે બીજે દિવસે નવકુમારને પુષ્કળ થાક લાગ્યો હતો. આથી તે પાલખીની સાથે જલદીથી ચાલી શકતો નહોતો. પરિણામે બપોરના વખતે ભોઇ લોકો પાલખી લઇને આગળ ચાલ્યા ગયા અને તે પાછળ પડી ગયો. તે ધીમે ધીમે ચાલવા લાગ્યો. એમ કરતાં કરતાં સાંજ પડી. સાથે ઠંડા પવનના સુસવાટા પણ વાગવા માંડયાં અને અતિશય ઠંડીથી નવકુમારનાં હાડકાં કડકડ કડકડ અવાજ કરવા લાગ્યાં. ધીમેધીમે રાત્રિ પણ પડવા આવી અને જંગલમાં ચારે બાજુએ ગાઢ અંધકાર છવાઇ ગયો. અધુરામાં પુરૂં આકાશમાં વાદળાં ચડી આવ્યાં અને થોડોક થોડોક વરસાદ પણ વરસવો શરૂ થઈ ગયો. શિયાળાનો દિવસ, કકડતી ઠંડી, અને આકાશમાં માવઠું આ ત્રણ એકત્ર થવાથી જંગલના રસ્તામાં નવકુમારની સ્થિતિ વિલક્ષણ થઇ ગઇ. ઠંડી તથા વરસાદને લીધે રાત્રિનો ગાઢ અંધકાર વધારે બીષણ બન્યો અને રસ્તો બહુ વિકરાળ દેખાવા લાગ્યો. નવકુમાર જલદીથી ચાલીને નજ-

કના ગામ આગળ જઈને કપાલકુંડલાને મળવાને માટે આતુર બન્યો. તે જલદીથી ચાલ્યો. પણ ગામ દૂર અને દૂર જણાતું હતું, અને બિચારો ચાલી ચાલીને થાકી ગયો પણ ગામ નજીક જણાયું નહિ.

એમ કરતાં કરતાં રાત્રિ વધારે અને વધારે વીતવા લાગી. નવકુમાર થાક્યો પાક્યો આગળ વધવા લાગ્યો. એટલામાં અચાનક ગાઢ અંધકારમાં તેના પગને કોઇ કઠણ વસ્તુનો સ્પર્શ થયો. પગ ઉઠાવીને આગળ પગ મૂકતાં ફરીથી પણ કોઈ કઠણ ચીજ સાથે તેનો પગ અથડાયો અને આ વેળા તો કડકડ શબ્દ સાથે તે ચીજ ભાંગી ગઈ. નવકુમારે તે ચીજને હાથમાં લેતાં જણાયું કે તે તુટેલા કાચના ટુકડા હતા.

અચાનક એક વીજળીનો ચમકારો થયો. આ અરસામાં નવકુમારને જણાયું કે નજીકમાં એક તુટી ગયેલી પાલખી તથા દૂર બીજો કાંઇ મોટો પદાર્થ પડેલો છે. નવકુમાર ગભરાયો અને કપાલકુંડલા ઉપર કાંઇ વિપત્તિ આવી પડી હોય એમ તેને લાગવા માંડયું. તે અંધારામાં પાલખીની આજુબાજુ ફરીને જોવા લાગ્યો. એટલામાં એક બીજી ચીજ સાથે તેના પગનો સ્પર્શ થયો. આ વખતે તે વસ્તુ કોમળ મનુષ્ય હોય એમ જણાયું. નવકુમાર ત્યાં બેસી ગયો. તેણે જોયું કે તે શરીર તદ્દન ઠંડુ પડી ગયું છે. હાથ તપાસીને તેણે નાડી જોવા માંડી. તેના હાથને કંકણનો સ્પર્શ થયો. આ અચેત દેહ કોઇ નાજુક અને યુવાન સ્ત્રીનો છે એમ તેની ખાત્રી થઇ ગઈ. નાડી તપાસી જોતાં તે ચાલે છે કે નહિ તેની તેને બરોબર સમજણ પડી નહિ. આથી લાચાર થઇને તેણે તે સ્ત્રીના વક્ષઃસ્થળ ઉપર હાથ મૂક્યો, અને હૃદય ધબકે છે કે કેમ તે તપાસવા લાગ્યો. ત્યાં તપાસ કરતાં જણાયું કે હૃદય આછા આછા ધબકારા લેતું હતું. આથી તેને તે સ્ત્રીના જીવનની ખાત્રી થઇ ગઈ. તેણે આસ્તેથી તે સ્ત્રીના બદનના બંધ છોડી નાખ્યા અને તે મુક્ત રીતે શ્વાસ લઈ શકે એવી ગોઠવણ કરી. તેનો શ્રમ સફળ થયો અને થોડીક વારમાં તે સ્ત્રી નખાઇ ગયેલા પણ મંજુલ કોમળ સ્વરથી બોલી,–" હું ક્યાં છુ ? "

નવકુમાર,-" બાઈ, ગભરાશો નહિ. તમે નિર્ભય થાઓ. તમે અત્યારે મેદનીપુરથી નજીકના બીજા ગામ જવાના રસ્તાની વચ્ચેના જંગલમાં છો. " તે સ્ત્રી બોલી,-" હા ! હવે મને યાદ આવ્યું. હાય! હાય !! મુઆ લુટારાઓએ મારી પાલખી તોડી નાખી, મારા એક હાંકનારાને મારી નાખ્યો છે. મને પણ પગમાં એક ડાંગ મારીને બેભાન કરી દીધી હતી. મારાં બધાં ઘરેણાં એ લોકો લઇ ગયા હોય એમ લાગે છે. "

નવકુમાર,—" ખેર ! હવે થવાનું હતું તે થઇ ગયું. તમે હવે ઉઠી શકશો ? ઉઠી શકો એમ હોય તો ધીમે ધીમે મારી સાથે સામેના ગામમાં ચાલો. નહિ તો આપણે બીજી કાંઇ વ્યવસ્થા કરીએ."

સ્ત્રી,—" ના, મને થોડીક મદદ મળશે તો હું ચાલી શકીશ. અહીંથી નજીકનું ગામ કેટલું દૂર હશે ?"

નવકુમાર,—" કેટલું દૂર છે તે તો હું નથી બતાવી શકતો. પણ બહુ દૂર તો હવે નથી જ એની મારી ખાત્રિ છે. "

સ્ત્રી,—" ત્યારે ચાલો; હું આવવા તૈયાર છું. પણ મને કશાકનો ટેકો જોઇશે. "

નવકુમાર.—" આપત્તિના સમયમાં આપણે કેટલીક વેળા સાધારણ પ્રસંગોમાં જે રીતે વર્તતાં હોઇએ તે રીતે ન વર્તી શકાય. જો તમને વાંધો ન હોય તો મારા ખભા ઉપર હાથ મૂકીને ધીમેધીમે ચાલો. "

તે સ્ત્રી કાંઇ પણ બોલ્યા સિવાય નવકુમારના ખભા ઉપર હાથ મૂકીને આગળ ચાલવા લાગી.

નવકુમારને એટલો તો સંતોષ થયો કે કપાલકુંડલા સલામત છે. આગળ જતાં જતાં થોડીક જ વારમાં ગામના દીવા જણાવા લાગ્યા. બન્ને પ્રવાસીઓ ઉત્સાહથી આગળ વધવા લાગ્યાં. થોડા વખતમાં તેઓ ધર્મશાળા આગળ આવી પહોંચ્યાં. તે વખતે ઠગ લોકો ધર્મશાળામાં પણ ઉત્પાત મચાવવાને ચુકતા નહોતા. એટલે કેટલીક મુશીબત પછી જ નવકુમાર અને તેની સાથીદાર સ્ત્રી ધર્મશાળામાં દાખલ થઈ શક્યાં.

અંદર જતાં નવકુમાર જોયું કે કપાલકુંડલા પણ ત્યાં આવી પહોંચેલી છે. તે એક ઓરડીમાં ઉતરેલી હતી. નવકુમારે પોતાની સાથેની સ્ત્રીને તે ઓરડીની નજીકમાંની એક ઓરડીમાં ઉતારો અપાવ્યો. ત્યાં આગળ દીવો આણવામાં આવ્યો. પ્રકાશમાં નવકુમારે જોયું કે આ સુંદરી અત્યંત સ્વરૂપવતી હતી. રૂપરાશીના તરંગમાં તેની યૌવનશોભા શ્રાવણની નદીની માફક પૂર્ણ જોસમાં વહેતી હતી.

પ્રકરણ ૧૨ મું

ધર્મશાળામાં

" कैषा योषित् प्रकृति चपला । "

—उध्धवदूत ।

નવકુમારે જે પરમ સુંદર સુંદરીના મુખકમળનું નીરિક્ષણ કર્યું હતું તે જો નિષ્કલંક અને નિર્દોષ રમણી હોત તો પ્રિય વાંચનાર! અમે તે અતુલ સૌંદર્યવતી સુંદરીની સરખામણી તમારાં ગૃહદેવીની સાથે કરત. ભલાં સ્ત્રી વાચકો! અમે ખાત્રિથી કહેત કે તે અતિશય સ્વરૂપવતી સુંદરી કેવળ તમારી પ્રતિકૃતિ હતી. બસ. અમારા વર્ણનનો ત્યાં જ અંત આવી જાત. પણ અફસોસ! અમે તેની તુલના નથી કરી શકતા. કારણ કે તે સુંદરી તેના સૌંદર્યના પ્રમાણમાં સદ્દગુણથી પરિપૂર્ણ નથી પણ દુશ્ચરિત્રા છે. તેથી અમે કેવી રીતે તેની તમારી સાથે તુલના કરી શકીએ?

આ સુંદરી નિર્દોષ નથી એમ કહેવાનું કારણ એ છે કે તેની આકૃતિ ઉપરથી જ તેના ગુણની તુલના થઇ શકતી હતી. સદ્દગુણ અને સૌંદર્ય એ બન્ને બક્ષિસો જે સુંદરી પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી

નિવડેલી હોય છે તેનાથી કાંઇક જુદા જ પ્રકારનું આ સુંદરીનું સ્વરૂપ હતું. તે સાધારણ રીતે વિશેષ ઉંચી હતી. તેણીના રાતા પ્રવાળ સમાન રક્તવર્ણા અધરોષ્ઠ સ્હેજ ચપટા હતા. તેના શરીરનો વર્ણ તદ્દન ગોર નહોતો. પણ સર્વાંગે ગોર વર્ણ કરતાં સ્હેજ કાળાશની છટા સ્ત્રીના સૌંદર્યમાં અનુપમ વધારો કરે છે એ વાત સ્ત્રીસ્વરૂપના અભ્યાસકો સારી રીતે સમજી શકશે.

તે સુંદરીનું શરીર સ્હેજ લાંબુ છતાં તેના શરીરના નાજુક અવયવો સુગોળ, સુડોળ અને સુંદર હતા. તેમ જ તેણીનાં ગાત્રો માંસલ હતાં. વર્ષાઋતુમાં પત્રપુષ્પના ભારથી જેમ નાજુક વેલી ફુલીફાલીને અનુપમ સૌંદર્ય દાખવે છે તેમ આ લલનાના અંગેઅંગમાંથી અનુપમ સૌંદર્ય નીતરતું હતું. તેના ઉન્નત ઉરોજ તસતસતી ચોળીની અંદર મહાકષ્ટે છુપાઇ રહ્યા હોય એમ જણાતું હતું, અને તે ઉપરનું બારિક ઓઢણું એટલું ઝાંખું હતું કે અંદરના વક્ષઃસ્થળ ઉપર જાણે બે સુવર્ણ કળશ મૂકેલા હોય એમ દીસતું હતું ! તેણીના મુખનો રંગ અતિ મનોહર હતો. તે પૂર્ણ ચંદ્રની ચાંદની જેવો તદ્દન સફેદ પણ નહોતો તેમ જ શ્યામ પણ નહોતો. સાયંકાળના સમયમાં અંધકાર અને પ્રકાશનું જે વિચિત્ર મનોહર મિશ્રણ થાય છે, તેવો આ સુંદરીના વદનનો રંગ હતો. પુષ્કળ તપાવેલા સોનાને તે મળતો આવતો હતો એમ આપણે કહીએ તોપણ કાંઇ હરકત જેવું નથી. સાતમના ચંદ્ર સરખું તેજસ્વી અને મનોહર તે સુંદરીનું લલાટ હતું. અને મહાધનુર્ધારી વીરના ધનુષ્યના જેવી સુંદર અને કાજળ સમાન કાળી તેણીની ભ્રમરો તેના વદનકમળની સૌંદર્યતામાં ઘણો વધારો કરી રહી હતી. આસમાની અને વિશાળ આંખોમાં દિવ્ય તેજ પ્રકાશી રહ્યું હતું, પણ તે તેજ જોનારને શાંતિ આપવાને બદલે ઉન્મત્ત બનાવતું હતું, અને તે કામિનીનાં કટાક્ષોમાં એક એવો અજબ પ્રભાવ હતો કે જેથી સામા માણસની ખાત્રિ થઇ જાય કે આ રમણી હસમુખી, મોજીલી અને વિલાસપ્રિય છે. મોજમજાહ અને આનંદનો ઉપભોગ એ જ જગતમાં આ સુંદરીનું પરમ કર્તવ્ય હોય એમ બારિક

નજરે જોનારને જણાઇ આવ્યા વિના રહેતું નહિ. વાચક ! તમે તદ્દન પાકેલી મોટી કેરી ઉપરની લાલાશ જોઇ છે ને ? તેના રંગ સાથે આ સુંદરીના કપોલપ્રદેશના રંગની તુલના કરી લો, અને તમને આ સુંદરીના સુંદર વદનનો ખ્યાલ ઠીક આવી જશે. તેણીના મુખનું સુક્ષ્મતાથી અવલોકન કરતાં એ પણ સ્પષ્ટ જણાતું હતું કે તે રમણી અતિશય બુદ્ધિમતિ અને અદ્ભુત આત્મબળ ધરાવનાર છે. પોતાનું બારિક અને સુંદર ઓઢણું મુખ ઉપર આમતેમ સરકાવીને સીધું કરતી તે રમણી જ્યારે ઉભી રહેતી હતી ત્યારે સૌંદર્યવતી સુંદરીઓની તે મહારાણી છે એવો જોનારને સ્પષ્ટ ભાસ થતો હતો.

તે સુંદરીનું વય આશરે સત્તાવીસ વર્ષનું હતું. પૂર્ણ યૌવનના ભારથી તેનું શરીર ચંચળ હતું. સ્ત્રીમાં ચાંચલ્યતા અને ચપળતા વારંવાર નવિન શોભા ધારણ કરીને જોનારને મુગ્ધ બનાવી દે છે. "**क्षणे क्षणे यन्नवतामुपैति तदेवरूपं रमणीयतायाः** । એ આપણા કવિઓનું એક સર્વમાન્ય સુત્ર છે. નવકુમાર આ અદ્ભુત સૌંદર્યવતી રમણીના રૂપરસનું પાન કરવા લાગ્યો.

નવકુમાર જોઈ જ રહ્યો ! પોતાની આંખો તે રૂપરાશિ તરફથી દૂર ખસેડવાનું તેને મન જ ન થયું. તે રમણી સ્હેજ હાસ્ય કરી નવકુમારને ઉદ્દેશીને બોલી,—" તમે શું જુઓ છો ? મારૂં રૂપ ? "

નવકુમાર સદ્‌ગૃહસ્થ હતો. તે શરમાયો. પારકી સ્ત્રીને આવી રીતે નિહાળી નિહાળીને જોવું એ સભ્ય પુરૂષનું લક્ષણ નથી એવું તેને યાદ આવ્યું અને તેણે પોતાનું માથું નીચું નમાવી લીધું.

નવકુમારને કાંઇ પણ જવાબ આપતો ન જોવાથી તે રમણી ફરીથી સ્હેજ મુસ્કરાઈને બોલી,–" કાં ? જવાબ કેમ નથી દેતા ? તમે કદિ કોઇ સુંદરીને નથી જોઇ ? શું મારામાં વિશેષ સૌંદર્ય છે એમ તમને લાગે છે ? "

જો બીજી કોઇ સ્ત્રીએ આવા શબ્દો કહ્યા હોત તો તે તીરસ્કારમાં જ આવું બોલે છે એમ જણાત, પણ આ સ્ત્રી એવા હાવભાવથી અને હાસ્યથી બોલી કે જેથી તે કેવળ હાસ્ય ઉપજાવવાને જ બોલી હોય એમ જણાતું હતું. નવકુમાર સમજી ગયો કે આ

ઘણી હસમુખી અને આનંદી સ્ત્રી છે. તે પણ હસીને બોલ્યો,—" મેં ઘણી સુંદરીઓને જોઇ છે; પણ આવી સુંદર નહિ ! "

રમણી અભિમાનપૂર્વક બોલી—" શું એક પણ નહિ ? "

કપાલકુંડલાનું સૌંદર્ય નવકુમારે નિહાળ્યું હતું. તે પણ ગર્વથી બોલ્યો,–" એક પણ નહિ એમ તો ન કહી શકાય. "

તે સ્ત્રી બોલી,— " એમ કે ? ઠીક; ત્યારે તે સ્ત્રી કોણ છે ? તે તમારી ગૃહિણી છે ? "

નવકુમાર,—" કેમ ? ગૃહિણીની ભાવના તમારા મનમાં કેમ કરો છો ? "

જવાબ મળ્યો કે,—" બંગાળી લોકો પોતાની પત્નીને સર્વથી વિશેષ સુંદર સમજે છે. "

નવકુમાર,—" હું તો બંગાળી છું; પણ તમે પણ બંગાળી બાળાની માફક શુદ્ધ ભાષામાં વાતચીત કરો છો. તો તમે ક્યા દેશનાં છો, તે તો જણાવો ? "

તે યુવતિ પોતાનાં કપડાં ભણી નજર ફેંકીને એક ઉષ્ણ નિઃશ્વાસ નાખતી બોલી,—" આ હતભાગિની બંગાલણ નથી. હું પશ્ચિમ દેશની મુસલમાન છું. "

નવકુમારે તે રમણીના પહેરવેશને બરાબર જોયો. તે સમજી ગયો કે પહેરવેશ પશ્ચિમ દેશના મુસલમાનોના જેવો જ હતો.

થોડીક વાર રહીને તે સ્ત્રી ફરીથી બોલી,–" મહાશય ! તમે તો વાક્ચાતુરી વાપરીને મારો પરિચય મેળવી લીધો. હવે કૃપા કરી મને તમારો પણ પરિચય આપીને કૃતાર્થ કરો. એટલું જ નહિ, પણ આપે જોયેલી પરમરૂપવતી રમણી રહે છે તે કયું સ્થાન તે મને પણ બતાવો, કે જેથી હું પણ તેના સૌંદર્યને નિહાળું. "

નવકુમાર,–" મારૂં રહેવાનું ઠેકાણું સપ્તગ્રામમાં છે. " તે અજ્ઞાત રમણીએ કાંઇ પણ ઉત્તર ન આપ્યો. એકદમ તે પોતાનું મુખ નીચું કરીને દીવો સંકોરવા લાગી.

થોડીક વાર રહીને તે સ્ત્રી કાંઇક થરથરતા અવાજે બોલી,–

" આ બાંદીનું નામ મોતી છે. મહાશયનું નામ જાણવા હું ભાગ્યશાળી થઇ શકીશ ? "

નવકુમાર,–" મારૂં નામ નવકુમાર શર્મા. "

દીપક બુઝાઇ ગયો. ગાઢ અંધકાર તે ઓરડીમાં વ્યાપી ગયો.

પ્રકરણ ૧૩ મું

અલંકારની ભેટ !


"Angel she was,—angel she ever would be,–and yet —what did she *Seem* ? Naught but—

" *A child-like woman, wise and very fair,*
Crowned with the garland of her golden hair.

This and no more–and yet in this was all earth and all heaven comprised !–"

—Marie Coreli—

" *From " ARDATH " The Story of a Dead Self.*



નવકુમારે ધર્મશાળાના રખવાળને બીજો દીવો લાવવા આજ્ઞા કરી. દીવો આવે તે અગાઉ એક દીર્ઘ નિઃશ્વાસનો સ્વર તેના કાને પડ્યો. દીવો આવી ગયા બાદ થોડાક વખત પછી એક મુસલમાની પોશાક પહેરેલો નોકર અંદર આવ્યો. તેને જોઇને તે સ્ત્રી બોલી,–" અરે ! તમે લોકો અત્યાર સુધી ક્યાં હતા ? બીજા બધા ક્યાં છે ? "

" બધા પાલખી હાંકનારાઓને અમે એકઠા કરવા રહ્યા એટલામાં આપની પાલખી આગળ ચાલી ગઇ અને અમે પાછળ રહી

ગયા. પાછળથી પાલખીને તુટેલી જોઇ અને આપને ન જોયાં એટલે લોકો ગભરાઇ ગયા, અને આપની શોધમાં અમે બધા જુદેજુદે ઠેકાણે નીકળી પડયા હતા. હવે આપનો પત્તો મળ્યો છે, એટલે હું બધાને બોલાવી લાવું છું. ”

“ ઠીક; જાઓ; જઈને બધાને બોલાવી લાવો. ”

નોકર સલામ કરીને ચાલ્યો ગયો. મોતી (તે પરદેશી અજ્ઞાત રમણીનું નામ મોતી છે તે વાચકોએ ગયા પ્રકરણમાં વાંચ્યું છે જ. થોડાક વખત સુધી ગાલ ઉપર હાથ ટેકવીને બેસી રહી.

નવકુમારને બહુ વાર થઇ ગઇ એમ લાગ્યું અને તેણે જવાની રજા માંગી. મોતી જાણે સ્વપ્નામાંથી ઝબકીને જાગી હોય તેમ બોલી, “ આપ ક્યાં ઉતરશો ? ”

નવકુમાર—“ આ ખંડની જોડેના ખંડમાં. ”

મોતી,—“ મેં એ ધરની નજીક એક પાલખી જોઇ હતી. આપની સાથે કોઈ છે ? ”

નવકુમાર,—“ હા; મારી પત્ની છે. ”

મોતીબીબી ફરીથી સ્હેજ વ્યંગ દર્શાવીને બોલી,—“ તે જ શું અદ્વિતીય સ્વરૂપવતી સુંદરી છે કે ? ”

નવકુમાર,—“ જોવાથી જણાશે. ”

મોતીબીબી,—“ દર્શન કરવાનો લાભ મળશે ? ”

નવકુમાર,—“ હા; એમાં નુકસાન શું છે ? ”

મોતી, “ ત્યારે તો જરૂર મહેરબાની કરજો. તે પરમસુંદર સુંદરીનાં દર્શન કરવાની મને તીવ્ર અભિલાષા છે. આગરા—પણ ના, હમણાં નહિ. આપ હમણાં જાઓ. હું થોડીક વારમાં મારા આવવાના સમાચાર મોકલાવું છું. ”

નવકુમાર ચાલ્યો ગયો. થોડીક વખતમાં અનેક દાસીઓ પેટી પટારા અને બીજા સામાન સાથે ત્યાં આવી પહોંચ્યાં. તેમાં એક પાલખી પણ આવી હતી. એ પાલખીમાં મોતીની એક બાંદી બેઠેલી હતી.

થોડીક વારમાં નવકુમારને સંદેશો મળ્યો કે "મોતીબીબી આપને યાદ કરે છે."

નવકુમાર ત્યાં ગયો. આ વખતે મોતીબીબીનું સ્વરૂપ અનુપમ હતું. પ્રથમના કરતાં તે કાંઇક નવિન અંબારથી ઓપતું હતું. મોતીએ પહેલાંનાં કપડાં કપડાં કાઢી નાખી મુસલમાની ઉમરાવના ઘરની સ્ત્રીનાં જેવાં અતિ કીમતી અને મૂલ્યવાન વસ્ત્રો પહેર્યાં હતાં, તથા સોના અને ઝવેરાતના દાગીના અંગ ઉપર અગણિત સંખ્યામાં ધારણ કર્યા હતા. માથાની વેણીમાં, કાનમાં, નાકમાં, આંખની નજીક, ગળામાં, બન્ને હાથમાં, હાથનાં આંગળાઓમાં, પગમાં, જ્યાં જુઓ, ત્યાં સર્વ સ્થળે મોતીએ ઘણી જ કુશળતાથી બહુમૂલ્ય અલંકારો ધારણ કરેલા હતા. સર્વત્ર સુવર્ણ અને મણી મુક્તાદિ રત્નોનો તેજસ્વી પ્રકાશ ઓપી રહ્યો હતો. સોના અને સુગંધનો અપૂર્વ સંયોગ આ સ્થળે થયો હોય એમ માલમ પડતું હતું. આ મુસલમીન રમણીના રૂપના અંબારમાં નવકુમાર ખરેખર આ વેળા તો અંજાઇ જ ગયો.

મોતીબીબી સ્હેજ હસીને બોલી,–"મહાશય ! ચાલો; આપની પત્નીનાં દર્શન કરવા હું આવું છું."

નવકુમાર,–"તેટલા માટે દાગીના અને કીમતી વસ્ત્રો પહેરવાની જરૂર નહોતી. મારી પત્ની પાસે બિલકુલ દાગીના નથી."

મોતી,—"દાગીના મેં બતાવવાને માટે પહેર્યા છે. સ્ત્રીઓની પાસે દાગીના હોય તો તે બીજાને બતાવ્યા સિવાય નથી રહેતી. હવે ચાલો."

નવકુમાર અને મોતી ત્યાંથી ચાલ્યાં. જે દાસી પાલખીમાં આવી હતી તે પણ સાથે સાથે ચાલી. દાસીનું નામ પેશમન હતું.

કપાલકુંડલા ઓરડીમાં એકલી જમીન ઉપર બેઠી હતી. ખુણામાં એક દીવો બળતો હતો. કપાલકુંડલાના માથાના વાળ છુટા હતા, અને તે ખભા ઉપર આમતેમ વીખરાયલા હતા. ઓરડી તરફ પુઠ ફરીને કપાલકુંડલા બેઠેલી હતી. એટલે જ્યારે પહેલવહેલી પાછળથી



એક પછી એક તમામ દાગીના તેણે કપાલકુંડલાને પહેરાવ્યા. કપાલકુંડલા કાંઈ બોલી નહિ કારણ આ અલંકારોની કિમ્મત તથા શોભાથી તે તદ્દન જ અજાત હતી. ... પૃષ્ઠ ૬૩

મોતીએ કપાલકુંડલાને જોઇ ત્યારે તેને સ્હેજ હસવું આવ્યું. અંદર પેસીને મોતીએ દીવાને સંકોરી મોટા કર્યો અને કપાલકુંડલાની ઉપર તેનો પૂર્ણ પ્રકાશ પડયો.આ વેળા કપાલકુંડલાને જોતાં જ તેણીના મુખ ઉપરથી હસવાનો ભાવ જતો રહ્યો, અને તેની મુખાકૃતિ ગંભીર બની.તે ધારીધારીને કપાલકુંડલાને જોવા લાગી. મોતી આશ્ચર્ય પામી ગઈ હતી. કપાલકુંડલા પણ મોતીના સામું જોઇ રહી હતી.

થોડીક વાર પછી મોતી પોતાના અંગ ઉપરના તમામ અલંકારો ઉતારવા લાગી. એક પછી એક તમામ દાગીના તેણે કપાલકુંડલાને પહેરાવ્યા. કપાલકુંડલા કાંઇ પણ બોલી નહિ, કારણ આ અલંકારોની કિમ્મત તથા શોભાથી તે તદ્દન જ અજ્ઞાત હતી. નવકુમાર બોલ્યો,—" આ શું કરો છો ? " મોતીએ જવાબ ન દીધો. દાગીના પહેરાવવાનું કાર્ય સમાપ્ત થયા બાદ મોતી નવકુમારને કહેવા લાગી,–" હું હારી અને તમે જીત્યા. તમે ખરૂં જ કહ્યું હતું. રાજાનાં ઉદ્યાનમાં પણ આવું અનુપમ વનકુસુમ નથી ખીલતું. આવી કંચનવર્ણી કાયાવાળી અદ્વિતીય રૂપવતી સુંદરી મેં મોગલ સમ્રાટ અકબરના પાટનગરમાં પણ ક્યાંય જોઇ નથી. આ સર્વ અલંકાર આવી સુંદર દેહલતાને જ લાયક છે. તેથી મેં મારા બધા અલંકારો તેને પહેરાવ્યા છે. તેને રહેવા દો, અને તે પહેરાવનાર પરદેશી પ્રવાસિનીને કદાચ કદાચ યાદ કર રહેજો ! "

નવકુમાર ચમકીને બોલ્યો,—" શું બોલો છો ? આવા અતિશય કિમતી દાગીના હું શી રીતે લઉં ? "

મોતી,—" ઇશ્વરની કૃપાથી મારી પાસે એવા બહુ અલંકાર છે. આટલા અલંકાર ઓછા થવાથી હું કશી અડચણ નહિ પામું. મને આ દાગીના આપનાં પત્નીને પહેરાવવાથી બહુ આનંદ ઉપજે છે. તમે મને શું કરવાને રોકો છો ? હું તે પાછા નથી લેવાની. "

એમ કહીને મોતીબીબી પેશ્મનની સાથે ત્યાંથી ચાલી ગઇ. પોતાના મંડપમાં ગયા બાદ પેશ્મને મોતીને પૂછ્યું, " બીબીજાન ! એ કોણ હતા ? "

મૃત્નમાલાએ ઉત્તર દીધો,–" પતિ ! "

થોડીકવારમાં મોતીએ દાગીના મૂકવા માટે કપાલકુંડલાની પાસે ચાંદીથી મઢેલી હાથીદાંતની એક પેટી પણ મોકલાવી આપી. રસ્તામાં લૂટારાઓ માત્ર મોતીબીબીના અંગ ઉપરનાં આભૂષણો જ લઇ શક્યા હતા. પાલખીમાં તેણે સંતાડેલું જવાહીર તથા તેના નોકરો સાથે જે જે દાગીના પોતાના પાછળથી રહેલા હતા તે બધા સલામત હતા. તે વેળાએ બહારવટીયાઓના ભયને લીધે આવી સાવચેતી રાખવાની જરૂર પડતી હતી.

નવકુમારે એ ત્રણ અલંકાર કપાલકુંડલાના અંગ ઉપર રહેવા દઇને બીજા બધા પેલી પેટીમાં ભરીને કપાલકુંડલાને રાખી મૂકવાને આપ્યા. બીજે દિવસે સવારે મોતીબીબી બર્દવાનની તરફ તથા નવકુમાર પત્ની સાથે પોતાના ગામ સપ્તગ્રામ તરફ મુસાફરી કરવાને માટે નીકળી પડયાં. નવકુમારે કપાલકુંડલાને પાલખીમાં બેસાડીને હાંકનારાઓને પાલખી સપ્તગ્રામ તરફ લઇ જવાની આજ્ઞા આપી દીધી. પાલખી ઝપાટાબંધ આગળના દિવસની માફક આગળ જતી રહી અને નવકુમાર પાછળ રહી ગયો. કપાલકુંડલા પાલખીનો પડદો ઉઘાડીને ચારે બાજુએ જોતી જોતી સૃષ્ટિદેવીના મનોહર સૌંદર્યનું પાન કરતી હતી. એટલામાં એક ભીખારી ભીખ માગતો કપાલકુંડલાની પાલખી આગળ આવ્યો, અને કાલાવાલા કરતો કરતો પાલખીની સાથે સાથે ભીખ માગતો ચાલવા લાગ્યો.

કપાલકુંડલા બોલી,—"મારી પાસે કશું નથી; હું તને શું આપું?"

ભીખારીએ કપાલકુંડલાના અંગ ઉપર જે બે ત્રણ દાગીના હતા તે તરફ આંગળી કરીને કહ્યું, " બાઈ! તમારા અંગ ઉપર તો હીરામોતીના દાગીના છે. પાલખીમાં તમે મુસાફરી કરો છો; અને મારી પાસે કાંઇ નથી, એમ કેમ કહો છો ? "

કપાલકુંડલા બોલી,—" દાગીના મળવાથી તને સંતોષ થશે ?"

ભીખારી ઘણો અચંબો પામ્યો. દાગીનાથી કોને સંતોષ ન

થાય ? તે બોલ્યો,—"શા માટે સંતોષ ન થાય ? તે મળે ત્યારે તો મારી જન્મારાની ભાવટ ભાગી જાય !"

કપાલકુંડલાએ નિષ્કપટ હૃદયથી જરાક પણ અચકયા સિવાય દાગીનાનો આખો દાબડો તથા અંગ ઉપર પહેર્યા હતાં તે તમામ ઘરેણાં ઉતારીને ભીખારીને આપી દીધાં !! તેણીને અલંકારની બીલકુલ કિમ્મત જ નહોતી !

ભીખારી તો આશ્ચર્યથી આભો જ બની ગયો. તે બે પળ વિચારમાં પડયો. પણ પછી દાગીના લઇને ત્યાંથી એકદમ પલાયન કરી ગયો. કપાલકુંડલા મનમાં વિચારવા લાગી કે મેં મારી રાજીખુશીથી દાગીના આપી દીધા, છતાં ભિખારી દોડયો કેમ ?

પ્રકરણ ૧૪ મું

સપ્તગ્રામમાં

"शब्दाख्येयं यदपि किल ते यः सखीनां पुरस्ताम् ।
"कर्णे लोलः कथ[illegible]नन स्पर्श लोमात् ॥"

—कालीदासः ।
(मेघदूत ।)



કપાલકુંડલાને લઇને નવકુમાર પોતાના સ્વદેશમાં—સપ્તગ્રામમાં આવી પહોંચ્યો. રસ્તામાં અલંકારની હકીકત તેને પાછળથી ખબર પડી હતી. પણ આ નિર્દોષ બાલિકાને આભૂષણની કાંઇ જ કિમ્મત નહોતી, તેમ જ એ વિષે હવે ઉહાપોહ કરવાથી કોઈ પણ ઉપાયે આભૂષણો પાછાં મળવાનો સ્હેજ

પણ સંભવ નથી તેની ખાત્રિ થવાથી આ વિષય ઉપર તેણે કાંઈ પણ વાટાઘાટ કરી નહોતી.

આ સ્થળે અમે નવકુમારના ગૃહનાં માણસોનો પરિચય આપવો યોગ્ય ધારીએ છિએ કારણ કે આપણને તેમાંનાં એક બે પાત્રોનું પાછ-ળથી ઘણું કામ પડવાનું છે. અસ્તુ.

નવકુમારના પિતા અત્યારે હયાત નહોતા. નવકુમારની વિધવા માતા અને તેની બે બ્હેનો ઘરમાં રહેતી હતી. મોટી બ્હેન વિધવા હતી. આપણને આ સ્ત્રીનું આપણી વાર્તામાં કાંઇ જ કામ પડવાનું નથી એટલે તેના વિષે આટલો જ ઉલ્લેખ બસ છે. બીજી બ્હેનનું નામ શ્યામાસુંદરી હતું. તે સધવા હતી. પણ તે કુલિન પતિની પત્ની હો-વાથી સાસરે જવાનો અવસર જવલ્લે જ મેળવી શકતી હતી, તેથી તે નવકુમારને ત્યાં જ રહેતી હતી. આપણે જાણીએ છિએ કે આપણી બાજુમાં એક સાધારણ માણસ કોઇ ઉચ્ચ અને કુલિન કુટુંબની કન્યા પરણે તો તે બાપડાને ઘણું દબાઇને ચાલવું પડે છે. ઘણીક વેળા તો કુલિનની કન્યા પ્રાપ્ત થવાથી એ શ્રીમતિના દાસનુદાસ બનીને પણ પતિરાજ પોતાનું જીવન ગાળે છે. આ કુલિનની કન્યાઓ ઘણે ભાગે પોતાના પિયરમાં જ રહે છે અને સાસરે આવે ત્યારે જાણે શું એક મોટો ઉપકારનો ડુંગર વરસાવ્યો હોય એવો દમામ મારે છે! રે! એટલું જ નહિ પણ પોતાને ઉચ્ચ અને કુલિન તથા વિદ્વાન અને સાક્ષર કહેવ-ડાવતા પિતાઓ,—સંસાર સુધારાની બૂમ મારી સ્ત્રીઓને સમાનતા અને સ્વાતંત્ર્ય આપવાની વાતો કરનારા સુધારકમાં ખપવા માગતા પિતાઓ—પોતાની કુલિન પરણેલી પુત્રીઓને પતિગૃહે ન મોકલતાં પોતાને ઘેર રાખવામાં જ મહત્તા માને છે, અને સાસરે પુત્રીને મોકલવામાં નાનમ સમજે છે. અમારા વાચકો પૈકી કોઇકને આવો અનુભવ થયો છે? અનુભવ ન થયો હોય તો તો સારી જ વાત છે! પણ અમારી એટલી તો ખાત્રિ છે કે આ વાત તેમના લક્ષમાં તો ઉતરી શકતી જ હશે. આ જ મુજબ બંગાળામાં ઉંધો રિવાજ છે. ત્યાં કુલિન કાંતાઓ.ને બદલે કુલિન કાંતની અછત હોય છે. એટલે કુલિન પતિને ત્યાં

પુત્રી પરણાવવાનો લ્હાવો લેવા જતાં પતિરાજને ત્યાં પુત્રીને સુખ ભોગવવાના અવસરો જવલ્લેજ આવે છે. કારણ ઘણી વેળા તો કુલિન પતિને એક કરતાં વધારે પત્નીઓ પણ હોય છે. એટલે બીચારી પત્નીને સ્વામીસુખમાં સદાય કાળ નિર્ગમન કરવો એ તો ગગન કુસુમ સમાન છે. આ જ કારણથી યૌવન કાળમાં આવી ગએલી અને નવોઢા સુંદરી શ્યામા પિયરમાં હાલ દિવસો ગાળતી હતી. આ સ્ત્રીનો આપણને આગળ જતાં ખપ પડવાનો છે માટે વાચકો શ્યામસુંદરીને યાદ રાખશે એવી અમે વિનંતિ કરીએ છિએ.

નવકુમાર પોતાની સાથે એક અજાણી સ્ત્રીને લઇને ઘેર લગ્ન કરીને આવ્યો તેથી તેનાં સગાંવ્હાલાંઓ રાજી થયાં કે દીલગીર એ તો અમે નથી કહી શકતા. ખરી રીતે તો તેને પોતાનાં સગાં વ્હાલાઓને આ સંબંધમાં સંતોષવામાં વધારે શ્રમ ઉઠાવવો પડયો નહિ. કારણ કે બધાંએ તેની ઘેર પાછા ફરવાની આશા છોડી દીધેલી હતી. તેની જોડેના મુસાફરોએ ઘેર આવીને એમ જણાવ્યું હતું કે નવકુમારને તો વાઘ ખાઈ ગયો છે! આ સત્યવાદી હરિશ્ચન્દ્રના સાક્ષાત અવતાર સમાન (!) દાંભિકોએ ઘેર આવીને કાંઇ કાંઇ ગપ્પાં ઉડાડયાં હતાં. એકે તો એમ પણ કહ્યું હતું કે મેં નવકુમારને મારી નજરોનજર વાઘને મ્હોંએ કોળીયો થતાં દૂરથી જોયો છે! બીજો તો વળી એમ પણ કહેવા લાગ્યો હતો કે બંગાળી વાઘની વાત શી કરવી ભાઇ! સ્હેજ આઠ હાથ લાંબો હતો એમ મને સ્પષ્ટ જણાયું હતું! આવી રીતે અનેક પ્રકારનાં ગપ્પાં તેના સાથીદાર મુસાફરો ઉડાડવા લાગ્યા હતા. જ્યારે આ વાત નવકુમારની ભોળી માતાના કાને પહોંચી ત્યારે તેણે જે કલ્પાંત કરી મૂકયું હતું તેનું વર્ણન કરવું અમારી શક્તિની બહાર છે. ઘરના આધાર રૂપ, આજીવિકાનું એકનું એક સાધન, અને અતિશય દુઃખ વેઠીને લાડથી ઉછેરેલો એકનો એક પુત્ર મરણ પામ્યો છે એ વિચારથી કયી વ્હાલસોયી વત્સલ માતાના હૃદયને ધક્કો ન લાગે? નવકુમારની યથાવિધિ ઉત્તરક્રિયા પણ કરવામાં આવી હતી!

આવી રીતે બધાં જણાં જ્યારે નવકુમારને મરણ પામેલો માનતાં હતાં તે વખતે અચાનક નવકુમારને જીવતો જાગતો એક કુલિન બ્રાહ્મણ કન્યાને પત્ની તરીકે લઈને ઘેર પાછો ફરેલો જોયો ત્યારે તેની માતા અને સર્વ આશ્ચર્ય અને આનંદ પામ્યાં અને કપાલકુંડલા માટે બીજી કાંઈ પણ વાટાઘાટ કરી નહિ. નવકુમારની સાથેના યાત્રાળુઓનાં ડાચાં તો સુકાં સફરજન જેવાં થઈ ગયાં હતાં એટલે તેઓ તો બોલી શકે એમ હતું જ નહિ. બીજા કોઈએ આ બાબતની જાસ્તી ભાંજ-ગડમાં ઉતરવાનું યોગ્ય ધાર્યું નહિ. તેથી બધું કામ સમાધાનીથી પાર પડ્યું. નવકુમાર કપાલકુંડલાને પોતાની પત્ની તરીકે જાહેર રીતે સ્વિકારી આનંદથી ઘરમાં રહેવા લાગ્યો. **गृहन्तं गृहिणीहीनं कान्तारा-दतिरिच्यते।** એ કોઈ કવિએ યથાર્થ જ કહ્યું છે. કંસારમાં ગમે તેટલું ઘી નાખો પણ જો અંદર ગોળ કે ખાંડ ન નાખો તો તે તો નકામો જ. તે તો ખાવાના ઉપયોગમાં ન આવે. સજોડે રહેવાને માટે, ગૃહસ્થાશ્રમના અનેરા લ્હાવા લેવાને માટે સૃષ્ટિકર્તાએ આ દુનિયામાં નરમાદાનાં જોડાં પેદા કર્યાં છે. પશુ પક્ષીઓમાં પણ નરમાદાનાં જોડાં સિવાય ભાગ્યે જ એકલવાયાં પશુ પક્ષી નજરે પડશે. માનવસમાજનું પણ તેમ જ છે. વીસમા સદીના સુધરેલા જમાનામાં આવકમાં ઘટાડો અને ખર્ચમાં વધારો, એવા વિકટ સંજોગોને લીધે અને શ્વાનવૃત્તિ અનુસાર વિઘ્ન નાખવાના ઉપાસકો કુમારી જીંદગીમાં મોજ માણીએ છિએ એમ ભલે બકે, પણ ગૃહસ્થાશ્રમનું સુખ તો કાંઈક અનેરૂં છે! તેની તુલના તો કશાની સાથે ન જ કરી શકાય. એક ઉર્દુ કવિએ કહ્યું છે કે,

" લોગ કહતા હય કે અહલે જર નહિ તો કુછ નહિ,
" જર હુવા પયદા તો સમજો, ઘર નહિ તો કુછ નહિ;
" મુજકો સબ હાંસીલ હય, લેકિન હય કમી એક બાતકી,
" જરભી હય, ઓર ઘર ભી હય, દીલબર નહિ તો કુછ નહિ!"

ગૃહની શોભા ગૃહમંદિરની મહારાણી વડે જ છે. તે સિવાયના ગૃહ અને સ્મશાનમાં અધિક તફાવત હોય એમ અમને તો જણાતું નથી.

" સંસાર ઉપવનમાં ફરી, ભટકી પ્રતિદિન ફરી ફરી,
" સુખસુમન વીણી હાર કરી પહેરાવનારી સુંદરી;
" લલના કહો કે અપ્સરા, દેવી કહો કે સુંદરી,
" ગૃહરાજ્યનો ઝણકારમય શણગાર એક જ સુંદરી ! "

ચંદુલાલ જી. પરિખ

તેમ માનવગૃહમંદિરના આભૂષણ રૂપ ગૃહિણી જેના ગૃહમાં નથી તે પુરૂષનો જન્મ નિરર્થક જ છે. અસ્તુ !

પ્રાચીન કાળમાં પોતાની પાછળ પિંડદાન દેવાને પુત્રની ખાસ જરૂર છે એવું લોકો દૃઢ રીતે માનતા, અને પોતાનો વંશવેલો કાયમ રહે એવી દરેક જણ પ્રબળ ઇચ્છા ધરાવતા હતા. એટલુંજ નહિ પણ તેની સાધનાને માટે તન મન અને ધન પણ તેઓ અર્પણ કરવાને તૈયાર થતાં હતાં ! આવા વખતમાં નવકુમારની માતા પોતાના પુત્રનાં પ્રથમ વખતનાં લગ્ન તુટી જવાથી કુલવધૂ વગરના ખાલી ભાસતા ઘરમાં નવી કુલિન અને સુંદર કુલવધૂ આવે તેથી તે હર્ષ પામે એમાં કાંઇ જ નવાઈ નથી. કપાલકુંડલાનો નિર્દોષ, નિષ્કપટ અને ભોળો સ્વભાવ, મધુરી વાણી, નમનતાઇ, સહનશીલતા, અને સર્વની સાથે હળીમળી જવાની ટેવથી તે નવકુમારના કુટુંબમાં દરેક જણને ઘણા થોડા જ સમયમાં અતિશય પ્રિય થઇ પડી. સર્વે જણાં કપાલકુંડલાને અંતરથી ચહાવા લાગ્યાં, અને નવકુમારની માતાને તો અપાર સંતોષ પ્રાપ્ત થયો.

યુવાન અને તરતનાં પરણેલા વિદેશીય જોડાના સંવનના સમયે તમે તેમને કદિ દીઠાં છે? અહીં જરીક તેવું નહોતું. જ્યાં સુધી નવકુમારે પોતાના ઘરમાં પગ નહોતો મૂક્યો ત્યાં સુધી રસ્તામાં તેણે કપાલકુંડલાને એક પણ સ્નેહનો શબ્દ કહ્યો નહોતો. તેમ પોતે કપાલકુંડલાને માટે અનહદ અનુરાગ ધરાવે છે એ દર્શાવે એવું એક પણ વર્તન તેનું નહોતું થયું. પણ હવે બધું કામ સંતોષકારક અને સમાધાનીથી પાર પડી ગયેલું હોવાથી નવકુમારના હૃદયમાં પ્રેમના અનેરા તરંગો ઉછળવા લાગ્યા.

દરિયામાં જેમ અમુક સમયની તદ્દન જ શાંતિ પછી પુષ્કળ ગાજવીજ અને વાવાઝોડાં સાથે પુષ્કળ વેગથી દરિયાનાં પાણી ઉછળીને મોજાં આવે છે તેમ નવકુમારના હૃદયમાં પ્રેમના તરંગો ઉઠવા લાગ્યા. પહેલાં તેને વિશ્વ તરફ જે ઉદાસીનતા જણાતી હતી તેનો હવે સર્વથા લોપ થયેલો હતો. આખું જગત્ તેને સુખમય ભાસતું હતું. દુનિયામાં કોઇ દુઃખી હશે તેની તેને હાલ કલ્પના પણ નહોતી આવતી! તેનું પહેલાં ગંભીર રહેતું મુખ હવે હસતું બન્યું હતું. તે દરેક કાર્યમાં ઉમંગ દર્શાવતો હતો. કપાલકુંડલાના સહવાસમાં કુટુંબની યોગ્ય મર્યાદા જાળવીને જેટલો સમય તે વીતાડી શકવાને શક્તિવાન થતો તેમાંની એક પળ પણ તે અન્ય સ્થળે ગુમાવતો નહોતો.

અને કપાલકુંડલા? આ સર્વ પરિસ્થિતિમાં નવકુમાર તરફ તેનો કેવો ભાવ હતો? ચાલો, આપણે તે હવે પછીના જ પ્રકરણમાં જોઇ લઇએ.




પ્રકરણ ૧૫ મું

કપાલકુંડલાનો ગૃહસંસાર!

कियमित्यपास्याभरणानि यौवने घृतं त्वया वार्द्धक शोभि वल्कलम् ।
वद प्रदोषे स्फुटचन्द्र तारका विभावरी यद्‌रुणाय कल्पते ॥

" ગરિબાઇના ગુણ ગાઉં રે! ગુણીયલ મનગમતી ગરિબાઈના ગુણ ગાઉં.
" ગરિબડી કંથા મારી, મને પ્રાણથી છે પ્યારી,
" સાદામાં સુખ સર્વ માનું રે!...ગુણીયલ૦
" નવાં નવાં વસ્ત્રો મારે કશાં નથી કામનાં રે,
" જુનું તે સોનું હું પ્રમાણું રે!...ગુણીયલ૦"

ચંદુલાલ જી. પરિખ



સંભઆમ પ્રાચીન સમયમાં મહા સમૃદ્ધિશાળી નગર હતું. કાળનો એક નિયમ છે કે પ્રત્યેક પળે કાંઇને કાંઇ ફેરફાર તે " કરતો જ રહે છે. " ક્ષણે ક્ષણે આ જગમાં સગાર, થતો દીસે તેમ જ ફેરફાર " એ કવિ દલપતરામનાં વચનો સર્વાંશે સત્ય છે. ચોરાશી બંદરના વાવટા જે સ્થળે ઉડતા હતા, અને પોતાના ઐશ્વર્યના અંબારમાં જે ભલભલાં નગરને ઝાંખું પાડતું હતું, મુસલમીન યાત્રાળુઓને મક્કા આદિ પવિત્ર સ્થળોએ લઈ જવાનું જે મુખ્ય ધામ હતું તે સુરત બંદરની અત્યારે કાળબળના પ્રભાવે કરીને કેવી સ્થિતિ છે! તેની પ્રાચીન જાહોજલાલી હાલ ક્યાં છે? સોનાની મુરત સમાન સુરતની અત્યારે તો રોતી સુરત જણાય છે. કોણે જાણ્યું હતું કે ઇન્ગ્લાન્ડના વિલાસપ્રિય અને વ્યભીચારી

શહેનશાહ ચાર્લ્સ બીજાએ માત્ર સો રૂપીયામાં પોતાને પહેરામણીમાં મળેલા જે મુંબઇના ટાપુઓ ઇસ્ટ ઇન્ડીયા કંપનીને વેચી દીધા હતા તે સ્થળ એવું બનશે કે જે વિદ્યા, વ્યાપારવણજ, અને હુન્નરકળામાં પ્રથમ પંક્તિએ આવશે અને હિંદદેવીના હૃદય સમાન થઇ પડશે? કાળની ગતિ જ ન્યારી છે. ઇતિહાસમાં મુલ્કમશહૂર થઇ ગયેલાં ઍસીરીયા, સીરીયા, લીડીયા, મીડીયા, બૅબીલોન વિગેરે પ્રાચીન રાજ્યો અત્યારે ક્યાં છે? પોમ્પીઆઇના પ્રલયકાળની કથા કયો ઇતિહાસરસિક પુરૂષ નથી જાણતો? ખરેખર, સંસારમાં સમયની સત્તાની બલિહારી છે. એટલા જ માટે કવિયો કહે છે કે **कालाय तस्मै नमः ।** અસ્તુ.

આવા જ પ્રકારે એક વેળા સમગ્રામ દેશ પરદેશના વેપારના સ્થાન તરિકે પ્રસિદ્ધ હતું. એક વખત એવો હતો કે જ્યારે આફ્રિકા અને યુરોપખંડના રોમ દેશના વેપારીઓ વેપાર અર્થે આ મહાનગરીમાં આવતા હતા. આહા! તે વેળાએ હિંદની કારીગીરીની સર્વત્ર કેવી પ્રશંસા થતી હતી! વિલાયતી વિલાસમાં મોહી પડેલા અને બેલ્જીયમની નાજુક લેસ કે માન્ચેસ્ટરનાં ઝીણાં બારિક ધોતીયાંઓ પહેરીને મોજ માણનારા અમારા અત્યારના વિલાસપ્રિય મહાપુરૂષોને ભાગ્યે જ ખ્યાલ હશે કે હિંદીઓ જેવું બારીક કાપડ વણી શકતા હતા તેવું વિશ્વમાં કયાંય પણ નહોતું બનતું. ઢાકાની મલમલની કોણ અત્યારે તુલના કરી શકે તેમ છે? પાટણનાં પટોળાં, અને બનારસી સાડીના કસબી ભરતકામ જેવું ભરતકામ અત્યારે કયો દેશ બનાવી શકે એમ છે? પરદેશી માલ વેચી પોતાનાં ઘર ભરનાર સ્વાર્થી અને પ્રપંચી વ્યાપારીઓ ચીનાઈ જાપાનીસ કે વિલાયતી નાજુક માલ પોતાના ગ્રાહકોને ખરીદવાને માટે નગારાં વગડાવે છે, તેઓને કયાંથી ખબર હોય કે દેશની કારિગીરીનું અત્યારે કેવું ભયાનક સત્યાનાશ વળ્યું છે! ચાર છ વાર પહેર્યાથી ચુંથાઈ જઇ રદ્દી બનતી બસો ત્રણસો રૂપિયાની રેશમી સાડીઓ

કરતાં બનારસી ભરગચ્છીના તેટલી જ કિમ્મતના સાળુ વંશપરંપરા પહેરવા ઓઢવા છતાંય આ વીસમી સદીના આગળ વધેલા જમાનામાં વેચવા જાય તો ખરીદેલી કિમ્મત કરતાં સવાગણી કિમ્મત ઉપજી શકે એ વાત સુજ્ઞ વાચકો ક્યાં નથી જાણતા ? વિલાયતી વિલાસ અને ફેશનની શોખીનતામાં ફસી પડેલી સ્ત્રીઓ પોતાના નાજુક બદન ઉપર ઓઢવાનાં કિમ્મતી ફર્સ ખરીદે છે અને તે પાછળથી નકામાં પડે છે. તેને સ્થાને તેટલી જ કિમ્મતની કાસ્મીરી શાલ જો લીધી હોય તો તે કેટલો વખત ટકે અને વેચે ત્યારે કેટલા પૈસા ઉપજે ? અફસોસની વાત છે કે હિન્દમાં ઉનની મીલો ઘણી નીકળી તો પણ ઉનનું કાપડ સસ્તુ થવાને બદલે મોંઘું જ થતું જાય છે !

સપ્તગ્રામ પણ એક વખત સારી સ્થિતિ ભોગવતું હતું. પણ બંગીય અગીયારમી શતાબ્દીમાં સપ્તગ્રામની પ્રાચીન સમૃદ્ધિમાં ધીમે ધીમે વિક્ષેપ થવા લાગ્યો, અને સપ્તગ્રામની મહત્તા ઘટી જવા લાગી. આમ થવાનું કારણ એ હતું કે સપ્તગ્રામમાં જે નદી પુષ્કળ પાણી અને વેગ સાથે વહેતી હતી તે નદીનું પાણી ધીમે ધીમે ઓછું થઇ તેનો પ્રવાહ નબળો પડવા લાગ્યો હતો. આથી મોટાં વહાણો ત્યાં આવી શકતાં નહોતાં, અને તેથી ધીમેધીમે આ બંદરનો વેપાર નષ્ટ થતો ચાલ્યો. આપણા ઇલાકા પૈકી પ્રાચીનકાળમાં ખંભાત અને ઘોઘાનાં સમૃદ્ધિશાળી બંદરોની અત્યારે જે શોચનીય દશા જણાય છે તેનાં જે કારણો છે તે જ કારણોને લીધે સપ્તગ્રામના વાણિજ્યનો નાશ થયો હતો એટલા જ ઉપરથી અમારા વાચકો સપ્તગ્રામની દુર્દશાનું કારણ કલ્પી લેશે. વાણિજ્યગૌરવવાળી નગરીનું વાણિજ્ય નષ્ટ થવાથી તેના તમામ ગૌરવનો નાશ થાય છે. એ જ નિયમને આધારે સપ્તગ્રામનું તમામ ગૌરવ ચાલ્યું ગયું. તે અરસામાં હુગલી નદી ઉપર એક નવું બંદર તથા કિલ્લો બાંધીને પોર્ટુગીઝ વેપારીઓ ત્યાં પુષ્કળ વેપાર ખેડવા લાગ્યા, અને પરિણામે સપ્તગ્રામની ધનલક્ષ્મી ત્યાં ખેંચાઇ જવા લાગી. આવી રીતે આપણે જે સમયની વાત કરીએ છીએ તે વેળા સપ્તગ્રામનો પોતાની સમૃદ્ધિ વિનાશનો સમય હતો.

સમગ્રામના એક વિશાળ પણ વસ્તિવાડીથી ઉજ્જડ જેવા બની ગયેલા મહોલ્લાના છેડા ઉપરના એક મકાનમાં નવકુમાર રહેતો હતો. વ્યાપાર અર્થે તથા સમગ્રામની નષ્ટ થતી જતી સમૃદ્ધિને લીધે હવે ત્યાં વસ્તિમાં પુષ્કળ ઘટાડો થઇ ગયો હતો. નવકુમારના મકાનની પાછળની બાજુએ બીજી શેરી કે મહોલ્લો નહોતો, પણ ગામના એક છેડાના ભાગ ઉપર તેનું ઘર આવેલું હોવાથી તે મકાનની પાછળના ભાગમાં એક ગાઢ જંગલ હતું. ઘરની સામી બાજુએ લગભગ અર્ધા કોસ ઉપર વરસાદના દિવસોમાં વહેતી એક નાનકડી નદી હતી. તે નદી, અર્થાત્ નાનો વહેળો એક મેદાનને ઓળંગીને નવકુમારના ઘરની પાછળની બાજુમાં આવેલા જંગલમાં થઇને વહેતી હતી. નવકુમારનું મકાન બે માળનું હતું; પણ તે ઘણું ઉંચું નહોતું. અત્યારે તો એક માળવાળું મકાન પણ નવકુમારના બે માળ વાળા મકાનની હરિફાઇ કરી શકે એમ હતું.

આ ઘરની અટારી ઉપર બે યુવાન સ્ત્રીઓને આપણે ચારે બાજુએ નજર નાખતી અત્યારે જોઇએ છીએ. સંધ્યાકાળનો સમય હતો, અને ચારે બાજુનો કુદરતી દેખાવ આંખને આનંદ આપે એવો હતો. નજીકમાં જ ગાઢ જંગલ હતું, અને તેમાં પક્ષીઓ પોતાના માળામાં પાછા ફરતાં ફરતાં કલ્લોલ કરી રહ્યાં હતાં, અને તેમની ચીંચીયારીઓથી કર્ણને આનંદ ઉપજાવી રહેલાં હતાં. એક બાજુ નાનકડો વહેળો થોડાથોડા પાણી સાથે એક પ્રકારનો ધીમો પણ મધુર નાદ કરતો વહેતો હતો. થોડેક દૂર બીજી બાજુએ ગંગા નદી સમગ્રામના કિનારે અડકતી અનેક નાનીનાની નૌકાઓને પોતાના વક્ષઃસ્થળ ઉપર લઇને વહી જતી હતી. દૂરથી પવનથી ફુલેલા તેના સફેત સઢ આંખને અપૂર્વ આનંદ આપતા હતા.

આ સર્વ સૃષ્ટિસૌંદર્યની સાથે નવકુમારના ઘરના છજામાં ઉભેલી સૃષ્ટિકર્તાની નવરાશની વેળાએ ઘડાયલી બે પરમરૂપવતી નવયૌવનાઓ પણ સમગ્રામના સૌંદર્યમાં વધારો કરતી હતી. આ બેમાંની એક

નવયૌવનાનું મુખ ચંદ્રની જ્યોતિ સરખુ કાંતીવાન અને ઉજ્વલ હતુ જેમ ગાઢ વાદળાંઓમાં ક્વચિત ક્વચિત ચંદ્ર છુપાઇ જઈ અનુપમ શોભા આપે છે તેમ તે નવયૌવનાના કાળા ભમર જેવા ખુલ્લા કેશરાશિમાં તેનું છુપાયલું મુખડું અત્યારે દિવ્ય શોભા ધારણ કરી રહેલું હતું. તેણીની નાની કોમળ હાથની આંગળીઓ પ્રથમ વર્ણવેલી સુંદરીના શરિર સાથે અડપલાં કરી રહી હતી. બન્ને વચ્ચે અપાર સ્નેહ જામેલો હતો. આ બન્ને સુંદરીઓને વાચકો ઓળખી ચુકયા હશે. ન ઓળખી ચુકયા હોય તો અમે જણાવીશું કે એમાંની ચંદ્ર સમાન મનોહર કાંતિમતી લલના તે વાચકોની પૂર્વપરિચિત કપાલકુંડલા છે, અને બીજી તેની નણંદ શ્યામાસુંદરી છે.

શ્યામાસુંદરીએ કપાલકુંડલાનું નામ બદલીને મૃણ્મયી નામ રાખ્યું હતું. તે કોઇ વાર કપાલકુંડલાને બ્હેન, તો કોઇવાર 'નવી વહુ' તો કોઇ વેળા 'મૃણ્ણા' કહીને બોલાવતી હતી.

અત્યારે કપાલકુંડલાના વિશાળ કેશરાશિને પોતાને હાથમાં લઇને શ્યામાસુંદરી તેણીને કહેતી હતી,– "ભાભીજી! હવે પણ વેણી નહિ ગુંથો?"

કપાલકુંડલા—મૃણ્મયીએ જવાબ ન દીધો. માત્ર હસીને પોતાના વાળ તેણીના હાથમાંથી છોડાવી લીધા. શ્યામા હસીને મૃણ્મયીને એક ધીમા લપ્પડ મારીને બોલી, "જા, જા, મૃણ્ણા! હવે કાંઇક તો માન, અલી! એક વેળા તો મારા મનની ઉમંગ પુરી પાડ! ગૃહસ્થની વહુ વાળ બાંધ્યા વિના ફરતી હશે કે? તું તો હવે ગૃહસ્થાશ્રમ ધર્મમાં આવી. હવે ક્યાં સુધી આવો વનવાસિની જેવો પહેરવેશ રાખીશ?"

કપાલકુંડલા,—"જ્યાં સુધી તમારા ભાઇ મને વનમાં નહોતા મળ્યા ત્યાં સુધી તો હું યથાર્થ રીતે યોગિની જ હતી."

શ્યામા,—"પણ હવે તો તું સંન્યાસિની મટીને સંસારી બની છું."

કપાલકુંડલા,—"તેમા શું થયું? હું વેણી શા માટે ગુંથું?"

શ્યામા—" વેણી ગુંથવાથી આપણે સારાં દેખાઇએ. આપણા સ્વામી પ્રસન્ન થાય."

કપાલકુંડલા,—" સ્વામી પ્રસન્ન ન થાય તો શું થાય ?"

શ્યામા,—" ભોળી રે ભોળી ! બધુ ધીમેધીમે સમજાશે ! "

કપાલકુંડલા,—" ત્યારે અત્યારે સમજાવોને ! "

શ્યામા,—મારાથી ન સમજાવાય !

કપાલકુંડલા,—ત્યારે કોણ સમજાવશે ? "

શ્યામા હસીને કપાલકુંડલાને બાઝી પડી અને તેના કાનમાં 'તારો વર !' એટલું કહીને હસતી હસતી દોડી ગઇ. કપાલકુંડલાં વિચારમાં પડી કે હું શું નથી સમજતી કે મને 'મારા વર' સમજાવશે ? !


વનમાં ઉછરેલી, સંસાર વ્યવહારના રિતરિવાજથી અજાણી કપાલકુંડલાની ગૃહસંસારની આવી સ્થતિ હતી.

નવકુમારને જેટલી લાગણી કપાલકુંડલાને માટે હતી તેટલી કપાલકુંડલાને નવકુમારને માટે હતી કે નહિ તે તો અમે નથી કહી શકતા. પણ એટલું તો ખરૂં કે હજુ કપાલકુંડલા સ્ત્રીઓ જે અનહદ પ્રેમથી પોતાના પતિને ચ્હાય છે તેવી રીતે નહોતી ચ્હાતી. નવકુમાર વગર તેને ચેન નહોતું પડતું; નવકુમાર આવતો ત્યારે તેને આનંદ થતો; નવકુમાર જ્યારે તેને પોતાના ભુજયુગલમાં લપેટીને કપાલકુંડલાના મનોહર કપોલપ્રદેશને ચુંબનવૃષ્ટિથી ભીંજવતો ત્યારે કપાલકુંડલાને આનંદ પડતો એ વાત ખરી, પણ નવોઢા સુંદરીમાં જે ચાંચલ્યના, જે ચપળતા, જે ઉમંગ, જે ઉત્સાહ, અને જે ઉત્કંઠા જોવામાં આવે છે, તેનો અત્રે અભાવ હતો. નવકુમાર આ વસ્તુ સ્થિતિ સમજતો હતો. તેથી ભોળી કપાલકુંડલાની તરફ તે કાંઇક વિશેષ અજબ રીતે આકર્ષાતો હતો.

પ્રિય વાંચનાર ! આવી રીતે અત્યારે તો તમારી આગળ કપાલકુંડલા અને તેના પતિનું સુખમય ચરિત્ર અમે રજુ કર્યું છે. આ

સુખમય અને મધુરા દૃશ્ય સાથે જ અમે આ પ્રકરણની પૂર્ણાહુતિ કરીએ છિએ, અને વાર્તાનો આ પ્રથમ ખંડ પણ અમે અત્રે જ પૂર્ણ કરીએ છીએ.

કાપાલિકનું શું થયું ? મોતીબીબી નવકુમાર પોતાનો પતિ છે એમ પોતાની દાસીને ઓળખાવીને ચાલી ગઇ તેનું શું થયું ? કપાલકુંડલાનો આ સુખી ગૃહસંસાર કાયમ રહ્યો કે કેમ ? માતાજીનાં ચર્ણકમળમાં પધરાવેલું બિલ્વપત્ર પડી જવાથી જે અમંગળ આશંકાઓ ઉત્પન્ન થઈ હતી તે ખરી પડી કે કેમ ? આ બધું આપણને જાણવાનું રહી જાય છે. તે જાણવાને માટે વાચકને આ સાથેનો " વ્હેમ " એ નામનો દ્વિતીય ખંડ વાંચવાનો આગ્રહ કરી અમે હાલ તો કપાલકુંડલાને તેના સ્વામીના ગૃહમાં સર્વની પ્રિયપાત્ર બનેલી છોડીને જઇએ છિએ. અસ્તુ !



દ્વિતીય ખંડ

વ્હેમ


પ્રકરણ ૧ લું

લુત્ફુન્નિસા

काममाश्रित्य दुष्पूरं दंभमानमदान्विता ।
मोहाद्गृहीत्वाऽसद्ग्राहान्प्रवर्ततेऽशुचिव्रताः ॥
आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थ संचयान् ॥
—श्रीमद्भगवद्गीता ।

" Surrendered to desires insatiable,
Full of deceitfulness, folly and pride;
In blindness cleaving to their errors caught,
Into the sinful course, they trust this lie;
As it were true:—"

In nooses of a hundred idle hopes,
Slaves to their passion and their wrath, they buy:
Wealth with base deeds, to glut hot appetites.



જ્યારે નવકુમાર પોતાની નૂતન વધૂ કપાલકુંડલાને લઈને ધર્મશાળામાંથી પોતાને ઘેર જવાને નીકળ્યો હતો તે વખતે મોતીબીબી વર્ધમાન જીલ્લાની તરફ જવાને માટે નીકળી હતી. મોતીબીબી વર્ધમાન જઈ પહોંચે એ અગાઉ આપણે તે ત્યાં શા કામને માટે જતી હતી તથા તે કોણ હતી તે જોઈ લઈશું. મોતીબીબીનું જીવનચરિત્ર અત્યંત કલુષિત અને દુષ્ટ દુર્ગુણોથી ભરેલું હતું. પરંતુ તેની સાથે કેટલાક અનુપમ ગુણનો પણ

તેણીના હૃદયમાં વાસો હતો. અર્થાત્ સારા અને નરસાપણાનો એક વિલક્ષણ સંયોગ આપણે મોતીબીબીમાં જોઇ શકીએ છિએ વસ્તુ-સ્થિતિ આ પ્રમાણેની હોવાથી, અને આપણી વાર્તામાં આગળ ઉપર આપણને આ વ્યક્તિનું ઘણું કામ પડે તેમ હોવાથી તેના વિલક્ષણ જીવનચારિત્ર્યનો કેટલોક અગત્યનો ભાગ અમે અત્રે આપીશું તો અમારા વિવેકી વાંચનારાઓ તેથી અસંતુષ્ટ નહિ જ થાય એવી અમારી ખાત્રી છે. અસ્તુ.

મોતીબીબી તે નવકુમારની પ્રથમ વખતની પત્ની પદ્માવતી હતી એ તો વાચકો સમજી શક્યા જ હશે. તે સંબંધી કેટલીક હકીકત અમે આગળ ઉપર આપી છે અને બાકીની હકીકત અત્રે જણાવીશું.

જ્યારે પદ્માવતીના પિતાએ મહમ્મદીય ધર્મનો અંગીકાર કર્યો તે વખતે પદ્માવતીનું હિન્દુ નામ બદલીને તેણીનું મુસલમાની નામ લુત્કુન્નિસા રાખવામાં આવ્યું હતું. તે વખતે તેણીનું નામ મોતીબીબી નહોતું. મોતીબીબી નામ તો તેણી કોઈ કોઇ વેળાએ છુપા વેશે દેશ પરદેશમાં ફરતી ત્યારે ધારણ કરતી હતી. તેના પિતા પહેલાં તો ઢાકામાં આવીને સરકારી નોકરીમાં જોડાઈ ગયા હતા. પણ ત્યાં તેમને પોતાના અનેક જાતભાઇઓનો સમાગમ થતો હતો. આથી ત્યાંના સુબાની પાસે લાગવગ ચલાવીને તેણીના પિતાએ પોતાની બદલી આગ્રા કરાવી લીધી હતી અને આવી રીતે તેઓ સપરિવાર આગ્રા આવ્યાં ગયાં હતાં.

गुणाः पूजास्थानम् गुणीषु न च लिंगं न च वयः । તે સુત્રાનુસાર શહેનશાહ અકબર સરખા કદરદાન સમ્રાટ્‌ના રાજ્યમાં કોઇની પણ કદર થયા સિવાય રહેતી નહિ. પદ્માવતીના પિતાને થોડાક જ વખતમાં મોગલ સલ્તનતમાં ઉચ્ચ અધિકાર પ્રાપ્ત થયો, અને આગ્રાના પ્રતિષ્ઠિત અમીરોમાં તેની ગણના થવા લાગી.

આ બાજુએ પદ્માવતી ઉર્ફે લુત્કુન્નિસા ધીમે ધીમે યોગ્ય વયમાં આવવા લાગી. આગ્રામાં તેણીએ ફારસી, સંસ્કૃત વિગેરે ભાષાઓનો સારો અભ્યાસ કર્યો હતો, તેમ જ નૃત્ય, ગીત, વગેરે કળાઓમાં

પણ તેણે સારી પ્રવીણતા પ્રાપ્ત કરી હતી.લુત્‌ફુન્નિસા અપાર સૌંદર્યના અને તે સાથે તેણીએ પ્રાપ્ત કરેલી, સ્ત્રીના આભૂષણરૂપ વિદ્યાઓના પ્રતાપથી આગ્રાની પરમરૂપવતી રમણીઓમાં તેણીની ગણના થવા લાગી. કમનસીબે તેણીને જુદી જુદી જાતની કળાઓ શીખવાડવામાં આવી હતી પણ ધર્મ સંબંધીનું કાંઇ પણ જ્ઞાન તેણીને આપવામાં આવેલું નહોતું. અર્થાત્ તેણી ધર્મશાસ્ત્ર વિગેરેમાં સર્વથા અજ્ઞાન હતી એટલું જ નહિ પણ નીતિ અને અનીતિ વચ્ચે અધિક તફાવત છે એમ તેણીને સ્વપ્ને પણ લાગતું નહિ. લુત્‌ફુન્નિસાને કેવું શિક્ષણ મળ્યું હતું તેનો આબેહુબ ખ્યાલ વીસમી સદીના હાલના વિલાસી પણ વિષમય વાતાવરણમાં ઉછરેલી અને વિલાસ મગ્ન રહેનારી વનિતાઓને મળતા શિક્ષણ ઉપરથી આવી શકશે. સ્ત્રીના દિવ્ય અને પરમ પવિત્ર આભૂષણરૂપ શિયળને સાચવવાનો કેવો અજબ મહિમા છે, અને તે પરમપવિત્ર સદ્‌ગુણના માર્ગમાંથી વિચલિત થનાર મહિલાની કેવી અધોગતિ થાય છે તે સંબંધી જ્ઞાન હાલ પાશ્ચાત્ય સંસર્ગને લીધે જેમ આપણી આધુનિક રમણીઓની અંદર ઘણા જ અલ્પ પ્રમાણમાં જોવામાં આવે છે, તે જ મુજબ અઇયાશી અને વિલાસી મોગલ રાજ્યમાં ઉછરેલી લુત્‌ફુન્નિસામાં પણ જોવામાં આવતું હતું. યૌવનકાળને જ્યારે લુત્‌ફુન્નિસા પ્રાપ્ત થઇ, વિકારને ઉત્તેજન આપે એવી સર્વ પ્રકારની વિલાસી સામગ્રીઓ સાથે આહારવિહાર પણ તેવા જ પ્રકારના લુત્‌ફુન્નિસાને પ્રાપ્ત થવા લાગ્યા ત્યારે લુત્‌ફુન્નિસા ઉન્મત્ત બની. તેનું મન ચકડોળે ચડયું. અને તેણીને ધ્યાનથી જોનારને એમ લાગ્યા વગર રહે એમ નહોતું કે તેના મનની ગતિ દુર્દમવેગવતી હતી. ઇન્દ્રિયદમનની તેણીનામાં સ્હેજ પણ શક્તિ નહોતી. અથવા હોય તો તેમ કરવાની કિંચિન્માત્ર પણ તેણીને ઇચ્છા નહોતી. સત્ અને અસત્‌માં તેણીની સમાન પ્રવૃત્તિ હતી. આ કામ કરવું યોગ્ય છે અને આ કામ કરવું અયોગ્ય છે તેનો વિચાર કરવાની તે સ્હેજ પણ તસ્દી લેતી નહિ. જે કામ તેને સારૂં લાગતું તે તે કરતી. જ્યારે સત્કર્મ કરવાથી અંતઃકરણમાં આનંદ થતો ત્યારે તે સત્કર્મ કરતી. જ્યારે

અસત્ કર્મ કરવામાં આનંદ મળતો ત્યારે તે તેમ કરતી. ટુંકાણમાં અમે એટલુંજ કહીશું તો બસ થશે કે યૌવનકાળની મનોવૃત્તિની દુર્દમનીય અવસ્થા થવાથી જે સર્વ ભયાનક દોષોનો કર્તા મનુષ્ય થાયછે તે સર્વ દોષોએ લુત્ફુન્નિસામાં પૂર્ણપણે વાસ કર્યો હતો. તેણીનો પહેલાંનો પતિ હયાત હતો એટલે આગ્રાનો કોઇપણ અમીર તેણીની સાથે લગ્ન કરવાને તો તૈયાર નહોતો. લુત્ફુન્નિસાની પણ વિવાહ કરવાની ઇચ્છા નહોતી. તેણીને તેમ કરવાની શી જરૂર હતી ? મનગમતા કુસુમનો આસ્વાદ લેવાનું મળે ત્યાં એકજ કુસુમનો આસ્વાદ લઇ પડી રહેવાની અપેક્ષા કોને થાય ? લુત્ફુન્નિસાને પોતાનાં યૌવન સ્વરૂપ, અને હુન્નરકળાના જ્ઞાન વિગેરેના પ્રતાપથી મનમાન્યા ભોગી ભ્રમરો મળતા હતા. તો પછી તે શું કરવાને એકની પત્ની થઇને રહે ?

અફસોસ ! એક વાર અનીતિના પાપમય પંકમાં ધકેલાયા પછી તેનું પરિણામ અંદર વધારે ને વધારે ઉંડા જવામાં જ આવે છે. પહેલાં લુત્ફુન્નિસાનું નિર્લજ્જ વર્તન છુપાછુપ થતું હતું; અને તેથી એ વિષે ઝાઝો ઉહાપોહ મોગલ નગરીમાં થતો નહોતો. પણ ધીમેધીમે લજ્જાનો બારિક પડદો પણ દૂર થઇ ગયો, અને લુત્ફુન્નિસાનું નિર્લજ્જ વર્તન એટલી અધોગતિએ પહોંચ્યું કે તેણીનો પિતા હવે વધારે વખત તેણીને પોતાના ઘરમાં રાખી શક્યો નહિ. તેણે પોતાની પુત્રીનો ત્યાગ કર્યો !

રોગીને મનમાન્યું ભોજન વૈદ આપવા કહે, ભુખ્યાને ભોજન મળે અને વાંઢાને સ્વરૂપવતી પત્ની મળે અને તેમને જેટલો આનંદ થાય તેટલો આનંદ લુત્ફુન્નિસાને થવા માંડ્યો. યૌવનકાળના 'ગદ્ધાપચીસી'ના સમયમાં મનુષ્યને સારાસારનું ક્યાં ભાન હોય છે ? તદ્નુસાર લુત્ફુન્નિસાને પિતૃગૃહમાંથી હાંકી મૂકવામાં આવી ત્યારે તે ઉલટી વિશેષ રાજી થઇ અને એક સારૂં મકાન લઇને ત્યાં રહેવા લાગી.

લુત્ફુન્નિસાના યૌવનવનમાં વિહાર કરનારા આગ્રાના શોખીન સ્હેલાણીઓમાં એક અનુપમ રત્ન પણ હતું, અને તે શહેનશાહ અકબરનો પરમપ્રિય પાટવીકુમાર સલીમ હતો. એક આબરૂદાર અમીરની પુત્રીની સાથે દુષ્ટ વર્તન કરી તે અમીરના કુળમાં કલંક લગાડી

લુત્ફુન્નિસાને પોતાના મહેલમાં રાખીને પોતાના અપક્ષપાતી પિતાનો ક્રોધ વિનાકારણ વહોરી લેતાં જુવાન શાહજાદો ગભરાતો હતો. પણ હવે તેને સુયોગ્ય અવસર મળી ગયો. હવે તેણે લુત્ફુન્નિસાને માટે પોતાના મહેલમાં આવવા જવાની અને રહેવાની ગોઠવણ કરી નાંખી. રાજપુત સૈન્યનો સરદાર અને મુસલમાનોનું દાસત્વ સ્વિકારનાર મહારાજા માનસીંહની બ્હેન તે યુવરાજ સલીમની પટરાણી હતી. સલીમે લુત્ફુન્નિસાને તે પટરાણીની મુખ્ય સહચરી તરિકે દાખલ કરી દીધી. આ પ્રમાણે વિલાસપ્રિય લુત્ફુન્નિસા જાહેર રીતે યુવરાજ સલીમની પટરાણીની સહચરી, અને ખાનગી રીતે પટરાણીના શાસ્ત્ર અને રૂઢી અનુસાર તેણીને મળેલા પરમ પવિત્ર હક્કોમાં ભાગ પડાવનાર શોક્ય (!) બની. સલીમ આ નવયૌવના ઉપર હવે તો અતિશય મુગ્ધ બની ગયો !

લુત્ફુન્નિસા સરખી ચાલાક, કાર્યદક્ષ અને સ્વરૂપવતી સુંદરીને રાજકુમારના હૃદય ઉપર પૂર્ણ અધિકાર મેળવતાં વાર નહિ લાગે એવી સર્વની ખાત્રિ થઇ ગઇ, અને ધીમે ધીમે લુત્ફુન્નિસામાં સલીમનો જે અનહદ અનુરાગ વધતો જતો હતો તે ઉપરથી સ્પષ્ટ જણાતું હતું કે તે વખત જતાં પટરાણીનું પદ પ્રાપ્ત કરવાને પણ ભાગ્યશાળી થશે. આ આશા રૂપી સ્વપ્નમાં લુત્ફુન્નિસા પોતાનું જીવન ગાળી રહી હતી એટલામાં જ નિંદ્રાનો ભંગ થયો, અને સ્વપ્ન ઉડી ગયું. યુવાન શાહજાદાની નજરે એક નવું ખુબસુરત પંખીડું નજરે પડયું.

શાહેનશાહ અકબરનો ખાજનચી એતિમાહદ્દૌલા ખ્વાજા અબ્બાસની કન્યા મહિર-ઉન્-નિસા યવનકુળનાં પ્રધાન સુંદરી હતી. એક વખતે કોષાધ્યક્ષે રાજકુમાર સલીમ અને બીજા રાજધાનીના સુપ્રસિદ્ધ અમીર ઉમરાવોને પોતાને ત્યાં એક જ્યાફતમાં આમંત્ર્યા હતા. તે પ્રસંગે અચાનક શાહજાદા સલીમની નજર મહિર-ઉન્-નિસા ઉપર પડી. મહિર-ઉન્-નિસા અથવા ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલી નુર-ઇ-જેહાન (નુર જહાં) કેવી સ્વરૂપવતી હતી તેનું વર્ણન કરવાની કશી જ જરૂર નથી, કારણ અમારા વાચકોને તે વાત સારી રીતે માલમ છે. એટલું જ કહેવું બસ થશે કે પૌર્વાત્ય પ્રદેશની જ

નહિ પણ જગતની થઇ ગયેલી અનેક રૂપવતી રમણીઓમાં નુરજહાનની ગણત્રિ થાય છે; અને દરેક ઇતિહાસકાર મુક્ત કંઠે આ સુંદરીના સૌંદર્યનું વર્ણન કરે છે. જ્યાં આવી સ્થિતિ છે ત્યાં અમારે શું કહેવાનું હોય ?

આ ભુવનમોહિની લલનાના અપાર રૂપરાશિ ઉપર તરુણ શાહજાદો મુગ્ધ બની ગયો. અર્થાત્ અમે એમ કહીશું કે તે પોતાને મહેલે પાછો આવ્યો પરંતુ પોતાનું હૃદય તો એ રૂપવતી રમણીને જ સોંપી આવ્યો હતો તો તેમાં કાંઇ અતિશયોક્તિ તો નથી જ.

મહિર-ઉન્-નિસા અને સલીમના પ્રેમ પ્રસંગનું શું પરિણામ આવ્યું એ ઇતિહાસ પ્રસિદ્ધ બીના છે, અને તેથી તેની લંબાણ હકીકતની અત્રે જરૂર ન હોવાથી આપણે તે ટુંકાણમાં જ જોઇ જઇશું.

પ્રકરણ ૨ જું

જગજ્જ્યોતિ નુરજહાન

" હમ તાકીદ દામમેં બાતિલ નહિ હોતે;
" સીનેમેં કીસી શખ્સકે જો દિલ નહિ હોતે. "

ઓહો ! મોહ જ મોહનું જગત્ આ તેમાં હશે પ્રેમ ક્યાં ?
આંહી બીજ વવાય છે વિષયને સૌ સ્થાનમાં મોહનાં;
કાંટાળાં તરૂ તે ઉગી હૃદય કૈં ભોળાં બિચારાં ચીરે,
ક્યાંઇ છે રૂધિરે ભર્યા ઉઝરડા, ત્યાંથી વણો ગાઢ છે.

કલાપી.



જે વખતે શાહજાદો સલીમ મહિર-ઉન્-નિસાના રૂપરાશિ ઉપર મુગ્ધ બની ગયો હતો તે વખતે તે સુંદરીનો વિવાહસંબંધ શેર અફઘાનખાં નામના એક પરમ પ્રભાવશાળી અમીરની સાથે થઇ ચુકેલો હતો. આ સુંદરીના

અનુરાગમાં અંધ બનીને શાહજાદો પોતાના પિતાની પાસે ગયો અને શેર અફ્ઘાન સાથેનો સંબંધ તોડી નાખીને તે કન્યા પોતાને પરણાવવાની પ્રાર્થના કરી પણ આ વાતમાં ન્યાયી પિતાની પાસેથી તેને કેવળ અપમાન સિવાય બીજું કાંઇ જ મળ્યું નહિ. લાચાર બનીને શાહજાદો તે વખતે તો શાંત રહ્યો. અકબર સમજ્યો કે વખત જતાં શાહજાદો આ યવન સુંદરીની વાત વિસરી જશે. પણ તેમ ન બન્યું. એ તો એક સાધારણ નિયમ છે કે આપણને જે ચીજની અછત હોય એ ચીજ ઉપર આપણને બમણો અનુરાગ હોય છે. તે મુજબ આ સ્થળે પણ બન્યું. સલીમનો તે પરસ્ત્રી ઉપરનો મોહ કોઇ પણ પ્રકારે ઓછો ન થયો. આ બાજુએ સલીમ આ તરૂણ યવન કન્યાના મોહપાશમાંથી છુટો થાય એ શુભ ઉદ્દેશથી શહેનશાહ અકબરે મહિર-ઉન્-નિસાનું લગ્ન શેર અફ્ઘાન સાથે કરી નાખ્યું. આ ધારણા પણ ફળીભુત ન થઇ, અને સલીમના હૃદયપટમાં કોતરાઈ ગયેલી મનોહર મહિર-ઉન્-નિસાની મૂર્તિ કોઇ પણ રીતે ભુસાઇ ન ગઇ. ચતુર લુત્ફુન્નિસા સમજી ગઇ કે શાહજાદા સલીમની આસક્તિ જોતાં શહેનશાહ અકબરના મરણ પછી શેર અફ્ઘાન આ વિશ્વમાં પોતાનું જીવન ગાળી શકે તે અશક્ય હતું. તેની ખાત્રિ હતી કે શેર અફ્ઘાનનું ખુન કરાવીને પણ શાહજાદો સલીમ જગજ્જ્યોતિ મહિર-ઉન્-નિસાને સામ્રાજ્યની તેમ જ પોતાના હૃદયમંદિરની મહારાણી બનાવશે. આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવાથી તેણે પોતાને રાજ્યમહિષીનું પદ મળવાની આશા તજી દીધી.

મહમ્મદીય સમ્રાટ-કુલગૌરવ મોગલવંશાવતંશ શહેનશાહ જલાલુદીન અકબરના આયુષ્યનો ધીમે ધીમે અંત આવવા લાગ્યો. જે પ્રચંડ સૂર્યની પ્રભાથી તુર્કસ્તાનથી માંડીને બ્રહ્મપુત્રા સુધીનો પ્રદેશ પ્રજ્વલિત બન્યો હતો, તે સૂર્યનો અસ્ત થવા લાગ્યો. લુત્ફુન્નિસા પણ સમજી ગઇ કે હવે મારે ઉપરથી નીચે જવાનો સમય આવી લાગ્યો. સ્ત્રી સ્વભાવ પ્રમાણે પોતાની શાહજાદા સલીમ ઉપરની સત્તા જાળવવાને તેણીએ એક દુ:સાહસિક સંકલ્પ કર્યો.

અમે અગાઉ જણાવ્યું છે જ કે રાજપૂતપતિ રાજા માન-

સીંહની ભગિની સલીમની મુખ્ય રાણી હતી. તેના પુત્રનું નામ ખુશરૂ હતું. એક વખતે આ રાણી સાથે અકબરશાહના રોગ સંબંધી લુત્ફુન્નિસા વાતચીત કરતી હતી. રાજપૂત કન્યા હવે બાદશાહની બેગમ બનશે એમ જણાવી લુત્ફુન્નિસા તે રમણીને અભિનંદન દેતી હતી. તેના જવાબમાં ખુશરૂની માતા બોલી,–" લુત્ફુન્નિસા! શાહજાદાની પ્રધાન પટરાણી હું હોઉં પણ કાલે કોઇ નવલ રૂપવતી લલનાના તેજના અંબારમાં તણાઇને શાહજાદા તેને પટરાણી બનાવી દે. પછી મારૂં ગૌરવ ક્યાં રહ્યું ? તેટલા જ માટે તો કહેવત પડી છે કે " રાજાને ગમે તે રાણી અને છાણાં વીણતી આણી." પણ રાજાની રાણી થવાને બદલે મા થવામાં જે સુખ સમાયલું છે તે અદ્વિતીય છે. રાજાને રાણીઓ ઘણી હોય; માતા તો એક જ હોય ! "

રાજપૂત રમણીઓ જગતના ઇતિહાસમાં પોતાના પાતિવ્રત્ય અને શિયળરક્ષાને માટે સુપ્રસિદ્ધ છે. જે જાતિની પતિપરાયણા સ્ત્રીઓ જગતને અત્યારે પણ પાતિવ્રત્યની કથાઓથી પ્રભાવશાળી બનાવે છે તે જ જાતિની આ અધમ અબળાના ઉપર મુજબના ઉચ્ચાર હતા ! તેણીના કહેવાનો ભાવાર્થ એવો હતો કે શહેનશાહ અકબરના મરણ પછી અવશ્ય સલીમ મહિર–ઉન્–નિસાને પોતાની મહારાણી બનાવશે. માટે તેના કરતાં સલીમ કોઈ પ્રકારે ગાદી ઉપર ન બેસતાં તેનો પુત્ર ખુશરૂ ગાદી ઉપર બેસે તો પોતાની સત્તા કાયમ રહે ! અફસોસ ! રાજસત્તાના મૃગજળવત્ સુખને માટે સ્વામીને પણ દૂર કરવાને સ્વામિની તૈયાર થઇ ગઈ હતી ! અને તે કાળનો પ્રભાવ કહેવો કે અન્ન તેવા ઓડકાર એ ન્યાયે રાજપૂત કુલ ગૌરવ રમણીના કારસ્થાની અને વિલાસી મોગલ રંગમહેલના વસવાટનો પ્રતાપ કહેવો ? ગમે તે કહો, પણ રાજસત્તાપિપાસુ રમણી પોતાનો પુત્ર ગાદીએ આવે એ ઇચ્છતી હતી !

કારસ્થાનની પૂતળી અને કપટકળાપારંગત પ્રમદા લુત્ફુન્નિસા એ આ વાત સાંભળતાં જ થોડીક વાર પોતાના મનમાં વિચાર કર્યો, અને પછી બોલી,–" બસ્સું ! તેમાં શું ? તે પણ તમારા જ

હાથમાં છે ને ? એવું કયું કામ છે કે જે સ્ત્રીથી ન બની શકે ? પુરૂષ કરતાં સ્ત્રી પાસે કેટલાં બધાં વિશેષ સાધનો છે ? પુરૂષ પાસે અસ્ત્રશસ્ત્ર છે કિન્તુ ચતુર રમણીની પાસે અસ્ત્રશસ્ત્ર ઉપરાંત તેથી પણ એક અતિશય પ્રાણહારક શસ્ત્ર છે અને તેનું નામ મોહાસ્ત્ર ! નારી પોતાના નયન કટાક્ષના પ્રભાવથી છળ બળ અને કળથી ભરેલા, બખ્તરથી સજાયલા, અને કોઇને વશ ન થનારા પહેલવાન પુરૂષને પણ વશ કરી શકે છે. એ ઉપરાંત આપણી પાસે ધન પણ પુષ્કળ છે. આ સર્વ સાધનોની સહાયથી આપણે શું નહિ કરી શકીએ ? તેમ કરવું એ પણ તમારા હાથમાં છે ! ”

બેગમ,—“ શી રીતે ? ”

લુત્ફુન્નિસા,—“ શાહજાદા ખુશરૂને તખ્તનશીન બનાવવાનું કાર્ય આપણે ઉપાડી લેવું ! ”

આ ભયાનક પ્રસ્તાવનો તાત્કાળિક તો બેગમે કાંઈ પણ જવાબ ન દીધો. પણ એટલી વાત તો ખરી કે તરૂણ રાજપૂત સ્ત્રી પોતાનો પુત્ર સિંહાસનચ્યુત થાય તે કાર્યને ઇષ્ટ ગણતી હતી. સ્ત્રીથી બધું સહન થાય પણ પોતાની માનહાનિ સહન નથી થતી.એક રાજપૂત કન્યા, અને સલીમની પ્રધાન મહિષી શું એક યવન કન્યાના કહ્યામાં રહે ? એ કેમ બને ? આ વિચારથી સલીમ તરફનો તેનો પ્રેમ ધીમે ધીમે ધિક્કારમાં ફેરવાઈ તેના વિનાશનું કારણ શોધવા લાગ્યો ! સ્ત્રી જ્યારે છેડાય છે ત્યારે તે છંછેડાયલી નાગણ સમાન ગણાય છે. રાજપૂત રમણીએ જવાબ તો ન આપ્યો, પણ તે જાણે પોતાના પતિને ઉદ્દેશીને,

“ શ્વાસથી આગ જે વરસાવે તે અજગર છું હું,
જીદમાં તુફાન તો ગુસ્સામાં સમન્દર છું હું;
હું બાળીશ ડુબાવીશ ઉડાવીશ તને,
ફરી ગયેલા તારા ભાગ્યનું ચક્કર છું હું !”

એમ બોલતી હોય એવો તેણીના મુખ ઉપરનો ભાવ જણાતો હતો.

લુત્ફુન્નિસા તે દિવસે તો ત્યાંથી ચાલી ગઇ. બીજે દિવસે આ

બન્ને દારસ્થાની કામિનીઓ એકઠી મળી. આ કાર્યમાં લુત્કુન્નિસા ખુશરૂની માતાને મદદ કરતી હતી તેનું એક ખાસ કારણ હતું. તે શું હતું તે આગળ ઉપર જણાશે. બન્ને રમણીઓએ લાંબો વખત સુધી વાટાઘાટ કરીને શાહજાદા ખુશરૂને તખ્તનશીન કરવાને કેવી યોજના કરવી તે નક્કી કર્યું.

સલીમને સીંહાસન ઉપર ન બેસવા દેતાં ખુશરૂને સમ્રાટ અકબરના ખાલી પડનારા સીંહાસન ઉપર બેસાડવાનું કાર્ય અસંભવ તો નહોતું જ, એમ લુત્કુન્નિસાએ બેગમના મનમા ચોક્કસ રીતે ઠસાવી દીધું. તેણીએ કહ્યું,–" બેગમ સાહિબા ! યાદ રાખજો કે મોગલ સલ્તનત રાજપૂતોના બાહુબળથીજ કાયમ છે. જ્યારે રાજપૂતોનાં હૃદયો મોગલો તરફથી ફરી જશે ત્યારે નક્કી માનજો કે મોગલ સલ્તનત તારાજ થઇ જશે. રે ! એટલું જ નહિ પણ રાજપૂતો વિના મોગલ સલ્તનતનું નામ નિશાન સુદ્ધાંય નહિ રહે. આવી વીર અને પ્રભાવશાળી કોમના સરતાજ એક બાજુએ શહેનશાહના પરમ વિશ્વાસુ સૈનિક અને બીજી બાજુએ શાહજાદા ખુશરૂના મામા થાય છે. તેની જ સાથે મુસલમાનોના સરદાર ખાન આજમ છે. તેઓ શાહજાદી પિયારાબાનુના પિતા અને શાહજાદા ખુશરૂના સસરા થાય છે. એક બાજુએ મામા અને બીજી બાજુએ સસરા જેવા મજબુત અને બળવાન સગપણ ધરાવનારા શાહજાદાને ગાદીએ બેસંવામાં વિશેષ મુશ્કેલી નડે એ અસંભવિત છે કારણ કે બન્ને રાજ્ય કારસ્થાનમાં નિપુણ અને સર્વ પ્રકારની સત્તા ધરાવનારા છે. બધા ઉપર આ બન્ને જણાની દોહાઇ ચાલે છે. પછી શાહજાદા સલીમ કોના જોરથી તખ્તનશીન થશે ? રાજા માનસીંહને આ બાબતમાં હાથ કરવાનું કાર્ય તે તમારા ભાઇ થતા હોવાથી તમારે ઉપાડી લેવાનું છે, અને ખુશરૂના સસરા ખાન આજમને આપણા પક્ષમાં લેવાનો ભાર મારા શિર ઉપર છે. આપની મહેરબાનીથી પાક ખુદાતાલા મને આ કાર્યમાં યશ આપશે એવી મારી ખાત્રિ છે, પણ આપ નામદારને આ કમતરીન બાંદીની એટલી વિનંતિ છે કે જ્યારે

શાહજાદા ખુશરૂ તખ્તનશીન બની શાહજાદા મટીને શહેનશાહ થાય તે વેળાએ ખુશરૂ આ બાંદીને સમુળગી વિસરી ન જાય, એટલી સંભાળ આપ રાખશો. ”

‘ મેરી અપેલી મત ભુલિયો ’ એ સુત્રાનુસાર પરમાર્થ સાથે સ્વાર્થની વાત પણ લુત્ફુન્નિસાએ બેગમની આગળ મૂકી દીધી. બેગમ હસીને બોલી,–“ તું શું કરવા ગભરાય છે ? મારૂં માન કે ના માન, પણ તું એવી તો રૂપવતી છે કે આગ્રાના જે અમીરને તું તારા શૌહર (પતિ) તરિકે પસંદ કરવા ચાહીશ તેની બીબી તું સહેલાઇથી બની શકીશ. તારો શૌહર પાંચ હજાર અશરફીનો મુન્સફદાર બનશે એની ખાત્રિ રાખજે ! ”

લુત્ફુન્નિસાને સંતોષ થયો. તેણીનો ઉદ્દેશ પણ આ જ હતો. રાજનગરીમાં રહીને જે શાહજાદા સલીમ સાથે અનેક સુખી દિવસો ગુજારેલા, તે શાહજાદાને અન્ય રમણીની મોહજાળમાં લુબ્ધ બનેલો જોઇને જીગરને જલાવવું અને મહિર–ઉન્–નિશાની સખી મટીને દાસી બનીને રહેવું એના કરતાં કોઇ આબરૂદાર અને સત્તાધારી ઉમરાવની પત્ની તરિકે રહેવું શું ખોટું ? ધીમે ધીમે લુત્ફુન્નિસાને શુદ્ધિ આવતી જતી હતી કે અહીં તહીં અને સઘળે ભ્રમણ કરનારી ભામિનીનું કહેવાતું સુખ એ મૃગજળ સમાન જ છે ! તે કેવળ પ્રેમનો વિક્રય છે ! રૂપનું લીલામ છે ! ઇશ્કની હરરાજી છે ! પાકદામનની લૂંટાલૂટ છે ! ! એટલે હવે આગ્રાના કોઇ પ્રસિદ્ધ ઉમરાવની પરણેલી પત્ની બનવું એ યોગ્ય જ છે એમ તેણીને જણાવા લાગ્યું હતું.

એક તો આ કારણ હતું અને બીજું કારણ એ હતું કે શાહજાદા સલીમની અન્ય લલના ઉપરની આસક્તિ તેણીના હૃદયમાં બાવળની શૂળની માફક ખુંચતી હતી, અને તે શાહજાદા સલીમના ઉપર વેર લેવા ઇચ્છતી હતી. આથી પણ તેણીએ આ કામમાં ઝંપલાવ્યું હતું.

સંસાર વ્યવહારના કડવા મીઠા અનુભવ લઇ ચુકેલા અમારા

કેટલાક વાચકો સમજી શકશે કે સ્ત્રીઓનો સ્વભાવ કેવો વિલક્ષણ હોય છે. પુરૂષના કરતાં કામપિપાસા સ્ત્રીને દશ ઘણી અથવા તેથી પણ વિશેષ હોય છે. પરમકૃપાળુ પરમાત્માએ કૃપા કરીને સ્ત્રીનામાં લજ્જા રૂપી મર્યાદાનું ગાઢ આવરણ મૂકેલું છે. તેમ ન હોત તો જગતમાં અનેક ઉત્પાત મચી રહેત! એક સ્ત્રી જ્યારે પોતાના પ્રિયતમને ચહાવા માંડે છે ત્યારે તે તેના ઉપર એટલા બધા અનુરાગથી આસક્ત બને છે કે તેની સીમા જ નથી રહેતી. એક ઓરત તે વેળાએ પોતાના પ્રિયતમને માટે જાન આપવાને પણ પાછી પાની નથી કરતી. તે ગમે તેવી કુલટા અગર દુરાચરણી સ્ત્રી હશે પણ પોતાના પ્રિયતમને માટે હજારો આપત્તિઓનો સામનો કરવાને તે તૈયાર થશે. તે વખતે તે નહિ જુએ પોતાના પ્રિયતમનુ રૂપ કે નહિ જુએ તેની સંપત્તિ. નહિ જુએ પોતાની જાત ઉપર પડનારાં સંકટનો ભાવિ ચિતાર કે નહિ જુએ લાજ અગર માન મર્યાદા. તે ગમે તેવું સાહસ ખેડવાને તૈયાર થશે. સ્ત્રીનો અનુરાગ—સ્ત્રીની આસક્તિ—સ્ત્રીનો પ્રેમ—આવા પકારનો છે. પણ એ પ્રેમ જતો રહ્યો, અને તે ધિક્કારમાં ફેરવાઇ ગયો તો તે માણુસના ભોગ લાગ્યા સમજવા. જે પુરૂષને માટે તે પ્રમદા પોતાનું સર્વસ્વ અર્પણ કરવા એક વેળાએ તૈયાર થતી હતી તેનું સર્વસ્વ હરણ કરી તેને પાયમાલ અને ખસ્તેખુહાર કરી દુઃખના ડુંગરની ટોંચે તેને ચડાવવામાં તે સ્હેજ પણ પાછી પાની નહિ કરે! આવા વિલક્ષણ સ્વભાવથી સ્ત્રી દુનિયામાં પેદા થઇ છે. લુત્ફુન્નિસાની પણ હવે આવી દશા થઇ હતી. તેનો પ્રેમ ધિક્કારમાં ફેરવાઈ ગયો હતો.

ખાન આજમ વિગેરે આગ્રા અને દીલ્હીના અમીર ઉમરાવ લોકોમાં લુત્ફુન્નિસાનો વગવસીલો જબરો હતો. તે ઉપરાંત ખાન આજમ પોતાના જમાઇના ભલાને માટે પ્રયત્ન કરે તેમાં નવાઈ જેવું પણ શું હતું? આ કાર્યમાં બીજા અમીર ઉમરાવો પણ સમ્મત થયા. ખાન આજમે લુત્ફુન્નિસાને કહ્યું,—" લુત્ફુન્નિસા! કોઇ પણ કાર્ય ઉપાડતા પહેલાં તેનું પરિણામ શું આવશે એનો ડાહ્યા માણુસોએ વિચાર

કરવો ઘટે છે. આપણે આ કાર્યમાં સફળ ન થયા તો પરિણામમાં આપણી કેવી ભયાનક પાયમાલી થશે તેનો પણ આપણે વિચાર કરવો જોઇએ. "

લુત્ફુન્નિસા,–" આપની ત્યારે આ બાબતમા શી આજ્ઞા છે ? "

ખાન આજમ,–" ઓરિસામાં મોગલ સત્તા હજુ જોઇએ તેવી જામેલી નથી. ત્યાંનું લશ્કર આપણા કબજામાં આવી જાય તો ઘણુ સારૂં થાય. તારા ભાઇ ઓરિસામાં મુન્સફદાર છે. કાલે હું અહીં જાહેર કરી દઇશ કે તેઓ લડાઇમાં જખમી થયા છે. તું તેમને જોવાને બહાને કાલ ને કાલ અહીંથી રવાના થઇ જજે, અને ત્યાંથી બધો બંદોબસ્ત કરીને જલદીથી પાછી ફરજે. "

લુત્ફુન્નિસાએ આ કાર્યમાં સમ્મતિ દર્શાવી. તે ઓરિસા ગઇ. ત્યાંથી પાછા ફરતી વખતે નવકુમારની સાથે તેને ધર્મશાળામાં મેળાપ કેવી રીતે થયો એ અમે વાચકોને આગળ જણાવેલું છે.

પ્રકરણ ૩ જું

કારસ્થાનમાં નિષ્ફળતા

" जा माटीमें अन गिरैं, उठे ताहि पुनि धारि।
एकहि बार निरास है, कौन रहे मन मारि ॥
गर्यो पौन के चकमें, तउं न छोडौं हाल ।
आज बिफल जो व्है गयो, सफल होयगी काल ॥ "

नवीन तपस्विनी।

" દુઃખના દિન કાલે વામશે, ને જીવતો નર ભદ્ર પામશે. "

—કવિ શામળ ભટ્ટ.



જે દિવસે નવકુમાર ધર્મશાળામાંથી અને મોતીબીબી ઉર્ફે લુત્ફુન્નિસા બર્દવાન તરફ જવા નીકળી હતી તે દિવસે તે બર્દવાન સુધી જઈ શકી નહોતી. માર્ગમાં તેણે બીજી ધર્મશાળામાં ઉતારો લીધો હતો. આ ઠેકાણે આપણે અત્યારે તેને અને તેની બાંદી પેશ્મનને બેઠેલાં જોઇએ છીએ. બન્ને જણીઓ આપસઆપસમાં વાતચીત કરી રહી હતી.

મોતીબીબી પેશ્મનને પૂછવા લાગી,–" પેશ્મન ! મારા શૌહ-રને તું કેવો ધારે છે ? "

પેશ્મન આશ્ચર્ય પામીને બોલી,–" હું કેવા ધારૂં ? "

મોતી,—" ખુબસુરત છે કે નહિ ? "

પેશ્મન નવકુમાર ઉપર ક્રોધે ભરાયલી હતી. જે દાગીના

મોતીએ કપાલકુંડલાને આપ્યા હતા તે દાગીના ઉપર પેશ્મનની ખાટી મિઠી નજર હતી. તેના મનમાં એક આશા હતી કે લાગ જોઇને કોઇ દિવસે થોડા ઘણા દાગીના માગી લઇશ એટલે મારા ભવની ભાવઠ ભાગી જશે પણ આ તો " આશનાં ભવન આકાશ સુધી રચ્યાં, મૂરખ ત્યાં મૂળ છે ભીંત કાચી, " એવી દશા થઇ ગઇ હતી. હવે દાગીના મળવાની આશા સમૂળગી જતી રહી હતી. આ કારણથી કપાલકુંડલા અને તેના સ્વામી ઉપર પેશ્મનને જબરો ગુસ્સો આવેલો હતો. તેથી તે બોલી,–" બળ્યું બાઇ ! રસ્તાનાં રખડતા ગરીબ બા'મણાની વળી ખુબસુરતીએ શી ને બદસુરતીએ શી ? એવા તો ઘણાય ભામટાઓ રસ્તામાં રખડે છે ! "

બાંદીના પેટમાં દુઃખતું હતું અને તે માથું કુટવા સરખી વાત કરતી હતી તે સમજી જતાં ચતુર ચપળાને વાર ન લાગી. તે મુખડું મલકાવીને બોલી,–" એ જ બ્રાહ્મણ જો દીલ્હી અને આગ્રાના મોટા ઘરના અમીર ઉમરાવોની હારમાં બિરાજી જાય તો તો તે ખુબસુરત લાગે કે નહિ ? પેશ્મન ! તું જાણે છે કે ગરિબ લોકોનો એક વેળાએ વિનાશ થઇ જાય તો તેઓનો પુનરૂદ્ધાર અસંભવિત છે. પણ અમીર ઉમરાવોની સ્થિતિ તેવી નથી. વાજાં અને વાંદરાની ઉપમા લાયક રાજાની એક તીરછી નજર જેવી રીતે એક ઉમરાવને ખાના ખરાબીની ઉંડી ખાઇમાં ધકેલી પાડે છે તે જ મુજબ તેના કૃપા કટાક્ષથી રસ્તાના રખડતા ભિખારીને પણ ઉમરાવ પદ પ્રાપ્ત કરી સુખ સમૃદ્ધિ અને ઐશ્વર્યમાં અમન–ચમન કરતાં વધારે વાર લાગતી નથી. "

પેશ્મન,– " પણ, તમે તે ઉપરથી કહેવા શું માગો છો ? "

મોતી,– " તું જાણે તો છે કે બેગમ સાહેબે ખુશરૂ બાદશાહ બને તો મારા પતિને ઉમરાવ બનાવવાનું કબુલ કર્યું છે. "

પેશ્મન,– " પણ તમારા પહેલા ભરથાર—રીતે ઉમરાવ થઇ શકે ? મિયાં મહાદેવનો ક્યાં જોગ ખાય? "

મોતી;-"ક્યાં પેશ્મન? ક્યાં જોગ ન ખાય? તું નથી જાણતી કે શહેનશાહ અકબરે હિન્દુ અને મુસ્લીમ ઐક્યતાને માટે જે પ્રયત્નો કર્યા છે તેનું ફળ જો હાલ નહિ તો પછીથી કોઈ વખતે પણ સારૂ અવશ્ય આવશે જ. અલી અને ઓંકાર (ૐકાર) નો એકાકાર થતા વાર નહિ લાગે. હિન્દમાતાના સંતાનો જ્યારે સમજશે કે હિન્દુ અને મુસલમાન એ ભાઇઓ જ છે ત્યારે જ તેઓ સુખી થશે. પણ જો વચ્ચે ધર્માંધ અને એકદૃષ્ટીએ જોનારા શહેનશાહનું સામ્રાજ્ય થશે, તો પરિણામમાં બીજાઓ ફાવી જશે. માટે આ તો ઐક્યતાનો જમાનો છે. તે પ્રસંગે, રાજપૂત ઓલાદથી ઉત્પન્ન થએલા અર્ધ હિન્દુ અને અર્ધ મુસલમીન શહેનશાહના સામ્રાજ્ય કાળમાં મારા હિંદુ પતિ શા માટે ઉમરાવપદ પ્રાપ્ત નહિ કરે ? પણ જો ! જો ! પેલું કોણ આવે છે ? "

પેશ્મન,-" ખાન આઝમનો કોઇક નોકર હોય એવું લાગે છે. "

આ નવીન માણસના આગમનથી બન્નેનાં હૃદય આકુળ વ્યાકુળ બની ગયાં. તે નોકર એક સીલબંધ રૂકકો લાવ્યો અને તેને મોતી બીબીના હાથમાં આપ્યો, અને બોલ્યો, "આ લિફાફો આપને માટે લઇને હું એરિસા જતો હતો. ઘણો જરૂરી પત્ર છે. "

મોતી બીબીએ પત્ર વાંચ્યો. પત્ર વાંચતાં જ તેનું મ્હોં કાળું મેશ જેવું થઇ ગયું. તેના હાથ થર થર ધ્રુજવા લાગ્યા, નિરાશા અને ભાવિ અમંગળની આશંકાઓથી તેના જીગરમાં ભયાનક ઉત્પાત મચી રહ્યો. આ સત્યાનાશી ભરેલા સમાચારવાળા રૂક્કામાં શું હતું તે અમે નીચે આપીએ છિએ.

" આપણી મહેનત બરબાદ ગઇ છે. આ તો લેને ગઇ પુત ઓર ખોઇ આઇ ખસમ એવો મામલો થઇ ગયો છે. મરતી વેળાએ પણ શહેનશાહ અકબરે પોતાના બુદ્ધિબળ અને દીર્ઘદૃષ્ટીથી અમને હાર આપી છે. મરતી વેળાએ તેણે શાહજાદા સલીમને તખ્તનશીન કરવાની વ્યવસ્થા કરી દીધી હતી. હાલ અકબરશાહનો અંતકાળ થયો છે અને તેમની ઇચ્છાનુસાર શાહજાદા સલીમ જહાંગીર નામ

ધારણ કરીને ગાદીએ બેઠા છે. હવે ખુશરૂને માટે પ્રયત્ન કરવો નકામો છે. કમભાગ્યે તેના જીવનને માટે પણ અત્યારે ભારે વિપત્તિનો પ્રસંગ આવી પડયો છે. તમે હવે સાવધાન રહેજો, અને આપણા ઉપર કાંઇ જોખમ ન આવે તેમ સંભાળથી વર્તજો. તમે ચતુર છો. વિશેષની શી જરૂર છે ? જલ્દીથી આગ્રા ચાલ્યાં આવો. ”

રાજનીતિ નિપુણ અને દીર્ઘદૃષ્ટિવાળા અકબરે કેવી યોજના કરીને ખુશરૂને તખ્તનશીન કરવાનું કાવત્રુ નિષ્ફળ બનાવી દઇ પોતાના પ્રિય પાટવી કુંવરને ગાદીએ બેસારાવ્યો હતો એ સર્વ ઇતિહાસપ્રસિદ્ધ ઘટના છે. અને તેથી અમે અત્રે તે સંબંધી કાંઇ પણ ઉલ્લેખ કરવા માગતા નથી. છતાં જે વાંચકોને આ સંબંધી વિશેશ હકીકત જાણવા ઇચ્છા હોય અને જેણે હજુ સુધી વાંચ્યું ન હોય તેઓને સુપ્રસિદ્ધ બંગીય લેખક બાબુ હરિ સાધન મુખોપાધ્યાયની બંગાળી નવલકથા ઉપરથી ગુજરાતી ભાષામાં “ શાહજાદો ખુશરૂ ” નામની અનુવાદિત થયેલી સચિત્ર અને રસમય વાર્તા જે મુંબાઇથી પ્રગટ થતા સુપ્રસિદ્ધ સચિત્ર માસિક “વીસમી સદી”માં પ્રસિદ્ધ થઇ ગઇ છે તે વાંચવા સુચવીએ છિએ આટલો ખુલાસો કરીને હવે આપણે આપણી વાર્તામાં આગળ વધીશું.

મોતીબીબીએ ઇનામ આપીને સંદેશો લાવનારને વિદાય કર્યો, અને પેસ્મનને પત્રની સર્વ હકીકત સમજાવી.

પેસ્મન બોલી,–“ હવે ત્યારે શું કરીશું ? ”

મોતી બીબી,–“ હવે શું કરવું એ તો મને પણ સુઝતું નથી. ”

પેસ્મન થોડીક વાર વિચારમાં પડી અને પછી બોલી,–“ હશે; તેમાંથી શું ? ભોંય ઉપર ઉભા રહેનારને પડવાની ચિન્તા શી ? મોગલ બાદશાહના રંગમહેલમાં દાસી થઇને રહેવું તે ગમે તેવા ઉમરાવની પત્ની બનીને રહેવાના કરતાં વિશેષ છે. ”

મોતીબીબી,–“ નહિ પેસ્મન ! નહિ; હવે તેમ નહિ બને. હવે એમ નહિ રહેવાય. મહિર–ઉન–નિસાની સાથે જહાંગીરનો હવે વિવાહ થશે. હું મહિર–ઉન–નિસાને બચપણથીજ ઓળખું છું. પોતાના સ્વરૂપ,

ચાતુર્ય અને કાર્યદક્ષતાના પ્રભાવે તે જહાંગીરના હૃદયમંદિરની મહારાણી બનશે એટલુંજ નહિ, પણ મુગલ સલ્તનતની શહેનશાહબાનુ બનશે. ધીમેધીમે તે સર્વ અધિકાર પોતાના હાથમાં લઇ લેશે. અને જહાંગીર માત્ર નામનો જ બાદશાહ રહેશે. મેં જહાંગીરને ગાદીએ ન બેસાડવાને માટે જે કાવત્રામાં ભાગ લીધો હતો તે પણ તે જાણી જશે; અને પછી મારી હાલત વિપરીત થઇ જશે."

પેશ્મન ગભરાઇને બોલી,—"હાય ! હાય ! બાઈ ! ત્યારે હવે આપણે શું કરીશું ? આ તો ભયંકર હિસાબે વાત થઈ ગઈ !"

મોતીબીબી,—"ગભરાઈ જવાનું કાંઇ કારણ નથી. સંકટ સમયે ગભરાઇ ન જતાં સમયસૂચકતા વાપરી તેમાંથી નીકળી જવાનો રસ્તો શોધી કાઢે તે જ હિમ્મતવાન કહેવાય. હજારો નિરાશામાં પણ આશા છુપાએલી હોય છે. હવે મારી એક ઉમેદ છે. મહિર-ઉન્-નિસાનું જહાંગીર તરફ કેવું વલણ છે તે જાણવાની જરૂર છે. તે યવન બાળાના સ્વભાવને હું અચ્છી રીતે પીછાણું છું. જો જહાંગીર તરફ તેનું હૈયું દોડતું નહિ હોય તો જહાંગીરના સર્વ પ્રયત્નો નકામા છે. મહિર-ઉન્-નિસાને પ્રાપ્ત કરવાની તેની આશા આકાશકુસુમવત્ છે. એક નહિ પણ સેંકડો શેર અફઘાનોની કતલ ચાલે તો તે પણ નકામું છે. જો મહિર-ઉન્-નિસા જહાંગીરને ચહાતી હશે ત્યારે તો કોઇ ઉપાય નથી."

પેશ્મન,—"એ વાત બરાબર છે. પણ મહિર-ઉન્-નિસાના દિલની વાત આપણે શી રીતે જાણી શકીશું ?"

મોતીબીબી હસીને બોલી,—"લુત્ફુન્નિસા શું નથી કરી શકતી? મહિર-ઉન્-નિસાની હું મહેમાન બનીશ."

પેશ્મન,—"જો મહિર-ઉન્ નિસા બાદશાહની પરવા ન કરતી હોય તો આપણે કયો માર્ગ લઇશું ?"

મોતીબીબીએ કાંઇ જવાબ ન દીધો. પેશ્મન બોલી,—"કાંઇ નવી યોજના સૂઝી કે ?" મોતીબીબી અથવા વાચકોની પૂર્વ પરિચિત પ્રસંગાવતી ઉર્ફે લુત્ફુન્નિસાએ જવાબ ન આપ્યો. તે ચુપ જ રહી.

" શ્યામાદન્યો [illegible] ...... [illegible]

[illegible] ...... [illegible]

આ વખતે [illegible] મુખેદાર [illegible] શેર અયોધ્યામાં હતા. [illegible] તેનું સુંદર [illegible] [illegible] થી સંચાલિત

પરમ સ્વરૂપવતી પત્ની મહેર-ઉન્-નિસા સાથે [illegible]

[illegible] માં રહેતો હતો.

[illegible] અયોધ્યાના [illegible]

[illegible]

[illegible]

[illegible]

પોતાની સ્ત્રી સાથે આગ્રામાં રહેતો હતો ત્યારથી જ મહેર-ઉન્-નિસાનો [illegible] 'તુરિક' શેર [illegible] મોતીબીબીને [illegible] રીતે ઓળખતો હતો. "મહેર [illegible] પતિએ તેનો ઘણો સારો આદર સત્કાર કર્યો.

મોતીબીબી વિચાર [illegible] સલ્તનતની અધિકારી થવાનું [illegible] હશે ? " [illegible] મહેર-ઉન્-નિસા પણ તેવો જ વિચાર કરતી હતી, અને તે પણ લુત્ફ-ઉન્-નિસા (મોતીબીબી) ને પૂછીને આ સંબંધી હકીકત જાણવા માગતી હતી. અર્થાત અત્યારે તો એક [illegible] અને [illegible]

તેનો ભાઇ ઘંટીચોર, એવો ઘાટ હતો. બન્ને એક બાજાના મનની મુરાદ જાણવાને આતુર હતાં.

વાચકોને અમે અત્યાર અગાઉનું જણાવી ચુક્યા છીએ કે મહિર-ઉન્-નિસા એ વખતે ભારતવર્ષમાં પ્રધાન રૂપવતી અને ગુણવતી ગણાતી હતી. વસ્તુતઃ એવી રમણી ભૂમંડળમાં જવલ્લે જ પ્રગટ થતી હશે. સૌંદર્યના વિષયમાં ઇતિહાસપ્રસિદ્ધ સ્ત્રિયોમાં તેની પ્રધાનતા સર્વ ઇતિહાસકારો સ્વિકારે છે. સ્કોટલૅન્ડની રાણી મેરી, ફ્રાન્સની મેરી ઍન્ટની, મીસરની મહારાણી કલીઓપેટ્રા અને એવી અનેક જગત્પ્રસિદ્ધ ઐતિહાસિક રમણીઓના સૌંદર્ય સાથે સરખાવતાં પણ મહિર-ઉન્-નિસાના સૌંદર્યની વાત જુદી જ હતી. કેવળ રૂપ અને ગુણમાં જ નહિ પણ વિદ્યામાં પણ મહિર-ઉન્-નિસા સમાન [illegible] રમણી ભાગ્યે જ તે જમાને હશે. ઘણાઘણા વિદ્વાનોની સાથે પણ મહિર-ઉન્-નિસાની વિદ્વત્તાની તુલના થઇ શકે એમ [illegible] નૃત્યકળા, અને સંગીતશાસ્ત્રમાં મહિર-ઉન્-નિસાનું કૌશલ્ય અદ્વિતીય હતું. સ્ત્રીજાતિને શોભે એવી શિલ્પ કળાઓમાં પણ મહિર-ઉન્-નિસા અત્યંત નિપુણ હતી. ચિત્રકળા અને કવિત્વશક્તિના પોતાના પ્રભાવથી તે સર્વનાં મનને મોહ પમાડતી [illegible] [illegible] વિદગ્ધતાપૂર્ણ વાતો તેના સૌંદર્ય કરતાં પણ વિશેષ મોહક લાગતી [illegible] જેવી રીતે એક [illegible] [illegible] રૂપ [illegible] તેવી જ રીતે આ બાબતમાં મહિર-ઉન્-નિસા તેનાથી પણ ચડે એવી હતી. આવી રીતે આ બન્ને વિલક્ષણ [illegible] [illegible]

[illegible] મહિર-ઉન્-નિસા [illegible] ચિત્ર [illegible] જોતી [illegible] ચિત્ર [illegible] [illegible] [illegible]

એવું. અફસોસની વાત છે કે તમારા જેવી આદર્શ ચિત્રકળા બીજા કોઇને નથી આવડતી. ”

મહિર,—“ બીજા કોઇને નથી આવડતી, તેમાં તું શું કરવા દીલગીર થાય છે ? ”

મોતી,—“ જો બીજાને તમારા જેવી ચિત્રકળા આવડતી હોત તો તમારા સુંદર મુખડાની તસ્વીર કાઢી લઇને જગતમાં તે અમર કીર્તિ પામ કરત ”

મહિર—“ કબરની મટોડામાં આ ચહેરાનું ચિત્ર રહેશે. ”

મોતી,—“ કેમ, બ્હેન ! આજ એમ ઉદાસ કેમ છો ? ”

મહિર,—“ ઉદાસ નહિ તો બીજું શું ? કાલ સવાર તો તું મને છોડી જઇશ એ મારાથી કયમ કરીને ભુલાય ? શું બીજા બે દિવસ ન રહેવાય ? ઘણા દિવસે મળવા આવી અને એમ જતી રહે તે શું સારી વાત કહેવાય ? ”

મોતી —“ બ્હેન ! મને તો અહીં રહેવાની ઘણી મરજી છે. હું પણ કંટાળી ગઇ છું અને થોડા દિવસ તારા સહવાસમાં વીતાડવા ઇચ્છું છું. પણ શું કરૂં ? હું પારકાના આધારે પડી છું. તેથી શી રીતે રહું ? ”

મહિર,—“ મારા ઉપરથી તારૂં મન જ હવે ઉઠી ગયું છે. આપણી પહેલાંની મહોબત તું વિસરી ગઇ છે. નહિ તો કોઇ પણ રીતે રહી શકાત. જ્યાં ઇચ્છા હોય ત્યાં એનો ઉપાય આપોઆપ મળી આવે છે. ”

મોતી,—“ તુ મારે માથે ખોટું આળ મૂકે છે. મેં બધી હકીકત તો તને સમજાવી છે. મોગલ સૈન્યમાં મારા ભાઇ મુન્સફદાર છે. તે લડાઇમાં જખમી થયા હતા. તેથી બેગમની રજા લઇને તેને જોવાને આવી હતી. ઓરીસામાં બહુ દિવસ થઇ ગયા. વધારે દિવસ કોઇ પણ ઉપાયે હવે રહી શકાય એમ નથી. તને ઘણા લાંબા વખતથી જોઇ નહોતી એટલે મળવાની ઉમેદ હતી. તેથી બે દિવસ આ તરફ આવી ગઇ. ”

મહિર–ઉન્–નિસા,—" બેગમની પાસે જવાનો કયા દિવસનો કરાર કર્યો છે!"

મોતી સમજી ગઈ કે મહિર–ઉન્–નિસા કટાક્ષમાં આમ બોલે છે. તે આવી બાબતમાં છેકેછેક દબાઇ જાય એવી નહોતી. તે બોલી–" દિવસ તો નક્કિ નથી કર્યો. ત્રણ મહિનાના આવવા જવાના માર્ગમાં ક્યાંક દિવસ મુકરર થતો હશે? પણ એટલું તો ખરૂં કે હવે બહુ દિવસ થઇ ગયા છે, અને વધારે દિવસ રહેવાથી નાહકની ખફગી વ્હોરી લેવી પડે."

મહિર–ઉન્ નિસા પોતાની ભુવનમોહિની પદ્ધતિથી મંદ મંદ સ્મિત કરતી બોલી,–' અલી? કોની ખફગીનો ડર છે? હજરત સલીમની કે તેમનાં બેગમસાહિબાની?!"

મોતી પણ સ્હેજ હસીને બોલી,—" તું ક્યાં બધું નથી જાણતી? નાહક શા માટે શરમાવે છે? બન્નેની ખફગીનો ડર છે."

મહિર–ઉન્–નિસા આ તકનો લાભ લઇને મૂળ મુદ્દા ઉપર આવતાં બોલી,—" ત્યારે તને જો બેગમ સાહેબનો ડર હોય તો તું જ કાં બેગમ નથી બનતી? સાંભળ્યું હતું કે શાહજાદા સલીમ તારી સાથે નિકાહ કરીને તને પોતાની ખાસ બેગમ બનાવવા ઇચ્છે છે. તે હવે ક્યારે? શાદી મુબારકની મીજલસમાં હવે મને ક્યારે ઇજન આપે છે?!"

મોતી,—" હું તો પારકાના કબજામાં છું. બેગમની બાંદી અને સહચરી હતી તેથી તો આટલે સુધી આવવા પામી. સલીમની બેગમ બનવાથી તો મોગલ રંગમહેલમાંથી ખસાય પણ નહિ."

મહિર,—"જે મોગલ સમ્રાટ્‌ની મહારાણી બને તેને ઓરિસા શા કામે આવવાની જરૂર પડે? હજારો દાસદાસીઓ તેની તહેનાતમાં ખડે પગે તૈયાર જ હોય છે."

હવે મોતીનો પણ વારો આવ્યો. તે દૃઢ સ્વરથી બોલી,–"સલીમની બેગમ બનવાનો વિચાર મેં સ્વપ્નમાં પણ નથી કર્યો. હિન્દુ-

સ્તાનમાં સલીમની બેગમ બનવાને લાયક કેવળ જગજ્જ્યોતિ મહિર-ઉન્-નિસા જ છે!"

મહિર-ઉન્-નિસાએ માથું નીચું નમાવી લીધું. તે થોડીક વાર ચુપ રહી. પછી તે ધીમેથી બોલી,—" બ્હેન! હું સમજી નથી શકતી કે તું અહીં મારા અંતરની વાત જાણવાને આવી છે કે મને દુઃખ દેવા આવી છે, પણ તારે વિનતીને કહું છું કે હું તો જેની છું (શેર અફઘાનની) તેની જ છું; બીજી વાત ન કરીશ."

મોતીબીબી જરાક પણ ન ગભરાતાં બોલી,—" તારી ટેક હું જાણું છું. તેથી તો તને ચેતાવવા આવેલી છું. સલીમ હજુ તને ભુલી નથી ગયો. માટે સાવધાન રહેજે!"

મહિર-ઉન્-નિસા,—" ઠીક; હવે સમજી, પણ મને ચેતી રાખવાનું શું કારણ છે? મારે કેવા પ્રકારની બીક રાખવી?"

મોતી આમ તેમ નજર કરીને બોલી,—" ખુન થવાની!"

મહિર-ઉન્-નિસા અભિમાનપૂર્વક બોલી,—" ખુન! શું મારા ખાવિંદ [illegible] છે? આ તો શહેનશાહ અકબરનું રાજ્ય છે, કાંઈ પઠાણ કે બાદશાહોનું નથી. શહેનશાહ અકબરના જમાનામાં તો શાહજાદા પણ શું કે ગમે તે કરી શકે એમ નથી."

મોતી બીબી,—" તે ખરૂં; પણ તને આગ્રાથી છેલ્લા સમાચાર કંઈ મળ્યા હોય એમ નથી લાગતું. અકબરશાહ જન્નતનશીન થયા છે; અને તેમની જગાએ શાહજાદા સલીમ જહાંગીર નામ ધારણ કરીને ગાદીએ બેઠા છે. હવે તેમને કોણ રોકશે?"

મોતીબીબી પાછી તીક્ષ્ણ દૃષ્ટિથી મહિર-ઉન્-નિસાના સામું જોવા લાગી. મહિર-ઉન્-નિસાએ માથે હાથ દઈ દીધો, તેણીનું અંગેઅંગ થરથર કંપવા લાગ્યું. તેણીનાં ચક્ષુઓમાંથી અવિરલ આંસુ વહન થવા લાગ્યું. મોતી બોલી,—" તું રડે છે કેમ?"

મહિર-ઉન્-નિસા નિઃશ્વાસ નાખીને બોલી,—" સલીમ [illegible] ઉપર, અને અત્યારે હું ક્યાં છું? હાય!"

[illegible]

[illegible] તેને તો નહિં [illegible] પેટમાં ખીર રહે તો ઓરતના પેટમાં વાત રહે એ કહેવતને આજે મેં સિદ્ધ કરી [illegible] અનુસાર મારા [illegible]

[illegible] મહિર-ઉન્-નિસાએ મારે, મારે શું કહ્યું ? તે વેળાએ મારે શો જવાબ દેવો [illegible]

મહિર-ઉન્-નિસા થોડીક વાર વિચારમાં પડી. પછી તે બોલી,—" શુદ્ધ બનેલી સહીયરને જણાવ કે મહિર-ઉન્-નિસા અંતરથી તેની ઇચ્છા આપશે, કરશે, કામ પડશે તો તેને માટે [illegible] આપશે. પણ જીવ જતાં પણ મારી ખાનદાની [illegible] નહિ મળવા દઉં. મારા પાક દામનને ડાઘ નહિ લાગવા દઉં. એટલે સુધી કે મારા સ્વામીની હયાતિ સુધી મારું મુખ પણ હું તેને નહિ બતાવું. અથવા હજુરની મરજીથી મારા ખાવિંદને કાંઈ થશે તો નહિ માનવું કે મારા સ્વામીની કતલ કરાવનારે ખૂનીનું હું સ્વપ્ને પણ [illegible]

એમ કહીને [illegible] પણ ઉભી થઈ ગઈ. મહિર-ઉન્-નિસાના અંતરની વાત જાણી જવામાં તે ફતેહમંદ થઈ હતી. પોતે મહિર-ઉન્-નિસાના મનની

વાત જાણી લીધી પણ મહિર–ઉન્–નિસાને પોતાના મનની મુરાદ સ્હેજ પણ જાણવા ન દીધી એ મોતીની બીજી જીત હતી. જે સ્ત્રી પોતાની બુદ્ધિબળના પ્રભાવથી પાછળથી દિલ્લીશ્વરી બનવાને ભાગ્યશાળી થઇ હતી તે પણ અત્યારે તો ચતુર મોતીબીબીની કપટકળાથી પરાજીત બની ગઇ. આનું કારણ માત્ર એ હતું કે મહિર–ઉન્–નિસા પ્રણય-શાલિની હતી જ્યારે મોતીબીબી સ્વાર્થપરાયણ હતી.

માનવસ્વભાવ પારખવામાં મોતીબીબી નિપુણ હતી. તે સમજી ગઇ કે સ્ત્રીઓના સ્વભાવિક શરમાળ સ્વભાવ અને અભિમાનને અનુસરીને હમણાં મહિર ગમે તેમ કહે છે, પણ તેનો પ્રેમ જહાંગીર ઉપર હોવાથી તે પોતાના હૃદયના વેગને રોકી નહિ શકે. અંતે પણ સાકર દુધમાં પીગળી જશે; અગ્નિ આગળ મૂકેલું પત્થર સરખું ઘી પણ નરમ બની જશે. શહેનશાહ જહાંગીરની મનોવાંચ્છના સફળ થશે.

આ પ્રસ્તાવથી મોતીબીબીની સર્વ આશાઓનો અંત આવી ગયો. પણ શું તેથી તે અત્યંત દુઃખી થઇ? ના. તેમાં તેને થોડાક સુખનો પણ અનુભવ થયો. પોતાને કયા કારણથી આ સર્વનાશના સમયમાં સંતોષ થયો તે મોતી ન સમજી શકી. તેણીનું હૃદય કયા વિચિત્ર માર્ગે વલણ લેતુ હતું તે સમજવામાં તેણી નિષ્ફળ નિવડી. ભલા વાંચનાર! કહો તો, કે જ્યારે મોતીબીબી પોતે જ પોતાની સ્થિતિને નથી જાણતી ત્યારે અમે તે કેવી રીતે જાણીએ અને તમને જણાવીએ? માટે હાલ તો આપણે આ સંતોષનું કારણ શોધી કાઢવા થોડોક વખત થોભવું પડશે.

મોતીબીબીએ આગ્રા તરફ પ્રયાણ કર્યું. ધીમે ધીમે તેને પોતાના ભાવિ જીવનક્રમની કાંઇક ઝાંખી થવા માંડી.

પ્રકરણ ૫ મું

શાહેનશાહની સમીપમાં

धिक् तां च तं च मदनं च इमां च मां च ।

—भर्तृहरी ।

" अब जाया के भाव सों, मत जानो मोहि । "

धारा. ला काव्य ।

" ધિક ! યુવા, ધિક ! મુજને,
" ધિક ! કામવિકારજી,
" જેણે રે ભુલાવી મુને સત્યથી,
' કર્યા નીચ વિચારજી ! "

—" ભરથરી નાટક "



મોતી યોગ્ય સમયે આગ્રા આવી પહોંચી. હવે આપણે મોતીને લુત્ફુન્નિસાના નામથી ઓળખીશું તો પણ વાંધો નથી. પ્રવાસ દરમ્યાન પોતાની સ્થિતિ વિષે વિચાર કરવાથી લુત્ફુન્નિસાની અંતરેચ્છામાં પુષ્કળ ફેરફાર થયો હતો.

આગ્રા આવીને તે જહાંગીરને મળી. જહાંગીર સીંહાસનારૂઢ થઈ ગયો હતો; અને ખુશરૂનું કપટ પકડાઈ આવવાથી તેના તેણે બુરા હાલ કર્યા હતા. પણ તેમાં લુત્ફુન્નિસાવાળું કાવત્રું છુપું જ રહ્યું હતું એટલે લુત્ફુન્નિસાને માટે તેના હૃદયમાં પૂર્વના જેવો જ અનુરાગ કાયમ રહ્યો હતો. જહાંગીરે તેણીના ભાઈના સમાચાર તથા પ્રવાસની હકીકત પૂછી. બર્દવાનની વાત નીકળતાં લુત્ફુન્નિસાના ધારવા પ્રમાણે જ જહાંગીરે તેણીને પૂછ્યું,–' કહે છે કે મહિર-ઉન્-નિસાની પાસે તું બે દિવસ રહી આવી છે. તેણે મારી શી વાત કરી હતી ? "

લુત્ફુન્નિસાએ જરાક પણ છુપાવ્યા સિવાય બધી હકીકત કહી

દીધી. તે સાંભળીને બાદશાહ [illegible] લુત્ફુન્નિસા બોલી, "જહાં-
પનાહ ! બાંદીએ ખુશ ખબર આપી પણ કાંઈ ઇનામ ન મળ્યું !"

બાદશાહ હસીને [illegible] માગણી જબરી છે !"

લુત્ફુન્નિસા,—"તેમાં મારો શો કસુર ?"

બાદશાહ,—"દીલ્હીના શહેનશાહને બાંદિમ (ગુલામ) બનાવી લીધો; હવે તારે શું જોઇએ છિએ ?"

લુત્ફુન્નિસા,—"બાદશાહ સલામત ! ઓરતોના અરમાન બહુ બહુ ભાવતા હોય છે, એ પુરા પાડવા સહેલા નથી. એ કાંઇ નાના બચ્ચાંની વાત નથી કે એક રમકડું દેવાથી રાજી થાય !"

બાદશાહ,—"ત્યારે તેમાં ગભરાય છે શું જરા ? બોલ; તારે શું જોઇએ છિએ ?"

લુત્ફુન્નિસા,—"પહેલાં [illegible] અરજ મંજુર થશે."

"[illegible] ઇન ચે શક ! મારા સલ્તનતના કામને નુકશાન નહિ પહોંચે એમ હેય [illegible] અરજ અવશ્ય મંજુર થશે. એમાં શક શો ?"

[illegible]

[illegible] દિલ્લીશ્વરી [illegible]

બાદશાહ,—" દિલ્લીશ્વરી મહિર-ઉન્-નિસા [illegible]

લુત્ફુન્નિસા,—" દિલ્લીશ્વરી નહિ, તો [illegible]

[illegible] મહિર-ઉન્-નિસા [illegible] લુત્ફુન્નિસા [illegible] ગઇ છે, અને તેથી જ તે [illegible] થવાને [illegible] છે. આ વિચારમાં શહેનશાહ ગુંથાયા હતા, એટલામાં [illegible]"

જહાંગીર,—" [illegible] એક વેળાના પતિ સાથે ફરીથી [illegible] કરવાની શી જરૂર છે, તે મને સમજાયુ નથી પડતી."

લુત્ફુન્નિસા,—" પહેલાં [illegible] મેં તેને કબુલ નહોતો કર્યો. હવે તે જહાંપનાહની [illegible] શકે."

બાદશાહ [illegible] લુત્ફુન્નિસાનું મુખ ઉંચું કરી સ્નેહભીના [illegible] લાગ્યો,—" જાનેમન ! તારે માટે અહીં સર્વ વસ્તુ [illegible] હાજર છે. છતાં તારી એવી મરજી હોય તો [illegible] ! મને શા માટે છોડી જાય છે ? શું આ [illegible] સુખનાં સંભાર [illegible] થઇ ગયાં ? હજુ શું હરકત છે ? તું અહીં આવવાને— [illegible] મારો [illegible] નથી રહેતા [illegible] પુષ્પ નથી ખીલતાં ? વ્હાલી ! તું અહીં રહે તો મને પરમાનંદ થાય."

લુત્ફુન્નિસા,—" શહેનશાહ ! નાની મોટી [illegible] ઉપર ખીલે છે. પણ એક નાળ ઉપર બે કમળ નથી ખીલતાં. એક મ્યાનમાં બે તલવાર નથી રહેતી. આસમાનમાં સૂર્ય પ્રકાશ આપે છે ત્યારે ચંદ્ર અદૃશ્ય થાય છે અને ચંદ્ર પ્રકાશ આપે છે ત્યારે [illegible] છે. આપના સુખ તળે હું કાંટા તરિકે શા માટે રહું ? બાદશાહની

મરજી છે અને બાદશાહનો આશીર્વાદ છે તો આ બાંદી નવું જીવન ગુજારશે તેમાં સુખી જ થશે, અને શહેનશાહ સલામતને હરહમેશ દુઆ દેતી રહેશે. પાક ખુદા આપ નામવરનું ભલું કરો, અને તખ્તોતાજ ખુદા કાયમ રાખો."


એમ બોલી ગદ્ગદ કંઠે, અને આંસુભરેલી આંખે લુત્ફુન્નિસા પોતાના ઘર તરફ ચાલી ગઇ. જહાંગીર નીચું માથું કરીને બેસી રહ્યો. આ યવન બનેલી હિન્દુ રમણી સાથે તેણે ભોગવેલા સુખના દિવસો તેને યાદ આવ્યા. તેની આંખમાંથી પણ બે ચાર અશ્રુ ટપક્યાં.

લુત્ફુન્નિસાનું હૃદય પાષાણનું હતું. પણ તે પણ હવે કાંઇક નરમ થતું હોય એમ લાગતું હતું. તે કયો નવો માર્ગ લેવા માગતી હતી તે આપણે હવે થોડાક જ વખતમાં જોઇ શકીશું.

પ્રકરણ ૬ ઠું

વૈભવ શા કામનો ?

" I charge thee, fling away ambition ! "



" માટે ભજ મન રે !
શ્યામ સદા સુખરાશિ ! "



લુત્ફુન્નિસા પોતાના મકાનમાં આવી. તે પોતાના વસ્ત્રાગારમાં ગઇ અને પેશ્મનને ત્યાં બોલાવી પોતાનાં કિમતી અને મોંઘાં મૂલનાં સર્વ વસ્ત્રો તેણીએ કાઢી નાખ્યાં અને આનંદપૂર્વક તે પેશ્મનને આપી દીધાં અને બોલી,—" લે; આ વસ્ત્રો તું લઇ લે."

પેશ્મન અત્યંત વિસ્મય પામી અને બોલી,-" મને આવો કિમતી પોશાક આજે કેમ આપો છો ? આજના શા વધાઇના સમાચાર છે ?"

લુત્ફુન્નિસા,—" આનંદના સમાચાર છે. "

પેશ્મ ,—" શું મહિર-ઉન્ નિસાનો ભય ટળી ગયો ? "

લુત્ફુન્નિસા,—" હા; હવે તેના તરફની કાંઈપણ ફિકર રાખવા જેવું નથી. "

પેશ્મન ખૂબ આનંદમાં આવી જઈને બોલી,—" વાહ જી વાહ ! ત્યારે હું તો બેગમની બાંદી બની ! "

લુત્ફુન્નિસા,—" જો તારી એવી જ ઇચ્છા હશે તો હું તારી સુપરત મહિર-ઉન્-નિસાને કરી દઇશ. "

પેશ્મન,—" એ આપ શું બોલો છો ? હમણાં તો તમે કહો છો કે મહિર-ઉન્ નિસાનો બેગમ બનવાનો કાંઇ પણ સંભવ નથી. "

લુત્ફુન્નિસા,—' મેં તો એમ કહ્યું નથી. મેં તો એમ કહ્યું કે હવે તેના તરફની ફિકર રાખવા કાંઇ પણ કારણ નથી. "

પેશ્મન,—ત્યારે તમે દિલ્લીશ્વરી બનવાનાં જ. તેમાં સંદેહ શો?"

લુત્ફુન્નિસા,—" મારે દીલ્હીની સાથે હવે જરાય નિસ્બત નથી."

પેશ્મન,—' વાહ ! બધું આમ શું બોલો છો ? ત્યારે આજના ખુશાલીના સમાચાર કયા ? જરાક સ્પષ્ટતાપૂર્વક તો સમજાવો. "

લુત્ફુન્નિસા,—" હું ગાંસડાંપોટલાં ઉપાડીને આગ્રાથી સદાને માટે ઉપડી જવાની ઇચ્છા રાખું છું. "

પેશ્મન—" હવે ક્યાં જવા ઇચ્છા રાખો છો ? "

લુત્ફુન્નિસા,—" બંગાળામાં જઇને રહીશ. "

પેશ્મન;–" હાય ! હાય ! આ તે આનંદના સમાચાર કે સત્યા-નાશના સમાચાર ! "

લુત્ફુન્નિસા,–" સત્યનાશના કેમ ? હું અહીંથી દૂર દેશાવર જઇ એકાંત જીવન ભોગવી સુખી થવા માગું છું. અને બની શકે તો કોઇ ઠેકાણે લગ્ન કરવા ઇચ્છા રાખું છું. "

પેશ્મન,–" આપ શું મારી દિલ્લગી કરો છો ? "

લુત્ફુન્નિસા,–" હું દિલ્લગી નથી કરતી. હું ખરેખર આગ્રાથી

ચાલી જવા માગું છું. બાદશાહ પાસેથી રજા પણ લઇ આવી છું."

પદ્મન,—"શું ખરી વાત? આવા મનસૂબા કેમ કર્યા?"

ગુલ્રુખનિસા,—"બહુ દિવસ આગ્રામાં રહી, પણ ફાયદો શું થયો? નાનપણથી જ મારી ઉમેદ બારેબાર હતી. મારી મનોકામના પૂર્ણ કરવા, અંતરને આરામ આપવા, જીવનના ભોગવિલાસોમાં સુખ માણવા, અને હમેશાં પ્રફુલ્લ ચિત્ત રહેવાને ખાતર તો બંગાળા છોડીને અહીં હોંશભેર આવી હતી. મેં મારા ખીલેલા યૌવનનો ઉપભોગ કરવા, અને મનમાની મોજ માણવાને શું નથી કર્યું? પૈસા મેળવ્યા પણ કેટલા અને ગુમાવ્યા પણ કેટલા? મેં કેટલાં પાપો કરવામાં હાથ રંગ્યા છે? અને જે આશા, જે લાલસા, અને જે સુખ મેળવવાને માટે મેં આ પ્રવૃત્તિ કરી, તેમાંનું કયું સુખ મને મળ્યું? હા, ભલે રૂડું કે ભૂંડું નામ પ્રસિદ્ધિ, કીર્તિ, ધન, અને સત્તા પ્રાપ્ત થયું. પ્રયત્ન કરવાથી હજુ પણ વિશેષ હાસિલ મેળવી શકું એમ છું. પણ તે શાને માટે? જો તેમાં સુખ હોત તો હું સુખી ન થાત?"

પદ્મન,—"મળ્યું નહિ? એક ગણિકાની જિંદગીમાં એવું તમારૂં શોકજનક ભાષણ સાંભળીને હું [illegible] તેનું શું કે પૂછવું કાંઇ પણ સમજ ન પડ્યું. તમને શાનું સુખ નથી?"

ગુલ્રુખનિસા,—"મને શાનું સુખ નથી [illegible] તે હું આટલા દિવસોમાં સમજી શકી છું. [illegible] શાહજાદાના મહાલમાં મેં ત્રણ વર્ષ ગાળ્યાં [illegible] ધનવાન [illegible] હિંદની સલ્તનતના રક્ષકને મારા બાહુપાશમાં લપેટ્યો. [illegible] ચાહે તેવા [illegible] સાથે એકત્ર [illegible] આ-ધરનું પાન પુષ્કળ વાર કરવા દીધું [illegible] તે તરૂણ અને સુંદર [illegible] લપટાઇ [illegible] માર્ગ [illegible] રસ્તામાં

એક વ્યક્તિએ એક વ્યક્તિના સાથેના મેળાપ અને વાતચીત માત્રથી મળી ગયું. હું ત્યારે સમજી મારી ભૂલ—મારી ગયેલી બુદ્ધિ ત્યારે ઠેકાણે આવી. મને ત્યારે જ ભાન આવ્યું કે પ્રથમ અમૃતના જેવું મીઠું પણ પરિણામે હલાહલ વિષથી ભરેલું મારું [illegible] સુખ એ સુખ નહિ પણ રૌરવ નર્કનાં કષ્ટોથી પણ અધિક કષ્ટ આપનારું કષ્ટ છે. મારા અંતરના બંધ થયેલાં દ્વાર ત્યારે જ ઉઘડ્યાં, અને ત્યારે જ મને ભાન આવ્યું.

પેસ્મન,—"શું ભાન આવ્યું?"

નુરુન્નિસા,—"એ જ કે હું આટલી વખત સુધી હિંદુઓના ભગવાનની પવિત્ર પ્રતિમા સમાન હતી, ઉપરથી સોના ચાંદી અને હીરા મોતીના ચળકાટ તથા જરીયાન જામા અને વસ્ત્ર, અને અંદર પથ્થર!"

પેસ્મન,—"મને તો કાંઈ પણ સમજણ પડતી નથી."

નુરુન્નિસા,—"હું એમ કહું કે [illegible] કોને ચાહતી હતી? અનેક [illegible] ઉદ્યાનવનમાં વિહાર કરતા [illegible] ભટકતો અનેક પુષ્પપ્રિય ભમરાને [illegible] લેવા [illegible] પણ મેં કહ્યું કે [illegible] પરમેશ્વરી રીતે જોડ્યું છે?"

પેસ્મન,—"શાહેનશાહ જહાંગીર!"

નુરુન્નિસા,—"[illegible] કદાચ [illegible] પણ [illegible] દોડતું [illegible] તેની સમૃદ્ધિ, તેના ઐશ્વર્ય અને તેના સિંહાસનને લીધે શાહજાદા સલીમ તરફ આ ચંચળ ચિત્ત આકર્ષાતું હતું. અગર જો શાહજાદો સલીમ રસ્તાનો રઝળતો ભિખારી હોત તો આપણા બારણા આગળથી ભીખ માગતો પણ અટકાવવાને આપણે તૈયાર થાત. શું આનું નામ તે દિલ અર્પણ કહેવાય? આનું નામ તે પ્રેમ-પ્યાર કહેવાય? ના, ના, પેસ્મન! તે તો [illegible] વૈભવની [illegible] છે. પ્રેમનો [illegible] છે [illegible] અને દ્રવ્યની સત્તા છે!"

પેસ્મન,—"ત્યારે હવે [illegible] શું [illegible] ગયું? [illegible] ફરીથી ગાજો. હજુ પણ કોઈને પ્યાર કાં નથી કરતા?"

લુત્ફુન્નિસા,–" તેમ કરવાની તો ઇચ્છા જ છે. તે માટે તો આગ્રાને છેલ્લા પ્રણામ કરીને જવા માગું છું. તે ધામ કે જ્યાં મારી કીર્તિનો રૂડી કે ભુંડી રીતે ડંકો વાગી રહ્યો હતો, જ્યાં અદના કે આલા આ દેહને, કોઇ મારા યૌવનના જોરે, કોઇ મારા દ્રવ્યના જોરે, તો કોઇ મારા દોરદમામમાં અંજાઇને પોતાનો કાંઇ સ્વાર્થ સાધવા મારી સાથે નમનતાઇથી ચાલવા તત્પર હતા, તેને હવે હું છેલ્લી સલામ કરીને તેનો સદાને માટે ત્યાગ કરવા ઇચ્છું છું."

પેશ્મન,–" ત્યારે એટલા માટે ઠેઠ બંગાળામાં જઇને શાં કામ બળ્યાં છે ? આગ્રામાં જ કોઇ મનની મુરાદ બર લાવે એવો ખુબસુરત ખાવિંદ શોધી લોને ? હાલ પણ તમને ચાહે છે તેમાંથી કોઇકને કાં પસંદ નથી કરી લેતાં ? અને વળી બધાય કરતાં તમને અજલના ફિરસ્તાની માફક પૂંજનાર શહેનશાહ જહાંગીરને શા માટે છોડી દો છો ? મોગલ સમ્રાટ્‌ની પ્રિયતમાને રૂપ, ધન, ઐશ્વર્ય, સર્વ સુલભ હોય છે; મોગલ રંગમહોલમાં શાની ખોટ હોય છે ?"

લુત્ફુન્નિસા,–" હોય છે; પેશ્મન ! હોય છે. તું તે નહિ સમજી શકે. એટલે એ બાબતમાં તારી સાથે વિવાદ કરવો વૃથા છે. પણ ભલા, મને જરા બતાવ. તો ખરી કે સ્વર્ગમાં સૂર્ય ચંદ્ર અને દેવતાઓના વાસ છતાં જળ કેમ સ્વર્ગની રમણીય ભૂમિ છોડીને નીચે પૃથ્વી તરફ પડે છે ? કાં નહિ મેઘનું જળ સ્વર્ગમાં જ રહેતું ?"

પેશ્મન,—" તે તો મને શી ખબર પડે ? તમે જ કહોને ?

લુત્ફુન્નિસા,—" વિધિના લેખ, મારી પેશ્મન ! કિસ્મતની કરામત અજબ છે !"

પેશ્મનને લુત્ફુન્નિસાએ બધી વાત સમજાવીને કહી નહિ. વાચકોને પણ તે હાલ જાણવાની જરૂર નથી. તે આપોઆપ જણાશે હાલ તો વાચકો એટલું જોઇ શકયા હશે કે જ્વાળામુખી પર્વતના ફાટવાથી જેમ પાષાણનો પણ રસ થઇ જાય છે, તેમ લુત્ફુન્નિસાના હૃદયમાં જ્વાળામુખી સળગ્યો હતો, અને તેનું પાષાણરૂપી કઠણ હૈયું પણ પીગળવા લાગ્યું હતું.

પ્રકરણ ૭ મું

" બની પ્રેમની જોગણ, પિયુને શોધવા ચાલી ! "

" काया तन अरु प्रान सर्वं सौंपो कर तेरे ।
राजभोग चलि भोग करो हाहा घर मेरे ॥ "

—मीराबाइना काव्य ।



ખેતરમાં બી રોપવાથી તેનો ફણગો ફુટે છે. તે વેળાએ કોઇ તે તરફ ધ્યાન આપતું નથી. પણ ત્યાં આગળ બીનો રોપનાર હોય કે ન હોય પણ અંકુરની વૃદ્ધિનું કાર્ય તો થયા જ કરે છે. અંકુરમાંથી વૃક્ષ શરૂ થાય છે. ધીમે ધીમે તે અધોં હાથ, એક હાથ અને પછી તેથી વધારે એમ વધ્યે જાય છે અને વખતના વહેવા સાથે એક મોટું વૃક્ષ બની જઇ આજુ-બાજુનાં નાનાં ઝાડવાઓને નષ્ટ કરે છે તથા મજબુતીથી પોતે ટટ્ટાર ઉભું રહે છે.

લુત્ફુન્નિસાનો પ્રેમ આવી રીતે વધ્યો હતો. પહેલાં એક વખત જેની ઉપર તેનો પ્રેમ બંધાવાનો હતો તેનાં દર્શન થયાં. પણ તે વેળાએ પ્રણયનું બી હૃદયક્ષેત્રમાં રોપાયું છે એવું તે સમજી ન શકી. વખત જતાં તે બીજને ફણગા ફુટવા લાગ્યા. ફરીથી તે પ્રણયમૂર્તિ સાથે સાક્ષાત્કાર ન થયો, પણ હૃદયપટ ઉપર તે મુખમંડળ તો કોતરાઇ ગયલું જ હતું. તેથી રાત્રિદિવસ તે વ્યક્તિનું ધ્યાન ધરવા લાગી. તે વ્યક્તિનાં ફરીથી દર્શન કરવાની તેણીને તીવ્ર અભિલાષા થઇ. તે વ્યક્તિનાં દર્શન અને તેના સમાગમમાં આવવાને

ખાતર દીલ્હીનું સિંહાસન પણ તેણીને તૃણવત્ લાગવા માંડયું. રાજ્ય, રાજધાની, અને રાજસિંહાસન એ સર્વને છોડીને તે પ્રિયજનનાં દર્શનને માટે દોડી. તે પ્રિયજન નવકુમાર હતો.

આ જ કારણથી લુત્ફુન્નિસા મહિર-ઉન્-નિસાની નિરાશા કરી નાખનારી વાતથી વિશેષ દીલગીર નહોતી થઇ. તે જ કારણથી આગ્રામાં આવીને પોતાની સમૃદ્ધિનું રક્ષણ કરવાની તેણીએ દરકાર કરી નહોતી. તે જ કારણથી તે હંમેશને માટે બાદશાહથી દૂર થઇ હતી. અર્થાત્ રાજપાટનાં સર્વ સુખ સમૃદ્ધિ અને ઐશ્વર્યનો ત્યાગ કરી, પ્રેમની જોગણ બનીને લુત્ફુન્નિસા ઉર્ફે પદ્માવતી પિયુને શોધવા નીકળી હતી.

લુત્ફુન્નિસા સપ્તગ્રામમાં આવી. સપ્તગ્રામના સરિયામ રસ્તા ઉપરના નદી કિનારે આવેલા એક સુંદર ઘરમાં તેણે પોતાનો વાસો કર્યો. રસ્તે જનારા આવનારા લોકો જોઇને વિસ્મય પામવા લાગ્યા કે એકાએક આ ઘર સોના ચાંદીના દાગીના અને કીમતી પોશાકથી શોભી રહ્યું છે. ઘરના દરેક ખંડની સજાવટ અતિ મનોહર હતી. અત્તર, સુગંધી તેલો, ગુલાબજળ, કેવડાનું જળ વિગેરે સુગંધી જળ, પુષ્પની માળાઓ વિગેરેથી બધું ઘર બ્હેકબ્હેક થઇ રહ્યું હતું. સોના, રૂપા, હાથીદાંત વિગેરેની બનેલી જુદી જુદી ગૃહશૃંગારની વસ્તુઓ આકર્ષક રીતે સર્વ સ્થળે ગોઠવી દીધેલી જોવામાં આવતી હતી.

ભલા વાંચનાર! એક યુવતીના ગૃહમાં તે એકાંતમાં બેઠેલી હોય ત્યાં જવું એ સભ્ય ગૃહસ્થોનું ભૂષણ નથી. પણ વાર્તા લખનારને તો ત્યાં જવાની પણ છુટ છે, અને તેણીના વિચાર જાણવાની પણ છુટ છે. આ જ હક્ક તેના વાચકોને પણ પ્રાપ્ત થયેલો જ હોય છે. આવા અમૂલ્ય હક્કો વાર્તા લખનાર અને વાંચનારને મળેલા છે તેનું કારણ એ છે કે તેમને તો કલ્પનાના પ્રદેશમાં વિહાર કરવાનું છે. એટલે આપણને કોઇ પણ સ્થળે જવામાં વાધો આવે એમ નથી. આમ બાબત હોવાથી ઉપર વર્ણવેલા ઘરના એક સુંદર કમરામાં નીચું મુખ કરીને બેઠેલી

લુત્ફુન્નિસાની પાસે અમે વાંચકોને અત્યારે લઇ જવા માગીએ છીએ.

અત્યારે અંદરના ઓરડામાં લુત્ફુન્નિસા બેઠી હતી અને થોડેક દૂર એક આસન ઉપર નવકુમાર બેઠેલો હતો. લુત્ફુન્નિસાનો નવકુમારના સમાગમમાં આવવાનો જે મનોરથ હતો તેમાં તે કેટલે અંશે સફળ નિવડી હતી તે વાચકોને નીચેના વાર્તાલાપ ઉપરથી સમજાશે.

નવકુમાર બોલ્યો,–"ત્યારે હવે હું જાઉં છું. ફરીથી મને ન બોલાવશો."

લુત્ફુન્નિસા,–" હમણાં ન જાઓ ! જરાક થોભો ! જરાક થોભો ! મારૂં કહેવું હજુ પુરૂં નથી થયું. મને કૃપા કરીને સાંભળી લો."

નવકુમાર કાંઇ પણ બોલ્યા ચાલ્યા વગર આસન ઉપર પાછો જઇને બેઠો. થોડીક વાર થઇ પણ લુત્ફુન્નિસા કાંઇ પણ બોલી નહિ. થોડીક વાર રહીને નવકુમાર બોલ્યો,–" તારે કહેવાનું હતું તે તેં કહી દીધું. હવે મને તું શું વધારે કહેવાની છે ?"

લુત્ફુન્નિસાએ કાંઇ પણ જવાબ ન આપ્યો. તે બોલ્યાચાલ્યા સિવાય રડવા લાગી.

આ જોઇને નવકુમાર ઉઠીને ઉભો થઇ ગયો. લુત્ફુન્નિસાએ રડતાં રડતાં નવકુમારના વસ્ત્રનો છેડો પકડી લીધો. નવકુમાર ગુસ્સે થઇને બોલ્યો,–" શું છે ? કહેને ?"

લુત્ફુન્નિસા,—" તમારે શું જોઇએ છિએ ? પૃથ્વીમાં શું તમને કોઇ ચીજ પણ જોઇતી હોય એમ નથી જણાતું ? ધન, સંપત્તિ,માન, પ્રણય, રંગ, રહસ્ય, વિગેરે પૃથ્વીમાં જે સુખનાં સાધનો કહેવાય છે તે તમામ હું તમને આપીશ. અને તેનો બદલો મારે કાંઇ પણ નથી જોઇતો. માત્ર તમારી દાસી બનીને રહેવા માગું છું. તમારી પત્ની બનવાનું ગૌરવ પ્રાપ્ત કરવાની પણ મને અપેક્ષા નથી. માત્ર તમારી દાસી જ બનવા ઇચ્છું છું. મારી એ મનોકામના કાં પૂર્ણ નથી કરતા ?"

નવકુમાર,—" હું ગરિબ બ્રાહ્મણ છું. આ જન્મમાં ગરિબ

બ્રાહ્મણુ જ રહેવા માગું છું. તારી દીધેલી સંપત્તિ અને ધનને લઇને યવન અબળાનો યાર બનવાની મારી ઇચ્છા નથી ! ”

યવન અબળાનો યાર ! નવકુમાર હજુ સુધી નહોતો જાણતો કે લુત્ફુન્નિસા તે તેની એક વખતની પત્ની પદ્માવતી છે. નવકુમારે તેણીને છેક નાનપણમાં જોયલી હતી. ત્યારની અને આજની પદ્માવતીમાં આસમાન જમીનનો તફાવત પડી ગયેલો હતો. એટલે નવકુમાર તેને ન ઓળખી શકે એ સ્વાભાવિક હતું. લુત્ફુન્નિસા નીચું મ્હોં કરીને રડવા લાગી. નવકુમારે ધીમેથી પોતાના વસ્ત્રનો છેડો તેના હાથમાંથી તાણી લીધો. લુત્ફુન્નિસાએ ફરીથી તે પકડી લીધો. તે અતિશય રૂદન કરતી કરતી બોલી:–“ ઠીક, જ્યારે મારા કર્મમાં એટલું પણ સુખ નથી ત્યારે તે પણ જવા દો. મારી ચિત્તવૃત્તિઓને હું ભગીરથ પ્રયત્ન કરીને પણ કાબુમાં રાખવા પ્રયત્ન કરીશ. પણ તમારી પાસે માત્ર એટલી જ વિનંતિ કરૂં છું કે બીજું કાંઇ નહિ તો માત્ર દરરોજ આ રસ્તેથી જવાની, અને તેમ કરીને આ દાસીને દર્શન દેવાની કૃપા કરશો ? એટલાથી પણ હું સંતોષ માની લઇશ. ”

નવકુમાર,—” તું યવન અબળા છે. મ્લેચ્છ છે. પર સ્ત્રી છે. તારે ને મારે સંબંધ ન જ હોઇ શકે. તારી સાથે આ પ્રમાણે વાત કરવી એ પણ મહા પાપનો વિષય છે. એટલે હવે તારી અને મારી મુલાકાત કદિ નહિ થાય,—ન જ થવી જોઇએ. ”

લુત્ફુન્નિસા ક્રોધ, નિરાશા, અને અપાર કષ્ટથી નવકુમારના સામું જોઇ રહી. તેણી જરાક આઘી ખસી અને બોલી–“ ઠીક; જાઓ ! ”

નવકુમાર જવા લાગ્યો. એ ચાર પગલાં આગળ વધ્યો એટલામાં તો મૂળમાંથી ઉખડી પડેલા વૃક્ષની માફક લુત્ફુન્નિસા તેના પગ આગળ લાંબી થઇને પડી અને પોતાના હાથ વડે નવકુમારના પગને બાઝી પડીને, મ્હોં ઉંચું કરી અત્યંત કરૂણ અને દુઃખમય સ્વરથી બોલવા લાગી,–“ રે નિર્દય નવકુમાર ! તમારે માટે તો મેં આગ્રાના ઐશ્વર્યને લાત મારી છે. ભરતખંડના સીંહાસનને ઠોકરે માર્યું છે. આવી

રીતે હજારોને મારા પગ આગળ પડેલા પાછા વાળ્યા છે. જરાક તો દયા કરો ? મને ન તલસાવો ! મારો ત્યાગ ન કરો ! મારી નજીવી વિનંતિનો સ્વિકાર કરો ! મને જીવનદાન આપો ! "

નવકુમાર,—" તું ફરીથી અ પ્રા જા. મારી આશા છોડી દે.—હું ગરિબ બ્રાહ્મણ અને તું યવન સમૃદ્ધિશાળી સુંદરી ! મારે અને તારે કાંઇ પણ સંબંધ રાખવો ઇષ્ટ નથી. માટે મને છોડી દે ! "

તીરની માફક ઉભી થઇને ગર્વપૂર્વક પણ દુઃખમિશ્રિત સ્વરથી લુત્ફુન્નિસા બોલી,-" આ જન્મમાં તો નહિ જ ! આ જન્મમાં તમારી આશા નહિ છોડું. " આ વેળાએ લુત્ફુન્નિસાની કાંતી તેજસ્વી લાગતી હતી. તેના કપાળ ઉપરની રેશાઓ તરી આવેલી હતી. અતિશય ઉશ્કેરાટથી તેના ગુલેલાલા સરખા ગુલાબી ગુલેરૂખસાર ઉપર ગુલાબસમી રતાશ મનોહર શોભા આપી રહી હતી. તસતસતા કમખાની અંદર છુપાયલું હૃદય હાંફી રહ્યું હતું, અને લુત્કુન્નિસા અત્યારે અપાર રૂપવતી લાગતી હતી. તેની આંખોમાંથી અત્યારે અંગાર ઝરતા હતા. પોપટની ચાંચ જેવી કોમળ નાસિકા અત્યારે ક્રોધના પ્રબળ આવેગને લીધે ફુલેલી હતી. તેનું આખું અંગ ક્રોધથી થરથર કંપતું હતું. છેડાયલી નાગણ જેમ ફેણ માંડીને ક્રોધથી જોઈ રહે તેમ જોઇને લુત્ફુન્નિસા બોલી,-" નિર્દય અને પાષાણ હૃદયના નવકુમાર ! નહિ છોડું ! નહિ છોડું !! આ જન્મમાં તમારી આશા નહિ છોડું !!!"

આ વખતે લુત્ફુન્નિસાના મ્હોં પર જે વિલક્ષણ છટા દેખાતી હતી તે જોઈને નવકુમાર અચાનક સ્તંભિત થઈ ગયો. તેને કાંઇક વાત યાદ આવી. એક વેળાએ પ્રણયકલહને લીધે પોતાની પ્રથમ પત્ની પદ્માવતીને નવકુમાર ક્રોધમાં આવીને પોતાના શયનાગારમાંથી કાઢી મૂકવા તૈયાર થયો હતો ત્યારે તે નાની બાલિકાના મુખ પર તેણે આ ક્રોધની છટા જોઇ હતી. અત્યારે તેને તે યાદ આવ્યું. આ રમણી બાલ્યકાળની પદ્માવતીને મળતી આવતી હોય એમ

લાગતું હતું. નવકુમાર શંકાશીલ ચિત્તે અને કંપતે સ્વરે બોલ્યો,–" અરે! તું કોણ છે? તારૂં હાલનું નામ લુત્ફુન્નિસા, પણ તારૂં મૂળ નામ શું?"

લુત્ફુન્નિસા,—" મારૂં મૂળ નામ પદ્માવતી, અને મારી સામે અત્યારે જે નિર્દય અને પાષાણ હૃદયનો પુરૂષ–નવકુમાર–ઉભો છે તે મારો પહેલાંનો પતિ ! ! !"

એમ બોલીને લુત્ફુન્નિસા હૃદયના અતિશય આવેગને લીધે ત્યાં જ ધરણી ઉપર ઢળી પડી. નવકુમારના હૃદયમાં ભયંકર ઉત્પાત મચી રહ્યો. અણમાન્યા ચિત્તે તે પણ ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રકરણ ૮ મું

યુક્તિપ્રયુક્તિ.

" I am settled, and bent up,
Each corporal agent to this terrible feat."
"Macbeth."
—Shakespeare.



તે દિવસના બનાવ પછી એ ત્રણ દિવસ સુધી લુત્ફુન્નિસા ઘરની બારી આગળ પણ ન બેઠી. તેને ન ખાવાનું ભાવતું કે ન પીવાનું. રાત્રે નિંદ્રા નહોતી આવતી અને જાગૃતાવસ્થામાં આરામ નહોતો. આવી રીતે તે ચારે બાજુએથી અકળાવા લાગી. છિકની આગમાં ભુંજાવા લાગી. તે આપો



. એમ બોલીને લુત્ફુન્નિસા હૃદયના અતિશય આવેગને લીધે ત્યાં જ ધરણી ઉપર ઢળી પડી. × × × × અણમાન્યા ચિત્ત તે પણ ત્યાંથી ચાલ્યા ગયા. ... ... પૃષ્ઠ ૧૧૮.

દિવસ વિચાર કર્યા કરતી. ઘડીકમાં હસતી તો ઘડીકમાં રડતી. કાંઇક કામ કરવા મંડી જતી તો ઘડીકમાં મૂઢ જેવી પડી રહેતી. તેણીને એક પ્રકારની ઉન્માદ અવસ્થા લાગુ પડી હતી એમ કહીએ તોપણ ચાલે તેણીએ પુષ્કળ વિચારને અંતે હવે કયો માર્ગ લેવો તે નક્કી કર્યું. વિચાર કર્યા બાદ તેના જીવને કાંઇક શાંતિ વળી.

ત્રીજે દિવસે સંધ્યાકાળે તેણીએ ભોજન કરી લીધું. પછી તે પોતાના વસ્ત્રાગારમાં ગઇ અને ત્યાં પેસ્મનને બોલાવીને વસ્ત્રો પહેરવા લાગી. આ વખતનો તેણીનો પોશાક ખરેખર અદ્દ્ભુત જ હતો. સ્ત્રી પહેરે એવું એક પણ વસ્ત્ર તેણે નહોતું પહેર્યું. એક બ્રાહ્મણ યુવકના જેવો પોશાક તેણીએ પહેરી લીધો. હાથ, પગ, આંખ, નાક, કાન વિગેરે પર પહેરેલા દાગીના ઉતારી નાખ્યા. પોતાનો લાંબો કેશરાશિ માથા ઉપર છુટો મૂકી દીધો. પોતાનું ઉન્નત વૃક્ષ:સ્થળ એક કસકસતા પહેરણ અને તેની ઉપર ખુબીબંધ પહેરેલા બનાતના લાંબા ડગલા તળે તે ખુબીથી છુપાવી શકી હતી. ગળા ઉપર કાસ્મીરી શાલ નાખીને જભ્ભા ઉપર તે લટકતી નાખી હતી કે જેથી વક્ષસ્થળનો ભાગ ઘણી જ ખુબીથી છુપાવી શકાય. બારિક ધોતીયું પહેરી પગે પગરખાં તેણીએ ધારણ કરી લીધાં. બરાબર પોશાક પહેરી રહ્યા પછી તેણે પેસ્મનને પૂછ્યું,—" કાં પેસ્મન ! હવે હું કેવી લાગું છું ? "

પેસ્મન,—" ગુસ્તાખી માફ ! પણ બીબી સાહેબ ! પાક ખુદાના કસમ ખાઇને કહું છું કે જો આપ કોઇક પુરૂપ હોત અને અત્યારના વેશમાં હોત તો હું ઓય કરતી કે આપને ભેટી પડત ! અને મારે ગળે લગાવી લેત !! અત્યારે આપને આપનાં અમ્માજાન પણ પીછાણી શકે એમ નથી."

લુત્ફુન્નિસા,—" હશે ! મને પુરૂપ બનાવીશ ત્યારે પાછો કોઇક શોધી રાખ્યો હશે તેની બિચારાની શી દશા થશે ?! પણ જો; હવે ધ્યાન આપ. મારી સાથે કોઇ પણ નોકર ચાકરની જરૂર નથી. માટે

કોઇપણ સાથે ન આવે એવો બંદોબસ્ત તારે કરવો. "

પેશ્મન સંકોચાઇને બોલી,–" કસુર માફ કરો તો એક વાત પૂછું. "

લુત્ફુન્નિસા,–" બોલ. "

પેશ્મન,–" આપ કરવા શું ધારો છો ? "

લુત્ફુન્નિસા આંખમાથી અગ્નિ વરસાવીને બોલી,–" શું કરવા ધારૂં છું ? મારા સુખમાં કંટક રૂપ થનારી કપાલકુંડલાને તેના પતિથી જુદી કરવા ધારૂં છું. નિર્દય નવકુમાર ત્યારે જ મને ચહાતો થશે ! "

પેશ્મન,–" બીબી સાહિબા ! પુષ્કળ વિચાર કરવો ઘટે છે. કાળી અંધારી માઝમ રાત, જંગલના પ્રદેશમાં જવાનું, અને તે પણ આપનાં જેવાં ખુબસુરત ઓરતને તદ્દન એકલાં. બહુજ સંભાળથી કામ લેવાવું જોઈએ છિએ.

લુત્ફુન્નિસા,–" હું મારૂં કામ સમજું છું. " એમ બોલીને તે ઘરની બહાર નીકળી અને સપ્તગ્રામના જે નિર્જન રસ્તે થઇને નવકુમારના ઘરની બાજુમાં થઈને ગાઢ જંગલમાં જવાતું હતું તે માર્ગે તે ચાલી.

નવકુમારના ઘર આગળથી જતાં જતાં તેણે તે ઘર તરફ દ્રષ્ટી ફેંકી. નવકુમારનો કમરો દિવાના પ્રકાશથી ઝગમગી રહ્યો હતો. અટારી આગળ કપાલકુંડલાના ખભા ઉપર હાથ મૂકીને નવકુમાર ઉભો હતો તે ત્યાંથી ઝાંખું ઝાંખું જણાતું હતું. લુત્ફુન્નિસાના હૃદયમાં ઇર્ષાની હોળી સળગી ઉઠી. હાય ! આ જ ગૃહમંદિરમાં એક વેળાએ તે મહાસતી હતી. આવી જ રીતે બાલપણમાં ઘણીએ વાર નવકુમાર તેની સાથે પણ ઉભો રહ્યો હતો. અફસોસ ! અફસોસ ! ! ક્યાં ગયા તે સુખી દિવસો ? દર્દમંદ દિલથી ઉષ્ણ નિ:શ્વાસ નાખતી લુત્ફુન્નિસા ત્યાંથી ચાલી ગઇ, અને જંગલમાં પ્રવેશ કર્યો. ત્યાં એક વિશાળ વૃક્ષના થડને અઢેલીને તે બેઠી અને હવે શો માર્ગ લેવો તેનો વિચાર કરવા લાગી. બહુ વાર

વિચાર કર્યો પણ કાંઇ રસ્તો ન જડયો. એટલામાં અચાનક જંગલમાં ઘણે દૂર તેને અજવાળું નજરે પડયું.

હાલના જમાનાની ઉંદર, વંદા કે કસારીથી ભડકીને ભાગી જનારી સ્ત્રીઓના જેવો લુત્ફુંન્નિસાનો સ્વભાવ નહોતો. તેણીએ તો દેશ ખાઇને દરવાજા કોટે બાંધેલા હતા. તે સાહસિક સ્વભાવની હતી. તેને ભડકા જોઇને ભૂત પ્રેતની ધાસ્તી ન લાગી, પણ તે શું હશે તેનું કારણ શોધવા તેણી તે બાજુએ ચાલી.

થોડાક વખતમાં તે જંગલમાં ઘણે દૂર આવી પહોંચી. હવે અજવાળું સ્પષ્ટ જણાતું હતું. એક ઝાડના ઓથે છુપાઇને લુત્ફુન્નિસા જોવા લાગી. તેણીએ જોયું કે જે અગ્નિ ભડભડ બળી રહ્યો હતો અને જે શબ્દ સંભળાતા હતા તે મંત્રોચ્ચારના હતા. મંત્રની અંદર લુત્ફુંન્નિસાએ અમુક એક વ્યક્તિનું નામ બોલાતું સાંભળ્યું અને તે ચમકી. તેણીએ મનમાં કાંઇક નિશ્ચય કર્યો. તે તરત જ ત્યાંથી હિમ્મતથી બહાર આવી અને અગ્નિમાં જે આદમી આહુતિ આપી મંત્રોચ્ચાર કરતો હતો તેની પાસે તે જઇને બેઠી.

ભલા વાંચનાર ! તેને ત્યાં બેસવા દો. યુક્તિ પ્રયુક્તિ કરવા દો. આપણે હવે લાંબે વખતે જરાક કપાલકુંડલા તરફ નજર કરીએ કે તેની શી ખબર છે?

પ્રકરણ ૯ મું

કલહનો પ્રારંભ

" હિતુ જનની શિખ કેરૂં,
કટુ ભાષણ છે ખરૂં;
તોય તે ઉપકાર માટે,
વેર શું કરવા કરૂં ? "



લુત્ફુન્નિસા પહેલી વાર નવકુમારને મળીને આગ્રા ગઇ હતી અને ત્યાંથી અત્રે પાછી આવી હતી. તેટલો પ્રવાસ આજે આપણને કરવા ઇચ્છા થાય તો વધારેમાં વધારે ત્રણથી ચાર દિવસનું કામ છે. પણ તે વખતે તેમ નહોતું. ત્યાં જઇને પાછા આવવામાં તથા ત્યાંની બધી તૈયારી કરીને આગ્રા સદાને માટે છોડીને સપ્તગ્રામમાં આવી ઠરીઠામ થવામાં પદ્માવતીનો એક વર્ષથી અધિક સમય વીતી ગયો હતો. તે જ પ્રમાણે તેટલો જ વખત કપાલકુંડલાને ગૃહસ્થાશ્રમી બન્યાને પણ વીત્યો હતો. જે રાત્રિએ લુત્ફુન્નિસા જંગલમાં જઇને પેલા મધરાત્રિએ યજ્ઞ કરનાર ભયંકર મનુષ્ય સમીપ જઇને બેઠી હતી તે રાત્રિએ કપાલકુંડલા સ્હેજ અણગમતા દિલે પોતાના શયનાગારમાં બેઠી હતી. અમે વાચકોને ખુલ્લા કેશરાશિ મૂકી જંગલમાં અહીં તહીં અને સઘળે સ્હેજ પણ સંકોચ વિના ભ્રમણ કરતી, અને આભૂષણના નામ નિશાન સિવાયના પહેરવેશવાળી કપાલકુંડલાને વાચકોને બતાવી છે. તે કપાલકુંડલા અને અત્યારની કપાલકુંડલામાં આસમાન જમીનનો ફેર છે. કપાલકુંડલાને નહોતું ગમતું છતાંએ પતિદેવને પ્રસન્ન રાખવાને, સાસુજીનાં

તથા શ્યામાસુંદરીના ચિત્તને આનંદ આપવાને અને ગૃહસ્થની પત્ની તરીકેની પોતાની ફરજો અદા કરવાને, ગૃહિણીને અને નવવધુને શોભે એવા તમામ અલંકારો કપાલકુંડલાએ અંગ ઉપર ધારણ કર્યા હતા. ઘુટણ સુધી લટકતો અને સ્વેચ્છાપૂર્વક વિહાર કરતો તેનો મુક્ત કેશ-રાશિ હવે વેણીગુંથનરૂપી બંધનમાં બંધાઇને એક પ્રકારે કેદની શિક્ષા ભોગવી રહ્યો હતો. એટલુંજ નહિ પણ તે ત્યાંથી પણ નાસી ન જાય તે માટે હીરામોતી જડેલા સોનાનાં ફુલ વિગેરે તેની આજુ-બાજુ આભૂષણ તરીકે બાંધી લેવામાં આવ્યાં હતાં ! વેણી રચનામાં પણ ચતુર ચપળાની ચપળતા સ્પષ્ટ દેખાઇ આવતી હતી. જેમ એક ચાલાક શિલ્પી અતિશય કાર્યકુશળતાથી પત્થર અગર એવીજ વસ્તુને કોતરીને અંદર ઝીણામાં ઝીણું કામ કરે છે તેવી રીતે કપાલકુંડલાના વાળ હોળવામાં પણ શ્યામાસુંદરીની ચતુરાઇ દીસી આવતી હતી. તેની પાછળ બંધાયલા અંબોડામાં સોનાના દાગીના ઉપરાંત પુષ્પની માળાઓ શોભા અને સુગંધ આપી રહી હતી. અત્યારે જંગલમાં આપણે જે કપાલકુંડલાનું દિવ્ય સ્વરૂપ જોતા હતા તેનાથી જુદા જ પ્રકારનું પણ તેવી જ રમણીયતા ધારણ કરેલું તેનું સૌંદર્ય જોઇ શકતા હતા. માથામાં સંભાળપૂર્વક વાળ ગુંથી લેવામાં આવ્યા હતા છતાં પણ કેટલીક વાળની નાની નાની લટો કપાલકુંડલાના કપોલપ્રદેશ ઉપર ફેલાઇને અડપલાં કરી રહી હતી અને તે ચક્ષુને અતિશય આનંદ આપતી હતી. આ પ્રસંગે કપાલકુંડલાનું સ્વરૂપ, એક ઉર્દુ કવિએ વર્ણન કરેલા માશુકના સ્વરૂપને તદ્દન મળતું આવતું હતું.

"અલક મુબારક તિય બદન, લટકી યોં પરી સાફ, "
"મદન બીન મુનશી મદન, લિખ્યો કાફ પર કાફ !"

અર્થાત્ માશુકના ગુલાબી રૂખસારો ઉપર જે વાળની લટ ફેલાઇ રહેલી હતી તે જાણે સાક્ષાત મદન દેવે તે રમણીના રમણીય કપોલ પ્રદેશ પર સ્વહસ્તે "કાફ" નામનો ઉર્દુ અક્ષર લખ્યો હોય એવું ભાસતું હતું ! તેના કાનોમાં કર્ણફુલ અથવા હાલની પ્રણાલિકા

પ્રમાણે કહેવાતાં ઇયરરીન્ગ્ઝ (!) શોભી રહ્યાં હતાં. ગળામાં હીરા મોતીની એક માળા તથા કીડીયાસેર અને એવા જ બીજા અલંકારો પડયા હતા. કપાલકુંડલાએ અત્યારે સફેદ વસ્ત્ર પહેર્યું હતું.

પણ કપાલકુંડલાના શયનાગારમાં તે એકલી નહોતી બેઠી પણ તેની સાથે બીજી એક વ્યક્તિ બેઠેલી હતી. તે વ્યક્તિ બીજી કોઈ નહિ પણ તેની નણંદ શ્યામા હતી. કાર્યવશાત્ નવકુમાર અત્યારે તે દિવાનખાનામાંથી બહાર ગયેલો હતો. બન્ને જણાં અંદર અંદર ગુપચુપ કાંઇક વાતો કરતાં હતાં. તે વાર્તાલાપ કપાલકુંડલાના ભાવિનું નિરાકરણ કરવામાં સાધનરૂપ હોવાથી અમે તેનો કેટલોક ભાગ નીચે આપીએ છીએ.

કપાલકુંડલા,–" શ્યામા ! તમારા પતિ કેટલા દિવસ સુધી અહીં રહેશે ?"

શ્યામા નિશ્વાસ નાંખીને બોલી,–" કાલે ત્રીજા પહોરે તો એ ચાલ્યા જશે. બળ્યું બ્હેન ! મારો તે કાંઇ અવતાર છે ? જો આજે રાત્રે પેલી ઓષધિ ચુંટી રાખી હોત તો તેમને વશ કરીને માનવજીવન સાર્થક કરત; સ્વામીસંગે સુખમાં મ્હાલત, અને એમને સદાને માટે મારા બનાવત. કાલે રાત્રે બહાર ગઇ હતી, પણ કાંઇ જોગ ખાધો નહિ. આજે હું શી રીતે ઓષધિ લઇ આવું ?"

કપાલકુંડલા,–" શું દિવસે એ ઓષધિ લાવી ન શકાય ?"

શ્યામા,–" બળ્યું બ્હેન ! વશીકરણ વિદ્યાના જંતર મંતર જ જબરા ! દહાડે તોડીએ તો ઓષધિ ફળે નહિ અને સ્વામી વશ થાય પણ નહિ ! એ તો બરોબર મધરાતે માથાના વાળ છુટા કરીને જંગલમાંથી ઓષધિને તોડી લાવવી પડે. એટલે મારાથી નહિ જ જવાય. એ તો બધું મનનું મનમાં રહી ગયું. કાલે એ ચાલ્યા જશે, એટલે મારી દશા તો ' કાકા ક્યાં, તો જ્યાંના ત્યાં " એવી જ થઈ રહેશે. બળ્યું ! બાયડીના તે કાંઇ અવતાર છે ?"

કપાલકુંડલા,–" હશે બ્હેન ! ગભરાશો નહિ. હું એ ઓષધિને

ઓળખું છું, અને જંગલમાં જે જગ્યાએ એ છોડ આવેલો છે તે જગ્યા મેં દીઠી છે એટલે તમે ન આવશો. તમારા વતી હું જઈને ઓષધિ તોડી લાવીશ. બધું ખમાય, પણ તમારું દુઃખ મારાથી કેમ ખમાય ? "

શ્યામા વાત બદલીને વિનોદ કરતી બોલી,–" મારું દુઃખ નથી ખમાતું ત્યારે નવકુમારનો વિયોગ ખમાય કે ? ! "

કપાલકુંડલા,–" એ તો કોણ જાણે ! પણ એટલું તો ખરું કે હવે ઘણા દિવસનો સહવાસ થયો એટલે એમના વગર ચેન તો ન પડે ! "

શ્યામા,–" અરે ! તું જોજે તો ખરી કે હજુ બે ત્રણ વરસ જશે ને પછી તો તું મારા ભાઈને એક ઘડીએ આઘા નહિ ખસેડે ! પણ બ્હેન ! મારે માટે તને મધરાતે જંગલમાં એકલી અટુલી શી રીતે મોકલાય ? તું જંગલમાં ન જઈશ. મારા કરમમાં દુઃખ ભોગવવાનું લખ્યું હશે તે સુખ ક્યાંથી થશે ? "

કપાલકુંડલા,–" એમ નિરાશ થવાનું કાંઈ કારણ નથી. તમે જાણો છો તો ખરાં કે હું જંગલમાં જ ઉછરીને મોટી થએલી છું. જંગલમાં ફરવું એ તો હું જાણે ઘરની ગચ્છીમાં ફરતી હોઉં એવું મને લાગે છે. જરી વિચાર તો કરો કે મને જંગલમાં ફરવાની ટેવ ન હોત તો તમારા ભાઈને હું જંગલમાં જોત ક્યાંથી, અને જોત નહિ તો અમે બન્ને અહીં આવત ક્યાંથી ? અને ન આવત તો આપણો બન્નેનો અહીં મેળાપ થાત ક્યાથી ? માટે તમે ગભરાશો નહિ. "

શ્યામા,–" બ્હેન ! એમાં ગભરાવાનો સવાલ નથી. પણ મધરાત્રે ઘરની બહાર જંગલમાં એકલા જવું એ ગૃહસ્થની સ્ત્રીનું ભૂષણ નહિ. આપણાથી રાત્રે એકલાં જવાય ? "

કપાલકુંડલા,–" પણ કેમ ન જવાય ? આપણે શું કોઈનું બગાડ્યું છે ? "

શ્યામા,–" બ્હેન ! તું હજી સંસાર વ્યવહારની રીતભાતથી અજાણી છે. તારાથી રાતે એકલાં ન જવાય. "

કપાલકુંડલા કાંઇક વિચાર કરીને બોલી,-" શું તમે એમ જાણો છો કે હું બહાર એકલી જવાથી દુષ્ટ બની જઇશ ? "

શ્યામા,-" એવું બોલતાં પહેલાં તો હું મારી જીભ કાપી નાખું. પણ લોકના મોઢે કાંઇ ઢાંકણું છે ? કોઇ કાંઇ બોલે અને કોઈ કાંઇ બોલે."

કપાલકુંડલા,-" તો ભલે જેને જે ફાવે તે બોલે. તેમાં આપણને શું ? સુરજના સામો ઉભો રહીને કોઈ મૂર્ખ ધૂળ નાખે તે તેના પોતાના જ મ્હોં ઉપર પડે. તેમાં સુરજને શું ?"

શ્યામા,—" બ્હેન ! તારૂં કહેવું ખરૂં છે. પણ દુનિયાના કેટલાક લોકો એવા દુષ્ટ હોય છે કે પોતાની દુષ્ટતા અને ધૃષ્ટતાનો અંત ન હોય અને સામાનાં છિદ્રો શોધવા તયાર થાય. આવા કુપાત્ર કપટીઓને માટે એક સંસ્કૃત કવિએ કહ્યું છે કે, દુષ્ટ પુરૂષો પારકાનામાં સરસવના દાણા જેવડું છિદ્ર પણ શોધવા તત્પર થઇ જાય છે, પણ પોતાનાં છિદ્રો બિલ્લીના ફળ જેવડાં મોટાં હોય તે તરફ જોવું ન જોવું કરે છે. માટે એવા કુટિલ જનોથી ચેતીને ચાલ્યાં સારાં. નહિ તો આપણે કરવા જઇએ કાંઇક અને થઇ જાય કાંઇક ! "

કપાલકુંડલા,—" મને એવા કોઈની પણ દરકાર નથી. "

શ્યામાસુંદરી,—" પણ ભાભી ! ભાઇને પણ તે નહિ ગમે. "

કપાલકુંડલા,—" નહિ ગમે ? શા માટે નહિ ગમે ? અને ન ગમે તો શું થયું ? જો હું એમ જાણતી હોત કે લગ્ન એટલે સ્ત્રીઓની સુયોગ્ય સ્વતંત્રતાનો વિનાશ, અને એક પ્રકારની ગુલામગીરી, તો હું કદિ લગ્ન ન કરત ! "

શ્યામાએ કપાલકુંડલાને ઘણુંએ સમજાવ્યું. પણ દયાળુ કપાલકુંડલાના નિષ્કપટ હૃદયમાં તેની કશી પણ અસર થઇ નહિ, અને તેણે મધરાતે જવાનો નિશ્ચય કર્યો.

કપાલકુંડલા તાત્કાળિક સમયે તો ગૃહકાર્યમાં ગુંથાઈ. જ્યારે મધરાતનો વખત થયો ત્યારે તે ઘરમાંથી આસ્તેથી બહાર નીકળી.

મધરાત સુધીમાં જંગલમાં વેળાસર પહોંચી જવાય માટે ઘેરથી વહેલાં નીકળવાની જરૂર હતી. રાત અજવાળી હતી. નવકુમાર બહારના ઓ-રડામાં બેઠો હતો. કપાલકુંડલાને આટલી મોડી રાત્રે ઘરની બહાર જતી જોઇને તે પણ ઘરની બહાર નીકળ્યો અને ધીમેથી કપાલકું-ડલાનો હાથ ઝાલીને બોલ્યો,–" ક્યાં જાય છે ? "

નવકુમારના અવાજ અને વર્તનમાં સંશય કે તીરસ્કારની સ્હેજ પણ છટા નહોતી. કપાલકુંડલા બોલી,–" શ્યામાસુંદરી પોતાના સ્વામીને વશ કરવા ઇચ્છે છે. તે માટે જંગલમાંથી અમુક ઔાષધિ લઈ આવવાની છે. તે લેવાને હું જાઉં છું. "

નવકુમાર કોમળ અને મૃદુ સ્વરથી બોલ્યો,–" કાલે એક વાર તો તમે ગયા હતાં. આજે તારે એકલીને ફરીથી કેમ જવું પડે છે ? "

કપાલકુંડલા,—" કાલે ઔાષધિ મળી ન શકી. પણ આજે મેં અમુક નિશાની યાદ રાખી છે એટલે શોધી કાઢીશ અને લઇ આવીશ. "

નવકુમાર સ્નેહથી કપાલકુંડલાની કમરે હાથ વીંટાળી અતિશય કોમળ અને સ્નેહભીના સ્વરે બોલ્યો–" વ્હાલી ! દિવસે શોધે તો ન ચાલે ? "

કપાલકુંડલા,—" વશીકરણ વિદ્યામાં તમે પુરૂષ લોકો શું સ-મજો ? દિવસે તોડેલી ઔાષધિ ફળે નહિ. "

નવકુમાર,—" હશે. પણ ઔાષધિ તોડવાને તું શું કરવા જાય છે ? મને તે વૃક્ષની નિશાની આપી દે એટલે હું જ જઇને લઇ આવીશ. "

કપાલકુંડલા—" હું વૃક્ષનું નામ નથી જાણતી. માત્ર નજરે જોવાથી જ ઓળખું છું. તે તોડવી પડે છે. સામાનું ભલું થાય તેમાં તમે વચ્ચે ન આવો. "

નવકુમારના ચ્હેરા ઉપર મૃદુતા અને સ્નેહની છટા હતી. નિષ્ક-પટ હૃદયની ભોળી કપાલકુંડલા પતિના વચ્ચે પડવાથી ચીડાઈ ગઈ

હતાં, અને તેથી ક્રોધ અને કંટાળાના ચિન્હો તેણીનાં મુખ ઉપર તરી રહેલાં હતાં.

નવકુમાર બોલ્યો—" પ્રિયે ! જો ! રાત રઢીઆળી છે. ચાંદની ખીલી રહી છે. ચાલ; હું પણ તારી સાથે આવું. સૃષ્ટિદેવીના અપાર સૌંદર્યનું નિરીક્ષણ કરવાનો આ એક અપૂર્વ અવસર છે. "

કપાલકુંડલા અભિમાનપૂર્વક તીરસ્કાર દર્શાવી બોલી,–" હા ! આવો ! સાથે ચાલો !! હું દુશ્ચરિત્રા છું કે નહિ તેની ખાત્રિ કરવા ભલે પધારો ! તમારા શંશયનું છેદન કરો ! ! "

નવકુમાર કાંઈ જ કરી શક્યો નહિ. નિઃશ્વાસ નાખી દીલગીર ચિત્તે તે ઘર તરફ પાછો ફર્યો. કાપલકુંડલા જરાક પણ દરકાર કર્યા વગર જંગલમાં ચાલી.

અફસોસ ! કપાલકુંડલા જાણતી હોત કે આજની રાત્રિએ એકલા જંગલમાં જવાથી તેણીનો ભયંકર વિનાશ થવાનો છે તો તે કદિ પણ ન જાત, પણ રાજ્યાભિષેકની ધામધુમમાં પડેલા રાજા રામચંદ્રને પણ ખબર નહોતી કે સવારે શું થવાનું છે; તો બિચારી કપાલકુંડલાના તે શા હિસાબ ?

પ્રકરણ ૧૦ મું

જંગલમાં

" Tender is the night,
And happy the Queen, moon his on her throne;
Clustered around by all her starry fays,
But here there is no Light. "

" ખીલી રઢીયાળી રજની શ્વેત સોહામણી રે !
કેવા મનહર નવલા તારલીયા હરખાય !
નિરખી ચૌદ ભુવનના ઉરે સ્મરે ધનસ્યામજી રે !
(સાખી)
રસના રસિયા ચંદ્રમા, સર્વ ગગનના રાજ,
માડી ને મધુરી અતિ આપે સુરંખી આજ;
કાલે સવાર પડતાં રજની સહુ વીખરાઇ જશે રે,
એવા કુદરતના છે અનંત કોટિ ખેલ,
નિરખી ચૌદ ભુવનના ઉરે સ્મરે ધનસ્યામજી રે ! "

* * * *

—ચંદ્રકાંત જી. પરીખ "

" દીસત જંગલ મંગળકારી રે !
" મનુષ્યના પરિતાપ નિવારી રે !
" મધુર કોમળ ચંદની શી ખીલે,
" તરૂવરો સહુ અમૃતને ઝીલે.
" બધું રૂપેરી રસે રસિયું વને,
" પરમ શોભન લોભન લોચને. "



સમગ્રામની ભાગોળથી આગળ જતાં ગાઢું જંગલ આવે છે એ વાતનો ઉલ્લેખ અમે આગળ કરેલો જ છે, તે વાચકોના સ્મરણમાં હશે. રાત્રિના સમયે, આ ગાઢ જંગલમાં સ્હેજ પણ ચિંતા, ભય, વિષાદ કે શોક સિવાય કપાલકુંડલા પોતાની નણંદ અને પ્રિય સહચરી શ્યામાસુંદરીના પતિને વશ કરવાને માટે ઔષધ લાવી આપવાને ચાલી. રાત્રિ મધુર, એકાન્ત, અને કોઇ પણ પ્રકારના અવાજ વગરની હતી. એકાંત અને

નિર્જન સ્થાનનું સેવન કરનારને તો આ સ્થાન આનંદજનક લાગે, પણ શહેરમાં રહેતી સુંદરીઓ પૈકીની કોઇક આવી ભાગ્યે રાત્રિએ આવા ગાઢ જંગલમાં થઇને એકલી જાય અને તે પણ ભય વિના, એ બનવું કેવળ અશક્ય છે. પણ કપાલકુંડલા તો વનકુસુમ હતું. જંગલમાં ઉછરેલી બાલિકાને જંગલમાં ફરવામાં શાનો સંકોચ ? આકાશમાંના ચંદ્રદેવ પોતાનાં શીતળ કિરણોથી જગત્‌માં શાંતિ ફેલાવી રહ્યા હતા. ગગનમંડળમાં તારાઓ દિવ્ય તેજ ફેંકતા સ્થિર બનીને જાણે તપ કરતા હોય એમ ઉભેલા જણાતા હતા. કોઇ કોઇક જગ્યાએ ઘુવડ, ચામાચીડીયાં, વનવાગોળ વિગેરેનો સાદ થતો હતો. તે સિવાય સર્વત્ર શાંતિ પથરાયલી હતી. ઘણે દૂર ગામની ભાગોળે કુતરાંના ભસવાનો તથા શિયાળવાનાં રૂદનનો અવાજ પણ આવતો હતો. કદાચ કદાચ ઝાડનાં જમીન પર પથરાયલાં સુકાં પાંદડામાં એક જાતનો સળવળાટ થઇ અવાજ થતો હતો અને તે ઉપરથી અનુમાન થતું હતું કે કોઇક સર્પ વિગેરે ત્યાં ભ્રમણ કરતો હશે. પવન ધીમો ધીમો વાતો હતો

કુદરતનું આ શાંતિજનક સાૈંદર્ય જોતી જોતી કપાલકુંડલા આગળ વધી ભૂતકાળના દિવસો તેને સાંભરી આવ્યા. જંગલમાંનું સ્વચ્છંદે ફરવું, આમતેમ નાચવું કુદવું, પુષ્પો તોડવાં, માતાજીની પૂજા કરવી, એ સર્વ તેણીને યાદ આવ્યાં. ભૂતકાળના જીવનની અને અત્યારના જીવનની કપાલકુંડલા તુલના કરવા લાગી પહેલાં કરતાં અત્યારે અમુક પ્રકારના બંધનમાં તે પડી હોય એમ લાગતું હતું. પહેલાં જે સ્વચ્છંદીપણું અને સ્વતંત્રતાનો તેણીને અનુભવ થતો હતો તેવો અત્યારે નહોતો થતો એમ તેણીના મનમાં આવ્યું. તેનું ચિત્ત ચકડોળે ચડયું, અને વિચારપૂર્ણ ચિત્તે તે આગળ વધવા લાગી.

વિચારમાંને વિચારમાં તે કયાં અને કેટલે દૂર જંગલમાં નીકળી ગઇ તેનું પણ તેણીને ભાન રહ્યું નહિ. તે જે કાર્યને માટે આવી

હતી તે કાર્ય તો તે વિસરી જ ગઈ, અને પુષ્કળ આગળ વધી ગઈ. જે માર્ગે તે જતી હતી તે માર્ગ સાંકડો અને સાંકડો થવા લાગ્યો, અને આગળ જતાં અંધકારમય ગાઢ જંગલ પણ આવી પહોંચ્યું. આ સ્થળની ગીચ ઝાડીમાં ચંદ્રનાં કિરણો પણ યથેચ્છ રીતે પ્રવેશ કરી શકતાં નહોતાં.

આવી રીતે આગળ વધતાં વધતાં જ્યારે પુષ્કળ અંધારૂં આવ્યું ત્યારે કપાલકુંડલા અચકીને ઉભી અને પોતે ક્યાં સુધી આવી પહોંચી તેનો વિચાર કરવા લાગી. બીક જેવી તો કાંઈ ચીજ તેણીને હતી જ નહિ. તે નિર્ભય ચિત્તે ઉભી ઉભી જોવા લાગી. એટલામાં તેની દૃષ્ટી દૂર સળગતા અગ્નિ તરફ ગઈ. જે અગ્નિને સળગતો લુત્ફુન્નિસાએ જોયો હતો તે જ અગ્નિ કપાલકુંડલાએ જોયો હતો. તે ગભરાઇ નહિ. પણ સ્ત્રીની સ્વાભાવિક જીજ્ઞાસા અનુસાર તે અગ્નિ શા કારણથી સળગતો હતો તે જાણવા તે તે બાજુએ ગઇ.

થોડીક વારમાં જ્યાં અગ્નિ સળગતો હતો ત્યાં તે જઇ પહોંચી. તેણીએ જોયું કે જે અગ્નિ સળગે છે તે હોમનો અગ્નિ છે. પણ નજીકમાં કોઇ નહોતું. થોડેક દૂર એક ભાગ્યું તુટ્યું ઘર ઇંટનું બનેલું હતું, અને તે ઘણું જુનું તથા ખંડીયેર જેવી સ્થિતિમાં હતું. અત્યારે ત્યાં આગળથી કોઇક બે મનુષ્યની વાતચીતનો અવાજ આવતો હતો. મધરાત્રિએ આ ભાગેલા ઘરમાંથી અવાજ આવતો હતો તેથી કપાલકુંડલાની જીજ્ઞાસાવૃત્તિ વિશેષ સચેત થઇ. તે કેવા પ્રકારની વાતચીત હશે તે સાંભળવાને તે તે ઘર આગળ દબાતા પગલે આસ્તે આસ્તે ગઇ.

અંદરથી એક વ્યક્તિનો અવાજ આવ્યો,—" મારી ઇચ્છા તો મોત છે. તેમાં તમારી સમ્મતિ નહિ હોય તો હું તમને મદદ નહિ કરૂં. તમે પણ મને સહાય ન કરશો."

બીજી વ્યક્તિનો અવાજ આવ્યો,—" હું પણ કાંઇ સારૂં થાય એમ તો ઇચ્છા ન જ રાખી શકું. પણ મારાથી હત્યા વિગેરેનું

કાંઇ પણ કાર્ય થઇ શકશે નહિ. તે સિવાય બીજું બધું થઈ શકશે."

પહેલી વ્યક્તિ બોલી,-" તમે તદ્દન નાદાન છો, હું કહું છું તે ચોક્કસ સાંભળી લો. પણ આ વાત અત્યંત ગુપ્ત હોવાથી કોઈ તે સાંભળે નહિ એની ખાસ કાળજી રાખવી જોઇએ. માટે એક વખત બહાર ચારે બાજુએ કોઇ નથી એમ જોઈને ખાત્રિ કરી લેવી જોઇએ."

કપાલકુંડલાને દૂર જતા રહેવાની તક મળે તેટલામાં તો એક વ્યક્તિ બહાર આવી અને આવવાની સાથે જ કપાલકુંડલાને જોઇ લીધી. કપાલકુંડલાએ પણ ચંદ્રના પ્રકાશમાં આવનાર વ્યક્તિને સ્પષ્ટ રીતે જોઇ લીધી. તેને જોઇને ભય પામવો કે રાજી થવું તેનો તો તે નિર્ણય ન કરી શકી. તે અજાણી વ્યક્તિ બ્રાહ્મણ જ્ઞાતીનો એક જુવાન વયનો પુરૂષ હતો. તેણે સામાન્ય પ્રકારની ધોત્રી પહેરી હતી. અંગ ઉપર વસ્ત્ર પહેરવા ઉપરાંત શાલ ઓઢેલી હતી. તે ઘણી જ નાની વયનો હોય એમ લાગતું હતું. તેના મ્હોંપર મુછ કે દાઢીનું કંઈ પણ ચિન્હ નહોતું. નવાઇ જેવું એ હતું કે તેના માથા ઉપરના વાળ પુરૂષોના વાળ જેવા ટુંકા નહિ પણ એક સુંદરી સ્રીના વાળ જેવા પુષ્કળ લાંબા હતા, અને તે ખભા ઉપર, છાતી ઉપર અને ચારે બાજુએ વીંટળાયલા હતા. તે બ્રાહ્મણકુમારના મુખની કાંતિ અતિશય દેદીપ્યમાન હતી. તેના એક હાથમાં ખુલ્લી તરવાર હતી. તેના ચ્હેરા ઉપર કપાલકુંડલાને જોવાથી ક્રોધ અને તીરસ્કારની છાયા આવી ગયેલી હતી તેને ધીમેધીમે ધારી ધારીને જોવાથી કપાલકુંડલાના હૃદયમાં ભયનો સંચાર થયો.

થોડીક વાર કપાલકુંડલાને ધારીધારીને જોઇ રહેવા પછી સ્હેજ મોટા અવાજે તે બ્રાહ્મણકુમાર બોલ્યો-" તું કોણ છે ? "

વનમાં જ્યારે પહેલાં કપાલકુંડલા રહેતી હતી ત્યારે જો આ પ્રશ્ન તેણીને કોઇએ પૂછયો હોત તો જરાકે ગભરાયા વગર તે જવાબ આપત. પણ હવે તે અમુક સદ્‌ગૃહસ્થની પત્ની હતી, અને તેથી અર્ધરાત્રે જંગલમાં પારકાના ઘર આગળ કરડા અવાજે પૂછાયલા

પ્રશ્નનો જવાબ આપતાં તે અચકાવા લાગી. તે કાંઇ પણ બોલી શકી નહિ.

તે બ્રાહ્મણકુમાર ગંભીરતાથી બોલ્યો,–" કપાલકુંડલા ! તું રાતના વખતે આ ગાઢા જંગલમાં આટલે દૂર ઘરબાર છોડીને સ્વામીથી દૂર કેમ આવી છે ? "

એક અજ્ઞાન યુવકના મ્હોંડેથી પોતાનું નામ સાંભળીને કપાલકુંડલા આશ્ચર્યથી અવાક્ બની ગઇ. તે સ્હેજ ગભરાઇ પણ ખરી. શું ઉત્તર દેવો તે તેને સુજ્યું નહિ, એટલે પહેલાંની માફક તે કાષ્ટની પૂતળીની પેઠે ઉભી જ રહી. તે બ્રાહ્મણ યુવકે ફરીથી પૂછ્યું,–" તેં અમારી વાતચીત સાંભળી છે ? "

હવે કપાલકુંડલાને બોલવાની શકિત આવી. તે બોલી,–" તમે અત્યારે ભાગી રાતે જંગલમાં શી વાતો કરતા હતા, તે જાણવાની વૃત્તિથી હું સ્હેજ અહીં આવી હતી ! "

તે બ્રાહ્મણકુમાર થોડીક વાર ચિંતામાં પડયો અને હવે કયો ઉપાય કરવો તેની શોધમાં તે હોય એમ લાગ્યું. થોડીક વારમાં તેણે પોતાના મન સાથે કાંઇક નક્કિ કર્યું, અને પછી આસ્તેથી કપાલકુંડલાનો હાથ ઝાલી તેને મકાનની બહાર થોડે દૂર લઇ ગયો. કપાલકુંડલાએ ક્રોધ અને તીરસ્કારથી પોતાનો હાથ છોડાવી લીધો. તે બ્રાહ્મણવેશી વ્યક્તિએ અતિ મૃદુ સ્વરથી કપાલકુંડલાના કાનમાં કહ્યું,–" અલી ! તું ગભરાય છે કેમ ? મારે તારા રૂપરાશિનો ઉપભોગ નથી કરવો ! હું તો પુરૂષ નથી ! "

કપાલકુંડલાના આશ્ચર્યની અવધિ થઇ ગઇ. તે કાંઇ પણ બોલ્યા ચાલ્યા સિવાય તેની સાથે ચાલી. અચાનક કંઇ વિચાર આવતાં તે બ્રાહ્મણવેશધારી વ્યકિત કપાલકુંડલાને પાછી મકાન આગળ લઇ ગઇ, અને કહ્યુ,–" અમે તારી જ વાતચીત કરતાં હતાં. તારે તે સાંભળવાની ઇચ્છા છે ? "

કપાલકુંડલા ઉશ્કેરાટથી બોલી–" હા; ઇચ્છા છે. મારે સાંભળવું છે."

તે સ્ત્રી બોલી,–" ત્યારે હું ન આવું ત્યાં સુધી તું અહીંથી ક્યાંય પણ જઇશ નહિ. તું ત્યાં સુધી અહીં જ બેસ !"

એમ કહીને તે બ્રાહ્મણવેશધારી સ્ત્રી ઘરમાં ચાલી ગઇ. કપાલકુંડલા થોડોક વખત ત્યાં જ બેસી રહી. પણ તેણે જે વાત સાંભળી હતી તેથી તેનું ચિત્ત ઉદ્વેગ પામ્યું હતું. અને હવે રાત્રિના એકાંત સમયમાં એટલે દૂર એકલા આવવામાં અને અહીં બેસવામાં પોતે ભયંકર ભૂલ કરી છે એ વિચારે તે ગભરાઇ. વળી તે છુપા વેશવાળી સ્ત્રી પોતાને અહીં શા કારણથી બેસાડી ગઇ હતી તે કોણ જાણી શકે એમ હતું ? કાંઈ પણ તેનો બુરો હેતુ તેમાં હોવો જોઇએ. આવા વિચારમાં બહુ વાર થઇ ગઇ. હજુ પણ કોઈ બહાર આવ્યું નહિ. આથી કપાલકુંડલા ત્યાંથી ઉઠી અને ઝપાટાબંધ ઘર તરફ ચાલી.

રાત બહુ વીતી ગઇ હતી. મધરાતનો વખત પણ વીતી ગયો હતો. એટલામાં આકાશમાં અચાનક મેઘ ચઢી આવ્યો. ચંદ્રનું અજવાળું પણ બંધ થઇ ગયું અને ગાઢ અંધકાર પસરી ગયો. કપાલકુંડલા ઔષધિ ચુંટવાની વાતને બાજુ ઉપર રાખીને ખુબ ઝડપથી ઘર તરફ જવા લાગી. જંગલમાં તે પહેલાં પુષ્કળ ફરેલી હોવાથી આ જંગલમાં પણ રસ્તો શોધી કાઢતાં તેને મુશ્કેલી ન નડી. તે આગળ આગળ ચાલી અને ધીમેધીમે પોતાના ઘરથી માત્ર અર્ધા ગાઉના અંતર ઉપર આવી પહોંચી. આ વખતે તેની પાછળ કોઈ આવતું હોય એવું તેણીને લાગ્યું. પણ ગાઢ અંધકારને લીધે તેણીએ પાછળ ફરીને જોયું છતાં કોઇને તે જોઇ શકી નહિ. ધીમેધીમે વરસાદ પણ વરસવા લાગ્યો. કપાલકુંડલા ભીંજાતી ભીંજાતી અતિશય વેગથી ઘર તરફ ચાલી.

ગભરાતાં ગભરાતાં તે જ્યારે ઘર આગળ આવી પહોંચી ત્યારે તેણીએ જોયું કે ઘરનું બારણું પોતાને જવાને માટે હજુ ખુલ્લું જ રાખવામાં આવ્યું હતું. કપાલકુંડલા અંદર પેઠી. બારણું બંધ

ફરવાને તેણે પાછું જોયું તો ઘરથી થોડેક દૂર એક પુરૂષ ઉભો હોય એમ લાગતું હતું. પોતાના ઘરના આંગણા આગળ તે નિર્ભય અને નિશ્ચિન્ત બની હતી તેથી તે પુરૂષ કોણ હશે તે જોવાને માટે તે થોભી.

અચાનક વીજળીનો ચમકારો થયો. તે ઝળહળતા પ્રકાશમાં કપાલકુંડલાએ તે પુરૂષને જોઈ લીધો. જોતાં જ કમકમી. વહેલાં વહેલાં બારણાં બંધ કરીને થર થર ધ્રુજતી ધ્રુજતી તે ઉપર જતી રહી.

તે ભયાનક પુરૂષ કાપાલિક—કપાલકુંડલાનો પાલક પિતા-હતો !

પ્રકરણ ૧૧ મું

સ્વપ્ન

" I had a dream, which was not all dream. "

—*Byron.*



કપાલકુંડલા કંપતે હૃદયે અને ધ્રૂજતે પગલે પોતાના શયનાગારમાં પેઠી. કપાલકુંડલાના તીરસ્કારપૂર્ણ વર્તનથી નવકુમારને માઠું લાગ્યું હતું, અને તેથી તે આજે બહાર જ સુઈ રહ્યો હતો. શયનમંદિરમાં આવીને પલંગ ઉપર કપાલકુંડલા પડી. વરસાદમાં ભીંજાયલાં કપડાં બદલી નાખ્યાં અને માથાના ભીંજાયલા વાળ છુટા મૂકી દીધા. તે સુઈ જઇને ઉંઘી જવાનો પ્રયત્ન કરવા લાગી પણ તેણીને ઉંઘ ન આવી.

વિચાર, અને તે પણ ચિંતાપૂર્ણ વિચારો એ નિંદ્રા દેવીના મહા ભયંકર શત્રુઓ છે. જ્યાં વિચારપરંપરા ચાલતી હોય ત્યાં

નિંદ્રાદેવી આવીને મનુષ્યને પોતાના મીઠા ખોળામાં લઇને સુવાડી દે એ સર્વથા અશક્ય છે. કપાલકુંડલા તે રાત્રિના બનાવોનો વિચાર કરતી હતી. તે ઉપરથી પોતાના પૂર્વ વૃત્તાન્તનું પણ કપાલકુંડલાને સ્મરણ થઈ આવ્યું. કાપાલિકની સાથે પોતે કેવું વર્તન કર્યું હતું, અને ત્યાંથી તે કેવી રીતે નાસી આવી હતી તે તેને યાદ આવ્યું. ગહન વનમાં કાપાલિક જે પૈશાચિક કર્મો દેવીની પૂજાને નામે કરતો હતો, તે કપાલકુંડલાના સ્મૃતિપટ ઉપર તરી આવ્યાં. તેની ભૈરવી પૂજા, નવકુમારનું બંધન, એ સર્વ કપાલકુંડલાને યાદ આવ્યું. તે કંપી ઉઠી. આજ રાતની પણ સર્વ ઘટનાનો તે વિચાર કરવા લાગી. શ્યામાસુંદરીની ઔષધિકામના, નવકુમારનો નિષેધ, તે તરફ કપાલકુંડલાનો તીરસ્કાર, તે પછી જંગલની જ્યોત્સ્નામયી શોભા, આગળ ગીચ જંગલમાં જતાં તે સ્થળનો અંધકાર, ભાંગેલું ઘર, બે વ્યક્તિઓનો મેળાપ, પુરૂષવેશધારી સ્ત્રીના મુખથી અચાનક પોતાના નામનો ઉચ્ચાર, એ સર્વ વિચાર તેણીના હૃદયને હચમચાવી નાખવા લાગ્યા. તે પછી ત્યાંથી પાછા ફરતાં પડેલો વરસાદ, અને ઘરને આંગણે કપટી અને નરપિશાચ કાપાલિકની ભયંકર મૂર્તિનું દૃશ્ય અંધકારમાં પણ કપાલકુંડલાની આંખો આગળ તરી આવ્યું. તે કમકમી. નવકુમાર સાથેના આજના વર્તનથી કોઇની શીખામણ સિવાય પણ સંજોગને અનુસરીને તેને પશ્ચાતાપ થવા લાગ્યો. નિર્દોષ અને ભોળી કપાલકુંડલાને માટે આ સર્વ યાતનાઓ અસહ્ય હતી. ઉશીકા ઉપર માથું છુપાવી કપાલકુંડલા ડુસકાં ખાઇ ખાઇને રડવા લાગી.

એમ કરતાં કરતાં રાત્રિનો ત્રીજો પ્રહર થયો. તે વેળાએ કપાલકુંડલાની આંખો મીચાઈ ગઇ. નિંદ્રામાં કપાલકુંડલાને એક વિચિત્ર સ્વપ્ન આવ્યું.

વિશાળ સાગરના પટ ઉપર એક નાનકડી નોકામાં બેસીને કપા-

લકુંડલા જતી હતી. નૌકા અતિશય સુશોભિત હતી. તેના ઉપર વસંતી રંગની ધજા મંદમંદ પવનમાં ફરકી રહી હતી. નાવિક લોકો પુષ્પની માળાઓ ગળામાં ધારણ કરીને રાધાકૃષ્ણનાં પ્રણયગીતો ગાતા ગાતા આનંદથી નૌકાને હલેસાં મારતા હતા. પશ્ચિમના આકાશમાં સાયંકાળના સમયે સૂર્યદેવ સુવર્ણની વૃષ્ટિ કરી રહ્યા હતા. સમુદ્ર તે હસતાં હસતાં ઝીલતો હતો. આકાશમંડળમાં કોઈ કોઇ સ્થળે વાદળાં આમ તેમ દોડીને સુવર્ણવૃષ્ટિમાં સ્નાન કરી રહ્યાં હતાં.

અકસ્માત રાત્રિ થઇ. સૂર્યદેવ અસ્તાચળ પર્વતની પેલી બાજુએ ચાલ્યા ગયા. ગાઢ અંધકારનું આવરણ જગત્ ઉપર ફરી વળ્યું. સમુદ્રમાં દિશાઓ દેખાતી નહોતી. નૌકાને હવે કયી બાજુએ હંકારવી એ નક્કિ કરવાનું કાર્ય મુશ્કેલીભરેલું થઈ પડયું. નાવિક લોકો ગભરાયા, મુંઝાયા, કંટાળ્યા. ગળામાંથી ફુલની માળાઓ કાઢીને તોફાને ચઢેલા દરિયામાં તેમણે ફેંકી દીધી. વસંતી રંગની પતાકા પવનના તોફાનથી પોતાની મેળે જ તુટી જઇને સમુદ્રના જળમાં તુટી પડી. વાયુ પુષ્કળ વેગથી વાવા લાગ્યો. સાગરનાં મોજાં પર્વત જેવડાં ઉંચે ઉછળવા લાગ્યા. તે ભયંકર મોજાંઓમાંથી બીક અને ધાસ્તીથી ધ્રુજતી કપાલકુંડલાએ એક આકારને જોયો. તે આકાર ધીમે ધીમે સ્પષ્ટ જણાવા લાગ્યો. થોડાક જ વખતમાં તે આકાર એક મનુષ્યના આકારમાં ફેરવાઇ ગયો. તે કાપાલિક હતો !

તેણે કપાલકુંડલાની નૌકાને દરિયાના પાણીમાં ઉંધી વાળવા પ્રયત્ન કર્યો ભય, વિશાદ, તીરસ્કાર, અને દુઃખથી બ્હેબાકળી બનેલી કપાલકુંડલા કાપાલિકના આ ભયંકર અત્યાચાર તરફ જોઈ રહી. તેને રોકવો એ તેણીના સામર્થ્યની બહાર હતું. એટલામાં અચાનક એક બીજી વ્યક્તિ ત્યાં દેખાઇ. કપાલકુંડલા તરત તે વ્યક્તિને ઓળખી ગઈ. તે વ્યક્તિ તેણીએ જંગલમાં જોયલી પુરૂષવેશ ધારી રમણી હતી. તે કપાલકુંડલાની નાવને પકડીને બોલી,—" બોલ ! કપાલકુંડલા ! બોલ; મેં તારી નાવ પકડી રાખી છે. તેને બચાવું કે

અમે બન્ને જણાં મળીને તેને ડુબાવી દઇએ ? "

અચાનક કપાલકુંડલાના મુખમાંથી ઉદ્દગાર નીકળી પડયા,–" ડુબાવી દો ! ડુબાવી દો ! ડુબાવી દો ! "

અફસોસ ! તે સ્ત્રીએ નૌકા છોડી દીધી. કાપાલિક તેને ઉંધી વાળવા લાગ્યો. અચાનક નૌકાને વાચા થઇ. તે બોલી ઉઠી,–" મારાથી નહિ કહેવાય ! નહિ રહેવાય ! નહિ સહેવાય ! આ ભાર નહિ સહેવાય ! નહિ સ્હેવાય ! હું પાતાળમાં પેસું છું. ! પેસું છું ! "

નૌકા સાગરના અનંત અને અપાર જળમાં ડુબી ગઇ. કપાલકુંડલા પણ દરિયાના પાણીમાં નૌકાની સાથે જ અંદર પેઠી અને ગુંગળાવા લાગી.

* * * *

પરસેવાથી ભીંજાઇ ગયેલા અંગ સાથે " ઓ–ઓ ઓ ! " કરીને ચીસ પાડીને કપાલકુંડલા જાગી ઉઠી. સવાર થઇ ગઇ હતી. શયનમંદિરની રાત્રિએ ખુલ્લી રહેલી બારીઓમાંથી મંદમંદ પવન અને બાલરવિનાં કિરણોનો આનંદદાયક પ્રકાશ અંદર આવતો હતો. આજુબાજુ વૃક્ષની ડોલતી શાખાઓ ઉપર પક્ષીગણ કલરવ કરી રહ્યાં હતાં.

કપાલકુંડલા શયનગૃહની બારી આગળ ગઇ બારી નજીક એક વૃક્ષ હતું, અને જો કોઇ મનુષ્ય ધારે તો વૃક્ષની શાખાઓ મારફતે બારી સુધી આવ શકે એમ હતું. બારી આગળ ઉભી રહીને આમ તેમ જોતાં જોતાં કપાલકુંડલાએ ત્યાં એક પત્ર પડેલો જોયો. તે લઇને કપાલકુંડલા વાંચવા લાગી. જંગલની અંદર આગળ જણાવવામાં આવેલા પૂજારીની પાસે કપાલ કુંડલા લખતાં વાંચતાં શીખી હતી. આથી કપાલકુંડલાને પત્ર વાંચતાં મુસ્કેલી ન નડી. પત્રમાં નીચે પ્રમાણેનું લખાણ હતું.

" આજ સાંજ પછી કાલની રાતવાળા બ્રાહ્મણકુમારને મળજે. તેં તારે માટે જે જરૂરની વાત થતી હતી તે સાંભળવા ઇચ્છા દર્શાવી હતી, તે પૂર્ણ કરજે.

બ્રાહ્મણવેશી. "

પ્રકરણ ૧૨ મું

નિશ્ચય

"I will have grounds,
More relative than this."

—"*Hamlet.*"
—*Shakespeare.*



કપાલકુંડલાને સ્વપ્ન આવ્યું તેને બીજે દિવસે તેણે સઘળો વખત તર્કવિતર્કમાં કાઢ્યો. બ્રહ્મણવેશધારી સ્ત્રીને મળવા જવું જોઇએ કે નહિ તે બાબત તે પુષ્કળ વિચાર કરવા લાગી. તે વ્યક્તિને મળવાથી લાભ થશે કે હાની એ વિચાર કપાલકુંડલાના મગજમાં ઘોળાયા કરતો હતો. તે વ્યક્તિની વાતચીત, કાપાલિકનો સાક્ષાત્કાર, અને રાત્રિનું ભયાનક સ્વપ્ન એ સર્વ આ વખતે પોતાનું અમંગળ થવાનુ છે તેની સાક્ષી પુરતાં હતા.

પણ અફસોસ ! જંગલમાં ઉછરે કે વસ્તિમાં ઉછરે, સંસાર વ્યવહારની કળામાં નિપુણ હોય કે ન હોય, પણ સ્ત્રીનો જીજ્ઞાસુ સ્વભાવ ક્યાંય પણ ઓછો જણાતો નથી. ખ્રીસ્તી લોકોની માન્યતા પ્રમાણે તો સ્ત્રીના એ ચટપટીયા સ્વભાવથી જ જગતમાં અનેક કષ્ટો ઉત્પન્ન થયાં છે. આપણા ધર્મમાં પણ એવાં દૃષ્ટાંતો ક્યાં નથી મળી આવતાં ? સીતાજીના મૃગચર્મ મેળવવાના હઠીલા અને કૌતુહલપૂર્ણ સ્વભાવે તો જગતમાં ભયંકર ઉત્પાત મચી રાવણનું રાજ્ય ગયું હતું. બિચારી કપાલકુંડલાએ પણ સ્ત્રીના સ્વભાવને અનુસરીને પોતાનું અનિષ્ટ થવાનું છે એમ જાણવા છતાં જીજ્ઞાસાવૃત્તિને કાબુમાં ન રાખી

ચાકાવાથી ગમે તે ભોગે પણ તે પત્ર લખનાર વ્યક્તિને મળવા નિશ્ચય કર્યો તેમાં આપણે તેનો ઝાઝો શો વાંક કાઢી શકીએ ? જેવી રીતે પતંગીયું પ્રજ્વલિત દીપકની જવાળાઓમાં પડી પોતાના પ્રાણની આહુતિ આપવાને તૈયાર થાય છે તેમ કપાલકુંડલા પણ જંગલમાં આજે ફરીથી જવાને તૈયાર થઈ !

સાયંકાળ પછી રાત્રિના વાળુની તૈયારી થઇ. વાળુ વગેરે થઇ ગયા બાદ વાસણ માંજવાના તથા પથારી તૈયાર કરવાના વિગેરે આવશ્યકીય કાર્યો કરી રહ્યા બાદ કપાલકુંડલા ધીમેથી ઘરની બહાર નીકળી અને જંગલ તરફ ચાલી.

જતાં જતાં કપાલકુંડલા એક વાત ભુલી ગઈ હતી. બ્રાહ્મણ-વેશધારી સ્ત્રીએ પોતાને મળવાને જણાવ્યું હતું પણ ક્યાં અને કયી જગ્યાએ એનો ઉલ્લેખ પત્રમાં કર્યો હતો કે કેમ તેના તે ગુંચવાડામાં પડી. આ બાબતનો નિર્ણય કરવાને તે ફરીથી ઘરમાં પાછી ફરી, અને પોતાના શયનમંદિરમાં પેઠી. નવકુમાર પથારીમાં પડયો પડયો ઉંઘતો હતો સ્વામીને આવી રીતે સુતો મૂકી રાત્રિના વખતે જંગલમાં એક અપરિચિત વ્યક્તિને મળવા જવું એ ઘણી જ નવાઈ જેવી વાત છે. પણ ભોળી કપાલકુંડલાને તેમાં કાંઇ જ ખોટું જણાતું નહોતું. તેણીનું હૃદય નિર્મળ હતું, તેથી તે બધાને નિર્મળ જ ધારતી હતી; અને પોતાના જવામાં કોઇ વાંધો લઇ જ શા માટે શકે એ તે સમજી શકતી જ નહોતી.

કપાલકુંડલાએ દીવાને સતેજ કર્યો. તેણે સવારે જ્યાં આગળ પત્રને મૂક્યો હતો ત્યાં તપાસ કરી. પણ પત્ર ન મળ્યો. યાદ આવ્યું કે પત્રને તેણીએ પોતાની પાસે સંભાળથી રાખવાને માટે માથાના વાળની વેણી ગુંથતી વખતે તેમાં બાંધ્યો હતો. તેણીએ આસ્તેથી માથાના વાળમાં આમ તેમ આંગળાં ફેરવી જોયાં. પણ તેણીને પત્ર મળ્યો નહિ. આથી બરાબર તપાસ કરવાને માટે તેણીએ અંબોડો

છોડી નાખ્યો. બધા વાળ છુટા કરી નાખ્યા. પુષ્કળ ગુંછળાં વળીને વાળની લટો કપાલકુંડલાના કપાળ ઉપર, કપોલ ઉપર, પીઠ ઉપર અને વક્ષઃસ્થળ ઉપર સ્વચ્છંદે વિહરવા લાગ્યા. પણ પત્ર ન જ મળ્યો.

કપાલકુંડલાએ શયનગૃહની બીજી બધી જગ્યાઓએ પત્રને માટે તપાસ કરી, પણ ત્યાંથી પણ પત્ર ન મળ્યો. રાત વહી જતી હતી, અને મોડા જવાથી પાછા ફરવામાં બહુ વિલંબ થશે એમ ધારી શોધ કરવાનું માંડી વાળીને તે ખુલ્લા કેશ રાખીને ઘરની બહાર નીકળી, અને જંગલ તરફ ચાલી.

રસ્તામાં થોડેક દૂર જતાં જતાં કપાલકુંડલાના પગમાં ઠોકર વાગી. તે પડી ગઇ. પગમાંથી લોહી નીકળવા લાગ્યું. પગનાં ઝાંઝરમાં પોતાના વસ્ત્રનો છેડો ભરાઇ જવાથી તે પણ સ્હેજ ફાટી ગયો. એટલામાં નજીકના વૃક્ષ ઉપરથી ઘુવડનો અતિશય કર્કશ નાદ થયો.

કપાલકુંડલા દાંત પીસીને હવે પાછાં પગલાં ન ભરવાનો નિશ્ચય કરી આગળ વધી. પોતાના વિનાશને માટે પોતાને હાથે જ માર્ગ મોકળો કરવા તત્પર બની. નરી આંખે જોઈ શકાય તથા સમજી શકાય એવા સ્પષ્ટ ગેરલાભો જણાવા છતાં તેની દરકાર કર્યા વગર તે ચાલી.

પ્રકરણ ૧૩ મું

કાપાલિકની કપટકળા

" Stand you a while apart,
" Confine yourself but in a patient list. "
—*Othello*.





કપાલકુંડલા જ્યારે સાંજના પહોરે પોતાના ઘરકામમાં રોકાયેલી હતી ત્યારે પેલો પત્ર માથાના અંબોડામાંથી નીકળી જઇને જમીન ઉપર પડી ગયો હતો. કપાલકુંડલા તે જાણી ન શકી. પણ આ પત્ર નવકુમારના જોવામાં આવ્યો. માથાના અંબોડામાંથી પત્ર પડ્યો તેથી નવકુમાર નવાઇ પામ્યો. કપાલકુંડલા જ્યારે બીજા કામમાં રોકાઇ ત્યારે નવકુમારે પેલો કાગળ ઉપાડી લીધો અને બહાર લઇ જઈને પત્ર વાંચવા લાગ્યો. પત્ર વાંચીને તે ચમક્યો. કપાલકુંડલાને માટે કાલે શી વાત થતી હતી ? કોણ વાત કરતું હતું ? આજે ફરીથી વાત કેવી સાંભળવાની ? અજાણ્યા પુરૂષને મધ્યરાત્રિએ મળવા કપાલકુંડલા જાય એ શું સુચવે છે ? શું કપાલકુંડલા કલંકિત હોઇ શકે ? આ શો ભયંકર ગોટાળો હતે ? અફસોસ ! કપાલકુંડલા આ કેવું પગલું ભરતી હતી ?

આવા પ્રકારના વિચારોથી નવકુમાર અતિશય દુઃખી થવા લાગ્યો. પહેલાં તો તેને પત્રના લખાણના સ્પષ્ટ અર્થની સમજણ ન પડી. પછી સંશય ઉત્પન્ન થયો. અને છેવટે વ્હેમ અને ઇર્ષાની ભભુકતી જ્વાળાઓએ નવકુમારના હૃદયને બાળીને ખાખ કરવા માંડ્યું. નવકુમાર કપાલકુંડલાને દેવી માફક પૂજતો હતો, નવકુમારનું સર્વસ્વ કપાલકુંડલા હતી. તેણીને માટે તે શું કરવા તૈયાર નહોતો ? રૂપવતી

યવનમાળાની નજીવી માગણીને પણ તેણે પોતાની પ્રિય પત્નીને માટે ઠોકરે મારી હતી. ધન, ઐશ્વર્ય, સૌંદર્ય એ સર્વને તેણે પોતાની પ્રિય પત્ની આગળ તુચ્છ માન્યાં હતાં. તે જ કપાલકુંડલા શું આવું કપટ રમી શકે ? આ સ્થિતિમાં તેણીને શું કહેવું ? આવેગ અને ક્રોધથી નવકુમારનું મગજ ભમવા લાગ્યું. તેણે વિચાર કર્યો કે આવી સ્થિતિમાં બેમાંથી એકનું મૃત્યુ એ જ શ્રેયસ્કર છે. કપાલકુંડલા ગમે તેવી કલંકિત હોય પણ તેના ઉપર પોતે હાથ ઉગામી શકે એમ તો નહોતું જ. ત્યારે બીજો શો ઉપાય રહ્યો ? પોતાના જીવનની આહુતિ ! રાત્રિએ જ્યારે કપાલકુંડલા ઘરની બહાર જાય ત્યારે છુપી રીતે તેની પાછળ જઇ તેના ભયંકર પાપાચરણને નજરોનજર જોઇ પછી તેણીને કાંઈ પણ કહ્યા સિવાય પોતાના જીવનનો અંત આણવો એવો નવકુમારે નિશ્ચય કર્યો. આવી મધુર અને નિષ્કપટ નારી પણ જ્યારે કુલકલંકિની નિવડે ત્યારે આ સંસારમાં શું રહ્યું ? શાને માટે જીવવું ? એ પ્રસંગોમાં તો મૃત્યુજ શ્રેયસ્કર હતું અને તે માર્ગ લેવાનો નવકુમારે નિશ્ચય કર્યો.

રાત્રે જમ્યા પછી નવકુમાર ઉંઘવાનો ઢોંગ કરીને પથારીમાં પડી રહ્યો. કપાલકુંડલા બહાર નીકળી વળી પાછી પત્રની શોધમાં અંદર આવી અને વળી પાછી બહાર નીકળી. ચીરાતે હૃદયે નવકુમારે આ બધું જોયું. તેના સંતાપ અને શોકની સીમા રહી નહિ. કપાલ-કુંડલાના ગયાને થોડીક વાર થયા પછી તે પણ ઝડપથી બહાર નીકળ્યો અને જંગલમાં જતી કપાલકુંડલાને પકડી કાઢી. કપાલકુંડલા દેખે નહિ એમ થોડેક અંતરે તે તેની પાછળ ચાલ્યો. થોડેક ચાલ્યો એટલે અચાનક તેના ખભા ઉપર એક પુરૂષે હાથ મૂકયો. નવકુમારે પાછા ફરીને જોયું. કપાળકુંડલા આગળ વધી જતી હતી, અને આ પુરૂષની સાથે વાતચીત કરવા રોકાવાથી કપાલકુંડલા નજરથી દૂર નીકળી જશે એમ જણાતું હતું. આથી તે ઝડપથી બોલ્યો,–" મને રોકનાર તમે કોણ છો ? મને જવા દો ! "

તે અપરિચિત પુરૂષ બોલ્યો,–" નવકુમાર ! હું કોણ છું તે તું નથી ઓળખી શકતો ? "

અજાણ્યા માણસના મ્હોંએથી પોતાનું નામ સાંભળીને નવકુમાર ચમક્યો, અને તેણે પેલા પુરૂષ તરફ જોયું. નવકુમાર ઓળખી ગયો કે આ પુરૂષ બીજો કોઇ નહિ પણ પૂર્વપરિચિત કાપાલિક હતો.

નવકુમાર ચમક્યો. પણ આ વેળાએ તેને કાપાલિકની બીક લાગી નહિ. તે બોલ્યો,–" શું કપાલકુંડલા તમને મળવા જાય છે ? "

કાપાલિક – " ના ! "

નવકુમારનું મુખ લેવાઇ ગયું. દારૂણ વિશાદથી તેનો અવાજ ગળગળો થઇ ગયો. તે દુઃખી અવાજે બોલ્યો,–" મને જવા દો. મારો રસ્તો છોડો. "

કાપાલિક,—" છોડું છું, પણ મારે તારી સાથે કેટલીક વાત કરવી છે. પહેલાં તું તે સાંભળી લે. "

નવકુમાર, " તમારે અને મારે હવે શો સંબંધ છે ? તમે મારો જીવ લેવા આવ્યા છો ? જો તેમ હોય તો ખુશીથી તેમ કરો. આ વાર હું તમને નહિ રોકું. તમે અહીં ઉભા રહો. હું જઇને આવું છું. હાય ! મેં શા માટે માતાજીના હવનમાં મારૂં બલીદાન ન આપવા દીધું ? અફસોસ ! અફસોસ ! આજે મારે તેનાં જ આ કડવાં ફળ ભોગવવાં પડે છે. જેણે મારી રક્ષા કરી હતી તે જ આજે મારા સર્વ નાશનું કારણ થવા તત્પર થઇ છે. આ વખતે મારો અવિશ્વાસ તમે ન કરશો. હું હમણાં જ આવીને તમને મારા જીવનનું બલીદાન આપવા જણાવીશ ! "

કાપાલિક,—" હું તારો જીવ લેવા નથી આવ્યો. માતાજીની એવી ઇચ્છા નથી. હું જે કહેવા આવ્યો છું તેમાં તું જરૂર સમ્મત થઇશ જ. ઘરની અંદર ચાલ. હું કહું છું તે સાંભળ. "

નવકુમાર,—" હમણાં નહિ. બીજી કોઇ વખતે સાંભળીશ. તમે હમણાં મારી વાટ જોઇને અહીં ઉભા રહો. મારે જરૂરનું કામ છે.

તે પુરૂં કરીને હું હમણાં જ ચાલ્યો આવું છું. "

કાપાલિક,—" વત્સ ! તું શા કામને માટે જાય છે એ સર્વ હું જાણું છું. તું તે કુલકલંક પાપિષ્ટા કપાલકુંડલાનાં કુટિલ કૃત્યોનું અવલોકન કરવા જાય છે એ મને જાણુ છે. પણ હાલ તું મારી સાથે તારે ઘેર પાછો ચાલ. હું કહું છું તે સાંભળી લે. પછી હું જ તને તે કુટિલ કામિનીનાં કુકૃત્યો જોવા લઇ જઇશ. તે ક્યાં જાય છે એ હું સારી રીતે જાણું છું ! તું કશી ચિન્તા કરીશ નહિ.'

નવકુમાર બોલ્યો,-" ઠીક; ચાલો. "

બન્ને જણુ નવકુમારના ઘર તરફ ગયા. પોતાના દિવાનખાનામાં કાપાલિકને બેસાડીને નવકુમાર બોલ્યો,-" હવે જે કહેવું હોય તે કહો."

કાપાલિકે પહેલાં તો પોતાના બન્ને હાથ નવકુમારને બતાવ્યા. નવકુમારે જોયું કે બન્ને હાથ તુટી ગયેલા છે. કાપાલિકે આજ સુધીનો પોતાનો વૃત્તાન્ત નવકુમારને જણાવ્યો. તેનો ટુંક સારાંશ આ પ્રમાણે હતો.

જે રાત્રિએ કાપાલિકના પંઝામાંથી છુટીને કપાલકુંડલા સાથે નવકુમાર નાસી ગયો હતો; તે વખતે કાપાલિક આ બન્ને જણાની શોધમાં એક ઉંચી રેતીની ટેકરી ઉપર ચડયો હતો; પણ અચાનક રેતીની ભેખડ ધસી પડવાથી કાપાલિક દરિયામાં તુટી પડયો હતો. ત્યાંથી પોતાના શરીરનું રક્ષણ કરીને જેમ તેમ તે બહાર તો નીકળી શકયો હતો, પણ ઉંચેથી પડવાથી તેના બન્ને હાથ તુટી ગયા હતા, અને તે ફરીથી કોઇ પણ રીતે સાજા થઇ શકયા નહોતા.

પોતાનું આટલું વર્ણન આપ્યા પછી નવકુમારને કાપાલિક કહેવા લાગ્યો,-" વત્સ ! તે દિવસથી આ બાહુમાં કાંઇ પણ બળ નથી રહ્યું. બે લાકડાં પણ હવે મારાથી મહા કષ્ટે જ આ હાથો વતી ઉંચકી શકાય છે. આવી રીતે મારી દુર્બળ અવસ્થામાં એક દિવસે હું ઉંઘતો હતો એવામાં મને એક સ્વપ્નું આવ્યું. સ્વપ્નામાં માતાજીનાં મને દર્શન થયાં અને રૌદ્ર મુખમુદ્રા કરીને કહેવા લાગ્યાં,-

રે દુષ્ટ અને દુરાચારી ! તારા ચિત્તની મલિનતાના જ કારણથી તારાથી નવકુમારને બલીમાં આહુતિ આપી શકાઇ નથી. તેં કેવળ ઇંદ્રિયલાલસાને વશીભૂત થઇને જ કપાલકુંડલાના શોણિતનું મને બલીદાન નથી દીધું. તારા એ અપરાધને માટે જ આ શિક્ષા થઇ છે. મને તારા હાથની પૂજાની હવે અપેક્ષા નથી. માટે જ તે હાથો ભાગી ગયા છે. ”

“ હું બાળકની માફક માતાજીના ચરણમાં પડીને અતિશય આક્રંદ કરવા લાગ્યો, તથા મારા ઉપર દયા કરવાને મેં માતાજીને વિનંતિ કરી. મારા કાલાવાલા અને આજીજીથી માતાજી પ્રસન્ન થયાં અને બોલ્યાં,–'જ્યાં સુધી તું કપાલકુંડલાનું મને બલીદાન નહિ દે ત્યાં સુધી હું તારી પૂજા નહિ કરૂં. માટે કપાલકુંડલાનું મને બલીદાન દેજે !'

“ માતાજી આવી રીતે કહીને અદૃશ્ય થઇ ગયાં. હું જાગ્યો ત્યારે જોયું કે કપાલકુંડલાનું માતાજીને બલીદાન આપવાનું મારામાં સામર્થ્ય નથી. મારા હાથ ભાગી ગયા હતા. કપાલકુંડલાનો વધ કરવાનું કામ હવે મારાથી તો બની શકે એમ હતું જ નહિ. આથી મેં આ કાર્યને માટે એક મદદનીશ શોધવાનો નિશ્ચય કર્યો. પણ વત્સ ! દિવસે દિવસે દેવદેવીઓ ઉપરથી લોકોની શ્રદ્ધા ઉઠી જવા લાગી છે. સંસારના પામર જીવો માયાની મોહજાળમાં મસ્ત બની દિવસે દિવસે અધર્મ અને પાપનાં પૂતળાં બનવા લાગ્યાં છે. મ્લેચ્છ લોકોના શાસનકાળનો આ સમય છે. આવા સંજોગોથી મને કોઇ પણ સાથીદાર આ કાર્યને માટે મળી શકતો નથી. હું દરરોજ નિરાશ ચિત્તે આ જંગલમાં હવન કરી ઘીની આહુતિ આપું છું. માતાજીની પૂજા કરી શકતો નથી. ત્યાં અચાનક ગઇ કાલે મેં એક વિચિત્ર દૃશ્ય જોયું, અને મને આશ્ચર્ય થયું. મેં કપાલકુંડલાને એક તરૂણ બ્રાહ્મણકુમારની સોડમાં બેસીને પ્રેમાલાપ કરતાં જોઇ. થોડીક વાર મને નવાઇ લાગી. પણ પછી મને એમાં જરાકે નવાઇ ન લાગી. જે સ્ત્રીએ

પોતાના પાલક પિતાને તરછોડી દીધો, અને જે પોતાની કામપિપાસા તૃપ્ત કરવાને માટે તારી સાથે નાસી ગઇ, તે સ્ત્રી તારાથી કંટાળી જઇને અન્ય સાથે રતીકેલીની ક્રિયા કરે તેમાં વધારે નવાઈ શી હોય ? એવી દુરાચરણી સ્ત્રીઓ ઉપરથી ભોળી દેખાય છે, પણ તેમનાં હૃદય તો પ્રપંચથી પરિપૂર્ણ હોય છે. વત્સ ! તેમ તેમના મ્હોંમાં મધ અને હૃદયમાં વિષારી સર્પોથી પણ વિશેષ ઝેર ભરેલું હોય છે.તેઓ સફેદ ચામડીની કાળી નાગણો જ છે. તારા સંસારસુખનું સત્યાનાશ ન વળે, તારા નિર્મળ અને ઉજ્વલ કુળમાં કલંક ન લાગે અને આવી પાપાચરણી સ્ત્રીના સંગમાં હવે તું તારો કાળ ન ગુમાવે એ હેતુથી આજે હું તને ચેતાવવા આવતો હતો અને તને પ્રત્યક્ષ પ્રમાણ બતાવવા માંગતો હતો.

" નવકુમાર ! આવી દુષ્ટ અને વ્યભિચારી સ્ત્રીઓ વધને યોગ્ય જ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે " **भार्या रूपवती शत्रु ।** " તારી રૂપવતી ભાર્યાએ તારા શત્રુની ગરજ સારીને તારા સંસારસુખનું અને તારી બાપદાદાથી ચાલતી આવેલી આબરૂનું સત્યાનાશ વાળ્યું છે. આવી દુરાચરણી સ્ત્રીનો તારા કુળના માનમરતબા અને મોભાને ખાતર નાશ થવો જ ઇષ્ટ છે. સંસારવ્યવહારનાં કાર્યો સહેલાં નથી. પટ, વહીવટ, વહેવાર એ સર્વ માણસોને સંભાળવાં પડે છે. પત્ની દુરાચરણી મળી હોય ત્યાં માન અને મોભો સાચવવાનો ક્યાં રહ્યો ? પટ, વહીવટ, અને વહેવારનું પણ પાલન શી રીતે થઇ શકે ? માટે આવી પાપી પ્રમદાનો તારે નાશ કરવો જોઇએ. માતાજીની એવી આજ્ઞા છે. જો તું પુરૂષ જ હોય, અને કાપુરૂષ ન હોય તો તારી વ્યભિચારી ભાર્યાનો તારા સ્વહસ્તે વધ કરી, માતાજીને તેના શોણિતનું બલીદાન દે. માતાજી તારા ઉપર પ્રસન્ન થશે. તારો સંસાર સુખમય થશે. માતાજીની આશિષથી હું સુખી બનીશ. એક વેળાએ માતાજીના બલીદાનમાંથી છટકી જવાથી તારી આ દશા થઇ છે. ફરીથી માતાજીની આજ્ઞા ઉલ્લંઘન કરીશ તો તારા સંકટનો પાર નહિ રહે. માતાજીનું કામ જબરૂં છે. તેના પડછા જીવતા જાગતા છે. માટે

હજુ પણ વખત છે. તું ચેત, અને પાપી અને કપટી કપાલકુંડલાનો વધ કરી તેની કપટકળાનો અંત આણ! હાલ તો તું મારી સાથે ચાલ અને કપાલકુંડલાનાં કારસ્થાન પ્રત્યક્ષ જો!"

ચાવી આપેલા પૂતળાની માફક નવકુમાર ઊભો થયો. કાપાલિક જંગલમાં નવકુમારને લઇ ગયો.

પ્રકરણ ૧૪ મું

આદર્શ ત્યાગ!

"Re at peace; it is your sister that addresses you. Requite Lucretia's love."

—*Lucretia.*



હવે આપણે કપાલકુંડલા તરફ નજર ફેરવીએ. તે જંગલમાં બ્રાહ્મણવેશધારી સ્ત્રીને મળવાના ઇરાદાથી આગળ અને આગળ વધી. આખરે તે ગઇ કાલવાળા ભાગેલા ઘર આગળ આવી પહોંચી ત્યાં આગળ તે બ્રાહ્મણવેશધારી વ્યક્તિ ઊભેલી હતી. આજે પણ તેણે પુરૂષનો જ પોશાક ગઇ કાલની માફક ધારણ કરેલો હતો. કપાલકુંડલાને આવતી જોઇ તે બોલ્યો,—"અહીં કાલવાળા કાપાલિકના આવી પહોંચવાનો ભય છે. માટે અહીં વાતચીત કરવી એ ઠીક નહિ. ચાલો આપણે બીજી જગ્યાએ જઇએ."

કપાલકુંડલા બોલ્યા ચાલ્યા સિવાય તેની પાછળ ચાલી. આગળ ચાલતાં જંગલમાં એક વૃક્ષનું થડ આડું પડેલું હતું. તેના ઉપર બન્ને જણાં બેઠાં. ચંદ્રનો પ્રકાશ ત્યાં આછો આછો પડતો હતો.

કારણ કે આજુબાજુએ પુષ્કળ વૃક્ષો ઉગેલાં હતાં. ત્યાં બેઠા બાદ બ્રાહ્મણ વેશધારી બોલ્યો,–" પહેલાં હું તને મારો પરિચય આપું. હું જે વાત કહેવા માગું છું તેમાં એ કાર્યથી ઘણી સરળતા થશે. તું તારા પતિની સાથે પહેલવહેલી આવતી હતી, ત્યારે માર્ગમાં એક ધર્મશાળામાં એક યવન સ્ત્રી સાથે તારો મેળાપ થયો હતો એ વાત તને સાંભરે છે ? "

કપાલકુંડલા,—" જે સ્ત્રીએ મને ઘરેણાં પહેરાવ્યાં હતાં તે સ્ત્રીની તમે વાત કરો છો ? "

બ્રાહ્મણવેશધારી,—" હા તે જ. તે સ્ત્રી તે હું જ છું ! "

કપાલકુંડલા અત્યંત આશ્ચર્ય પામી અને દિઙ્મૂઢ બની તે સ્ત્રીના મ્હોં સામું જોવા લાગી. તે સ્ત્રી બોલી,–" કપાલકુંડલા ! અત્યારથી શાની નવાઇ પામે છે ? હજુ તો તને વધારે નવાઇ લાગશે. હું તારી શોક્ય છું ! "

હવે તો કપાલકુંડલાના આશ્ચર્યની અવધિ જ થઈ ગઈ. તે ચમકીને બોલી,–" હેં ! શું તમે ખરૂં કહો છો ? "

લુત્કુન્નિસાએ હા પાડી અને પોતાનો પ્રથમનો સર્વ વૃત્તાંત કપાલકુંડલાને કહી સંભળાવ્યો. વિવાહ, જાતિભ્રષ્ટતા, સ્વામી તરફથી ત્યાગ, જહાંગીર સાથેનો પ્રેમસબંધ, આગ્રા અને દીલ્હીમાં ભોગવેલી જાહોજલાલી, મહિર–ઉન્–નિસાની વચ્ચે થયેલી દખલ, આગ્રાનો ત્યાગ સપ્તગ્રામમાં આવવું, નવકુમારની સાથેનો મેળાપ, નવકુમારનો પોતા પ્રત્યેનો તીરસ્કાર, છૂપા વેશથી વનમાં આવવું, અને કાપાલિકની સાથેનો મેળાપ એ સર્વ વાત તેણીએ કપાલકુંડલાને વિસ્તારપૂર્વક કહી સંભળાવી. વાંચનાર સ્મરણમાં રાખશે કે આ લંબાણ વાર્તાલાપમાં લગભગ બે ત્રણ ઘડી જેટલો સમય વ્યતીત થઇ ગયો હતો.

સર્વ વાત સાભળી લીધા પછી કપાલકુંડલા બોલી,–"તમે શા ઉદ્દેશથી છૂપો વેશ ધારણ કરીને અહીં આવ્યાં હતાં ? "

લુત્કુન્નિસા,—" સ્વામીની સાથે તારો અણબનાવ કરાવી તારો

સદાને માટે વિયોગ કરાવવા ! ”

કપાલકુંડલા ચિંતાપૂર્વક બોલી, “ તમે આ ઉદ્દેશ શી રીતે પાર પાડવાનાં હતાં? ”

લુત્ફુન્નિસા,—“ કળ બળ અને છળનો ઉપયોગ કરી, તન મન અને ધનથી યોજી શકાય એવા તમામ ઉપાયો યોજીને નવકુમારના મગજમાં તું દુરાચરણી છે એવું સાબીત કરાવત, અને તારા સતીત્વ ઉપર શંકા લાવત. પણ હવે એ માર્ગ મને લેવા ઇચ્છા નથી. જો તું મારા કહેવા પ્રમાણે કામ કરે તો મારો મનોરથ સિદ્ધ થશે અને તું પણ સુખી થઇશ. ”

કપાલકુંડલા,—“ કાપાલિક મારે માટે કેવો વિચાર રાખે છે ? ”

લુત્ફુન્નિસા,—“ તે જ્યારે હોમ કરતો હતો ત્યારે મેં અચાનક તારૂં નામ તેના મુખમાંથી સાંભળ્યું. આ ઉપરથી હું તેની પાસે રાતે બેઠી અને જાણી લીધું કે તારો વિનાશ કરવાના વિચારથી જ કાપાલિક હોમ કરતો હતો. મારૂં પણ એ જ પ્રયોજન હતું. આ સબંધી વિચાર કરવાને માટે પેલા ભાગેલા ઘરમાં અમે બે જણાં મળ્યાં હતાં, અને તારે માટે હવે કેવો ઉપાય યોજવો તેનો વિચાર-કરતાં હતાં. ત્યાં મેં તેનો વિચાર જાણી લીધો. તારો નાશ કરવો, તને મારી નાખવી—એ જ તેનો ઉદ્દેશ છે. તારૂં મૃત્યુ થાય તેમાં કાંઇ મને ખાસ લાભ નથી. મેં આ જન્મમાં અનેક પાપ કર્યાં છે. શિયળભંગ, વ્યભિચાર, માતા પિતાની અવગણના, વિશ્વાસઘાત, અધર્મ, એ સર્વ મહાપાપો હું કરી ચુકી છું. તારા જેવી નિર્દોષ અને ભોળી સ્ત્રીનું ખૂન કરવામાં ભાગ લઇ સ્ત્રીહત્યાના પાપના ભોક્તા બનવાની મને ઇચ્છા નથી. આથી હું કાપાલિકને કહેતી હતી કે મારાથી ખૂન કરવાનું કાર્ય નહિ બને. મને લાગે છે કે અમારી કાંઇક વાતચીત તેં સાંભળી લીધેલી હોવી જોઇએ. ”

કપાલકુંડલા,—“ હા; મેં થોડીક વાત સાંભળી લીધી હતી. ”

લુત્ફુન્નિસા,—" અમારી વાતનો શો છેડો આવે છે તે જાણી, પછી તને બધી વાત કહું એવા વિચારથી હું તને બહાર બેસાડીને અંદર ગઇ હતી. "

કપાલકુંડલા,—" પાછાં કેમ ન ફર્યાં ? "

લુત્ફુન્નિસા,—" કાપાલિકે મને ઘણી વાતો કહી. તેમાંની ઘણી તું નથી જાણતી. તું જ્યારે નવકુમારની સાથે આવતી રહી ત્યારે કાપાલિક ભેખડ ઉપર ચડીને તમને જોતો હતો. તે પછી કાપાલિકની શી ગતિ થઇ તે સર્વ વૃત્તાંત તું નથી જાણતી તે સર્વ હું તને કહું છું. "

લુત્ફુન્નિસાએ કપાલકુંડલાને કાપાલિકની બધી વાત કહી. સર્વ વાત સાંભળીને કપાલકુંડલા ચમકી ઉઠી. તેનું સર્વ અંગ કંપવા લાગ્યું. વાચકો આ સ્થળે યાદ રાખશે કે આ સર્વ લંબાણ વાતચીત દરમ્યાન કપાલકુંડલાને ઘરથી નીકળ્યાને એક પહોર કરતાં વધારે સમય વીતી ગયો હતો.

લુત્ફુન્નિસા બોલી,—" ભવાની માની આજ્ઞાનું પાલન કરવાની કાપાલિકે દૃઢ પ્રતિજ્ઞા કરી છે. તેના હાથ ભાગી ગયા છે એટલે તારો વધ કરવાનું કાર્ય એનાથી એકલે હાથે બની શકે એમ નથી. તેને આ કાર્યમાં જે એક માણસની મદદ જોઇએ તે માટે તે મારી સહાય માગવા ઇચ્છતો હતો અને તે જ કારણથી તેણે મને પોતાના વિશ્વાસમાં લઇને બધી વાત કહી હતી. પણ હું તેના આ પૈશાચિક કાંડમાં પ્રવૃત્ત થવાને સાફ ના પાડી બેઠી. મારે તારો જીવ લેવો નથી. હું તને આજે એટલા માટે મળી હતી કે તારો જીવ લેવાનું મારા હાથમાં છતાં મેં તેમ કર્યું નથી અને કરવા ઇચ્છતી નથી. અથવા મેં તને જીવનદાન આપ્યું છે એમ કહીએ તો પણ ચાલે. આવી સ્થિતિમાં તું પણ મારે માટે કાંઇ કર. "

કપાલકુંડલા,—" શું કરૂં ? "

લુત્ફુન્નિસા,—" તું મને જીવનદાન દે. સ્વામીનો ત્યાગ કર. "

કપાલકુંડલા લાંબો વખત સુધી ચુપ રહી. તેણીએ જવાબ ન

દીધો. થોડીક વાર પછી તે બોલી,–" સ્વામીનો ત્યાગ કરીને હું ક્યાં જઇશ ? "

લુત્ફુન્નિસા,—"તું પરદેશમાં-બહુ દૂર-જા. તને ધન આપું, પૈસા આપું, વસ્ત્રો આપું, વાહન આપું, દાસદાસીઓ આપું; તું કહે તે બધું આપું, પણ મારે માટે તું હવે પરદેશ જા ! "

સંસારવ્યવહારની કપટકળાથી અજાણી કપાલકુંડલા ઉપર આ સર્વ પ્રપંચ એક સામટા રચાતા હતા, તેથી તે ગભરાઇ ગઇ. હવે શું કરવું તેની તેને સમજણ ન પડી. થોડીક વાર વિચાર કર્યા પછી તે બોલી,–" તમે મારા ઉપકાર કર્યા છે કે નહિ તે હું હજુ સુધી નથી સમજી શકતી. મારે ધન, ઐશ્વર્ય, દાસ, દાસી કશાની પણ જરૂર નથી પણ તમારા સુખમાં કંટકરૂપ શા માટે થાઉં ? ભલે ! તમારો મનોરથ સિદ્ધ થાઓ ! કાલથી તમે મને સપ્તગ્રામ અથવા આજુ-બાજુના પ્રદેશમાં નહિ જુઓ ! હું વનવાસિની હતી અને વનવા-સિની બનીશ ! "

લુત્ફુન્નિસા મૂઢની માફક જોઇ રહી. આવો ઉત્તમ અને આદર્શ ત્યાગ કપાલકુંડલા કરશે, અને તે પણ આટલી સહેલાઇથી તે તેણી-એ સ્વપ્ને પણ ધાર્યું નહોતું તે ' આશ્ચર્યથી અસ્પષ્ટ અવાજે બોલીઃ "બ્હેન ! તું મનુષ્યતનયા નહિ પણ દેવી છે. તેં મને જીવનદાન દીધું છે. તારા અનહદ ઉપકાર આગળ હું તુચ્છ છું-પામર છું, પણ તને હું એમ ને એમ જવા નહિ દઉં. કાલે તારી પાસે મારી એક ચાલાક દાસીને મોકલીશ. તું તેની સાથે જજે. બર્દવાનમાં મારી એક માનીતી સખી રહે છે. તે તારે જોઇતી તમામ વસ્તુઓ તને આપશે. પછી તું તે લઇને તારી મરજી પડે ત્યાં જજે. આહ ! બ્હેન ! બ્હેન ! તારી ઉદારતાને ધન્ય છે ! "

એમ કહીને લુત્ફુન્નિસા કપાલકુંડલાને ભેટી પડી, અને તેના વિશાળ કપાળ ઉપર અતિશય મમતાથી ચુંબન કર્યું. કપાલકુંડલાની આંખમાં પણ આંસુ આવ્યાં. બે પળ આવી રીતે બંન્ને જણાં એક બીજાના બાહુમાં વીંટળાઇને છેલ્લી વારની મુલાકાત લેતાં હતાં.



લુત્ફુન્નિસા.—"તું પરદેશમાં—બહુ દૂર—જા તને ધન આપું, પૈસા આપું, વસ્ત્રો આપું. વાહન આપું. દાસ દાસીઓ આપું: તું કહે તે બધું આપું પણ મારે માટે હવે તું પરદેશ જા!"

પૃષ્ઠ ૧૫૨.

પ્રકરણ ૧૫ મું

વ્યામોહ

क्रोधाद् भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥
श्रीमद्भगवद्गीता ।



લુત્ફુન્નિસા અને કપાલકુંડલા જ્યારે અરસપરસ આ પ્રમાણે વાર્તાલાપ કરી રહ્યાં હતાં ત્યારે તે જગ્યાથી થોડેક દૂર અંધકારમાં એક વિશાળ વૃક્ષના ઓથા તળે છૂપાઇને બે વ્યક્તિઓ આ દૃશ્ય તરફ જોઇ રહી હતી. તેમાંથી એક નવકુમાર અને બીજો કાપાલિક હતો તે વાચકો સમજી ગયા હશે જ.

એક બાજુએ કપાલકુંડલા પોતાની શોક્યના દુઃખથી દ્રવી જઇને પોતાનું સર્વસ્વ છોડી દેવા જેવી–માનવજાતીમાં ન જોવામાં આવે એવી–ઉદારતાનું દિગ્દર્શન કરાવી રહી હતી. ત્યારે બીજી બાજુએ તે જ કપાલકુંડલાને નવકુમાર કપટી કાપાલિકની કપટકળાથી અને સંજોગનો ભોગ બનીને પિશાચિની અને વ્યભિચારિણીના સ્વરૂપમાં જોતો હતો. કેટલીક વાર નજરે જોયલી વાત પણ ખોટી પડે છે, તેનું આ એક આબેહૂબ દૃશ્ય હતું. કાપાલિકે જાણી જોઇને નવકુમારને થોડેક દૂર ઉભો રાખ્યો હતો. ગીચ જંગલમાં ચંદ્રના ઝાંખા પ્રકાશમાં નવકુમાર પોતાની પરમપ્રિય પત્નીને એક જુવાન, સશક્ત અને કાન્તિમાન બ્રાહ્મણ યુવકની સોડમાં એક જ સ્થળે બેસીને વાતો કરતી જોઇ શકતો હતો. પણ તે જ કપાલકુંડલા કેવો આદર્શ

આત્મત્યાગ કરી રહી હતી, તેનો આ હતભાગી પુરૂષને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. તેની બુદ્ધિ બ્હેર મારી ગઇ હતી. અંગે અંગ તેને ક્રોધ વ્યાપ્યો હતો. લગભગ એક પ્રહર જેટલા સમય સુધી પોતાની પત્નીને અન્ય પુરૂષના પડખામાં બેઠેલી જોઇને તે બ્હાવરો અને બ્હેબાકળો બની ગયો હતો. ધીમે ધીમે તે બ્રાહ્મણકુમાર કપાકુંડલાની છેક જ નજીક જઇને બેઠો હતો, અને કપાલકુંડલાના ખુલ્લા વાળ તે બ્રાહ્મણકુમારના વાળ સાથે એકત્ર થઇ ગયા હતા, તે નવકુમાર ચીરાતાં હૃદયે જોતો હતો. છેવટે જ્યારે બ્રાહ્મણવેશધારી લુત્ફુન્નિસાએ કપાલકુંડલાને ભેટીને તેના કપાળ ઉપર ચુંબન કર્યું, અને ત્યારે પણ કપાલકુંડલાએ કાંઈ વાંધો ન લીધો, ત્યારે નવકુમારની સંપૂર્ણ ખાત્રી થઇ ગઇ કે સ્ત્રીચરિત્રનો મહિમા અજબ છે. પોતાને ભોળી, નિર્દોષ કહેવડાવતી કપાલકુંડલા એક કુટિલ કામિનીને છાજે એવાં કુકૃત્યો કરી રહી હતી! નવકુમારને એક પ્રકારનો વ્યામોહ લાગુ પડ્યો હતો.

આવી અપૂર્વ તક ફરીફરીને નહિ મળે એમ ધારી કાપાલિકે પોતાની પીઠે લટકાવેલા એક કાંસાના પાત્રમાંથી એક પ્યાલામાં કાંઇક પ્રવાહી પદાર્થ કાઢ્યો, અને તે નવકુમારને આપીને બોલ્યો, –" વત્સ ! લે,–લઇ લે ! મા ભવાનીની આ પ્રસાદી છે. તું તારા સંસારસુખનું સદંતર સત્યાનાશ વળી ગયલું જોઈ નિર્બળ બની ગયો છે. આ માતાજીની પ્રસાદીનું પાન કરી જા. માતાજીની આજ્ઞા છે. બોલ, જય જગદંબે ! "

કાપાલિકે નવકુમારના મુખ આગળ પાત્ર ધરી દીધું. સારાસારનો વિચાર કર્યા વિના નવકુમાર તે મદિરાનું પાન કરી ગયો. ઉગ્ર મદિરાનું પાન કરતાં જ તેનામાં સ્ફુર્તિ આવી ગઇ.

આ વખતે લુત્ફુન્નિસા કપાલકુંડલાને કહેતી હતી,–" વ્હાલી બ્હેન ! તેં જે અદ્દ્ભુત અને આદર્શ ત્યાગ કર્યો છે તેનો બદલો વાળવાનો તો મારા કરમમાં સ્વપ્ને પણ વખત નહિ આવે; પણ જો

હું તને હંમેશાં સાંભરતી રહું તો મને બહુ આનંદ થાય. મારૂં સંભારણું તને રહે એટલા માટે અત્યારે હું તને સ્મરણચિન્હ તરિકે કાંઇ આપવા માગું છું. મેં તને એક વખત જે દાગીના આપ્યા હતા તે તેં કોઇ ગરિબ બ્રાહ્મણને આપી દીધા હતા એવી મને ખબર મળી હતી. અત્યારે મારી પાસે તને આપવા જેવું કાંઇ જ નથી. માત્ર આ એક હીરાની વીંટી આંગળીએ છે. એ વીંટી હું તને મારા સંભારણા તરીકે આપું છું. આ અંગુઠી તું રાખજે, અને તારી મ્લેચ્છ અને ધર્મભ્રષ્ટ ભગિનીને સંભારજે. આજ રાત્રે કદાચ સ્વામી એમ પૂછે કે આ વીંટી ક્યાંથી આવી, તો કહેજે કે લુત્ફુન્નિસાએ તે આપી છે.”

એમ કહીને લુત્ફુન્નિસાએ વીંટી પોતાને હાથે કપાલકુંડલાની આંગળીએ પહેરાવી. પછી સ્નેહથી કપાલકુંડલાના હાથને પોતાના હાથમાં લઇ તે ઉપર નીચા વળીને ફરીથી ચુંબન કર્યું!

નવકુમાર થરથર કંપતો હતો. કાપાલિકે બીજો પ્યાલો ભરીને નવકુમારના મ્હોંએ લગાડી દીધો. નવકુમાર પી ગયો. નવકુમારની વિચારશક્તિનો મદિરાપાનથી સર્વથા લોપ થઇ ગયો. કપાલકુંડલા ઉપર પ્રચંડ વેર લેવું એ જ હવે તેના જીવનનો ઉદ્દેશ થઇ પડયો.

આ બાજુએ લુત્ફુન્નિસા વાતચીત પૂરી થયાથી એક બાજુએ થઇને ચાલી ગઈ અને કપાલકુંડલા ઘર તરફ જવા નીકળી.

નવકુમાર અને કાપાલિક પણ કપાલકુંડલા ન જાણે એમ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

પ્રકરણ ૧૬મું



સ્મશાનભૂમિ

" वपुषा करणोज्झितेन सा निपतन्ती प्रतिमाप्यपातयत् ।
ननु तैलनिषेकबिन्दुना सह दीप्तार्चिरपैति मेदिनीम् ॥ "

—रघुवंश ।



કપાલકુંડલા ધીમે ધીમે ઘર તરફ ચાલી. તેનું મગજ અત્યારે ભારે ચિન્તાઓથી ભરાઇ ગયું હતું. તેણે છેવટે એવો નિશ્ચય કર્યો કે સ્વામીસુખથી વંચિત બની જંગલમાં ફરીને દાહાડા કાઢવા તેને બદલે જીવન વિસર્જન કરવું શું ખોટું ? બધી તકરાર અને બધા કલહનો ત્યાં જ અંત આવી જાય.

કપાલકુંડલાને પરપુરૂષ સાથે પ્રત્યક્ષ પ્રેમાલાપ કરતાં નવકુમારે જોઈ. હવે તેણી ઘર તરફ જશે, અને ત્યાં નિર્દોષ અને ભોળી ભામિનીની માફક સવારે ઉઠશે મદિરાની ખુમારીમાં ઉન્મત્ત બનેલા નવકુમારને આ વિચારથી તમ્મર આવવા લાગી. તે અતિશય ઉશ્કેરાઇ ગયો, અને તેને ગળે શોષ પડવા લાગ્યો. તેણે કાપાલિકની પાસે થોડું જળ માગ્યું કાપાલિકે વળી મદિરા આપી. નવકુમાર તે ગટગટાવી ગયો. હવે બુદ્ધિનો સર્વથા લોપ થઈ ગયો. તે બોલ્યો,-"મહારાજ ! લાવો તરવાર ! મને તે કપટી કામિનીનું ખૂન કરવા દો ! હવે વિલમ્બ શા માટે ? "

કાપાલિક,—" હવે વિલમ્બ શા માટે ? કપાલકુંડલાને લઇ ચાલ નજીકની સ્મશાનભૂમિમાં ! ત્યાં હવનનાં સર્વ સાધનો તૈયાર

છે. દેવીને બલિદાન દેવાશે, તારા કલહનો અંત આવશે, તું સુખી થઇશ, માતાજી પ્રસન્ન થશે. ”

નવકુમાર ગર્જના કરીને બોલી ઉઠયો,–“ કપાલકુંડલા ! ”

કપાલકુંડલા પાછી ફરી અને તેણે નવકુમાર તથા કાપાલિકને જોયા. તે ચમકી અને ખમચાઇને ઊભી રહી. નવકુમારે તેણીનો કોમલ હાથ પોતાની મુઠીમાં પકડી લીધો. કપાલકુંડલા બોલી,–“ તમે બન્ને અત્યારે અહીં ? મને ક્યાં લઇ જાઓ છો ? ”

નવકુમાર,—“ નજીકની સ્મશાનભૂમિમાં ચાલ ! ત્યાં આજે તારૂં બલિદાન દેવાનું છે ”


કાપાલિક,—“ ચાલ ! પુત્રી ! ત્યાં ચાલ ! આજે તારો જન્મ સાર્થક થયો. તારાં સર્વ પાપો ધોવાઈ જશે. તું માજીના શરણે જઈશ ! ”

કપાલકુંડલાએ કાંઇ પણ જવાબ ન દીધો. નવકુમાર તેણીનો હાથ પકડીને સ્મશાનભૂમિ તરફ ચાલવા લાગ્યો. પોતાના હાથને છોડાવવાનો સ્હેજ પણ પ્રયત્ન કર્યા સિવાય કપાલકુંડલા પણ ચાલી.

પ્રકરણ ૧૭મું

સુખમય સંસારનો દુઃખમય અંત.

" Heaven witness,
I have been to you a true and humble wife."
—" King Henry Viii "
—*Shakespeare*



ચંદ્રમા ધીમે ધીમે અસ્ત થયો. વિશ્વમાં અંધકાર વ્યાપી ગયો. ધીમે ધીમે કપાલકુંડલાને લઇને નવકુમાર તથા કાપાલિક પ્રેતભૂમિમાં આવી પહોંચ્યાં. અત્યારે પ્રેતભૂમિ મહા ભયંકર સ્વરૂપ ધારણ કરી રહી હતી. પ્રેતભૂમિની એક બાજુએ દૂર ગંગા નદી વહેતી હતી. તે નદીને કીનારે રેતીનું એક મેદાન હતું, અને તેની ભેખડોને અથડાઇને ગંગા નદી પૂર જોસમાં નીચે ઊંડાણમાં ખળખળ શબ્દ કરતી વહી જતી હતી. નદીનું પાણી ઘણા નીચાણમાં અને જોસમાં વહેતું હતું જયારે તેની ઉંચી ભેખડો અને કરાડો ઉપર પ્રેતભૂમિ આવેલી હતી. નર્મદા અગર મહી નદીનાં કોતરડાં અને ભેખડો જેણે જોઇ હશે તેને આ ભેખડોનો જલદીથી ખ્યાલ આવી શકશે.

પાછલી રાતના વખતે અંધકારમાં સ્મશાનભૂમિ વીંટળાઇ ગયેલી હતી. ત્યાં કાપાલિકે અગ્નિ થોડો થોડો સળગાવ્યો હતો. તેના ઝાંખા પ્રકાશમાં સ્મશાનભૂમિ વિશેષ ભયંકર જણાતી હતી.

કાપાલિકે નવકુમાર અને કપાલકુંડલાને એક દર્ભના આસન ઉપર બેસાડયાં અને મંત્રોચ્ચાર કરી હોમનો આરંભ કરી દીધો. યોગ્ય ક્રિયા થઇ રહ્યા પછી કપાલકુંડલાના વધનો પ્રસંગ આવી પહોંચ્યો. કાપાલિકે નવકુમારને આજ્ઞા કરી કે,—" વત્સ ! કપાલકુંડલાને સ્નાન કરાવી લાવ ! "

નવકુમાર મદિરાના નશામાં કપાલકુંડલાનો હાથ પકડી તેને નદી આગળ લઇ ગયો. રસ્તામાં જતાં જતાં હાડકાંના ટુકડાઓ, રાખોડીના ઢગલાઓ, વગેરે બન્નેના પગ તળે અથડાતા હતા. એટલામાં બન્ને જણા છેક નદીના કિનારા આગળ આવી પહોંચ્યાં. પણ હવે નદીમાં ન્હાવા શી રીતે અને કયાં આગળ જવું તેની શોધમાં નવકુમાર પડ્યો. ઉંચી ભેખડોમાંથી પાણીના પ્રવાહ આગળ જવાનો તે રસ્તો શોધવા લાગ્યો. એટલામાં અચાનક એક કઠણ વસ્તુની ઠોકર નવકુમારને વાગી. હાથ ફેરવીને જોયું તો કોઇક શબ હતું. બિચારા હતભાગી મનુષ્યની કોઇએ અંતિમક્રિયા પણ કરી નહોતી. ચારે બાજુએ માંસભક્ષી પક્ષીઓના કર્કશ અને ડરામણા સાદ થતા હતા.

કપાલકુંડલાએ જોયું કે નવકુમારનો હાથ કંપતો હતો. તે પોતે તદ્દન નિર્ભય અને શાંત હતી.

કપાલકુંડલા,–" ડરો છો ? "

નવકુમારનો મદિરાનો નશો ધીમે ધીમે ઓછો અને ઓછો થતો જતો હતો. તે ગંભીર સ્વરથી બોલ્યો,–" ડરૂં છું ? ડરતો નથી. "

કપાલકુંડલા,–" ત્યારે કેમ ધ્રુજો છો ? "

નવકુમાર,–" ડરતો નથી. મને અતિશય અકળામણ થાય છે, તેથી હું કંપું છું. મને રડવાનું મન થાય છે પણ રડાતું નથી. "

કપાલકુંડલા મૃદુ સ્વરથી બોલી,–" શા માટે રડવાની ઇચ્છા થાય છે ? "

નવકુમાર,–"કપાલકુંડલા ! મૃણ્મયી! હૃદયમાં દાવાનળ સળગી ઉઠ્યો છે. શું કહું ? મારાથી નથી રહેવાતું. "

એમ બોલી કપાલકુંડલાના પગ આગળ લાંબો થઇને નવકુમાર આંખમાંથી ચોધાર આંસુ વરસાવતો બોલ્યો,–" કપાલકુંડલા ! મને બચાવ ! મને શાંત કર ! તારા પગે પડું છું ! મને એક વાર કહે કે તું મારી સાથે દગો નથી રમી. બસ, મને ફક્ત એટલું જ કહે, અને તને હમણાં ને હમણાં મારા હૈયા સરસી ચાંપીને ઘેર લઇ જઇશ ! મને ના તલસાવ ! "

કપાલકુંડલા નવકુમારને જમીન ઉપરથી ઉઠાડીને બોલી,—"તમે મને–ક્યારે પૂછ્યું હતું ? દૈવયોગે તમે મને અમુક પરપુરૂષ સાથે વાત કરતાં જોઈ એવો તમને આભાસ થયો અને તમે મારૂં બલિદાન દેવા તત્પર થયા. તમારી સાથે વાદવિવાદ કરવો વૃથા હતો. સ્વામીના હૃદયમાં જ્યાં શંકાને સ્થાન મળ્યું ત્યાં તે સ્ત્રીનું જીવતરજ બળ્યું."

આ વખતે વાતો કરતાં કરતાં બન્ને જણાં નદીની ઉંચી ભેખડની છેક કોર આગળ આવી પહોંચ્યાં હતાં. બંને એટલાં બધાં ઉશ્કેરાઇ ગયાં હતાં કે પોતે કયી જગ્યાએ ઊભાં છે તેનું તેમને ભાન નહોતું.

નવકુમાર બોલ્યો,—" કપાલકુંડલા! મારી ભુલ થઇ. મને માફ કર ! મને કહે કે શો બનાવ બન્યો છે. મારો બચાવ કર ! મને સંતોષ આપ ! "

કપાલકુંડલા,—" સ્વામીનાથ ! તમારી આજ્ઞા મારે શિરસાવંદ્ય છે. હું તમારા તરફ વિશ્વાસઘાતી નથી નિવડી. તમારા કુળને કલંક લાગે એવું કોઇ પણ કૃત્ય મેં આજ સુધી નથી કર્યું. જે પુરૂષને તમે મારી સાથે વાતચીત કરતાં જોયો હતો તે પુરૂષ ન હતો પણ સ્ત્રી હતી, અને તેણે પુરૂષનો પોશાક ધારણ કર્યો હતો; અને તે પુરૂષ પણ બીજો કોઇ નહિ પણ તમારી પ્રથમની પત્ની અને મારી શોક્ય પદ્માવતી અથવા લુત્ફુન્નિસા હતી. મારી આ વાત સત્ય છે. જો તેમાં અસત્યનો સ્હેજ પણ અંશ હોય તો મને માતાજીની આણ છે: પ્રાણનાથ ! પદ્માવતીને સુખ થાય, તમારા ચિત્તને શાંતિ થાય એ માટે હું તમને છોડીને આવતી કાલે તો જંગલમાં જતી રહેવાની હતી. મને સંભારણા તરિક પદ્માવતીએ એક અંગુઠી આપી હતી તે આ મારી આંગળીએ છે. પ્રિયતમ ! એક વર્ષના તમારા સહવાસથી હું તમારી સાથે ભોગવાતા આનંદનો જે લ્હાવો નહોતી લઇ શકતી તે છેલ્લા બે દિવસના સંજોગોથી મને ભોગવવા મન થાય છે. પણ હાય ! મારાથી સામાનું દુખ નથી

મેં તમારો ત્યાગ કરી જંગલમાં રખડી રઝળી મારૂં જીવન પૂર્ણ કરવાનો નિશ્ચય કર્યો હતો. બે દિવસ ઉપર જો એ પ્રસંગ આવ્યો હોત તો હું તેમ કરી શકત. પણ હવે તમારે માટે મારા અંતઃકરણમાં જે ભાવના જાગૃત થઇ છે તેથી હું એકલી રહી શકું એમ નથી. આ કારણથી મારા આ દુઃખી જીવનનો કયા પ્રકારે અંત આણવો તેનો હું વિચાર કરતી હતી. એટલામાં આ પ્રસંગ બન્યો. મારે મરવું તો હતું જ. પછી મારા સ્વામી સ્વહસ્તે મારો વધ કરે, મારા પાલક પિતા તે યજ્ઞની ક્રિયા કરે, અને માતાજીના ચર્ણમાં મારા શોણિતનું તર્પણ થાય એથી વિશેષ ઉત્તમ પ્રકારનું મૃત્યુ મારે માટે કયું હોઇ શકે? મનમાં ફકત એટલો ખટકો રહી જતો હતો કે સ્વામીની શંકાનું સમાધાન થઇ ગયું હોત તો સારૂં થાત. તે પણ થઇ ગયું. હવે મારા હર્ષનો પાર રહ્યો નથી. તમે ભલે મને સ્નાન કરાવીને ત્યાં લઇ જાઓ, મારો વધ કરો, મારી માતાજીને આહુતિ આપો, હવે હું કદિ ઘર તરફ નહિ આવું! નહિ આવું! પ્રિયતમ! મારો વધ કર્યો પછી તમે સુખેથી ઘેર જજો. જેને ખાતર મેં આ સહ્યું છે તે મારી ભગિની સમાન પદ્માવતીના અંતરાત્માને સંતોષજો. તેને સ્વામીસુખથી વંચિત ન કરશો. તેના અંતરના ઉમળકા પુરા કરજો. આ અભાગણીને માટે દુઃખી ન થશો. મને કોઇ કોઇ વાર સંભારશો તો પણ હું જીવતી છું એમ ગણાશે. વિદ્વાનો કહે છે કે **न खलु म्रियते यस्य वल्लभो जनः स्मरति।** મૃત્યુ એ મને કોઈ પણ રીતે ભયકારક નથી. માટે હવે સુખેથી કામ આટોપી લો."

"નહિ! કપાલકુંડલા! દેવી! નહિ! તેમ નહિ બને! તું નહિ મરે!———" એમ બોલતાં બોલતાં નવકુમારે પોતાના હૃદયસરસી પોતાની પ્રિયતમાને ચાંપવાને માટે હાથ લંબાવ્યા. પણ અફસોસ! તે હાથમાં કાંઇ જ ન આવ્યું. નદીની ઉંચી ભેખડના છેક છેડા ઉપર કપાલકુંડલા ઊભી હતી. તે ભેખડ અચાનક કડાકા સમેત તુટી પડી, અને ગંગા નદીના અનંત જળપ્રવાહમાં ભયાનક ઉંચાઇએથી કપાલકુંડલા તુટી પડીને તણાવા લાગી.

આ ભયંકર અવાજ નવકુમારે સાંભળ્યો. કપાલકુંડલાને ગંગાના જળપ્રવાહમાં અદૃશ્ય થતી જોઈ. તેણે ક્રોધથી કપાલ કૂટયું. આવી દેવાંગના જેવી પત્નીના ઉપર તે મૂર્ખ બનીને ભયાનક વેર લેવા તૈયાર થયો હતો! તેનો દારૂનો નશો પુરેપુરો ઉતરી ગયો હતો. ઉચ્ચ સ્વરે તે રૂદન કરતો બોલ્યો,—

" હાય! દેવી! મેં તને વિના કારણ કષ્ટ આપ્યું. હું પિશાચ બન્યો! તને અનેક કષ્ટ આપ્યાં. હવે હું કદિ પણ જીવી શકું એમ નથી. તું ચાલી તો હવે મારા જેવા ક્રૂર કસાઈનું પણ આ જગતમાં કાંઈ કામ નથી! અરેરે!

" સંયોગી તુજ ના બન્યો, વિરહમાં જીવું બળી ભસ્મ હું,
" પ્યારી! શું દુઃખદાહ શું જીવિત છે, પ્યારૂં મને એવડું?
" એવું શું બનશે પ્રિયે! જગતમાં તારા વિના હું જીવું?
" તારી ખાક લગાવી અંગ પર શું બાવો બની હું ફરૂં?
* * * *
" તું જાતાં નવ હું રહું, જીવિતનો લોભી નથી હું નકી,
" તું સ્વર્ગે કર વાસ કે સમજજે, આ દાસ ઉભો તહીં!"

(કલાપી.)

આમ બોલીને નવકુમાર પણ કુદકો મારીને નદીના પ્રવાહમાં કૂદી પડયો. તેણે આમતેમ પાણીમાં તરફડીયાં મારીને કપાલકુંડલાની શોધ કરવા માંડી. પણ કપાલકુંડલા તેને ન મળી. તે પણ જળમાં તણાવા લાગ્યો—તે બહાર નીકળી ન શકયો.

અનંત ગંગાપ્રવાહમાં, વસંતઋતુના તોફાનથી ઉછળતાં મોજાં અને પાણીના ઊંડા વમળમાં અથડાતાં કુટાતાં આ પ્રેમિક પ્રેમિકા કયાં ગયાં? કપટી કાપાલિકનું શું થયું? પદ્માવતીના મનની આશા ફળી કે નહિ? એ સર્વ જાણવા માટે આપણે હવે આગળ નજર કરવી પડશે. વ્હેમનું બૂરૂં પરિણામ આ ખંડમાં વાચકોએ જોઇ લીધું હશે. અત્રે અમે બીજો ખંડ પૂર્ણ કરીએ છીએ.

દ્વિતીય ખંડ સંપૂર્ણ.

દક્ષિણનો વાઘ—(સચિત્ર ઐતિહાસિક નવલકથા.)
આ ઐતિહાસિક નવલકથામાં મહારાષ્ટ્રના સુપ્રતાપી પ્રાતઃસ્મરણીય વીર શિવાજી મહારાજના સમયને લગતો અદ્દ્ભુત રસાત્મક અને ચિત્તાકર્ષક પ્રસંગ આલેખવામાં આવેલો છે. તેમાં વીર અને શૃંગાર રસ દરેક વાચકના હૃદયને હચમચાવી મેલે છે. શિવાજી મહારાજના સમયને લગતી તમામ નવલકથાઓમાં આ નવલકથા સર્વોત્તમ છે એમ કહેવામાં કશી અતિશયોકિત નથી. તેનો પ્લોટ જેટલો સુંદર અને આકર્ષક છે તેટલીજ ભાષા પણ રસિક અને સરલ છે. તેમાં ઉભરાઇ જતો પ્રેમશૃંગાર પણ ચિત્તને પ્રસન્ન બનાવે છે. પાકું સોનેરી પુંઠું, ઉંચા કાગળ, દળદાર કદ, સચિત્ર રંગીન કવર, નવલકથાને અધિક મોહક બનાવનાર પાંચ સુંદર ફોટોગ્રાફિક ચિત્રો મોટા ખર્ચે તૈયાર કરાવ્યાં છે. પૃષ્ટ સંખ્યા ૩૭૫ આ બધું છતાં કીમત માત્ર રૂ. ૩–૦–૦

પંચાસરનો જયશિખરી ભાગ. ૧ લો તથા ૨ જો.—
(સચિત્ર ઐતિહાસિક નવલકથા) લે. ચંદુલાલ જેઠાલાલ વ્યાસ.
પંચાસરપતિ જયશિખરીના સમયને લગતી આ નવલકથામાં વેદધર્મી અને બૌદ્ધધર્મી રાજાઓ વચ્ચે થયેલા ધર્મયુદ્ધ તથા તેને અંગે થયેલી રાજ્યખટપટને લગતો મનોવેધક ચિતાર આપેલો છે. નર્મદાકિનારે આવેલા વ્યાસનારાયણના મંદિરમાં ભૂતનો ભેદ, જયશિખરી અને વીરધ્વજની સહાસિકતા, ભદ્રેશ્વરીના ભેદી મંડળની ભયંકરતા, એક શિકારી શ્વાનનું પરાક્રમ, જયશિખરીના સેનાનાયક વીરભદ્રની વફાદારી, વીરધ્વજ અને વિમળદેવીનો પ્રેમપ્રસંગ, શૂરવીર ક્ષત્રાણીઓની કાર્યદક્ષતા ઇત્યાદિ ચિત્તાકર્ષક અને હૃદયભેદક પ્રસંગો છે. બન્ને ભાગ જુદા–પાકાં સોનેરી પુંઠાં. ઉંચા કાગળ. પ્રથમ ભાગ એક રંગીન અને ત્રણ ફોટોગ્રાફિક ચિત્રો પૃષ્ટ ૨૫૦ મૂલ્ય રૂ. ૨–૦–૦ બીજો ભાગ પાંચ ફોટોગ્રાફિક ચિત્રો, રંગીન સચિત્ર કવર પૃષ્ટ ૩૭૫ મૂલ્ય રૂ. ૩.

પુંજાલાલ ભગવાન પારેખ.
સારાં અને સસ્તાં પુસ્તકો વેચનાર.
વઢવાણ સીટી.

આસામ પર હુમલો—(સચિત્ર ઐતિહાસિક નવલકથા.) [બીજી આવૃત્તિ.]—આસામ (કામરૂદેશ)ના રાજાએ પોતાની રાણી અને પ્રધાનપુત્ર વચ્ચેના અનિષ્ટ સંબંધના વ્હેમથી પ્રધાનપુત્રનો ઘાત કરવાથી આસામ ઉપર આવી પડેલી ભયંકર આફતનો આ નવલકથામાં ચિતાર આપવામાં આવ્યો છે. તેમાં પ્રધાનપુત્ર તથા તેના પિતાનું પવિત્ર જીવન, પ્રધાનપુત્રની સાધ્વી સતિ સ્ત્રીની પતિસેવા અને છેવટે છંછેડાયેલા પ્રધાનની વૈરાંધતાના ઉપદેશક પ્રસંગો પૂરા પાડે છે. કથા અત્યંત રસિક અને હૃદયભેદક છે. તેમાં ત્રણ સુંદર ફોટોગ્રાફિક ચિત્રો પણ આપેલાં છે. આસામના ઇતિહાસની આ નવલકથા ગુજરાતી ભાષામાં પ્રથમજ છે. પાકું સોનેરી પુંઠું. ઉંચા કાગળ. પૃષ્ટ સંખ્યા ૧૭૫ મૂલ્ય રૂ. ૧-૪-૦

વિચિત્ર પ્રેમ પંખિણી.—પ્રેમવૃક્ષ પર ઝુલતી નવયૌવન પંખિણી—આ નવલકથાની નાયિકા ખરેખર વિચિત્ર અને વિલાસપ્રિય છે. ક્ષણે ક્ષણે તે વાંચકોને પ્રેમરસમાં લુબ્ધ બનાવી દે છે. નવલકથાનો પ્લોટ કૌશલ્યપૂર્વક ગુંથવામાં આવ્યો છે. તે જ્યારે એક વર્ત્તમાન પત્રમાં પ્રકટ થતી હતી ત્યારે જ તેણે વાચકોને મુગ્ધ બનાવી દીધા હતા. તેના લેખક સુપ્રસિદ્ધ નવલકથાકાર, **રા. ચુનીલાલ વર્ધમાન શાહ** હોઈ, ભાષાની રસિકતા અને પ્લોટની આકર્ષકતાને માટે લખવાપણું રહેતું જ નથી. ઉંચા કાગળ, દળદાર દદ, પાકું સોનેરી પુંઠું. સુંદર સંખ્યાબંધ ફોટોગ્રાફિક ચિત્રો. મૂલ્ય રૂ. ૨.

પુંજાલાલ ભગવાન પારેખ.
સારાં અને સસ્તાં પુસ્તકો વેચનાર.
વઢવાણ સીટી.

(સચિત્ર મનોરંજક નવલકથા.)

અદ્ભુત લૂટારો.

ભાગ ૧ લો. તથા ૨ જો.

લે.—ચંદુલાલ જેઠાલાલ: વ્યાસ.

માનસિંગ નામનો એક લૂટારો પોતા બ્હિકણુ મિત્ર ગુમાનની સાથે ટપાલની ગાડી લુંટી તેમાંથી મળેલા પત્રોના આધારે ચંદનગર શહેરના એક શ્રીમંત કુટુંબમાં મોટા વ્યાપારી તરીકે પેસી જાય છે. ત્યાં દાખલ થઇ પોતાના ખીસાને તર બનાવવાની સાથે તે કુટુંબની એક સ્વરૂપવતી નવયૌવનાને પ્રેમલુબ્ધ બનાવી, તેના શિયળનો ભંગ કરે છે. છેવટે બન્નેનાં લગ્ન નક્કી થાય છે. પણ માનસિંગના દુર્ભાગ્યે તેમાં વિઘ્ન આવે છે. પુનઃ તે પ્રસ્તુત સુંદરીને પોતાની પત્ની બનાવવાનો પ્રયત્ન કરે છે. કેમકે એથી તે સુંદરીની મીલકતનો પોતે માલિક થઈ શકે તેમ છે. પણ હિમ્મતલાલ નામનો એક ચતુર યુવાન માનસિંગને પુનઃ નિષ્ફળ બનાવે છે. છેવટે ત્રીજી વખતના પ્રયત્નમાં માનસિંગ તે સ્ત્રી સાથે લગ્ન કરી શકે છે પણ સુખ ભોગવી શકતો નથી. એ સ્ત્રી બીચારી મરણને શરણ થાય છે. માનસિંગ લૂટારાના અગાઉના ભયંકર ગુન્હાઓનો ભેદ ખુલ્લે છે. બે વખત તો તે સૂર્યપૂરની અભેદ્ય તુરંગમાંથી પણ પલાયન થઇ જાય છે. પરંતુ અંતે પાપનો પશ્ચાત્તાપ કરતો સંન્યાસ ધારણ કરીને કાશીનિવાસ કરી ત્યાંજ પરલોકવાસ કરે છે. આ નવલકથામાં લૂટારાનું સાહસ, ડિટેક્ટિવોની ચતુરાઇ, ઉત્તમ અને અધમ પ્રેમપ્રસંગોનો ચિતાર, ચંદ્રકાન્ત ચટપટીયા નામના એક બદમાશ ચોરની ચાલાકી, એક ભોજનાલયમાં બનેલા ભયાનક પ્રસંગનું ભેદી રહસ્ય ઇત્યાદિ અદ્ભુત પ્રસંગો રજુ થયેલા છે. બન્ને ભાગ એકત્ર, વાર્તા સંપૂર્ણ. પૃષ્ટ ૪૬૦ પાકું સોનેરી પુઠું. ઉંચા કાગળ, સખ્યાબંધ ફોટોઆદિક ચિત્રો સચિત્ર રંગીન કવર. છતાં મૂલ્ય માત્ર રૂ. ૩–૮–૦.

ચમત્કારિક ગુફા.

ભા. ૧ લો તથા બીજો.

(સચિત્ર અદ્ભુત નવલકથા.)

લે:—ચંદુલાલ જેઠાલાલ વ્યાસ.

માળવામાં વિંધ્યાચળના પહાડમાં આવેલી નંદનવનની ચમત્કારિક ગુફામાં અગાધ સંપતિ ભરેલી છે. એ ગુફાનો ભેદ ઉજ્જયનીના બળભદ્રદાસ શેઠ તેના ખરા હકદારને જણાવવા ઇચ્છે છે. પરંતુ તેમનો નિમકહરામ નોકર એક લૂટારાને મળીને તે ગુફાની સંપત્તિ પચાવી પાડવાને કાવતરૂં રચે છે. તેમાં નિષ્ફળતા મળે છે. બાદ બળભદ્રદાસનું ખૂન થાય છે. વૈતાળગઢની રાણી લક્ષ્મીદેવીને લૂટારો ઉપાડી જઇ ગુલામોના વેપારીને વેચે છે. ત્યાંથી તે રાણી દોલતાબાદના જનાનખાનામાં ગુલામડી થઈને જઈ પડે છે. રાધા સાધ્વી તેને મુક્ત કરે છે. ત્યારપછી પણ લક્ષ્મીદેવી ઉપર આફત આવે છે પરંતુ તે આફતમાંથી તેનો પ્રિયતમ અજયસિંહ તેને મુક્ત કરે છે. ત્યારપછી બન્ને ગુફાની શોધ માટે પ્રવૃત્ત થાય છે. તેમાં એક ચમત્કારિક ભેદી સ્ત્રીની સહાયથી તેમને સફળતા મળે છે. બળભદ્રદાસનો નોકર હજી પણ ગુફાની સંપતિ પ્રાપ્ત કરવાના પ્રયત્નને ત્યાગતો નથી. એ પ્રયત્નમાં તે એક પહાડી કિલ્લામાં કેદ સપડાય છે, ત્યાં એક ચિત્રકારની મદદથી તે આકાશમાર્ગે પલાયન થઇને ન્હાસી છૂટે છે. અંતે ગુફામાં જતાં તે નિમકહરામ નોકર મરણને શરણ થાય છે. લક્ષ્મીદેવી અને અજયસિંહના લગ્ન થાય છે. પેલા ચિત્રકારને પણ તેના શ્રમનો બદલો મળે છે. નવલકથા રસિક અને હૃદયદ્રાવક હોઈ એક પછી એક પ્રકરણ વાંચતાં જીજ્ઞાસા વધતી જાય છે, ભાષા તથા પ્લોટ સરલ અને અદ્ભુત તથા વીરરસના મિશ્રણવાળો છે. બન્ને ભાગ જુદા. પહેલા ભાગની બીજી આવૃત્તિ પ્રકટ થઇ છે. તેમાં એક રંગીન અને ચાર ફોટોગ્રાફિક ચિત્રો પૃષ્ઠ ૩૭૫ સચિત્ર રંગીન કવર. બીજા ભાગમાં ચાર ફોટો ચિત્રો પૃષ્ટ ૪૨૫ કાગળ ઉંચા. પાકા સોનેરી પુંઠાં. દરેક ભાગની કી રૂ. ૨-૮-૦

પુંજાલાલ ભગવાન પારેખ.

સારાં અને સસ્તાં પુસ્તકો વેચનાર.

વઢવાણ સીટી.

છપાય છે ! જલદી ગ્રાહક થાઓ ! તાકીદે મંગાવજો !
ગુજરાતી ભાષા જાણનાર દરેક જુવાન સ્ત્રી પુરૂષને વાંચવા લાયક,
અનેક સાચી પણ દિલ કંપાવનારી હકીકતોથી ભરપુર,
વાર્ત્તાના પ્લૉટને વિસરાવે એવું અતિ
ઉપયોગી પુસ્તક,

વિલાયતી વનિતા વિક્રય.

અથવા

ગોરી ગુલામડીઓનો વેપાર.

(લેખકઃ—રમણલાલ નાનાલાલ શાહ.)

'પ્રેમની ખુમારી'ના લેખકની અતિશય મનોરંજક ભાષામાં લખાયલું આ પુસ્તક દરેક જુવાન સ્ત્રી પુરૂષે અવશ્ય વાંચવું જોઇએ. રૂપની પૂતળીઓ જેવી વિલાયતી વનિતાઓનાં જાહેર લીલામ કેમ થાય છે; જગતમાં ગોરી ગુલામડીઓનો વીસમી સદીના સુધરેલા જમાનામાં કેમ વેપાર ચાલે છે, આપણા પોતાના દેશમાં પણ હાલ કેવા ઘોર અત્યાચાર વર્તી રહ્યા છે, અને આ દુરાચારોનાં પરિણામે જગતમાં કેવા ભયાનક રોગો ફાટી નીકળે છે તથા તેમાંથી આપણે શી રીતે બચી શકીએ તે અતિશય સચોટ રીતે આ પુસ્તકમાં જણાવવામાં આવેલું છે. પુસ્તકની ખાસ ખુબી એ છે કે તે પહેલેથી છેલ્લે સુધી તદ્દન ખરી બનેલી વિગતોથી ભરેલું છે, અને તે વિગતો એવી તો દિલ ધબકાવનાર છે કે વાર્ત્તામાં બનતા બનાવો પણ એટલા આકર્ષક નથી હોતા. આ પુસ્તક વાંચવાથી આપણા દેશનો પ્રત્યેક જુવાન અનેક અનર્થોમાંથી બચી શકે એમ છે. જરૂર મંગાવો.

પુંજાલાલ ભગવાનદાસ પારેખ.
સારાં અને સસ્તાં પુસ્તકો વેચનાર.
વઢવાણ સીટી. (કાઠીયાવાડ,)